
# પલકારા

ઝવેરચંદ મેઘાણી

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




891.47301
MEG

ક્ર: 721880

કિંમત : રૂ. 70

પુનર્મુદ્રણ: ફેબ્રુઆરી 2008
આવૃત્તિઓ : પહેલી 1935, બીજી 1944
પુનર્મુદ્રણ : 1955, 1965, 1981
'મેઘાણીની સમગ્ર નવલિકા' (ભાગ 1)માં પુનર્મુદ્રણ : 1998

PALKARA
*short stories*
by Jhaverchand Meghani
Published by Gurjar Grantharatna Karyalaya,
Gandhi Road, Ahmedabad 380 001, (India)
Ed.2, 1944, reprinted 2007

સુશોભન-રેખાંકનો : વાસુદેવ સ્માર્ત

પાનાં : 10+174=184

ISBN 978-81-8480-007-4

નકલ : 1250

■ પ્રકાશક : અમરભાઈ ઠાકોરલાલ શાહ **ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય** રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380 001 : ફોન : 22144663 ■ ટાઇપસેટિંગ : **શારદા મુદ્રણાલય** 201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-380 006 : ફોન : 26564279 ■ મુદ્રક : **ભગવતી ઑફસેટ** 15/સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004

## અર્પણ

માવિહોણાંની માતા બનનાર
મારાં ગોદાવરી ભાભીને

G721880

# નિવેદન

'નવલિકાના બહુરંગી ક્ષેત્રમાં આ તમારો પ્રદેશ નવી જ ભાત પાડનારો છે, માટે એને છોડી ન દેતા' : 'પ્રતિમાઓ'ના ઘણા વાચકો તરફથી આવી સલાહ પડી હતી. તેનું પરિણામ આ 'પલકારા'ની છ નવી વાર્તાઓ.

ચિત્રપટની કલાને હાનિકારક લેખનાર વર્ગ ઘણો મોટો છે. એથીય વધુ મોટો, સો-હજારગણો મોટો, સમૂહ ચિત્રપટનો પ્રેમી છે. સિનેમાનો વિરોધ કરવો એ વિજ્ઞાને માનવીને આપેલી એક અણમોલ ભેટનો અનાદર કરવા બરોબર છે. કરોડો સ્ત્રી-પુરુષો ને બાલકોનું એ આત્મિક અન્ન છે. એમાં ઝેર ભળ્યું છે તો ઝેરને જલદી કાઢી નાખો. એને ઉવેખો નહિ.

યુરોપી ચિત્રપટો હવે તિજોરીફાડો, ધાડપાડુઓ ને જાસૂસી દુનિયાનાં યશોગાન છોડીને સાંસારિક વસ્તુઓને પકડી રહેલ છે. તેઓએ જગતના નામાંકિત કથાસાહિત્યને પોતાની 'પ્રકાશ અને પ્રતિધ્વનિ'ની જીભ પર ચડાવી લીધું છે. આમ સાહિત્ય અને ચિત્રપટની કલાનો જ્યાં હસ્તમેળાપ થઈ રહેલ છે. ત્યાંથી પકડેલી આ કથાઓ છે.

મૂળ ચોપડીઓ મેં વાંચી નથી.

આ વાર્તાઓમાં તો કેવળ છ ચિત્રપટોમાં જે જોયું તેનું જ ઝીલણ છે:

| | | |
|---|---|---|
| માસ્તર સાહેબ | : | 'ટોપાઝ' પરથી |
| દીક્ષા | : | 'ક્રેડલ સોંગ' પરથી |
| હિમસાગરનાં બાળ | : | 'એસ્કિમો' પરથી |
| બદનામ | : | 'ડિસઓનર્ડ' પરથી |
| જલ્લાદનું હૃદય | : | 'હેચેટ મેન' પરથી |
| ધરતીનો સાદ | : | 'વિવા વિલા' પરથી |

'ટોપાઝ'માં એક ભોળા માસ્તરની કથા છે: ને એ કથામાં તમે ગમે

તે પ્રદેશની વસ્તુસ્થિતિનું દર્શન જોશો.

'ક્રેડલ-સોંગ'માં સ્પેઇન દેશની ધર્મદીક્ષાનો મેં કરુણ ચિતાર જોયો, ને એ ચિતાર મને સાર્વજનિક જણાયો. સંસારત્યાગની ઠંડી દીવાલોની અને બંધ બારણાંની પાછળ રૂંધાઈ રહેલા હૃદય-ધબકાર કોનાથી અજાણ્યા છે? આપણે ત્યાં ધાર્મિક અસહિષ્ણુતાએ આવા સાહિત્યને જન્મવા દીધું નથી. 'ધાર્મિક લાગણી દુભવવા'ની ધાક છૂપી છૂરીઓ લઈને આ દેશમાં ચોકી કરે છે. એટલે આપણું સાહિત્ય માનવોર્મિઓના એક માર્મિક પ્રદેશને સીમાડે પણ ચડી શકતું નથી. પશ્ચિમના કલાસાહિત્યે આ સીમાડાને ભૂંસી નાખ્યા છે.

'એસ્કિમો' ઉત્તર અને દક્ષિણ ધ્રુવના હિમપ્રદેશોમાં વસનારાં માનવીઓની એક મહાકાવ્ય-શી કથા છે. નીતિ-અનીતિ અને પાપ-પુણ્યની આપણી ભાવનાઓ અનેક સ્વાર્થોની રગણ પર ઘડાયેલી છે. તેનાથી ઊલટું, કૃત્રિમ બંધનોથી મુક્ત અને પ્રકૃતિની ગોદમાં ઊછરતું એક ઉદ્યમી સાહસશૂર ને નીરોગી, પરિણામે દિલેર જનહૃદય આંહીં 'એસ્કિમો'માં મહેક મહેક થાય છે.

યુરોપી મહાયુદ્ધની અંદર દેશદેશનાં જાસૂસી ખાતાંઓએ ઓરતોનાં સૌંદર્યોને પોતાના દુષ્ટ ઉપયોગમાં રોક્યાં હતાં. 'માતા હારી' નામે મશહૂર બનેલ એક જાસૂસ સુંદરીની કથા જાણીતી છે. 'ડીસઓનર્ડ'ની કૃતિ એવી એવી ઘટનાઓના વાતાવરણમાંથી સરજાઈ છે. દુશ્મનોને પોતાના રૂપના ફાંસલામાં ફસાવવા નિમાયેલી એ બજારુ સ્ત્રીઓને ય 'પ્યાર' જેવી એક લાગણી કોઈ કોઈ વાર સ્પર્શી જતી હતી. એ લાગણીની પાસે કીર્તિ, કિનો, દેશધર્મ, ચાતુરી, જીવનના તમામ બીજા મોહ હારી બેઠા હશે.

'હેચેટમેન'માં અમેરિકાવાસી ચીના લોકોનું ઘાતકી કલહ-જીવન ચાલતું હતું, તેની અંદરથી એક સ્નેહના બલિદાનનો પ્રસંગ ઉઠાવવામાં આવ્યો છે. કર્તવ્યભાવે બહારની સામુદાયિક દુનિયામાં ઘૂમનારો સ્વામી પોતાની પ્રેમભૂખી તરુણ પ્રિયાને પરના સંગમાં પડેલી નિહાળે છે. એક કોલને કારણે પ્રિયાની બેવફાઈ ઉપર દિલાવરી ઢોળે છે. એમ કરીને પોતાની પાયમાલી વહોરે છે. આ વાર્તામાં પણ બહિર્જગતના પાપ-પુણ્યની રૂઢિઓનું વિશુદ્ધ સ્નેહને ખાતર વિસર્જન દેવાનો ભવ્ય આદર્શ બોલે છે.

'વિવા વિલા'ના ચિત્રપટને કશા જ ફેરફાર વગર આપણે કોઈ હિન્દી બહારવટિયાની ઘટના સાથે ઘટાવી શકીએ. મેક્સિકો દેશ આજે પણ બહારવટાની લીલાભૂમિ છે. અંગત વેરની તૃપ્તિ, તેમજ પોતાની એકલાની મહાનગીનું કીર્તિગાન ગવરાવતું પશુબળ : એ તો ઠેરઠેર પડ્યું છે. પણ એનો ઉચ્છેદ પુકારવામાં માનવશક્તિને ઉપયોગમાં લેવાની અણઆવડત રહેલી છે. 'વિવા વિલા'ના સર્જકે વ્યક્તિના સામર્થ્યને પ્રજાના મુક્તિરથમાં જોતરી દીધું. 'સોરઠી બહારવટિયા' ભાગ ત્રીજાના પ્રવેશકમાં અંકિત થયેલી મારી ભાવનાનો 'વિવા વિલા'માં જવાબ જડી ગયો છે.

આમ આ છ યે છ ચિત્રપટોમાં મૂળ કથાઓ અલગ અલગ સમુદાયોની હોવા છતાં તેની અંદર સાર્વજનીન જીવન ધ્વનિ ('યુનિવર્સલ અપીલ') પડેલો છે. એ જીવન-સૂર મને જેવો સંભળાયો તેવો હું વાચકોને હૈયે ધરું છું.

પાત્રોનાં વિશેષ નામો ફક્ત બે જ ઠેકાણે યોજ્યાં છે : એક માલો ને બીજો પાંચો, કારણ કે એ બેઉનાં મૂળ નામો જ 'માલા' અને 'પાંચા' છે. આમ અનાયાસે આપણા સ્થાનિક વાતાવરણને સજીવ બનાવનાર આ બેઉ નામોનો મેં લાભ સાધ્યો છે. બાકીનાં પાત્રો પરથી મારે નામો ભૂંસવાં પડેલ છે. કેમ કે વિદેશી નામો મૂળ વાર્તાના સાર્વજનીન વાતાવરણનો ઘાત કરી નાખે છે. બીજી બાજુ આપણાં દેશી નામો ચોડીને બનાવટી રીતે આ વિદેશી વસ્તુને આપણી બનાવી લેવાનું મને મુનાસબ નથી લાગ્યું. વાર્તાઓના સૂરો જો સાચેસાચ વિશ્વસૂરો હશે તો આપોઆપ એ આપણાં હૈયામાં જગ્યા મેળવશે.

મૂળ ચિત્રપટોને હું શબ્દશઃ વફાદાર રહ્યો નથી. ચિત્રપટને એનું પોતાનું નિરાળું કલાવિધાન છે. શબ્દની વાણીની એને ઝાઝી ખેવના નથી. કેમકે એની કને ચિત્રની જોરાવર વાણી છે. ચિત્રની વાણી એના વસ્તુવેગને ધોધમાર ધપાવે છે. એટલે કે ચિત્રો એને આલેખતાં નથી, પણ બનતા બનાવો તરીકે રજૂ કરે છે.

બનતા બનાવોને ભાષામાં મૂકવાનો આ પ્રયત્ન પણ પોતાની શબ્દકલાને માગી લે છે. ઉપરાંત શ્રેષ્ઠ બોલપટોની ખૂબી પણ એની ભાષાની, એના સવાલો-જવાબોની, એના ખુદ બોલની જ અલ્પતામાં રહેલી છે. એ થોડાઘણા બોલોને

પકડવામાં ય વિદેશી ભાષાનું, વિચિત્ર અમેરિકન ઉચ્ચારોનું, પાત્રોને ભજવતાં મૂળ નટનટીઓની પણ નિરનિરાળી ઉચ્ચારખૂબીઓનું, તેને સંઘરનારાં ધ્વનિયંત્રોની સારી-માઠી સ્થિતિનું, અને છેલ્લે એ તમામને પ્રતિધ્વનિત કરનારાં થિયેટરોનું બંધન આપણી ઝીલણ-શક્તિને નડતર કરે છે. તે ઉપરાંત, 'એસ્કિમો' સિવાયનાં પાંચેય ચિત્રો મેં અક્કેકી વાર જ જોયાં છે.

આમ કોઈ વિરાટની આંખના વેગવંતા પલકારા દરમિયાન એની કાળી પાંપણો વચ્ચે મારાથી જે કંઈ પકડી લેવાયું, તેને મેં સ્મરણ-મંદિરમાં સુવાડી લીધું. પવનવેગીલી એ તેજપગલીઓની આછી આછી મુદ્રા મેં મારા ચિત્તપ્રદેશ પર અંકાઈ જવા દીધી. ને પછી મેં મારા અંત:કરણની આરપાર ચાલ્યાં ગયેલાં એ અતિથિઓની અખંડ સ્મરણ-સાંકળી વેરણછેરણ અંકોડામાંથી ઊભી કરી.

સંવાદો મોટે ભાગે મારા જ છે. બનાવોની સંકલના મૂળની છે. કાપકૂપ મેં ખૂબ કરી છે. સ્મરણની પ્રતિમાઓને એના સાચા સ્વરૂપે પ્રકાશવામાં આવતો કુથ્થો મેં ફગાવી દીધો છે. બનતા બનાવોને જ મેં તો જોઈને ઝીલી લીધા છે. બનાવોના બયાન માત્રમાં જે કલા મૂકવાથી બનાવો જીવતા બને છે, તે કલા જો હું આમાં મૂકી શક્યો હોઉં તો તે મારા મનોરથને સંતોષવા માટે બસ થશે.

ચિત્રપટની કલા તો એના હરકોઈ પાત્રની એકાદ મુખમુદ્રા ઉપર, એકાદ અંગમરોડની અંદર, એકાદ નયનપાતમાં, એકસામટા કૈક મનોભાવો મૂકી આપે છે. વાર્તાલેખકને એ એક જ પલકારનું સવિસ્તર પૃથક્કરણ કરવું પડે છે. એને પોતાની કલ્પનાનો દોર છુટ્ટો મૂકવો પડે છે. પાત્રને જાણે કે એ પંપાળી પંપાળી પોતાની કને વારંવાર બોલાવે છે એ એક કરતાં વધુ વાર પૂછ્યા કરે છે કે 'કહે જોઉં ! તેં તારા એ એકાદ હાવભાવની પાછળ શા શા મનોવ્યાપાર છુપાવી રાખ્યા હતા?'

'પ્રતિમાઓ'ની નવ અને 'પલકારા'ની છ મળીને એ પંદરેય કથાઓનાં પાત્રોને એક અથવા ક્વચિત્ બે વાર પડદા ઉપર ઝડપી નજરે જોઈ લીધા પછી મેં કોણ જાણે કેટલી કેટલી વાર એ બધાંને એક પછી એક મારી પાસે તેડાવ્યાં હશે : સ્વપ્નમાં ને જાગૃતિમાં, મિત્રો જોડેના વાર્તાલાપમાં

અને એકાંતમાં, હસતાં હસતાં અને અશ્રુભેર, એ છાયાશરીરધારીઓનું મેં આવાહન કર્યું, મારાં એ સહુ પ્રિયજનો બન્યાં, તેઓનાં ગુપ્ત આવાસોનાં બારણા મારે સારુ ઊઘડી ગયાં તે પછી જ તેઓની આ પિછાન આપવાનું મારે માટે શક્ય બન્યું.

આ પિછાનને, આ તેમના હાર્દ-ઉકેલને, આ પૃથક્કરણને સાહિત્યનો સમીક્ષક મૌલિક નહિ માને. મેં એને સર્જ્યાં નથી. પણ સર્જવામાં જો પ્રસવ-વેદના રહેલી છે, તો ઉછેરવામાં, સમજવામાં ને ચાહવામાં ય ક્યાં ઓછી વેદના રહી છે!

'પ્રતિમાઓ'ની વાર્તાઓનો આધાર નીચે લખ્યાં ચિત્રપટોનો લીધો હતો :

| | | |
|---|---|---|
| જનેતાનું હૃદય | : | 'સિન ઑફ મૅડલીન ક્લૉડેટ' |
| પાછલી ગલી | : | 'બૅક્સ્ટ્રીટ' |
| પુત્રનો ખૂની | : | 'ધ મૅન આઈ કિલ્ડ' |
| એ આવશે | : | 'મૅડમ બટરફ્લાય' |
| આખરે | : | 'ધ સીડ' |
| મવાલી | : | '20,000 યર્સ ઇન સિંગ સિંગ' |
| આત્માનો અસૂર | : | 'ડૉ. જેકિલ ઍન્ડ મિ. હાઇડ' |
| જીવનપ્રદીપ | : | 'સિટીલાઇટ્સ' |
| હાસ્ય : પહેલું અને છેલ્લું | : | 'ધ ક્રાઉડ' |

એ નવ અને આ છ, પંદરે પંદર પૈકીનું જે જે ચિત્રપટ જોવા મળે એ ન ગુમાવવા દરેકને મારી વિનતિ છે.

પડદા ઉપર આજે યુરોપ પોતાની જીવનસમસ્યાઓ ચર્ચે છે. એક પણ પ્રશ્ન એણે અણછેડ્યો રાખ્યો નથી. લોકભોગ્ય કલાનું આવું બહોળું ક્ષેત્ર કલુષિત આશયોને માટે પણ વપરાય છે તેની ના નથી. – ને કઈ કલા નથી વપરાતી! – પરંતુ બીજી બાજુ એની મહાન મંગલ શક્યતાઓ તો નિહાળો!

ઉત્કૃષ્ટ જગસાહિત્યને ચિત્રપટે જનતાનાં હૃદયાંગણમાં લાવી મૂકેલ છે. જ્ઞાનગંભીર અને કલાસેવી એના અભિનેતાઓ – બૅરીમોર બંધુઓ, ચાર્લી ચેપ્લિન, ફ્રેડરીક માર્ચ અને હેલન હેઇઝ જેવાં – સાચા જીવનતત્ત્વનાં જાણણહાર છે.

આવી ભાવિક દૃષ્ટિએ દોરલી આ કથાઓ કેવળ કથાસાહિત્યનું નિર્જીવ થોથું બની અભરાઈ પર ચડે એટલો જ માત્ર હેતુ નહોતો.

પરંતુ –

સારાંમાઠાં સેંકડો ચિત્રપટોની અગમ અટવીમાં, 'કંઈ સમજાયું નહિ'ની ફરિયાદ કરતાં પ્રેક્ષકોનું સારાં ચિત્રો તરફ માર્ગદર્શન કરાવવાનો પણ એક મનોરથ હતો.

ઝવેરચંદ મેઘાણી

મુંબઈ : 10-1-1935

[બીજી આવૃત્તિ]

પ્રૂફ તો હું નથી વાંચવા પામ્યો (અને તેથી સંખ્યાબંધ દોષો રહી ગયા છે), પણ નવ વર્ષો પર કરેલો આ કસબ અત્યારે કેવોક લાગે છે તે જાણવા માટે છપાયેલી વાર્તાઓ વાંચી ગયો છું.

નવ વર્ષો પૂર્વેની નવીનતાનો મુગ્ધભાવ બાદ દેવાઈ ગયા પછી પણ આજે આ કૃતિઓએ મારા ચિત્તને એક વાચકના ચિત્ત તરીકે કૈક સંવેદનોથી રસી આપ્યું છે. અન્ય વાચકોને પણ આ રચનાઓ નિરાશ નહિ કરે એવી ખાતરી થઈ છે.

કાળનદ અત્યારે બે કાંઠે છલોછલ વહી રહ્યો છે. કેટલીય નરસી તેમજ સારી વસ્તુઓને સમયનાં પૂર ઓવાળરૂપે કાંઠે કાઢી નાખે છે. આ પુસ્તકનું પણ, એ સારું હોવા છતાં, એમ થયું છે. ફરી એકવાર એ એ પ્રવાહમાં મુકાય છે અને મને આશા છે કે મારી નવલિકાઓના સંગ્રહોમાં એનું સાતત્યવંતું સ્થાન રહેશે.

પ્રૂફ વાંચનની ભૂલો તો એટલી બધી રહી છે, કે એનું ચાર પાનાં ભરીને શુદ્ધિપત્રક મૂકવું એ તો પુસ્તકની અશોભામાં વધુ ઉમેરો કરવા જેવું લાગ્યું. આજનાં સરકારી નિયંત્રણો અને છાપાખાનાંની સંકડામણો વચ્ચે લેખકો-પ્રકાશકોને કાલ વળી કોણ જાણે કઈ તલવાર ગરદન પર ત્રાટકશે એવા ફફડાટો સાથે ઉતાવળે કામ લેવું પડે છે. મુદ્રણદોષોને નભાવી લેવા પૂરતી વહાલાં વાચકોની સહાનુભૂતિ યાચવાનો હક્ક આવા સંજોગોમાં આ લેખક પણ, પોતાની હમેશની માન્યતાથી જુદો પડીને, જરીવાર આગળ કરે છે.

'સુશીલ', કૃષ્ણનગર, ભાવનગર : [1944]

ઝવેરચંદ મેઘાણી

# ક્રમ


| | |
|---|---|
| * નિવેદન | [4] |
| 1. માસ્તર સાહેબ | 3 |
| 2. દીક્ષા | 29 |
| 3. હિમસાગરનાં બાળ | 51 |
| 4. બદનામ | 87 |
| 5. જલ્લાદનું હૃદય | 102 |
| 6. ધરતીનો સાદ | 122 |
| ઝવેરચંદ મેઘાણી : સાહિત્ય-જીવન | 171 |

# પલકારા

# માસ્તર સાહેબ

માસ્તર સાહેબ કાબરચીતરું પાટલૂન પહેરતા અને તે ઉપર સફેદ રંગનો કોટ ચડાવતા. પાટલૂનનાં પાંચ પૈકી બે બટન તો એમના વર્ગના રઝળુ નિશાળિયાઓની પેઠે ઘણુંખરું ગેરહાજર જ રહેતાં; અને કોટનાં બટનની હારમાં કચકડાની, સૂતરની તથા ટિનની, એવી ત્રણ પ્રકારની ભાત પડતી. મોજાંને 'સસ્પેન્ડર'ના અભાવે પગની ઘૂંટી સુધી ઊતરીને પડ્યા રહેવાનું ગમતું. એક ગલપટો ત્રણેય ઋતુઓમાં માસ્તર સાહેબના શરદીપ્રિય ગળાનો સંગાથી હતો. હાથે હજામત કરતાં આવડતું ન હોવાથી, અને હજામોને માસ્તર સાહેબની હાડકાં નીકળી પડેલી દાઢી બોડવી ગમતી ન હોવાથી, અઠવાડિયામાં બે-ત્રણ દિવસ માસ્તર સાહેબ અર્ધઋષિ અથવા અર્ધઇસ્લામી દેખાતા. હાઇસ્કૂલમાં એ વિજ્ઞાન શીખવતા. કેમિસ્ટ્રી એમનો ખાસ વિષય હતો.

"કેમ છો, માસ્તર ?" શિયાળાને એક દિવસે સ્કૂલનાં પગથિયાં ચડતાં જ ત્યાં ઊભેલા સ્કૂલના પ્રોપ્રાયટર સાહેબે માસ્તર સાહેબની સલામ ઝીલીને સહેજ મોં મલકાવ્યું.

"સારું છે, સાહેબ !" ઘણા દિવસે આજે માલિકના મોં પર સ્મિત ભાળીને માસ્તર સાહેબને પ્રમોશનની આશા પ્રગટી. સહેજ થોભવા પ્રયત્ન કર્યો.

"યુનિવર્સિટીની સેનેટમાં તમારો પેલો પેપર, 'સૂર્યનાં કિરણો' ઉપરનો, બહુ પ્રશંસા પામ્યો. તમને એ ખુશખબર આપવા જ હું અહીં ઊભો હતો આજે."

"બહુ આભાર થયો આપનો." માસ્તર સાહેબે ફરીને હાથ જોડ્યા.

ગલપટો સરખો કર્યો, ને માલિકને હજુ વિશેષ કશુંક કહેવાનું હશે એમ ધારી આશાભર્યું મોં કરી ઊભા રહ્યા. થોડી વાર સુધી પ્રોપ્રાયટરે કંઈ ન કહ્યું ત્યારે માસ્તર સાહેબે એક ખાંસીનું ઠસકું ખાઈને બીતાં બીતાં પૂછ્યું : "કંઈ – કંઈ – આ વખતે કંઈ પરીક્ષક નિમાવા આશા ખરી ?"

"એ તો હવે જુઓ ને, માસ્તર ! જાણે કે તમારો 'પેપર' વખણાયો ખરો, પણ તે તો વિદ્વત્તાની દૃષ્ટિએ, કહો કે આધ્યાત્મિકતાની દૃષ્ટિએ; વ્યાવહારિકતાની બાજુમાં તો ઘણાએ ઘણી ઘણી શંકાઓ ઉઠાવી. પણ ઠીક છે, જોઈશું એ તો. ક્યાં ઉતાવળ છે ?"

હાઈસ્કૂલના તરવરિયા માલિકે એટલું કહીને આંખો પરથી રોલ્ડગોલ્ડનાં ચશ્માં ઉતારી રેશમી રૂમાલે લૂછવા માંડ્યાં. નિશાળનો ઘંટ થયો તત્ક્ષણે જ માસ્તર સાહેબે, 'જે જે સાહેબ !' કહી ક્લાસ તરફ ચાલવા માંડ્યું.

"અરે, માસ્તર !" માલિકને કશુંક યાદ આવ્યું.

"જી." માસ્તર પાછા ફર્યા.

"તમે 'ફિફ્થ બી'નો ક્લાસ ભણાવો છો કે ?"

"જી હા," માસ્તરને કશીક નવી વધાઈની આશા આવી.

"કાલે સાંજે તમારા ક્લાસની બત્તીની સ્વિચ બંધ કર્યા વગર જ તમે ચાલ્યા ગયા હતા. બત્તી આખી રાત બળતી રહેલી."

માસ્તર સાહેબ ખસિયાણા પડી ગયા. હાથમાં હાથ ચોળવા લાગ્યા. એના મોં ઉપર એક ગંભીર ભૂલ થઈ ગયાની શરમ છવરાઈ.

માલિકની આંખોમાં ને વાણીમાં કડકાઈ તપી : "આ તમારી ચોથી વારની બેપરવાઈ થઈ. આ વખતની નુકસાનીના આઠ આના તમારા આ મહિનાના પગારમાંથી કાપવામાં આવશે. ને હવે જો કસૂર થશે તો તમારી રેકર્ડ-બુકમાં ખરાબ રિમાર્ક લખાશે."

"વારુ, સાહેબ ! દરગુજર ચાહું છું."

આટલી ગંભીર કસૂર આઠ આનાથી પતી ગઈ માની રેકર્ડ બુકની કારકિર્દી પર છાંટો ન પડવાથી અગ્નિની આરપાર નીકળી ચૂકેલ એક સતી

સ્ત્રીની માફક માસ્તર સાહેબ પોતાના ક્લાસમાં પહોંચી ગયા.

હાઇસ્કૂલનું મકાન અસલી બાંધણીનું હતું. મૂળ તો એ પ્રોપ્રાયટરના દાદાના જાહોજલાલીના કાળમાં કુટુંબને રહેવાની હવેલી હતી. એટલે અમુક ઓરડાઓ, કે જે અસલ સ્ત્રીઓના આવાસના હતા, તેમાં અજવાળું પ્રવેશ કરી શકતું નહોતું. સાઠેક વર્ષ પૂર્વેનાં એ પરલોકગત દાદીમાના ભરયૌવન સતીત્વની બાકી રહેલી પ્રતિભાથી હજુ પણ જાણે સૂર્ય ત્યાં પેસતાં ગભરાતો હતો. આવું મકાન નિશાળને માટે ન ચાલી શકે; પરંતુ પ્રોપ્રાયટર પોતે મ્યુનિસિપલ સ્કૂલબોર્ડના ચૅરમૅન હોવાને કારણે એવું નક્કી કરાવી શક્યા હતા કે પ્રાચીન સ્થાપત્યકલાના અવશેષ સમી આ ઇમારતને ખંડિત ન કરતાં વિદ્યાર્થીઓને કલાના એ જીવતા નમૂનાનો લાભ આપવો, ને એમ કરવા જતાં અજવાળાની ત્રુટી જણાય તો ઇલેક્ટ્રિક લાઇટ સાંજનો એકાદ કલાક બાળવામાં વાંધો નથી.

મ્યુનિસિપાલિટીના પ્રમુખે આ વાતને બહાલી આપી હતી, કેમ કે એમના કારખાનાનું મકાન પણ શહેરી વસવાટના લત્તામાં આવી ગયેલું હતું તેને ફેરવવાના પ્રસ્તાવને તોડી પડાવવામાં હાઇસ્કૂલના પ્રોપ્રાયટરે તનતોડ મહેનત લીધેલી – એટલે સુધી કે ખુદ એ લત્તાનાં જ રહીશોએ હાજર થઈ કમિશનરની સામે જુબાની આપી હતી કે કારખાનાના થડકારથી અમારાં ઘરોને કશી જ જફા લાગવાની નથી, ઊલટાનું કારખાનું નજીક હોવાથી ત્યાંની આખી રાત બળતી પેટ્રોમેક્સ બત્તીનો પ્રકાશ અમારી ઓસરીઓને અજવાળે છે તથા કારખાનાનાં પઠાણ ચોકીદારો તેમ જ શિકારી કૂતરાઓ પોતાના સારી રાતના ખોંખારાથી તથા 'ડાઉ ડાઉ' અવાજોથી અમને ચોરડાકુના ત્રાસમાંથી બચાવે છે.

શહેરની આવી આવી અનેક દિશાઓની એકસંપીને પ્રભાવે માસ્તર સાહેબના ધોરણ 'ફિફ્થ બી'નો ખંડ ઠંડા સુંવાળા અજવાસ વડે શોભતો. ને મકાનની પ્રાચીન કારીગરીની આસપાસ એ ધીરું અજવાળું એક અદ્ભુતરંગી વાતાવરણ પાથરતું. માસ્તર સાહેબની ઝાંખી પડતી જતી આંખોને આ અજવાળું અનુકૂળ લાગતું ? કે પછી એ અજવાળાએ જ માસ્તર

સાહેબની આંખોની જ્યોત ક્રમે ક્રમે ઠંડી પાતળી પાડી હતી? તે કહેવું કઠિન હતું. ઉપરાંત ચશ્માંનો નંબર ચડે છે કે ઊતરે છે એ નક્કી કરવાની માથાફોડમાં માસ્તરસાહેબ નહોતા ઊતરતા. એ કરતાં તો ચશ્માં પોતાના નાકની દાંડી ઉપર ઊંચા નીચાં કરી લઈ, કોઈ એક ગવૈયો સારંગીના પડદાને જેમ બંધબેસતા કરે તેવી અદાથી માસ્તર સાહેબ પણ છેલ્લાં છ વર્ષોથી એ-નાં એ ચશ્માંને ચલાવ્યા કરતા. જ્યારે જ્યારે વાંચવા-લખવામાં અડચણ નડતી ત્યારે એ પોતાની આંખોનો જ દોષ ગણી લેતા – ઓરડાનો કે ચશ્માંનો નહિ; અને સાંજના વખતમાં વીજળીની બત્તી ચેતાવતા.

ક્લાસમાં માસ્તર સાહેબના આવવા સાથે જ તેર-તેર વર્ષના પચાસ છોકરાઓનો સમૂહ પ્રગટ ગડદાપાટુ બંધ કરીને ગુપ્ત ઠોંસાબાજીમાં સરી પડ્યો; અને બંધ થયેલી જીભોનું જોર બાંકડા નીચે ઊતરી જઈ પગની મસ્તીમાં ભરાયું. સહુ ડાહ્યાડમરા બની બેસી ગયા.

ઊંચી વ્યાસપીઠ પર ચડીને માસ્તર સાહેબે ટેબલ પર ચોપડીઓનો ખડકલો મૂક્યો. ટોપી ઉતારી, ને એમના રૂમાલે આંખો, નાક, મોં તથા ચશ્માં લૂછ્યાં. અને ગામડાનો પશુપાલક માલિક જેમ ઘેર આવીને તુરત જ કારણ હોવા-ન હોવા છતાં ગમાણમાં કે કોઢમાં આંટો મારી આવે તેવી મમતાથી માસ્તર સાહેબે મોટા બ્લૅકબૉર્ડ પર જઈ નજર કરી.

છોકરાઓમાં ખીખિયાટા ચાલ્યા. માસ્તર સાહેબે ચશ્માં જરા દૂર રાખીને નિહાળ્યું. કોઈએ ગધેડો ચીતર્યો હતો. શરીર ગધેડાનું, મોં માસ્તર સાહેબનું.

માસ્તર સાહેબે ઉગ્ર બની ક્લાસની સામે નજર કરી. ક્લાસના 49 છોકરાઓએ ક્લાસને છેડે છેલ્લી પાટલી પર બેઠેલા એક છોકરા તરફ નજર નાખી. એ છેલ્લા બેઠેલા છોકરાના મોં પર વિનય, શાંતિ ને ડહાપણ તરવરતાં હતાં.

"વેલ, વેલ, વેલ, છોકરાઓ!" કહીને લાચાર હાસ્ય કરતા માસ્તર સાહેબે ધીરે ધીરે ધીરે પાટિયા પરનો ગધેડો ભૂંસી નાખ્યો. પછી પોતે ખુરસી પર બેસવા ગયા. પૂરું બેઠા-ન બેઠા ત્યાં તો સિસકારો કરીને ખડા થઈ

ગયા. ચશ્માંને આઘાંપાછાં કરીને ખુરસી પર ઝીણી દૃષ્ટિ ફેરવી. ખુરસીની ગાદી પરથી એક ટાંકણી ખેંચી કાઢીને મહાન શોધ કરી હોય તેવે ચહેરે ટાંકણી વિદ્યાર્થીઓ સન્મુખ ધરી.

ફરી વાર 49 છોકરાઓએ છેલ્લી બેન્ચ પર તીરછી નજર કરી. ત્યાં બેઠેલા બાળકના મોં પર કોઈ અજબ ભોળપ, નરમાશ અને વિનય નીતરતાં હતાં.

"વેલ, વેલ, વેલ, છોકરાઓ !" માસ્તર સાહેબે ટાંકણી ટેબલ પર મૂકીને કોઈ મોટું કાવતરું પકડી પાડનાર સરકારી સી. આઈ. ડી.ના જેવો તોર મોં પર ધારણ કર્યો. પણ હાલ તુરત પોતે એ વાતને જાણીબૂઝીને દબાવી રાખવા ઇચ્છે છે એવું બતાવીને એમણે વર્ગનું કાર્ય ચાલુ કર્યું.

"વિદ્યાર્થીઓ ! આજે તો આપણે કેમિસ્ટ્રી બંધ રાખ્યું. તેને બદલે આ દીવાલો ઉપર જે નીતિ-સૂત્રો લખ્યાં છે તેનો વિચાર કરું."

એમ કહીને માસ્તર સાહેબે પોતાની નેતરની સોટી ઉપાડી. સોટીને હાથમાં લેતી વખત પોતે સમશેર વીંઝતા ઘોડેસવાર શિવાજીના ચિત્રમાં જે ગૌરવ રહેલું છે તે ગૌરવનો અનુભવ કરતા હતા. સોટાના છેડા વતી ક્લાસની ભીંતો ઉપર લટકતી તખ્તીઓ એમણે બતાવવા માંડી (શાળાના ધર્મપ્રેમી પ્રોપ્રાયટરે દરેક વર્ગમાં આ સૂત્રશણગાર કરેલો હતો) :

सत्यमेव जयते

"વિદ્યાર્થીઓ ! સંસારમાં પ્રવેશ કરો ત્યારે આ સૂત્ર વીસરશો નહિ. શું લખ્યું છે ? सत्यमेव्ॐ..."

"जयते" આખો વર્ગ ગાજી ઊઠ્યો.

"શાબાશ ! એનો શો અર્થ ? શો અર્થ ? શો અર્થ ?..." માસ્તર સાહેબની સોટી એક પછી એક વિદ્યાર્થી તરફ તાકવા માંડી. એટલામાં –

"મીં...યાં...ઉ...ઉ !" – એવો એક બિલ્લીસ્વર ઊઠ્યો, માસ્તર સાહેબ ચમક્યા. વિદ્યાર્થીઓ હસવા લાગ્યા. પાછલી બેન્ચ પરનો ગરવો છોકરો હજુ પણ એવો ને એવો સૌમ્ય બની બેસી રહ્યો હતો.

"વેલ, વેલ, વેલ !" માસ્તર સાહેબે આગળ ચલાવ્યું : "ભાઈઓ ! જગતમાં સત્ય જ સદા જીતે છે. કોણ જીતે છે ? કોણ ? કોણ ? સ... !"

"...ત્ય !" સામટો અવાજ થયો.

"નહિ, ચાલાકી." એક અવાજ જુદો પડ્યો.

"એકલી ચાલાકી ન જીતે, કદી ન જીતે." માસ્તર સાહેબે એ પરિચિત અવાજ કરનારને જવાબ દીધો. છેલ્લી બેન્ચ પરનો ડાહ્યો ડમરો બેઠેલો એ છોકરો હતો.

"મીં...યાં...ઉ !" પુનઃ કોઈએ બિલ્લી બોલાવી. ક્લાસ સ્તબ્ધ બન્યો. સહુએ પછવાડે જોયું.

"વેલ, વેલ, વેલ !" માસ્તર સાહેબે બીજું સૂત્ર વાંચ્યું : "ઇન ધિસ વર્લ્ડ, વર્ચ્યુ ઇઝ ઑલ્વેઇઝ રિવૉર્ડેડ ઍન્ડ વાઇસ પનિશ્ડ." (આ જગતમાં સદ્‌ગુણીને હંમેશાં લાભ મળે છે, દુર્ગુણીને દંડ પડે છે.)

"શું સમજ્યા ? વાઇસ ઇઝ, વાઇસ ઇઝ પનિ..."

"પનિશ્ડ." સામટો શ્રદ્ધાભર્યો ઘોષ ઊઠ્યો.

"હાં, શાબાશ ! શાબાશ ! તમે મિસ્તર." છેલ્લી બેન્ચવાળા વિનીત દેખાતા છોકરા તરફ માસ્તર સાહેબે નેતર ચીંધી : "તમે કહો જોઉં કેવી રીતે સદ્‌ગુણી મનુષ્ય લાભ પામે છે ને દુર્ગુણીને દંડ મળે છે ?"

"લાભ તો, સાહેબ, પૈસાથી મળે છે !" છોકરાએ નવું સત્ય કહ્યું.

"નહિ નહિ !"

"ઘણા પૈસાવાળા દુર્ગુણી હોય છે, સાહેબ ! છતાં એ મજા કરે છે."

"નહિ, નહિ, નહિ, મિસ્તર !" માસ્તર સાહેબે જુસ્સાભેર વિરોધ ચલાવ્યો : "એને પૈસા હશે, પણ સુખ નહિ હોય. હી વિલ ઑલ્વેઇઝ બી ટ્રબલ્ડ બાંઇ હિઝ ઓન કોન – કોન – શું ? કહો તો કોઈ, કોન-"

"કૉન્સ્ટિપેશન, સાહેબ !" એ છેલ્લી બેન્ચના છોકરાએ જવાબ દીધો. ('કૉન્સ્ટિપેશન' એટલે બદહજમી.)

આખો ક્લાસ હસી પડ્યો. માસ્તર સાહેબ બાપડા હાસ્ય અને રોષની વચ્ચે લટકી પડ્યા.

"છત – છત – છત – જૂઠું !" બીજાઓ પ્રત્યે નેતર ચીંધી : "મેં કેટલી વાર ગોખાવ્યું તોપણ ભૂલી ગયા ? કહો જોઉં, કોન... ?"

"કોન્શિયન્સ !" સામટો ઘોષ ઊઠ્યો.

"હા, હી વિલ બી ટ્રબલ્ડ બાઇ હિઝ ઓન કોન્શિયન્સ (એને એનો પોતાનો અંતરાત્મા જ ડંખ્યા કરશે), એને સુખ હોય જ નહિ."

ત્યાં તો 'મીં...યાં...ઉ !' બિલ્લીસૂર બોલ્યા. આ વખતે એ સૂરથી ચમક્યા વગર માસ્તર સાહેબ ક્લાસમાં ઊતર્યા; ચાલ્યા. સહુને સમજાવવા લાગ્યા : "સદ્‌ગુણી મનુષ્યને હંમેશાં જગત લાભ આપે છે. સમજ્યા ? સમજ્યા ? શું સમજ્યા ?"

– અને ફરીવાર જ્યારે 'મીંયાંઉ' સ્વર નીકળ્યો ત્યારે માસ્તર સાહેબ છેલ્લી બેન્ચ સુધી પહોંચી ગયા હતા.

તુરત એમણે જોયું કે એ સૌમ્ય દેખાતા છોકરાનો એક હાથ દફ્તરની પેટીની અંદર હતો. હાથ એ સેરવી લે તે પહેલાં તો માસ્તર સાહેબે દફ્તર ખોલ્યું. અંદરથી દબાવવાનું રમકડું નીકળ્યું. 'મીંયાઉં' સ્વર એ રમકડું કરતું હતું.

"અહં, આંહીં આવો, મિસ્તર મીંયાઉં !" માસ્તર સાહેબે એ છોકરાને ખુરસી પાસે લીધો. એનું રજિસ્ટર તપાસ્યું. "તમે પૈસાદારના છોકરા છો, ખરું ? દુર્ગુણીને દંડ નથી મળતો એમ માનો છો, ખરું ? શ્રીમંતને 'કોન્શિયન્સ' (અંતરાત્મા)ની નહિ પણ 'કૉન્સ્ટિપેશન' (બદહજમી)ની મુશ્કેલી હોય છે, ખરું ? તમને હું આજના આખા દા'ડાની ચોકડી ચોકડી ચોકડી જ આપું છું. જાઓ !"

પોતાનું જ કથન સાચું છે, ને એનો પરચો તત્કાલ જ માસ્તર સાહેબને મળવાનો છે, એવી મૂક શ્રદ્ધાથી મોં મલકાવતો એ છોકરો પાછો છેલ્લી બેન્ચ પર બેસી ગયો; અને માસ્તર સાહેબે દીવાલ પરની ત્રીજી તખ્તી તરફ નેતર નોંધી, મોટે અવાજે વાંચ્યું :

*સ્વધર્મે નિધન શ્રેયઃ*

"એટલે કે દાખલા તરીકે હું શિક્ષક છું, તો મારો ધર્મ ગરીબી વેઠીને

પણ નિશાળ ભણાવવાનો છે. નિશાળના પ્રોપ્રાયટર બનવાનો નહિ. શું? स्वधर्मे..."

વાક્ય પૂરું થતાં પહેલાં જ પટાવાળાએ આવી ખબર આપ્યા કે પ્રોપ્રાયટર સાહેબ બોલાવે છે.

"કહો કે ક્લાસ લઈને પછી આવું છું."

"હમણાં ને હમણાં તાકીદે બોલાવે છે. કહ્યું છે કે જે કામ કરતા હોય તે પડતું મૂકીને એકદમ આવી જાય."

કદાચ કંઈક સારા સમાચાર હશે એવી કલ્પનાથી માસ્તર સાહેબનું મોં મલક્યું. મેલો ડગલો અને ગલપટો તેમણે સરખા કર્યા. બહાર નીકળતાં નીકળતાં કહ્યું: "છોકરાઓ! હું પાછો આવું ત્યાં સુધીમાં આ બીજાં સુવર્ણવચનોને વિચારી રાખશો."

"સાહેબજી!" માસ્તર સાહેબે જઈને પ્રોપ્રાયટરને નમન કર્યાં.

પ્રોપ્રાયટરની રાતીચોળ આંખોએ મૂંગા રુઆબથી યાદ દેવરાવ્યું કે ઑફિસમાં બીજું પણ એક સન્માનિત માનવી બેઠેલું છે.

માસ્તર સાહેબે બાજુમાં દૃષ્ટિ કરી. "ઓહ, જેજે! જેજે! ક્ષમા કરશો, મને ખ્યાલ નહોતો." એવા શબ્દો સાથે ત્યાં બેઠેલ એક સન્નારીની એમણે અદબ કરી.

ભવાં ચડાવીને સન્નારીએ ડોકું હલાવ્યું.

પ્રોપ્રાયટરે પૂછ્યું: "આમ જુઓ, માસ્તર! આ બાનુના પુત્ર, ...નામના, તમારા ક્લાસમાં ભણે છે?"

"જી હા," માસ્તરે જવાબ દીધો. એ વિદ્યાર્થીનાં પરાક્રમોનું સ્મરણ હજુ તાજું જ હતું. ટાંકણી હજુ ખટકતી મટી નહોતી.

"આ એનું અભ્યાસપત્રક: તમે જ એમાં માર્ક પૂરો છો?"

"જી હા."

"બધા જ વિષયમાં શું એને શૂન્ય મળેલ છે?"

"જી હા, પણ –"

"પણ-બણ કંઈ નહિ. માસ્તર! સીધો જવાબ આપો. જેના લોહીમાં

ત્રણ પેઢીની ખાનદાની વહે છે, તે છોકરાની અક્કલ શું એટલી બધી બૂઠી છે કે હંમેશાં શૂન્ય માર્ક ?''

''ને જાણીબૂજીને એનું અપમાન કરવા માટે હરરોજ એની બેઠક છેલ્લી બેન્ચ પર રખાવે છે !'' બાનુએ ઉમેર્યું.

માસ્તર સાહેબનું મોં પ્રોપ્રાયટર અને સન્નારી બેઉની વચ્ચે ચાવી દીધેલ પૂતળાની પેઠે ફરવા લાગ્યું.

''મારો છોકરો ત્રણ દિવસથી આખી રાત રડે છે. ઊંઘમાં ઝબકી જાય છે.'' સન્નારી રડવા જેવાં થઈ ગયાં.

''પણ–પણ–બાઈસાહેબ –

''તમે મારી સ્કૂલને તાળાં દેવડાવવા માગો છો શું, માસ્તર ?'' પ્રોપ્રાયટરે માસ્તર સાહેબનું વાક્ય જાણે જીભથી નહિ પણ છૂરીથી કાપી નાખ્યું : ''તમે આ કોના પુત્રની કારકિર્દી ખરાબ કરી રહ્યા છો, ખબર છે ? સરકારમાં એ પુત્રના પિતાજીની લાગવગ કેટલી છે એ તમે જાણો છો ?''

''ને બસ શું આટલા બધા નિશાળિયામાં એક મારો છોકરો જ અક્કલ વગરનો નીકળ્યો ? તમે અમારી પૈસાદારોની વિરુદ્ધ છૂપું ઝેર પ્રસરાવી રહ્યા છો એ શું હું નથી જાણતી ?''

''પણ, બાઈ સાહેબ !'' માસ્તરની જીભના લોચા વળવા લાગ્યા : ''હું એમ નથી કહેતો – હું એમ માનતો પણ નથી કે આપના ચિરંજીવી બુદ્ધિહીન છે. સંભવ છે કે એનું લક્ષ્ય વધુ મહત્ત્વના વિષયોમાં રોકાઈ રહેતું હશે. એને કદાચ ક્લાસના સામાન્ય પાઠોમાં રસ નહિ હોય. આમ તો એ બહુ જ તેજસ્વી ને ડાહ્યા છે. ઉપરાંત હું તો પૈસાદાર વર્ગ પ્રત્યે પૂરેપૂરી દિલસોજી ધરાવ...''

''બહુ થયું, બહુ થયું હવે, માસ્તર !'' પ્રોપ્રાયટરે માસ્તરની ધૃષ્ટતાને ડાંભી : ''જાઓ, તમારી નોકરીની હવે અમારે જરૂર નથી. તમારી ચીજવસ્તુઓ લઈને હમણા જ નીકળી જાઓ.''

''માડી રે ! કેટલી કિન્નાખોરી !'' બાનુએ છેલ્લો ઘા કરી લીધો.

માસ્તર સાહેબ ધીરે પગલે વર્ગમાં ગયા. ધીંગામસ્તી કરતા

છોકરાઓ ચૂપ થયા. માસ્તર સાહેબે ચશ્માં, ચોપડીઓ, ગલપટો વગેરે એકઠાં કરતાં કરતાં કહ્યું : "વિદ્યાર્થી ભાઈઓ ! આવતી કાલનાં લેસન સાંભળી લ્યો : આવતી કાલે તમે બધા આજે શીખવેલાં સૂત્રો પર વિચાર કરી લાવજો ને હવે અત્યારે તમને બધાને હું રમતગમતની છુટ્ટી આપું છું. મારી તબિયત ઠીક નથી."

કિકિયારીઓ કરતા તમામ નિશાળિયા બે જ મિનિટમાં વર્ગ છોડી ચાલ્યા ગયા. ને માસ્તર સાહેબ સ્કૂલની સોટી ઊંચે કબાટ પર મૂકીને ઊંચી વ્યાસપીઠ પરથી નીચે ઊતર્યા. ખાલી ખંડની એણે છેલ્લી વિદાય લીધી. એમનો નિઃશ્વાસ ઓરડામાં જાણે કે પછડાયો.

બારણાની બહાર નીકળતાં એને કશુંક યાદ આવ્યું. એ પાછા વળ્યા. ઓરડાની વીજળી-બત્તી બળતી રહી ગઈ હતી. તેની ચાંપ દાબીને દીવો ઓલવ્યો.

[2]

માસ્તર સાહેબ 'ફક્કડે ફક્કડ' જ હતા. એમનું વેવિશાળ થવું શાથી રહી ગયેલું તેની આપણને કશી ખબર નથી. પણ ઘણાં માણસો રેલવે સ્ટેશન પર પહોંચતા જ ગાડી ચૂકી જાય છે તેવી રીતે માસ્તર સાહેબનું સગપણ પણ થતાં થતાં જ રહી ગયેલું. ને પછી તો લગ્નની બાબતમાં પોતે પુરુષાર્થ કરતાં તકદીરની વાતને વિશેષ માનતા હોવાથી એવી જ રાહ જોતા બેઠા રહ્યા કે જીવનમાં કંઈક નવાજૂની આપોઆપ થશે; પોતાની જાણે જ કોઈ જીવનપાત્ર જીવનમાં ખેંચાઈ આવશે; કશોક એવો અવસર એની મેળે જ ઊભો થશે.

ન્યાતમાં કન્યાઓ તો ઘણી હતી. ને ઘણાંખરાં માબાપ પોતાની અભણ છોકરીઓને સારુ પણ ગ્રેજ્યુએટોને જ શોધવા નીકળતા. એટલે માસ્તર સાહેબને રહી જવું ન પડત; પરંતુ એમની શરમાળ પ્રકૃતિનો લોકોએ એવો અર્થ કર્યો કે માસ્તર સાહેબ વિદ્યાને જ વરેલા છે, ને એ પ્રિય પત્ની ઉપર કોઈ શોક્ય લાવવાની એમને ઇચ્છા જ નથી. લોકોની આવી માન્યતામાં પોતાની શોભા સમજીને માસ્તર સાહેબ ચૂપ રહ્યા.

આ રીતે માસ્તર સાહેબ રહી ગયા તે રહી જ ગયા. દરમ્યાન તો કન્યાઓને વરની પસંદગી કરવાના અધિકારો મળ્યાનો નવો યુગ જ બેસી ગયો. ને એ નવા અધિકારથી વિભૂષિત પ્રત્યેક કન્યા – રૂપાળી કે કદરૂપી, કાળી કે ગોરી – રૂપાળા વરને જ પોતાનો અધિકાર માનતી થઈ ગઈ. તેથી માસ્તર સાહેબને ઘણો અન્યાય મળ્યો. એમની ચચ્ચાર દિવસની હજામત તેમ જ ત્રણ જાતનાં બટનોની નીચે છુપાયેલું તેમનું રૂપ કોઈ કન્યાએ કબૂલ રાખ્યું નહિ.

આવા બધા અન્યાયોને છાતી પર ચાંપી માસ્તર સાહેબ બે દિવસ ઘરમાં જ પડ્યા રહ્યા. પોતાની કશીક કસૂર થતી હોવી જોઈએ, નહિતર આમ કેમ બને ? – એ વિચારસરણી ચાલતી હતી. પોતાની ભૂલ પોતે પકડી શકતા નહોતા.

એવામાં એમના પર ટપાલમાં એક પત્ર આવ્યો. શહેરના દૂર દૂરના લત્તામાં રહેતાં કોઈ સન્નારી એમને મળવા તેડાવતાં હતાં. પત્રમાં ચોખવટ થયેલી હતી કે તમે હાઇસ્કૂલમાંથી છુટ્ટા થયા છો એટલે તમારી નોકરી સંબંધમાં જ મળવું છે. આ સ્ફોટ ન થયો હોત તો માસ્તર સાહેબ એક સ્ત્રીજનને મળવા જવાની હામ ન ભીડત. કોણ જાણે શાથી પણ પોતાના સૌન્દર્યનો આવો કશોક ખ્યાલ, જૂના જમાનાના વહેમની માફક, એમના મનમાં રહી ગયો હતો. ઘરનો અરીસો ઘણીક વાર ઘણાને માટે આવો છેતરામણો થઈ પડે છે. કેમ કે કાચની પણ સાચી અને ભ્રામક એવી જુદી જુદી જાતો હોય છે.

ખરી વાત તો એ હતી કે માસ્તર સાહેબ સ્ત્રીઓથી ભડકી ઊઠતા. એમનું આ ભડકવું ઊંટથી ભેંસના ભડકવા જેવું, કૂતરાથી બિલાડીના ભડકવા જેવું અને ચંપાના ફૂલથી ભમરાના ભડકવા જેવું તદ્દન નિષ્કારણ કિંવા સ્વાભાવિક હતું. વ્યવહારનાં માનવીઓ આવા માણસને 'મીઠા વગરનો' કહી નકામી બદબોઈ કરે છે.

[3]

બંગલાના દીવાનખાનામાં બે જણ બેઠાં હતાં : એક પચીસ-ત્રીસ

વર્ષની ભરજોબન સ્ત્રી અને બીજો પિસ્તાલીસ-પચાસ વર્ષનો પુખ્ત બાંધાનો, ઘણા પ્રયત્નો છતાં પણ વૃદ્ધ બનતો જતો પુરુષ. બેઉની વચ્ચે વાર્તાલાપ ચાલતો હતો:

"જેવો બેવકૂફ છે તેવો જ પાછો વિદ્વાન છે."

"એની બેવકૂફી તેમ જ વિદ્વત્તા બન્નેનો લાભ લઈ શકાય તેમ છે."

"માની જાય તો તો એના નામનો ઢોલ પિટાવીએ."

"હા, એ તો. લોકોને તો 'પ્રોફેસર સાહેબ ...નું કોલન વૉટર' એટલું નામ જોરશોરથી ગોખાવી શકાય છે."

"એ તો બધું મને આવડે છે. પોતાના નામની પ્રસિદ્ધિ નગરની દીવાલે દીવાલે દેખીને મૂરખો ખૂબ ફુલાય તેવો છે."

"ને અત્યારે કોલન વૉટર દારૂને બદલે પીણું થઈ પડ્યું છે. માટે સમય ગુમાવવા જેવું નથી."

"અરે, એક વાર નામ ચાલુ થાય પછી તો માલ કેમ તૈયાર કરવો એ બધું મને આવડે છે. એક નામની લેબોરેટરી એ બેવકૂફને કરી આપશું ને હરીફ કોલન વૉટરની શીશીઓ ખરીદી ખરીદી લેબલો ફેરવી માંડશું વેચવા. અત્યારે રાહ જોઈ બેસાય તેવું નથી."

"કેમ ?"

"દરિયાકાંઠાના ખારવા, ડુંગરના ભીલો, ગામડાના કોળીઓ વગેરે કૉલન વૉટરનું ભડકિયું કરી કરી ખૂબ પીતા થયા છે."

"તો તો સરસ."

"મોટા પાયા પર કામ ઉપાડ્યું છે. એક-બે મુખ્ય સરકારી અમલદારો પણ શામિલ બને છે. ઘણી સગવડો મળશે."

"તમે તો..."

"હ-હ-હ," હસીને પુરુષે સિગારેટની રાખ ખંખેરી: "આ વર્ષે હું તમને નવી – બ્રેન્ડ ન્યૂ – કાર અપાવ્યા વિના રહેવાનો નથી."

આટલી વાત થઈ ત્યાં માસ્તર સાહેબ મળવા આવી પહોંચ્યા.

"જે જે !" કહીને ઊભા રહ્યા.

"બેસો, પ્રોફેસર સાહેબ!" બાઈએ ખુરશી બતાવી.

માસ્તર સાહેબને 'પ્રોફેસર' શબ્દ મીઠો લાગ્યો; જગતમાં એકાદ સ્થળે કદરદાની પડી છે એવું ભાસ્યું.

"કેમ છો, પ્રોફેસર સાહેબ?" ગૃહસ્થે હાથ લંબાવ્યો: "ઓળખો છો?"

"ઓહો, સાહેબજી!" કહી માસ્તર સાહેબે ચશ્માં આઘાંપાછાં કર્યાં. ઓળખાણ પડી. હૈયામાં ફાળ પણ પડી. જે વિદ્યાર્થીને ખાતર પોતાને બરતરફ થવું પડ્યું એના ખુદના જ આ પિતાજી હતા.

"બેસો, પ્રોફેસર સાહેબ!"

"જી, હું તો સામાન્ય માસ્તર છું."

"ફિકર નહિ. હું તમારી હાંસી નથી કરતો. હું તમને બતાવી આપીશ કે યુનિવર્સિટીને પોતાનો 'ફેમિલી એફેર' કરીને બેસી જનારા સાલા પેલા મેમ્બરો તમારી કદર ન કરે તો પછી તમારી કદર કરનારો પ્રજાવર્ગ પડ્યો છે કે નહિ? પરંતુ એ વાત પર આવતાં પહેલાં હું તમારી ક્ષમા માગું છું. તમને ખબર નહિ હોય કદાચ, કે તમારે મારા જ છોકરાને ખાતર બરતરફ થવું પડ્યું છે. પણ હું શું કરું, પ્રોફેસર? મારાં પત્નીની હઠીલાઈ પાસે મારું કશું ચાલ્યું નહિ."

"કંઈ નહિ, સાહેબ!" માસ્તર સાહેબને ઊલટાની લજ્જા આવી: "મારી દાનત સાફ હશે તો ઈશ્વર મને ભૂખ્યો નહિ સુવાડે."

"હવે શું કરવા માગો છો!"

"ટ્યૂશનો આપીશ, બીજું તો શું કરું?"

"કેટલુંક મળશે?"

"મહિને પોણોસો-સો તો મળી જ રહેશે ને, સાહેબ?"

"સાંભળો, પ્રોફેસર સાહેબ! તમને હું પાંચસોની નિમણૂક અત્યારે જ લખી આપું તો?"

"વાર્ષિક?"

"ના, માસિક. છો તૈયાર?"

"સાહેબ !" માસ્તર ઊભા થઈ ગયા : "આપ મને ધર્માદો કરવા માગો છો ? હું લાંઘણો ખેંચીશ. પણ હરામના પૈસા નહિ સ્વીકારું. સ્વમાન મને પણ વહાલું છે, સાહેબ."

"સાંભળો સાંભળો, પ્રોફેસર ! હું તમને સખાવત કરવા નથી માગતો. તમારા રૂ. 500ની સામે મારે પણ સારી કમાણી થાય તેમ છે. મારી કોલન વૉટરની ફેક્ટરી પર તમારી નિમણૂક કરવા માગું છું. તમે છોકરાં ભણાવીને શું ઉકાળશો ? પ્રેક્ટિકલ કામ કરી વિદ્યાને દેશની સમૃદ્ધિ માટે વાપરો, પ્રોફેસર ! તમે તમારી કિંમત ન સમજી શકો, પણ અમે વેપારીઓ સમજીએ છીએ."

આખી યોજનાનો સ્ફોટ થઈ ગયો. માસ્તર સાહેબ એક કહેવાતી રસશાળાના અધિષ્ઠાતા બન્યા. નિમણૂકનો પત્ર ત્યાં ને ત્યાં લખી આપવામાં આવ્યો.

"ને પ્રોફેસર સાહેબ !" ધનપતિએ ઉમેર્યું, "રસશાળાના કાર્યમાં આ બહેન તમારાં મદદનીશ રહેશે. એ પણ સાયન્સનાં ગ્રેજ્યુએટ છે."

"ઓહો, બહુ જ સારું. ઘણી જ સરસ વાત." હર્ષ પામતાં માસ્તર સાહેબ એ બેઉને નમન કરી પાછા વળ્યા. એમણે સમજી લીધું કે એ બહેન પેલા ધનપતિનાં પુત્રી અથવા ભાણેજ કે ભત્રીજી હોવાં જોઈએ.

[4]

શહેરની દીવાલે દીવાલ 'પ્રો ....'નું નામ પોકારતી થઈ ગઈ. ભીંતો પર, થાંભલાઓ પર, આગગાડી અને ટ્રામ-બસગાડીઓના ડબ્બાઓમાં, નાટકો ને સિનેમાના પડદા ઉપર, નવનવે રંગે, નવનવે રૂપે, વિવિધ કુનેહથી, ચક્કર ફરતી કે ઓલવાતી-ઝબૂકતી દીપક-વાણીમાં વાતો કરતી, એક સુંદર જાહેરાત લોકોની આંખોમાં જાદુ આંજતી વ્યાપી રહી હતી : 'પ્રો૰...નું કોલન વૉટર : પ્રો૰...નાં આસવો, શરબતો, ઇસેન્સ...'

અને એ બધી જાહેરાતોમાં મહા તત્ત્વવેત્તા સમા શોભતા પ્રોફેસર સાહેબ ઊભા હતા – કોઈ તાવમાં તરફડતી સુંદરીના લલાટ પર કોલન વૉટરનાં પોતાં મૂકતા, કોઈ માયકાંગલા બાળને શીશી પાઈ તત્ક્ષણે જ

હૃષ્ટપુષ્ટ બનાવી નાખતા, કોઈ ગ્રીષ્મના તાપે ગભરાતા શ્રીમંતને શરબતનું પ્યાલું દેતા, કોઈ દુર્બલ દમલેલને પોતાનો આસવ પાઈ ટટ્ટાર બનાવતા, અજોડ ઇલમી, રસાયનના જાણભેદુ પ્રકૃતિના પરમતત્ત્વને પારખનારા અદ્વિતીય જ્ઞાની પ્રો .... ! ઈશ્વરથી બીજે દરજ્જે જગતમાં સર્વવ્યાપક બની એ ઊભા હતા. બાર મહિના પૂર્વેના એક અંધારી હાઇસ્કૂલના 'ફિફ્થ બી' ક્લાસનાં સૂત્રો ગોખતા માસ્તર સાહેબને આવા એક તારણહારની કક્ષાએ મૂકનારી એ જાહેરખબરો હતી. વિશ્વનાં સત્યાસત્યના અવિચલ ગણાઈ ગયેલા નિયમોને ઉથલાવી શૂન્યમાંથી મેરુ સર્જનાર ને દિવસમાંથી રાત્રિ ઊભી કરનાર એક નવી જગશક્તિ જાગી ઊઠી છે આ લોકમાં ને તે છે પ્રસિદ્ધિ. જગતનો નિયંતા પણ એની કને પરાજિત બની ઊભો છે. ધરતી પર રોજ રોજ કંઈક દટ્ટણ પટ્ટણ કરતી, પ્રકમ્પો જગવતી, લીલાઓ રમતી, ઇંદ્રજાળો રચતી, વિશ્વમોહિની શક્તિ છે પ્રસિદ્ધિ. છાપવાનાં યંત્રો છે એનાં દળકટક. મુદ્રણકલાના હજારો નાનામોટા નવેશો છે એ નર્તકીના ઉસ્તાદો. અસત્ય છે એનું ગાન. એ વિશ્વમોહિનીએ આજના જગતને કામરુદેશ કરી મૂકેલ છે.

પ્રો૦....ને એણે જીવન-સાફલ્યનો કેવો મીઠો કેફ કરાવ્યો ! હવે તો હંમેશાંને માટે હજામત ભૂલી જઈ, બીજી તમામ ઇચ્છાઓ આકાંક્ષાઓથી પરવારી પ્રોફેસર પોતાની રસશાળામાં જ તલ્લીન બન્યા. નવાં નવાં મિશ્રણોના પ્રયોગો કરતા એ કાચના નાનામોટા સરંજામને પોતાનું નાનું એવું કુટુંબ કલ્પીને દિવસ-રાત વિતાવવા લાગ્યા. પ્રસિદ્ધિ એની દાસી બનીને ગલીએ ગલીએ એને લોકોના લાડીલા કરી રહી છે એ વાતમાં એણે પોતાની કૃતાર્થતા માની. ધનપતિ માલેકો ખુદ એમનાં નામોને અંધારામાં રાખી મારું એકલાનું જ આવું ભપકાદાર કીર્તિમંદિર ચણી રહેલ છે, એ વિચારથી પ્રોફેસર લગભગ ગદ્ગદિત બની જતા હતા. જાહેરખબરોનાં ચિત્રમય પતાકડાં દેખી દેખી એમને તો ખાતરી જ થઈ ગઈ હતી, કે સાચેસાચ પોતે અસંખ્ય દુ:ખપીડિત સ્ત્રી-પુરુષોને તેમ જ બાળકોને આ દવાઓથી નવજીવન બક્ષી રહ્યા છે. આ વેળા એમને હાઇસ્કૂલના 'ફિફ્થ બી' કલાસનાં

દીવાલ-વચનો યાદ આવતાં, ને પોતે મનમાં મનમાં બોલતાં કે ખરું છે ! – गुणाः पूजास्थानं गुणीषु... विद्वान सर्वत्र पूज्यते વગેરે વગેરે. પોતાના કદરદાન માલિક જ્યારે જ્યારે નામાંકિત નગરજનોને રસશાળા જોવા લઈ આવતા ત્યારે ત્યારે પ્રોફેસર હર્ષઘેલડા બની જઈ, દોડાદોડ કરી મૂકી, યંત્રો દ્વારા એ નગરજનોને બતાવી આપતા કે "જુઓ સાહેબ ! આપણો આસવ. જુઓ, અંદર એક પણ જંતુ ન મળે; એક પણ અશુદ્ધ પરમાણુ ન મળે, ને હવે જુઓ અમારા હરીફોની બનાવટ. જુઓ. આમાં કેટલાં જંતુઓ ખદબદે છે : કેટલા રોગોના ભોગ આના પીનારાઓ થતા હશે એની કલ્પના કરો, સાહેબ !"

આમ જંતુ વગરના આસવોની અને ઔષધોની જાહેરાતે દેશના અનેક જીવદયાપાલક લોકવર્ગોને આ દવાઓ પ્રત્યે ખેંચી લીધા. પ્રોફેસરને પણ લોકસ્વાસ્થ્યની કાળજી રાખવાનો ઊંડો આત્મસંતોષ થયો.

માત્ર એમને એટલી જ ખબર નહોતી પડતી કે લોકોની હજારોને હિસાબે ચાલી આવતી માગને પૂરી પાડવા માટે આ બધી શીશીઓ જ કારખાનામાં બની રહી છે તે કારખાનું ક્યાં છે ? કેમ કે પોતાને તો ફક્ત રસાયનો બનાવી 'ફોર્મ્યુલા' જ નક્કી કરી દેવાનું કામ સોંપાયું હતું.

[5]

લોકકલ્યાણની વાતો કરતાં ત્રણેય જણાં બેઠાં હતાં : ધનપતિ માલિક, એમનાં પેલાં એક 'બહેન' (અથવા પ્રોફેસરના અનુમાન પ્રમાણે ભાણેજ કે ભત્રીજી) અને પ્રોફેસર સાહેબ.

બેઠકનું સ્થળ હતું શહેરના દૂર ભાગનું એક રેસ્ટોરાં. આ સ્થાનમાં ધનપતિ આવે છે એવો ખ્યાલ બહુ ઓછાને જ હતો – ખાસ કરીને એમનાં પત્નીને તો નહિ જ.

ક્યાં ક્યાં બીજાં રસાયણો બનાવીએ તો લોકકલ્યાણ વધારે નિપજાવી શકાય – એ હતો વાર્તાલાપનો વિષય. ધનપતિનો અભિપ્રાય તો એવો હતો, કે પ્રજા જો કાયદેસર દારૂનું પીણું પીવે જ છે, તો પછી એને ખરાબ દારૂને બદલે સારો, ઓછો હાનિકારક ને વળી સસ્તો એવો

દારૂ શા માટે ન પૂરો પાડવો ? એમાં શું પાપ છે ?

'બહેન' તથા પ્રોફેસર હજુ વિરોધ કરતાં હતાં. એ વિરોધને બને તેટલો પોચો પાડવા માટે ધનપતિ ઉપરાઉપરી સારી સારી વાનીઓની રકાબીઓ મગાવી રહ્યા હતા. દુનિયાના વ્યવહારકુશળ માણસ તરીકે એ જાણતા હતા કે સામાવાળાને શરમાવી-પિગળાવી નાખવા માટે ભોજનનો અવસર વધુમાં વધુ અકસીર છે ને અન્નની શરમ ઘણી વાર હજારો રૂપિયાની રુશ્વતો કરતાં વધુ કામ કરી જાય છે.

"ઓહોહો –" એકાએક ધનપતિ ખડા થઈ ગયા : "તમે અહીં ?"

સામે ઊભીને મર્મથી મોં હલાવનાર એ નવાં આવેલ સન્નારી ધનપતિનાં ખુદ પત્ની જ હતાં.

"ઠીક ભેટો થઈ ગયો. જુઓ, તમને ઓળખાણ કરાવું : આ આપણી રસશાળાના લોકવિખ્યાત પ્રોફેસર સાહેબ, ને આ એમનાં ધર્મપત્ની ...."

"વારુ ! બહુ આનંદ થયો બેઉને મળીને."

એટલું કહી ધનપતિનાં પત્નીશ્રી, પ્રોફેસર સાહેબને એક કરડી નજર વડે માપતાં, ને 'પેલી સ્કૂલમાંથી તમને બરતરફ કરાવનાર હું જ હતી' એવું મૂંગું સ્મરણ આપતાં, વિશેષ તો પ્રોફેસર સાહેબનાં 'ધર્મપત્ની' પ્રત્યે કાતિલ ખંજર જેવી આંખ ચમકાવતાં ત્યાંથી ચાલ્યાં ગયાં.

શેઠજી પણ પત્નીની પછવાડે ચાલ્યા. પછવાડે અહીં પ્રોફેસર તથા એમનાં 'કામચલાઉ પત્ની' સ્તબ્ધ બની રહ્યાં.

"આવી મશ્કરી !" માસ્તર સાહેબ હજુ આ બધી ઘટનાને મશ્કરી માનતા હતા. એમને તો ભોંઠામણનો પાર ન રહ્યો. એણે લાચારી ગાવા માંડી : "હું–હું ખરેખર દિલગીર છું. તમારી ક્ષમા માગું છું. આ મશ્કરી કરાવવામાં મારો જરાકે હાથ નહોતો."

બાઈ ત્યાંથી ઊભી થઈ બહાર ચાલી. માસ્તર સાહેબ આ નામોશીનું નિવારણ કરવા માટે પછવાડે દોડ્યા. બાઈની સાથે પોતે પણ ગાડીમાં બેસી ગયા. ફરીથી લાચારી ગાવા લાગ્યા.

બાઈએ કહ્યું : "પ્રોફેસર ! તમે આટલા બધા ભોળા ! હજુ નથી

સમજતા ?"

"શું ?"

"એણે મને તમારી પત્ની તરીકે શા માટે ઓળખાવી ?"

"મશ્કરી કરવા ?"

"નહિ. પ્રોફેસર ! હું કોણ છું, જાણો છો ?"

"તમે શેઠ સાહેબનાં બહેન – ભાણેજ – કે –"

"હું એમની સગી નથી, પ્રોફેસર ! એમની ઉપપત્ની છું."

માસ્તર સાહેબે ઊંચી ટોચે ચડીને પાતાળ-તળિયું દેખ્યું. એણે શ્વાસ ખેંચ્યો.

"એ નીચને, નરાધમને, મને ફસાવી પોતાનું રમકડું બનાવનારને પોતાની પત્ની સમક્ષ મારું સ્વતંત્ર ઓળખાણ આપવાની હિંમત નહોતી. તેણે મને અપમાનિત કરી –" બાઈના હોઠ થરથરતા હતા.

"હું ખરેખર ક્ષમા માગું છું."

"પ્રોફેસર ! ભલા ભોળા મનુષ્ય ! તમને હું હવે નહિ છોડું. એ અપમાન હું સાચું કરી બતાવીશ."

"આપ એવું ન બોલો. મને પાપમાં ન નાખો. મને ક્ષમા કરો."

માસ્તર સાહેબનું માથું ચક્કર ફરવા લાગ્યું. આ શા દાવપેચ રમાઈ રહ્યા છે ? આ શેઠના જીવનમાં શું પડ્યું છે ? હવે આ સ્ત્રીની વૈરવૃત્તિ મારો શો ઉપયોગ કરશે ? – ઝડપી વિચારચક્ર ફરવા લાગ્યું.

[6]

બીજો દિવસ : અને બીજું એક સત્ય માસ્તર સાહેબની રાહ જોતું દ્વાર ખખડાવતું હતું. રસશાળાને બારણે કારમી બૂમો પડી : "ક્યાં છે એ ચોટ્ટો ? ક્યાં ગયો એ પાખંડી પ્રોફેસર ? આમ આવ, બચ્ચા ! તારા હાથપગમાં બેડીઓ પહેરાવીશ – નહિ છોડું. નહિ છોડું."

એવા બરાડા પાડતો, ન સાંભળી જાય તેવી ગાળોની તરપીટ પાડતો એક આદમી રસશાળામાં ધસી આવ્યો. એના હાથમાં મશહૂર પ્રોફેસર ...ના લેબલવાળો આસવનો સીસો હતો. એણે એ સીસા વતી માસ્તર સાહેબ

ઉપર હલ્લો કર્યો : "બદમાશ ! દગલબાજ ! મારી દસ વર્ષોની જૂની બનાવટ ઉપર તારાં લેબલ ચોડી ચોડીને હજારો સીસાઓ વેચી તેં નાણાં કર્યાં ! હવે તું બતાવજે, ક્યાં છે તારી ફાર્મસી ? હું તારા પર સીધી 'ક્રિમિનલ' જ કરીશ, મોટા ધાડપાડુ !"

માસ્તર સાહેબ હેબતાઈ મોં વકાસી રહ્યા. આ બધી શી ઇંદ્રજાળ છે ? હું શું ચોર છું ? મારી બનાવટનો આસવ તો મેં રોજેરોજ જંતુરહિત બતાવ્યો છે. મારી ફોર્મ્યુલા તો મેં નવી શોધેલી સ્વતંત્ર છે. ને આ શું બોલાઈ રહ્યું છે ?

"આ લે, બદમાશ ! તારું કરતૂક તપાસી જો !" કહેતા એ જૂના કેમિસ્ટે માસ્તર સાહેબના હાથમાં સીસો માર્યો. સીસો લઈને માસ્તર સાહેબ રસશાળામાં દોડ્યા. પરીક્ષા કરીને કાચ વડે નિહાળ્યું. અંદર જીવતાં જંતુઓ જોતાં જ એ થીજી ગયા.

કૌભાંડ ! પ્રચંડ કોઈ કૌભાંડ ! સીધો મારા માટે કારાગૃહનો જ માર્ગ ! હજારો સીસાઓ હમણાં પકડાશે.

ઉઘાડે માથે અને એક ખમીસભર માસ્તર સાહેબ બહાર નીકળ્યા. સંધ્યાના અંધકારમાં એણે દોડવાનું શરૂ કર્યું. દોડી દોડીને પોતે ક્યાં જાય છે ? ગમ નથી; દોડે જ છે ફક્ત. ધરતીનો કોઈ છેડો હોય તો ત્યાં પહોંચવા દોડે છે. સંતાવાનું, પોતાના ખુદના અંતરાત્માની જ આંખોથી સંતાઈ જવાનું સ્થાન કોઈ હોય તો ત્યાં જવા દોડે છે. એને ગાંડો સમજીને જોઈ રહેનારાં લોકો જાણે એને પકડવા ઊભાં હોય એવી ભીતિભર્યા એ દોડે છે. ઝાડનાં થડો આડે લપાઈ લપાઈ એ આગળ વધે છે. પોતાની છબીવાળાં લેબલ જ્યાં જ્યાં જોયાં ત્યાં ત્યાંથી લેબલો ચીરતા ચીરતા એ દોડે છે.

સ્કૂલની નોકરીમાંથી બરતરફ થયા પછી પણ જેણે નેકીને ખાતર છેલ્લી વારની બત્તી બુઝાવવી નહોતી ચૂકી, તેવા મનુષ્યે આજ હૈયું છૂંદાઈ જાય તેટલું પ્રકાંડ તર્કટ પોતાની છાતી પર ખડકાયેલું દીઠું.

દોડી દોડીને એ થાકી ગયા. રઝળીને પાછા વળ્યા. પણ કારાગૃહની કડીને બદલે એક ઊલટી જ વાત એની રાહ જોતી ઊભી હતી.

શેઠે ખબર આપ્યા : "પ્રોફેસર સાહેબ ! આપને મળવા માટે આપણી સરકાર તરફથી એક પ્રતિનિધિમંડળ આવેલું છે."

"મને મળવા ? શા માટે ?"

"માનપત્ર અર્પણ કરવા."

"મને ! મને માનપત્ર ?" જાણે કે પોલીસ જ પકડવા આવી હતી અને પોતાની છેલ્લી મશ્કરી થઈ રહી હતી.

"જી હા, આપની નવી રસાયન-શોધોની કદર સારુ. પ્રજાને આપે ઉત્તમ ઔષધિઓ તથા પીણાં પૂરાં પાડ્યાં છે તે સારું."

"મેં ?"

"જી હા, આપે."

એટલામાં તો દેશના સર્વશ્રેષ્ઠ સરકારી અધિકારીઓનું તેમ જ વિજ્ઞાનવેત્તાઓનું મંડળ આવીને હાજર થયું. તેઓએ એક માનપત્ર વાંચ્યું. માનપત્રનો કાગળ મોતીજડિત દાબડામાં મૂકીને અર્પણ કર્યો.

દિગ્મૂઢ જેવા બનેલા માસ્તર સાહેબે એ દાબડો હાથમાં લીધો. એણે આ વિશ્વનું સાચું વિરાટ સ્વરૂપ દીઠું. એની આકુલ વ્યાકુલ ચેષ્ટાઓથી વિસ્મય પામતા મહેમાનોને ધનપતિએ છાનો ખુલાસો કરી નાખ્યો કે 'પ્રોફેસર સાહેબને જરા પીવાની આદત છે ! સમજ્યા ને ?'

પ્રોફેસરે પ્રતિનિધિમંડળને મહામહેનતે પ્રશ્ન કર્યો :

"આપ સહુને મારા શેઠ સાહેબ ...ની જોડે શો સંબંધ છે !"

"જી, અમો એમના મિત્રો છીએ, તેમ જ 'બિઝનેસ'માં એમના સાથીઓ છીએ."

"એટલે કે એમના બિઝનેસમાં આપ સહુનું આર્થિક હિત છે ?"

"જી હા, એવું કંઈક ખરું." એક જણાએ હસી જવાબ દીધો.

"હવે આપ કંઈક જવાબ વાળો. કંઈક બોલો." બીજાએ વિનતી કરી.

"હું – હું – હું ! ગૃહસ્થો ! હું – હું – હું તો – કંઈ નહિ. ખેર – હું તમારો સહુનો આભાર માનું છું. તમે મને ઘણું માન આપ્યું છે."

પ્રતિનિધિમંડળ વિસર્જન થયું, ને માસ્તર સાહેબે પેલા આગલે દિવસે

પોતાને સીસો મારવા આવનાર કેમિસ્ટને પોતાની સામે ઝૂકતો જોયો.

શું થઈ ગયું હતું આ બધું ?

આ કૌભાંડમાં સંડોવાયેલ એકેએક માણસને પોતપોતાનાં ભોપાળાં સંઘરવાનાં હતાં. સહુએ આપદ્દમિત્રો બનીને એક કુટુંબ જમાવી દીધું. ભવાડો કરવા ધસી આવેલો કેમિસ્ટ પોતે જ પ્રોફેસરને દુનિયાદારીનું ડહાપણ આપવા માટે પડખે ચડી ગયો. અને પછી માસ્તર સાહેબનું ખરું ખેલાડી જીવન શરૂ થયું.

એમ સહુના સ્વાર્થની છત્રી બનેલા માસ્તર સાહેબ ઊંચે ચડ્યા – છેલ્લી ટોચે ચડ્યા. શેઠજીની સોડ્યમાંથી સરકેલી પેલી 'બહેન' પણ માસ્તર સાહેબના પડખામાં લપાઈ ગઈ.

[7]

એ જ હાઇસ્કૂલ હતી : ટાઢા ધીરા હવાપ્રકાશે શોભતું પુરાણ મકાન હતું. ત્રણ વર્ષો પૂર્વે માસ્તર સાહેબે ભણાવેલા પચાસ વિદ્યાર્થીઓનો વર્ગ હતો. તેઓને ઇનામ વહેંચવાનો મેળાવડો હતો. ઓરડો પણ એ-નો એ જ હતો. દીવાલોના પથ્થરો જાણે સુભાષિતો બોલતા બોલતા કોઈ પંડિતો થીજી ગયા હોય તેવા દેખાતા હતા. સુવર્ણ વચનોની તખ્તીઓ ચમકતી હતી. ઘણાં ઘણાં નવાં સૂત્રો દીવાલો પર ઉમેરાયાં હતાં. ઇસુ, જરથુષ્ટ્ર, બુદ્ધ, મહાવીર, હજરત મહમ્મદ આદિ એક પણ પયગમ્બરની વાણી બાકી નહોતી રહી ગઈ.

"વિદ્યાર્થીઓ !" સ્કૂલના પ્રોપ્રાયટર સાહેબે ઊભા થઈ ઓળખાણ કરાવી. 'આજના મંગલ દિને, જેના મંગલ હસ્તે તમને ઇનામ અપાવાનાં છે. તેની ઓળખાણ કરાવવી એ દીવો ધરીને સૂર્ય દેખાડવા જેવું છે. એ પવિત્ર, મહાનુભાવ અને વિદ્યામાર્તંડ પુરુષનું ઓળખાણ કરાવતાં મારું હૃદય ઉછાળા મારે છે. તમારા જ એક વખતના એ ગુરુજી આ દીવાલ પરનાં નીતિવચનોના અચલ પાલનને પ્રતાપે આજે આપણી વિદ્યાપીઠના વિજ્ઞાન-વિશારદની ખુરસી શોભાવે છે, ને દેશની ત્રણ મહાન રસશાળાઓના તેઓશ્રી અધ્યક્ષ છે. એમની આવી ઉજ્જ્વલ કારકિર્દીનું બીજ અહીં જ

રોપાયું હતું. પુત્રના લક્ષણ પારણામાંથી પરખાય એ ન્યાયે તેઓશ્રીની
પ્રતિભા અહીંથી જ ઝલકી રહી હતી. મને એ વાતનો ગર્વ છે, કે એમની
આ યશસ્વી કારકિર્દી સાથે આપણી શાળાનું નામ સદા જોડાયેલું રહેશે.
હું હવે તેઓશ્રીને ઇનામની વહેંચણી કરવા માટે વીનવું છું.''

તાળીઓના ગગડાટ વચ્ચે પ્રોપ્રાયટર સાહેબ આજના અતિથિને
મસ્તક નમાવી બેસી ગયા અને અતિથિ ઊભા થયા.

ઊંચા રેશમનો, સુંદર વળાંકવાળો ને બંધબેસતો સૂટ એમણે પહેરેલો
હતો. તાજી હજામતે અને ખુશબોદાર ક્રીમના લેપે એમના મોંને અનેરી
ચમક આપી હતી. પગથી માથા પર્યંતની ટાપટીપમાં કશું જ બનાવટી નહિ
પણ જાણે બહુ જ સ્વાભાવિક, રોજિંદું, બંધબેસતું યૌવન ઝલકતું હતું. ખરી
જુવાનીનો એ નમૂનો હતો. ને એમના આ જોબનને ઝુલાવતાં પેલા ગ્રેજ્યુએટ
માશૂકનું મંદ મંદ હાસ્ય પણ એમની બાજુમાંથી મહેકી રહ્યું હતું.

એ ઊઠ્યા, આમ તેમ જોઈ, ધીરેથી એમણે ગજવામાં હાથ નાખ્યો.
એક ગલપટો કાઢીને ગળા ફરતો લપેટ્યો; ને એણે શરૂ કર્યું:

''વહાલા વિદ્યાર્થીઓ !''

બરાબર ફાવતું ન હોવાથી, એમણે અટકીને ચારેય બાજુ નજર
દોડાવી. પછી કશુંક યાદ આવ્યું હોય તેમ તેણે કહ્યું:

''મને મારી જૂની નેતરની સોટી આપજો તો ! ત્યાં કબાટ પર હશે.
મેં તે દિવસે ત્યાં જ મૂકી હતી.''

ત્રણ-ચાર વર્ષો પરની સોટી શોધાઈ ને એમના હાથમાં મુકાઈ. જૂના
વાત્સલ્યની લાગણીથી સોટીને પંપાળતા, કમાન વાળતા, ચમચમાવતા એ
બોલી ઊઠ્યા:

''હાં, બસ ! હવે મને બરાબર મજા પડશે. હવે હું માસ્તર સાહેબ
થયો, ખરું કે ?''

''માસ્તર સાહેબ ! માસ્તર સાહેબ !'' અવાજો ઊઠ્યા.

ત્રણ વર્ષ પૂર્વેના સાગરઘેલડા માસ્તર સાહેબની અદાથી એણે
છોકરાઓની સામે સોટી ચીંધાડી કહ્યું: ''તમને મળીને મને ઘણો હર્ષ થાય

છે. તમે કદાચ મને નહિ ઓળખી શકો. આપણી ઓળખાણને હંમેશાં તાજી રાખનારી મારી ચચ્ચાર દિવસની વધેલી દાઢી અને મારા કોટનાં પચરંગી બુતાન ચાલ્યાં ગયાં છે." 891.47301

હસાહસ થઈ રહી. બાંકડા ઉપર છોકરાઓના હાથની થપાટો પડી.

પ્રોપ્રાયટરના ગર્વનો પાર નહોતો. યુનિવર્સિટીનો એક મહાપુરુષ પોતાની હાઇસ્કૂલ ઉપર આટલું વહાલ ઢોળી રહ્યો હતો. MEGI

સ્કૂલના બીજા સંચાલકો, ટ્રસ્ટીઓ, સ્નેહીજનો વગેરે પણ અંદર અંદર ઇશારે કહેવા લાગ્યા: "સાહેબ અત્યારે ભારી ખીલ્યા છે હો!"

ને માસ્તર સાહેબે પોતાનું વ્યાખ્યાન આગળ ચલાવ્યું:

"વહાલા વિદ્યાર્થીઓ! તમારા – અરે ભૂલ્યો, આપણા – માનવંતા પ્રોપ્રાયટર સાહેબે તમને કહ્યું કે હું આટલો મોટો માણસ થઈ ગયો, તે મારી અક્કલ હોશિયારીથી, મારી પ્રામાણિકતાથી ને આ નીતિસૂત્રોએ પ્રેરેલા મારા સરલ સદ્‌ગુણો થકી." ક્ર! 721880

"હીઅર! હીઅર!" પ્રોપ્રાયટરે તાળીઓ પાડી. આખી સભાએ એ શબ્દો તાળીના અવાજે વધાવ્યા. Rs. 70/-

પ્રોપ્રાયટર તરફ માથું ઝુકાવીને માસ્તર સાહેબ આગળ વધ્યા:

"પણ વહાલા વિદ્યાર્થીઓ! એ વાત હડહડતી જૂઠી છે, સાંગોપાંગ જૂઠી છે, જૂઠી છે."

સહુ ચમક્યા. માસ્તર સાહેબે આગળ ચલાવ્યું:

"હું મોટો માણસ બન્યો, તે તો કુટિલતા, દંભ, કાવાદાવા અને નરી દુષ્ટતાની જ મદદ વડે. મારા આ ઉપલકિયા ચકચકાટની નીચે એક અધમ સ્વાર્થબાજીની બદબો છુપાઈ છે. ને જગતમાં ઘણુંખરું એમ જ ચાલે છે."

શ્રોતાઓ એકબીજાની સામે જોવા લાગ્યા.

પ્રોપ્રાયટરે માસ્તર સાહેબના કાનમાં ફૂંક મારી: "સાહેબ! આપની તબિયત અત્યારે...."

માસ્તર સાહેબે વિદ્યાર્થીઓ તરફ ફરીને કહ્યું: "ભાઈઓ! આપણા પ્રોપ્રાયટર સાહેબ મને ચેતાવે છે કે કદાચ મારી તબિયત નાદુરસ્ત હોવાને

કારણે તો હું આ બબડાટો નથી કરતો ને ? અફસોસ ! વહાલા વિદ્યાર્થીઓ ! મારી તબિયત બરાબર સારી છે. મારું માથું બરાબર ઠેકાણે છે. હું સંપૂર્ણ શુદ્ધિમાં જ આ શબ્દો બોલી રહ્યો છું. ખેર, એ વાત જવા દઈએ. હવે મારે આ સુવર્ણચંદ્રકનું ઇનામ આપવાનું છે, ખરું ?''

માસ્તર સાહેબે સોનાનો ચાંદ હાથમાં લીધો. ઉપર કોતરેલા શબ્દો વાંચ્યા :

''ઓહો ! આ તો ઇતિહાસ-ચંદ્રક : કોણ છે મારો ઇતિહાસ-નવેશ નાનો દોસ્ત ? આવે અહીં.''

પ્રોપ્રાયટરે નામ પોકાર્યું : સુંદર સૌમ્ય ગરવા ચહેરાવાળો એક વિદ્યાર્થી વર્ગને છેડેથી ચાલ્યો આવતો હતો. એના પોશાકમાં અમીરાત ભભકતી હતી.

માસ્તર સાહેબે ઝીણી નજર માંડી. ઓળખ્યો. આ તો 'મીંયાઉં ! મીંયાઉં !' – જેને કારણે પોતાને રજા મળેલી.

માસ્તર સાહેબને સમજ પડી ગઈ.

''ઓહો ! તમે ઇતિહાસમાં પહેલે નંબરે આવ્યા ? શાબાશ ! શાબાશ !''

ચંદ્રક પહેરવા માટે આતુરતાભેર વિદ્યાર્થી આગળ વધ્યો. માસ્તર સાહેબે કહ્યું : ''સબૂર ! સબૂર ! કહો જોઉં મારા ઇતિહાસ-નવેશ નાના દોસ્ત ! પાણીપતના પહેલા યુદ્ધ વિષે તમે શું જાણો છો ?''

''પાણીપતનું પહેલું યુદ્ધ ?''

''હા, પાણીપતનું પહેલું યુદ્ધ.''

''પાણીપતનું પહેલું યુદ્ધ...'' વિદ્યાર્થીનો કડકડાટ કરતો અવાજ અટક્યો. સૂર નીચા ઊતર્યા : ''પાણીપતનું પહેલું યુદ્ધ...''

વિદ્યાર્થી માથું ખજવાળતો ઊભો રહ્યો.

''ફિકર નહિ, ફિકર નહિ, મારા ઇતિહાસ-નવેશ નાના દોસ્ત !'' માસ્તરસાહેબે પ્રેમભરપૂર શબ્દો ઉચ્ચાર્યા : ''કંઈ નહિ. કહે જોઉં, પાણીપતના બીજા યુદ્ધ વિષે તું શું જાણે છે ?''

"પાણીપતનું બીજું યુદ્ધ...." છોકરાના મોમાંથી ટંકાર-સ્વર નીકળ્યો ને એટલેથી જ ભાંગી ગયો : "પાણીપતના પહેલા યુદ્ધ પછી પાણીપતનું બીજું યુદ્ધ થયું. ને તે યુદ્ધમાં..."

છોકરાનો હાથ માથાના વાળ પર ગયો.

સભાજનોના મોઢાં લેવાઈ ગયાં. માસ્તર સાહેબે સહુના ચહેરા ઉપર નજર ફેરવી. એ નજર જાણે કે છૂરી બનીને સહુનાં નાક કાપતી હતી.

શ્રોતાઓમાંથી કોઈક એક મનુષ્ય છૂપે સ્વરે છોકરાને પાણીપતના બીજા યુદ્ધ વિષે કંઈક યાદ લેવા મહેનત કરતું હતું. માસ્તર સાહેબની નજર તે તરફ ગઈ. ઓળખ્યા. સુવર્ણચંદ્રક પાટે હર્ષાતુર બની બેઠેલાં એ છોકરાનાં માતુશ્રી, જેણે માસ્તર સાહેબને રુખસદ અપાવી હતી : પોતાનાં શેઠાણીજી, જેણે પેલી રેસ્ટોરામાં વખતસર હાજર થઈને શેઠજીની ઉપપત્નીને પ્રોફેસરનાં પત્ની થવાના સંજોગો ઊભા કર્યા હતા.

માસ્તર સાહેબે શેઠાણીજી પ્રત્યે એક માર્મિક નજર ફેંકીને પછી પેલા બાળકને ત્રીજી વાર પૂછ્યું : "હાં, ફિકર નહિ. કશી ફિકર નહિ. કહે જોઉં, મારા નાના દોસ્ત ! પાણીપતની ત્રીજી લડાઈ વિષે તું શું જાણે છે ?"

"પાણીપતની ત્રીજી લડાઈ! પાણીપતની બીજી લડાઈ પછી પાણીપતની ત્રીજી લડાઈ થઈ, ને એ લડાઈમાં... એ લડાઈમાં... એ...લડાઈમાં...એ...લડાઈમાં..."

છોકરાનો સૂર નીચે ઊતરી ગયો.

"વારુ વારુ ! ફિકર નહિ. ફિકર નહિ. હાં, મારા વિદ્યાર્થી ભાઈઓ ! કહો જોઉં, તમારામાંથી કોઈને પાણીપતની પહેલી, બીજી ને ત્રીજી લડાઈ વિષે કંઈ આવડે છે ?"

"હા હા હા હા..." જબરો મધપૂડો ગાજી ઊઠ્યો. ઓગણપચાસ આંગળીઓ ઊંચી થઈ.

"તમે કહો !" માસ્તર સાહેબે એક બીજા વિદ્યાર્થી પ્રત્યે સોટી ચીંધાડી.

ત્રણેય લડાઈઓ વિષે એ છોકરાએ ઝપાટાબંધ બયાન આપી દીધું.

માસ્તર સાહેબે પ્રથમ પેલા છોકરાનાં માતુશ્રી શેઠાણીજી તરફ ને પછી પ્રોપ્રાયટર સાહેબ તરફ ખંજર જેવી દૃષ્ટિ ચોડીને પછી વિદ્યાર્થીઓ પ્રત્યે કહ્યું :

"શાબાશ, વહાલા વિદ્યાર્થીઓ ! ઇતિહાસનું જ્ઞાન કોણ કેટલું ધરાવે છે તે ખબર તમને સહુને પડી ગઈ. ઇનામ અને ચંદ્રક કોને અપાય છે તે પણ તમે જોઈ લીધું. આ સુવર્ણચંદ્રકનું ઇનામ હું તમારામાંથી કોઈ એકને શી રીતે આપું ? હું તો એ તમારા આખા વર્ગને અર્પણ કરું છું. ને તમને કહેતો જાઉં છું કે આ દીવાલ પર લટકતાં જે સુવર્ણસૂત્રો મેં તમને ખૂબ ગોખાવ્યાં છે, તેને વીસરી જજો. સંસારમાં પડો ત્યારે યાદ રાખજો કે –

गुणा^: पूजास्थानं નહિ, પણ सर्वे गुणा^: कान्चनमाश्रायन्ते ॐ યાદ રાખજો કે સત્યનો સદા જય થાય છે તે વાત જૂઠી છે, જૂઠી છે. પછી ઉશ્કેરાટ શમાવી દઈ એણે ભદ્ર કંઠે અને વહાલાતુર વદને ઉમેર્યું :

"પરંતુ... પરંતુ મારા બાળકો ! જગતમાં પ્રવર્તી રહેલા આ ઘોર દંભ તથા અન્યાયની વચ્ચે એક નાનો એવો પ્રસંગ વીસરતા નહિ, કે જે એક પ્રસંગે કંઈ નહિ તો જીવનમાં એક જ વાર, એક પંતુજીને હાથે, એક નાના વર્ગની અંદર તમને તમારા સાચનો શુભ ન્યાય મળ્યો હતો. આટલું કહીને હું તમારી રજા લઉં છું."

માસ્તર સાહેબ ઊભા થયા. સંધ્યાકાળના એ ઝાંખા પ્રકાશમાં બારણા પાસે ગયા, વીજળી-બત્તીનું બટન દબાવ્યું. બત્તી બુઝાવી.

## દીક્ષા

"ધન્ય છે, ભાઈ! ધન્ય છે એના ભાવને! આટલી બાળ અવસ્થામાં દીક્ષા ધારણ કરે છે!"

"કેટલીક અવસ્થા ધારો છો એની?"

"અઢાર-વીસ તો માંડ હશે. પરણી લાગતી નથી. ધન્ય છે બાળબ્રહ્મચારિણીને!"

"હા-હા-હા-હા! બાળબ્રહ્મચારિણી ખરી!"

"કાં?"

"સગપણ હતું તે તૂટ્યું છે. કોઈ સંઘરતું નથી. વીસ વરસની અવસ્થાએ બીજો ઉપાય શો? કાં કૂવો ને કાં દીક્ષા. ચેરાઈ ગઈ છે ભાઈ, ચેરાઈ ગઈ છે! નહિ તો સંસાર ત્યાગવો એ કાંઈ આકડેથી મધ ઉતારવાનું કામ નથી."

"ચેરાઈ ગઈ છે?"

"હા, ચેરાઈ ગઈ છે."

"પણ મોં ઉપર તો ભારે વૈરાગ્યના ભાવ ઉઠેલ છે."

"સો ઉંદરડા મારીને મીનીબાઈ હજ પઢવા ચાલ્યાં છે. બે વરસ પહેલાંની એની જુવાની જોઈ હોત તો ખબર પડત. ફાટફાટ મસ્તી! મોકળી લટો: ઓઢણાની મથરાવટી તો ખંભે જ પડી હોય; પગ પડે ત્યાં ધરતી ધણેણે: એનું હસવું ચાર ભીંતો વચ્ચે ન માય. એને કોણ સૂંઘે? કાંઈ મફતની ચેરાઈ ગઈ હશે?"

"ચેરાઈ ગયેલ છે."

"ગામની બજારને હાટડે હાટડે પરગામનાં ઘરાકોને માલ વેચતા

ઠેકારીઓ આંગળી ચીંધીને કહેતા હતા કે –
"ચેરાઈ ગયેલ છે."
વકીલો પોતાની ઑફિસોની મેડીઓ પર ઊભીને પરસ્પર આંખ મીંચકાવી કહેતા હતા કે –
"ખલ્લાસ, ચેરાઈ ગઈ."
અધિકારીઓના ટોળાને જમવા તેડી જનાર નગરશેઠ પોતાની લાકડીના છેડા વતી ચીંધામણું કરીને બોલ્યા કે –
"જોઈ લ્યો, સાહેબ! આ એ પોતે જ – ચેરાઈ ગયેલી."
"આ પોતે જ એ ચેરાઈ ગયેલી! આ પોતે જ?"
એમ કહીને અધિકારીઓએ પણ પોતપોતાના હાથમાં સોટી, લાકડી, સ્ટેથોસ્કોપ, કાગળનું ગૂંચળું વગેરે જ કંઈ હતું તે વડે ચીંધામણું કર્યું. જેઓની પાસે આવું કશું સાધન નહોતું તેઓએ પોતપોતાના જમણા હાથની (– ને થાણદાર સાહેબ ડાબેરી હોવાથી ડાબા હાથની) મોટી આંગળીથી ચલાવી લીધું.
ચેરાઈ ગયેલી!
ફક્ત નવા નિમાઈ આવેલા મુન્સફ જ એટલું બોલ્યા કે "ભાઈસાહેબો! ચીંધામણું કર્યા વગર જ વાતો કરો ને!"
ત્યાં તો એમની સહુની ગાડીઓ ધર્માલયને દરવાજે પહોંચી ગઈ. અને એક ઊંચી કાઠીની, રેશમી વસ્ત્રે શોભતી સ્ત્રીને વીંટળાઈ મંગળ ગીતો ગાતું ગાતું સ્ત્રીઓનું ટોળું પણ દૂર દૂર અદશ્ય બની ગયું; દુકાને દુકાને ગુંજાઈ રહેલ 'ચેરાઈ ગયેલી'નો ધ્વનિ પણ ચૂપ થઈ ગયો. કોઈએ કોઈને પૂછ્યું નહિ કે એ 'ચેરાઈ ગયેલી'ના જીવનમાં એવું શું પાપ પેસી ગયું હતું? ક્યારે પેઠેલું? કોણે દીઠેલું? ક્યાં દીઠેલું? શું દીઠેલું?
એવી તપાસની જરૂર હોતી જ નથી. એક જ વાર, એક જ ગામલોક – ગમે તેવો લબાડ પ્રજાજન – આંગળીનું એક જ ટેરવું જેની સામે તાકે, અથવા આંગળીથી યે વધુ ભયંકર એક આંખ-ઇશારો કરીને જે કોઈ સ્ત્રીજનને ચીંધાડી દે, સાથે સાથે એક જ વાક્ય બોલી કાઢે, કે 'ચેરાઈ ગઈ

છે', એટલે પછી એ સ્ત્રીને એક પછી એક હજારો આંગળીઓ, સોટીઓ, રૂમાલો અને નરી નિરાકાર નિગાહો તાકી તાકીને પૂરેપૂરી ચેરી નાખે છે, ખતમ કરે છે.

એવી એક ચેરાઈ ગયેલ બાળબ્રહ્મચારિણીનો દીક્ષા-મહોત્સવ ચાલતો હતો. ધર્મનો ઉદ્યોત પ્રવર્તતો હતો. તોરણો-પતાકાઓ ને સાથિયા હવામાં લહેરાતાં હતાં. જમણવાર હવાનાં અણુ અણુને સુવાસિત કરતો હતો. મેસૂર અને મોહનથાળનો ઘીમાં શેકાઈ રહેલ લોટ લાલપ પકડી ચૂક્યો હતો. તે વખતે એ 'ચેરાઈ ગયેલી'ના ઘરમાં એની એક નાનેરી બહેન તેમ જ બે નાના ભાઈઓ મળી ત્રણ ભાંડરડાં પોતાની વિદાય લેતી મોટી બહેનને વળગી પડી ઊભાં હતાં. મોટી બહેન ત્રણેયને સમજાવી રહી હતી : ''ત્રણેય જણાં ડાહ્યાં થઈ રહેજો; કજિયા કરશો નહિ, બાપુને સતાવશો નહિ; ને આ તો દીક્ષાનો ઉત્સવ કહેવાય. આ અવસરે રોવાય કે? ન રોવાય હો, કીકા!''

કીકો એટલે સહુથી નાનો, ચાર વરસનો ભાઈ. કીકાએ પોતાની માનું મોં જોયેલું તે યાદ નહોતું. કીકાને જન્મ આપીને તુરત જ મા મરી ગઈ હશે. એટલે કીકો આ પોતાને ઉછેરનાર મોટી બહેનને જ 'મા!' 'મા!' કહી બોલાવતો હતો. કીકાને નહોતું સમજાતું કે 'મા'ની વિદાય એ ઉત્સવ શી રીતે ગણાય? કીકો કોમળ પ્રકારે રડી જાણતો નહોતો તેથી બરાડા પાડતો હતો. ગાયનું વાછરડું પણ એવી જ કઠોર વાચામાં રડે છે.

બીજાં બેઉ ભાંડરડાંને તો ભાન હતું કે મોટી બહેન મોક્ષને માર્ગે જઈ રહી છે. એ જ્ઞાનને લીધે તેઓએ આંસુ પાડવાનો હક્ક ગુમાવ્યો હતો. એ બેઉનાં મોં પાણી વગરના ખાલી પડેલા ભમ્મરિયા કૂવા જેવાં થઈ ગયાં હતાં.

વખત થઈ ગયો હતો. સ્ત્રીઓનાં વૃંદ ધોળમંગળ ગાતાં ગાતાં ધર્માલય તરફ ચાલ્યાં જતાં હતાં.

મોટીબહેને ત્રણેય ભાંડરડાંને ફરી ફરી ચૂમીઓ ભરી.

બાપ આવીને ઊભો રહ્યો : બોઘા જેવો લાગતો હતો. દુ:ખની

લાગણી અમુક ચહેરા ઉપર સુંદર ભાત પાડે છે, ચહેરાને એ ભયંકર બનાવે છે. પણ સુંદર અને ભયંકર, એ બે ઉપરાંત એક ત્રીજું સ્વરૂપ પણ દુ:ખને હોય છે. એ સ્વરૂપ ઝીલનાર મોઢું બદશકલ બની જાય છે. એને દેખીને હસવું આવે. દુ:ખનું હાસ્યાસ્પદ સ્વરૂપ સહુથી વધુ બિહામણું છે.

બાપ એટલુંય ન કહી શક્યો કે 'બહેન!' એકાએક ઊંઘતાં ઊંઘતાં જ ગાંડા બની જનાર માણસ જેવો એ ઊભો હતો.

ઉત્સવના ગીતધ્વનિ નજીક ને નજીક આવી રહ્યા હતા.

મોટી બહેન ઊભી થઈ. બાપની પાસે ગઈ. બાપ અને બાળક વચ્ચેનો સંબંધ તે વખતે પલટાઈ ગયો. બાપની દશા માથી વિછોડાતા બાળ જેવી બની ગઈ. બાળકને રુદન છે, લાગણી બતાવવાનું સાધન છે; આ પિતાને એની ઉંમર રડવા દેતી નહોતી.

મોટી બહેને બાપુના ખભા ઉપર વહાલભર્યો હાથ મૂક્યો. એનાં આંગળાં બાપુના ખભા ઉપર ઉતરડાઈ ગયેલી ડગલાની બાંયમાં અટવાયાં. બાપુનો ડગલો આટલો બધો ફાટી ગયો હતો તેનું ધ્યાન એને રહ્યું નહોતું.

"નાની!" એણે નાની બહેન તરફ વળીને કહ્યું, "બાપુના ડગલાને આટલું સાંધી લેવાનું ભૂલતી નહિ, હો બેન!"

આખો સંસાર ત્યાગવા જે ચાલી નીકળેલી છે, તેનું મન બાપના ડગલાની ફાટેલી બાંયમાં રોકાવા લાગ્યું. વૈરાગ્ય જાણે કે કોઈ બિલાડો હતો; ને મન ઉંદર સમું બનીને દોડી દોડી છુપાવાનું દર શોધતું હતું.

દીક્ષાનું સરઘસ શેરીઓ વટાવી, ઊંચાં મોટાં પગથિયાંની હારોની હાર ચડી જઈ, ગાતું ગાતું, ધર્માલયના કાળજૂના ઊંચા ઘુમ્મટો અને મિનારાઓની શ્યામ ગમગીન છાયા તળે આવી પહોંચ્યું. બબ્બેની જોડી બનીને ચાલી જતી જુવાન ગામકન્યાઓ આ ધર્મસ્થાનના ગંભીર ઓછાયાથી જાણે ભય પામતી હોય તેમ એના ગીતના સૂર ઊંડા ઊતરવા લાગ્યા. જાણે એ પુરાતન દીવાલો ને જંગી દરવાજાઓ આ ફૂટતી જુવાનીના સ્વરોને ગળી જતાં હતાં.

મૂંડાવેલાં માથાં ઉપર કાળા ઘૂમટા; નખશિખ સફેદ પોશાક; પ્રત્યેક

ક્રિયામાં પાપ દેખતી ભયભીત આંખો; વ્રતો અને ઉપવાસોની આગ લગાડીને સળગાવી નાખેલી કુંજાર વાડીઓ જેવા ચહેરાઓ; એંશીથી લઈ અઢાર વર્ષની ઉંમરની એવી પચાસેક સાધ્વીઓ ત્યાં ધર્મપાઠ ભણતી હતી.

પાઠમાં કંઈક આવા આવા શબ્દો પકડાતા હતા :

"હે પ્રભુ! હે જગજ્જનની! આ અપરાધી જીવ તારે શરણે આવે છે, પાપમાં અટવાયેલા, રાગદ્વેષમાં ખૂંચી ગયેલા આ બાળ આત્માને તું બહાર કાઢજે! નરકની ખાણ જેવું જે આ જગત, તેના વાયરા એને વાવા દઈશ ના."

આ સ્તોત્રો રટાતાં હતાં ત્યારે મોટી બહેનની આંખો તો હજુ એની એ 'નરક-ખાણ' ઉપર, માવિહોણાં બની ગયેલ ચાર કુટુંબીજનો ઉપર જ ચોંટી રહી હતી. 'પાપી! પાપી!' એવા બોલ બોલીને સાધ્વીઓ જાણે કે મોટી બહેનના પિતાને તમાચા મારી રહી હતી. બાપ મનમાં મનમાં ધર્મને પૂછતો હતો કે 'હે જાલિમ! મારી દીકરીએ કયું પાપાચરણ કર્યું છે તે તો મને કહે!'

ત્રણેય ભાંડરડાં પણ સાધ્વીઓના મુખપાઠ સાંભળતાં સાંભળતાં મોટી બહેનને પગથી માથા પર્યંત નીરખતાં હતાં, અને પાપ નામની શી વસ્તુ હશે તેની વ્યર્થ શોધ તેઓ મોટી બહેનની આંખોમાં કરી રહ્યાં હતાં.

આખરે જ્યારે આ જગતની 'ચેરાઈ ગયેલી' ઉપર મઠના આંતરભાગના ડેલાએ પોતાનાં જડબાં જેવાં બે મોટાં કમાડ બીડ્યાં, ત્યારે બાપ બાઘા જેવો ઊભો થઈ રહ્યો, બે મોટાં ભાઈબહેન શાંત રુદન કરતાં ઊભાં, પણ નાનો કીકો તો દોટ કાઢીને ડેલા પાસે આવી પહોંચ્યો. એણે ચીસો નાખી : "ઓ મા! ઓ મા! ઓ મા!"

નાના કીકાની ચીસોના જવાબમાં ડેલાનાં જંગી કમાડોએ 'ક ર ડ ડ ડ!' એવો ઘુરકાટ કર્યો.

[2]

ધર્માલયની દીવાલો કારાગૃહની કે કિલ્લાની દીવાલો કરતાં વધારે કાળી અને વધારે કરપીણ હોય છે. કેદખાનું ફક્ત શરીરને પૂરી રાખે છે,

ધર્માલય શરીરને અને આત્માને બન્નેને.

મઠના પુરાતન દરવાજા ઉપર આઠેય પ્રહર તાળું રહેતું. અરધો ગજ લંબાઈની એની ચાવીઓનો મોટો ઝૂડો સાચવતી એક સિત્તેર વર્ષની બુઢ્ઢી સાધ્વી ત્યાં સૂનમૂન બેસી રહેતી. બહારથી કોઈ દરવાજો ઠોકતું ત્યારે પ્રથમ પહેલાં એ બુઢ્ઢી સાધ્વી બીતી બીતી કમાડ સોંસરવાં ચાર ઝીણાં બાંકોરાનું ચગદું ઉપાડીને નજર કરતી. સાઠ વર્ષના એક દાક્તર સિવાય ત્યાં કોઈથી દાખલ થવાતું નહોતું. દાક્તર સિવાય કોઈ પુરુષનું મોં જોવું એ ત્યાં મહાપાપ લેખાતું.

પ્રભાતના ધર્મપાઠ હજુ હમણાં જ પૂરા થયા હતા. 'નવાં મૈયા'ને આટલા બધા દિવસ થયા છતાં ધર્મપાઠ મોંએ નહોતો ચઢતો. પોથીનાં પાનાં હંમેશાં સામે જ રાખવાં પડતાં. વારંવાર ધ્યાનચૂક થઈ જવાતું. ધર્મપાઠ કયા પાના પર ચાલે છે તેની શોધમાં 'નવાં મૈયા' પોથી ઉથલાવીને વ્યર્થ ફાંફાં મારતાં. પાઠ કરતાં કરતાં ઊઠબેસની, વંદનાની, દિશાઓ બદલાવાની, હાથપગની જુદીજુદી નિશાનીઓ કરવાની વગેરે ક્રિયાઓમાં સહુની સાથે રહેવાનો ધડો એને હતો નહિ. ધર્મવિધિમાં એની પાસે ઊભતી ત્રણ જુવાન મૈયાઓ 'નવાં મૈયા'ને પ્રત્યેક ક્રિયામાં શામિલ રાખવા પ્રેમભરી કોશિશ કરતી. પણ એ વાત આશ્રમનાં ગોરાણીને, મોટાં મૈયાને ગમતી નહોતી.

મોટાં મૈયા એ સાધ્વીવિહારના કરડા સંયમનિયમોની જીવતી મૂર્તિ હતાં. પાપ વિષેની એની જાગ્રતબુદ્ધિ અજબ હતી. જુવાન મૈયાઓ જો જરી વધુ મોં મલકાવતી તો મોટાં મૈયા એ મલકાટમાં પ્રગટ થતા પાપને તુરત પારખી કાઢતાં. જરીક વધુ આનંદભર્યું હાસ્ય સંભળાતાં તો એની કરડી મુખમુદ્રા બોલી ઊઠતી કે "ખિખિયાટા! આવા ખિખિયાટા! મૈયાઓ! નરકે જવાનો જ એ રસ્તો છે! ચુપ રહો! ખિખિયાટા છોડો!"

"કંઈ નહિ, કંઈ નહિ, મૈયા!" એનાં જોડીદાર એક બીજાં ગોરાણી પોતાનું પંચાવન વર્ષનું ભદ્ર મોં ઊંચું કરીને મોટાં મૈયાની કરડાટી પર કોમલ ભાત પાડતાં: "બાપડી હજુ તો જુવાનડીઓ છે. પાપ-ધર્મનું ભાન ચૂકી જાય છે. પણ કાળેક્રમે ઘડાઈ જશે. ક્ષમા કરો!"

એ જોડીદાર ગોરાણીના કંઠમાં ગત યૌવનના ઝંકાર હતા, એની આંખોમાં છૂપું છૂપું જનેતા-તત્ત્વ સૂતું હતું. એની મુખમુદ્રામાંથી જોબનના અણપૂર્યા કોડ ડોકિયાં કરતા હતા. જુવાન સાધ્વીઓ પોતાના સુખ:દુખ એ મૈયા કને જઈ ખોલતી. આશ્રમની આ બે અધિષ્ઠાત્રીઓના શાસનમાં આશ્રમજીવન લીલું-સૂકું વહ્યા કરતું.

દાક્તર આવતા. કોઈ સાધ્વીની આંગળી પર ગૂમડું તો કોઈની આંખનો દુ:ખાવો, એવાં બાહ્ય દર્દોની દવા કરીને પછી દાક્તર ઊભા રહેતા ત્યારે પેલાં ભદ્ર પ્રકૃતિવાળાં નાનાં ગોરાણી જુવાન સાધ્વીઓના ઊંડા માનસિક રોગોની પણ સારવાર યાચતાં હતાં.

"દાક્તર!" એણે એક જુવાન સાધ્વીને હાજર કરીને કહ્યું, "આ મૈયા દિવસે દિવસે શોષાતાં જાય છે. કશું ખાવાપીવાનું એને ભાવતું નથી."

"તમારું મોં જરી બતાવશો, મૈયા!" દાક્તરે કરુણ સ્વરે પૂછ્યું, "ઘૂમટો ઊંચો કરો, મૈયા!" નાનાં ગોરાણીએ રજા આપી.

દાક્તરે એ ચહેરા ઉપર સળગી ગયેલું સુંદર ઉપવન દીઠું. પૂછ્યું : "કેટલાં વર્ષની ઉંમર તમારી?"

"અઢાર." જુવાન સાધ્વીએ જવાબ દીધો. એ એક જ બોલ હતો, છતાં જાણે ગળામાં ગૂંગળાતો હતો.

બુઢ્ઢા દાક્તરે મશ્કરી કરીને કહ્યું : "કંઈ જ નથી તમને, મૈયા! કશો જ રોગ નથી. બરાબર ઊંઘ કરો. મન પ્રફુલ્લિત રાખો, કસરત કરો..."

રોગી સાધ્વીને રવાના કરાવીને દાક્તરે નાનાં ગોરાણીને કહ્યું : "લગ્ન – એક માત્ર લગ્ન જ આ બીમારીનો ઉપચાર છે. અહીં પુરાયેલી આ જુવાન બ્રહ્મચારિણીઓના જીવનના અભિલાષ રૂંધાઈ રહેલ છે તેને મોકળા કરો. તે સિવાય ઇલાજ નથી."

"દાક્તર! એ મૈયાને મોટી દીક્ષા અપાઈ ચૂકી છે. એ તો એની મા જોડે અહીં આઠ વર્ષની હતી ત્યારે આવેલી. હવે એને સંસારમાં મોકલાવી શકાય તેવું નથી."

"નવાં મૈયા ક્યાં છે? શું કરે છે?"

"દિલ ચોંટ્યું નથી હજુ. બુદ્ધિ બહુ મંદ લાગે છે. ગોખેલા પાઠ યાદ નથી રહેતા. ક્રિયાઓમાં પણ ભૂલો ઉપર ભૂલો કરે છે."

"મને મળી શકશે?"

"હા, આવો."

અંદરના ચોગાનમાં, પછવાડેના ભાગમાં એક ઝાડના થડ ઉપર માથું ઢાળીને નવી મૈયા ઊભી હતી. પાઠશાળામાં બીજી સાધ્વીઓને કંઠેથી ગુંજારવ કરી રહેલા ધર્મપાઠોની વચ્ચે એને શું સંભળાઈ રહ્યું હતું? – ત્રણ ભાંડરડાંની ધિંગામસ્તી: શેરી જાણે ગાજતી હતી. બીજાં નાનાં નાનાં બટુકડાં પણ જાણે પા પા પગલી કરતાં 'મામા' 'માશી' 'મામા' 'માશી' કહી કહી ત્રણેય ભાંડુની પછવાડે દોડતાં હતાં. વારંવાર ચમકીને નવી મૈયા નજર કરતી હતી. થોડી વાર ધર્મપાઠોના ધ્વનિ સંભળાતા, પણ ફરી પાછા એને જગતના ભણકાર ઘેરી વળતા હતા. એની આંખો સામે શેરી ઊઘડતી. શેરીના ધૂળમાં લૂગડાંના ગાભાના ગોટા, નાની નાની ગેડીઓ, મલોખાંનાં રમકડાં, અને કીકાને 'મામા' 'મામા' કરી બોલાવતાં એક-બે ભૂલકાં...

તમ્મર ખાઈને 'મોટી બહેન' ઝાડના થડ સરસી ઢળી પડી.

"મૈયા!" દાક્તરે સાદ દીધો.

એણે ઊંચે જોયું.

"તમારાં સંસારી ભાંડું અને તમારા પિતા ખુશીમાં છે. કંઈ કહેવરાવવું છે?"

"નહિ, નહિ. મારે ને એને શું? એવી સંસારી વાતો કરો નહિ, દાક્તર!"

એમ કહીને એ ચાલી ગઈ. જગતમાં 'ચેરાયેલી' ફરતી તે વેળાની રૂપરૂપની પૂતળીને આજે દાક્તરે એ કમ્મર ઢળકતા કાળા ચોટલા વિનાની દેખી. ખાંપણમાં લપેટાયેલું મુડદું સ્મશાનમાંથી ખડું થઈને ચાલ્યું જતું હોય એવો એનો દેખાવ હતો.

– ને બહાર દુકાનો માંડીને બેઠેલું જગત બોલતું હતું કે 'ચેતી ગયો જીવડો. પરલોકનું સાધન હાથ કરી લીધું. ધન્ય છે, ભાઈ, એવા ત્યાગને!'

[3]

"આજનો દા'ડો! મોટાં મૈયા! કૃપા કરીને આજનો દા'ડો!"

"હા હા, મૈયા! ભલાં થઈને આજનો દા'ડો પાઠ બંધ રાખો."

"હા, એક ફક્ત આજે જ છુટ્ટી આપો, મૈયા!"

"ફરીને અમે છ મહિના સુધી છુટ્ટી નહિ માગીએ, મૈયા! દયા કરીને આજનો દા'ડો."

પચાસ પૈકીની ચાર જુવાન સાધ્વીઓ આજે બેઉ વડી ગોરાણીઓને કરગરી કરગરી રોજિંદા શાસ્ત્રપાઠમાંથી એક જ દિવસની છુટ્ટી માગી રહી હતી.

"પાઠ બંધ રખાય?" વડાં ગોરાણીનું મોં ચડી ગયું. "એવી પાપની વાતો શી? નિયમનો ભંગ એ કંઈ જેવું તેવું પાપ છે?"

"કૃપા કરીને...'

"ખબરદાર, તમે ચારેય જણીઓએ બહુ ઉપાડો લીધો છે!"

"પણ મૈયા! અમે એ પાપનું નિવારણ કરી લેશું."

"નહિ, હું એમાં હા કહું તો મને પાપ આવે. શાસ્ત્રો બનાવનારા શું મૂરખા હતા? કરવું નહિ, કરાવવું નહિ, કરતાં રૂડું જાણવું નહિ, એ ત્રણ..."

"પણ મૈયા! જાઓ, તમારું પાપ પણ મારે માથે."

એટલું બોલતી એક થનગનાટ કરતી યુવાન સાધ્વીએ ખડખડાટ મધુર હાસ્ય છેડ્યું: ઝાડની લીલી ડાળી પરથી જાણે 'કિલ કિલ કિલ' નાદે એકસામટાં ત્રણ-ચાર પક્ષીઓ ઊડ્યાં.

એક ક્ષણમાં તો, એ પક્ષીઓ કોઈ ઝેરી હવામાં રૂંધાઈને ચૂપ બની જાય તેમ આ હાસ્ય થંભી ગયું.

આવડું અટ્ટહાસ્ય! ધર્માલયમાં આવડી મોટી મશ્કરી! ઉચ્છૃંખલતાની અવધિ!

વડાં મૈયાની મુખરેખાઓ ધનુષ્યાકાર ધારણ કરી રહી. આવડું જોરાવર હાસ્ય આ ત્યાગભવનની ભીંતો ઉપર કદી નહોતું પછડાયું. સંયમ, પશ્ચાત્તાપ અને નિયમોના અવિચલ પાલનની આ પુરાતન ભૂમિમાં જાણે

એ યૌવનના મુક્ત હાસ્યે ચિરાડો પાડી દીધી, કોઈ અંધારગુફાનાં ચામાચીડિયાં જાણે થરથરી ઊઠ્યાં.

"...મૈયા! તમે મહાપાપ કર્યું છે. એનું પ્રાયશ્ચિત અતિ આકરું પડશે. તમે નરકનાં દ્વાર ખખડાવી મૂક્યાં છે." વડાં મૈયાના એ શાપ-શબ્દોએ આખી મંડળીને સ્તબ્ધ કરી દીધી.

ધીરે ધીરે એ હાસ્ય કરનાર જુવાન સાધ્વીનો ઉચ્ચાર આવ્યો: "મૈયા! ક્ષમા કરો."

એક પછી એક પડઘા ઊઠ્યા : "મૈયા! ક્ષમા કરો."

ભદ્રભાવે શોભતાં નાનાં ગોરાણી પણ સહુની વહારે ચડ્યાં : "મૈયા! એ. બાપડીને ક્ષમા કરો."

માફી અપાઈ અને એક દિવસને માટે શાસ્ત્રપાઠમાંથી સહુને મુક્તિ મળી.

[4]

ચારેય બાળબ્રહ્મચારિણી યુવાન સાધ્વીઓ, બીજાં સહુથી છૂટી પડી જઈ, દરવાજા પાસેના ખંડમાં કૂદાકૂદ કરતી આવી. એકાંતની અંદર એ ચારેય જણીઓ સાધ્વી મટી જઈને ફરી એક વાર જાણે જોબનને હીંડોળે ઝૂલવા લાગી. તેઓની કામણભરી મોટી આંખો ઊંચે-નીચે અને આજુબાજુ ચકળવકળ થઈ રહી. ચારેયના દેહમાં થનગનાટ ચાલ્યો. પરસ્પર પ્યાર કરતી ચાર કિન્નરીઓ જેવી એ એકબીજાના હાથમાં હાથ પરોવીને ટેબલની આસપાસ બેઠી. વાર્તાલાપ ચાલ્યો :

"...મૈયા! પ્રથમ તમારી વાતો કરો."

"ના ...મૈયા! પહેલાં તમારી કથા કરો."

"નહિ નહિ, મારે કહેવા જેવું કશું જ નથી."

"હં, બડા પાજી છે ...મૈયા! તમારી આંખોમાં તો કંઈક કથાઓ લખી છે."

"ને જુઓ જુઓ, હોઠ ઉપર કંઈ કંઈ ભાવો કહું કહું કરે છે."

"સાચું કહો, અહીં ગમે છે?"

એમ પરસ્પર ગળે બાઝી, ગાલે ગાલ ચાંપી, હાથમાં તાળીઓ લેતાં-દેતાં, હૈયાના અનેક વણપૂર્યા ઉલ્લાસને રમાડતી ચારેય યૌવનાઓ નયનોમાં મોરલા નચાવે છે, ત્યાં તો ઓચિંતું મોટા દરવાજા પર કોઈનું રુદન સંભળાયું.

ચારેય જણીઓ ચમકી ઊઠી: પોતાની ગુપ્ત બેઠકને જાણે કોઈ બહારની આંખો જોતી હશે! આ હાસ્યકલ્લોલને કોઈ છૂપા કાન સાંભળતા હશે!

રડવાના સ્વરો ફરી સંભળાયા.

ડગલે ને પગલે પાપનો ભય જેમનાં જીવનને વ્યાપ્ત કરી રહેલ હતો, તે આ સાધ્વીઓ ફફડી ઊઠી. એકબીજીને ચુપચાપ ચેષ્ટાઓ કરવા લાગી. માંડ માંડ આખરે એક જણી ચાલી. ધીરે ધીરે દરવાજા પાસે પહોંચી. ચાર ઝીણાં છિદ્રો પરથી ચગદું ફેરવ્યું. બહારની દુનિયામાં છૂપી દૃષ્ટિ કરી.

આત્માના આ વિકરાલ કારાગારને ઉંબરે ફક્ત પારેવાં ચરતાં હતાં. મસ્તાન નર-કબૂતરો ડોક ફુલાવીને પોતપોતાની માદાઓની પાછળ દોટ કાઢતાં હતાં. નાનાં નાનાં પીંછાંના પણ વીંઝણા રચીને પક્ષીઓ નૃત્ય કરતાં હતાં.

એક પછી એક ચારેય જણીઓએ જઈ નાનાં કાણાં વાટે જગતને જોયું. પારેવાની પ્રણય-ક્રીડા દીઠી. છિદ્રો વાટે બહાર સરી જવાનું મન થયું.

પાછાં આવીને ટેબલ પર બેઠાં. પાછો અવાજ આવ્યો. ફરીને ચારેય જણાં થડક થડક થઈ રહ્યાં. જાણે પ્રભુ પોતે જ તેઓનાં આ પાપાચરણને બળતો બેઠો છે! ચારેયના ચહેરા પરથી હોશ ઊડી ગયા.

પણ આ વખતનો અવાજ જુદે ઠેકાણેથી – જાણે પૃથ્વીના પડ નીચેથી આવતો હતો. ચારેયનું ધ્યાન દરવાજાની બાજુમાં જે દીવાલ હતી ત્યાં સંધાયું.

બહારના જગતમાંથી અંદર લાવવામાં આવતી રોજિંદી ચીજવસ્તુઓને અંદર પેસવાનો એ રસ્તો હતો. એ એક ચક્કર હતું. ચક્કરની એક બાજુ ઢાંકણ હતું. બીજી બાજુ ખાનું હતું. બહારનો મનુષ્ય ખાનામાં ચીજ ગોઠવી દેતો. ને પછી અંદર ઊભેલી એંશી વર્ષની દરવાન

સાધ્વી એ ચક્કરને ફેરવતી. ખાનું અંદર આવતું, ઢાંકણ બહાર ચાલ્યું જતું. ધર્માલયને ગર્વ લેવા લાયક એ તરકીબ હતી. દાક્તરી સારવાર સિવાયનો આખો જ વાસના-સંસાર જખ મારતો આ બ્રહ્મચારિણીઓના કિલ્લાની બહાર ખડો હતો! જગતની દૃષ્ટિ પ્રવેશ કરી શકે એવું એક પણ જાળિયું પાડવાની જરૂર નહોતી રહી.

રુદનના સૂર એ ચક્કરમાંથી સંભળાયા.

દરવાન બુઢ્ઢી ત્યાં હાજર નહોતી. સાધ્વીઓએ ચક્કર ફેરવ્યું, ખાનું અંદર આવ્યું. ખાનામાં એક નેતરની ગૂંથેલ ટોપલી પડી હતી, ટોપલી ઉઠાવીને સાધ્વીઓએ ટેબલ પર મૂકી દીધી, અને પાપભીરુ દૃષ્ટિથી ચારેય બાજુ જોતાં ટોપલી પરનું ઢાંકણ ઉપાડ્યું. ઉઘાડતાં જ સહુના મોંમાંથી ઉદ્‌ગાર નીકળ્યો: "છોકરું!"

"છોકરું કોનું?"

"છોકરું ક્યાંથી?"

"ઓ મા! છોકરું!"

અંગૂઠો ચૂસતું એક ત્રણ-ચાર વાસાનું (દહાડાનું) બાળ આ ચારેય રૂપાળાં મોઢાં સામે તાકી રહ્યું.

ચારેય સાધ્વીઓ સામસામી જોવા લાગી.

"છોકરું! કોઈનું છોકરું!" એવા સ્વરો અંદરની પાઠશાળામાં સંભળાયા, બાળકનું રુદન પણ ત્યાં પહોંચ્યું. થોડી વારમાં તો ત્યાં પચાસેય સાધ્વીઓનું ટોળું જમા થઈ ગયું, અને સ્વરો ઊઠ્યા:

"છોકરું!" – "કોઈનું નવું જ જન્મેલું છોકરું!" "તાજું જણીને મેલેલું છોકરું!" "પણ અહીં ધર્માલયમાં છોકરું!" "કોઈ ભ્રષ્ટાનું છોકરું!"

એવા ધ્વનિઓની વચ્ચે સહુને થરથરાવતો વડાં ગોરાણીનો ઉચ્ચાર સંભળાયો: "આ તે સંયમ કહેવાય, બાઈઓ? આટલો બધો મોહ લાગી પડ્યો? ઘોર કર્મ બાંધી રહ્યાં છો; લાજતાં નથી?"

"પણ મૈયા!" બાળકની ટોપલી પર લળી રહેલી ચાર જણીઓમાંથી એક બોલી ઊઠી: "કોઈએ રઝળતું મેલેલ છોકરું છે."

"તે શું થઈ ગયું? ભેખ પહેર્યો છે તેની મશ્કરી કરાવો છો કે? જરા તપાસ્યું કે એ છોકરો છે કે છોકરી? છોકરાને તમારાથી અડકાય કે? ઘોર પાપ –"

બધાં ચુપ બન્યાં. આખરે સ્ફોટ થયો: "મૈયા! આ તો છોકરી છે, છોકરી!"

"પણ છોકરી છે તે શું થઈ ગયું? કોઈક નીચ પાપણીના પેટનું એ પાપ અહીં આપણાથી કેમ રખાય?"

"પણ મૈયા! એની મા પાપણી એમાં આ બાપડી છોકરીનો શો ગુનો?"

"શો ગુનો! એની શી પંચાત! દીક્ષા લીધેલ છે તે તો પાળો, માવડીઓ! આ ધર્મનું સત્યનાશ..."

મોટાં ગોરાણીનું મોં એવા શાપ વરસાવતું રહ્યું. દરમિયાન પચાસેય સાધ્વીઓનું ઝૂમખું બાળકની ટોપલી ઉપર ઝળૂંબી રહ્યું. સર્વની મોખરે ભદ્ર સ્વભાવનાં નાનાં ગોરાણીની કરુણાળુ આંખો નીતરતી હતી, ધર્માલયની રૂંધેલી હવામાં નવો વાયુહિલ્લોલ વાતો હતો. પચાસેય છાતીનું ચિપાઈ ગયેલું માતૃત્વ છલછલ થતું હતું. વૈરાગ્યના સુકાઈ ગયેલા હોજ સમા ચહેરાઓમાં ચૈત્ર માસની સરવાણીઓ ફૂટી નીકળી હતી. અને બીજી બધી સાધ્વીઓ જ્યારે બાળકનું શું કરવું એ બાબત પર, તેમ જ દોષાદોષ પર જોરશોરથી દલીલો કરી રહી હતી, ત્યારે નવી મૈયાએ બીજું સઘળું ભાન ભૂલી જઈ, જગતના કે ધર્માલયના અસ્તિત્વ પ્રતિ બેભાન બની, કરંડિયામાં સૂતેલી છોકરીની જોડે એકતાર જીવન કરી નાખ્યું હતું. કાલી બનીને એ બબડતી હતી: "હાં – હાં! હું મરું રે મરું! નાનકડી બાબી! ના...નકી બાબી! ખમા તમને! દેવતાનાં રખવાળાં તમને! હાં... હાં! હસો છો? હસો! ખૂબ હસો! ક્યાંથી આવ્યાં તમે? કોણે મોકલ્યાં તમને? મા ક્યાં ગઈ મૂકીને? માએ કેટલી ચૂમીઓ ભરી'તી તમને છોડતાં છોડતાં?"

આવા આવા પ્રશ્નો એ બબડતી હતી. ટોપલીમાં બાળ હસતું હતું. એનો હાથ ઊંચો થતો હતો. સાધ્વીનું મોં નીચે નમતું હતું. બાળકની

આંગળીઓ એના ગાલ પર અડકતી હતી. એ સ્પર્શના જાદુ થકી નવી સાધ્વીની સૃષ્ટિ પલટાઈ જતી હતી. પચાસેય સાધ્વીઓનું ટોળું એની ઘેલછા નિહાળતું રમૂજ પામી ઊભું હતું તે ભાન એ ભૂલી ગઈ હતી.

વડાં ગોરાણીએ દાંત કચકચાવીને કહ્યું : "આ દીક્ષાના આચાર કે? છે કાંઈ શરમ? ધર્મધ્યાનમાં તો મનનો ધડો નથી. દસ વાર પાઠ ગોખે તોય ઢૂંસાં ને ઢૂંસાં : અને આંહીં કોઈકનું રખડેલ છોકરું જડ્યું એટલે ગાંડી ગાંડી!"

પણ એના ઠપકાની કશી જ અસર નહોતી. કોઈ કશું કહી રહ્યું છે તેની જ ગમ નવી મૈયાને નહોતી. નવી સાધ્વી અને નવા બાળકનું ઓળખાણ જામી ચૂક્યું હતું : બેઉ એકબીજાને પંપાળતાં હતાં ને : "હું મરું!" "મારા વા'લા, તારા પર હું ઘોળી જાઉં!" એ ગાંડપણના લવારા સંભળાતા હતા.

જગતનું મોટામાં મોટું ગાંડપણ જનેતાના હૃદયમાં વસે છે.

પણ હવે આ બાળકનું શું કરવું, તે પ્રશ્ન થઈ પડ્યો. ત્યાગીઓના મઠમાં બાળકને કેમ ઉછેરી શકાય? કયા કયા શાસ્ત્રની કેટલી કેટલી આજ્ઞાઓનો ભંગ થઈ જાય તેના દાખલા ટંકાવા લાગ્યા.

આખરે બુઢ્ઢા દાક્તરે આવી એ સમસ્યાનો નિકાલ આણ્યો. બુઢ્ઢાને બાયડી નહોતી, બચ્ચું નહોતું. એણે કહ્યું : "હું એને મારી પુત્રી કરી સ્વીકારું છું, પણ એને ઉછેરવાનું અહીં મઠમાં જ રાખવું. મોટી થશે એટલે હું એને લઈ જઈશ."

"બરાબર. બસ એમ જ, એમ જ કરીએ." એવા હર્ષભર્યા અવાજો ઊઠ્યા.

"એને હું ઉછેરીશ! હું સાચવીશ! મને આપો!" એમ એક પછી એક માગણીઓની પડાપડી થઈ.

"બસ કે?" મોટાં ગોરાણીએ ડોળા ફાડ્યા. "ધર્મસ્થાનકમાં બસ સુવાવડખાનું જમાવી દીધું? ને આચારવિચારમાં આગ મૂકી દીધી?"

પણ એ ચેતવણીનાં વાક્યો સાંભળવાની કોને ફુરસદ હતી? સહુની છાતી નીચે માતૃત્વ સળવળ્યું હતું. સંયમે ખાક કરેલી ફૂલવાડીમાં ફૂલો

ફૂટી નીકળ્યાં હતાં.

"મને સોંપો! મને સોંપો!" કહી શોર મચાવનારાં સર્વની આંખો ટોપલી તરફ વળી. નવી મૈયાને બાળકમાં તલ્લીન ઊભેલી દીઠી. પોતાનો હક્ક નોંધાવવાની એને ફુરસદ નહોતી, શુદ્ધિ પણ નહોતી. બાળકનો હોઠ પંપાળતી એ તો રટતી હતી: "નાનાં બાળ! વા'લાં બાળ! તમે આવ્યાં! ક્યાંથી આવ્યાં? કોને માટે આવ્યાં? મારે માટે? મને ઓળખી લીધી? હું ગમું છું? બા જેવી લાગું છું?"

જવાબમાં બાળક એની આંગળી ઝાલીને પોતાના મોંમાં લેવા લંબાતું હતું.

દાક્તરે સૂચક ઇશારત કરી. બાલિકા નવાં મૈયાને જ ભળી ચૂકી. સહુ ત્યાંથી ધીરે પગલે સરકી ગયાં. સંધ્યા-સ્તવનનો સમય થયો હતો. પાઠશાળામાં દિનભરનાં પાપોની ક્ષમાપનાનાં સ્તોત્રો ગુંજી ઊઠ્યાં. ત્યારે એ ગુંજારવની વચ્ચે સ્વરોની નકશી ભરતો નવાં મૈયાનો અવાજ બાળકની ટોપલી પર 'હાલાં વાલાં' રેલવતો હતો. એણે એકલીએ જ એ સંધ્યાની ક્ષમાપનામાં કે પ્રાર્થનામાં સાથ દીધો નહિ.

[5]

વાતાવરણ વીફરી ગયું. દરવાજાની બાજુના નાના ચક્કર વાટે સૂવાનું પાણી. એરંડિયાની શીશીઓ, નાનાં ગરમ મોજાં, ઘૂઘરો અને ધાવણી આવતાં થયાં. સાધ્વીઓનાં સીવણમાં બાબીને સારુ જાતજાતનાં ફરાક, ચડ્ડીઓ, લાળિયાં ને ત્રાંસિયાં સિવાતાં થયાં. કોનું સીવેલું ફરાક વધુ શોભે છે તેની સરસાઈ ચાલી. ધર્માલયની ફરસબંધી વારંવાર બાબીનાં મળમૂત્રો વડે ગંદી થવા લાગી. બાબીને અક્કેક દાંત ઊગતો દેખાયો, તેનું કુતૂહલ અને વિસ્મય સહુ સાધ્વીઓને ઘેલી ઘેલી કરી નાખવા લાગ્યું. બાબી ભાંગ્યાતૂટ્યા બોલ બબડતી થઈ, એટલે તો આશ્ચર્ય અને હસાહસની અવધિ જ આવી રહી.

બાબીને સહેજ શરદી લાગી જતાં તો ગરમ પાણીની કોથળી, અળશીની પોલ્ટીસ, લેપના ડબા વગેરે વસ્તુઓની ધમાલ ચાલી રહેતી.

ધર્મના પાઠ વાંચવામાં સાધ્વીઓ બગાસાં ખાતી, જ્યારે બાબીને માટે આખી રાતના ઉજાગરા ઉપરાઉપરી ખેંચાતા.

પહેલી વાર જે દિવસે બાબીને 'પા પા પગલી' કરાવી તે દિવસ મહોત્સવ સમાન હતો.

બાબીના વાળ ઓળવા માટે સરસ કાંસકીઓ આવી. પોતાને માથે મુંડન કરાવનારી સાધ્વીઓએ બાબીના માથામાં ભાતભાતની અંબોડીઓ, તરેહતરેહના મીંડલા, ચિત્રવિચિત્ર ગૂંથણકળા કરી કરી વર્ષોની છુપાઈ રહેલી પોતાની રસક્ષુધાને તૃપ્ત કરવા માંડી.

બાબી મોટી થઈ, નવાં મૈયાને 'મા' તરીકે ઓળખવા માંડી.

બાબી આઠ વરસની.... દસ વરસની થઈ. ધર્માલયના ઊંચા લતામંડપો પર ચડી ચડીને ફૂલો ચૂંટતી થઈ. ચૂંટતાં ચૂંટતાં ગાવા લાગી. શું શું ગાતી હતી? ગાતી હતી કંઈક આવું આવું:

મારા ઘર પછવાડે રે વાડિયું;
એનાં ફૂલડાં લેર્યે જાય રે,
વાગે છે વેરણ રે વાંસળી.
એનાં ફૂલડાં ફોર્યે જાય રે,
વાગે છે વેરણ રે વાંસળી.
એનાં ફૂલડિયાં કરમાય રે.
વાગે છે વેરણ રે વાંસળી.

પાઠશાળામાં વૃદ્ધ સાધ્વીઓ સીવણ કરતી કરતી ધ્યાનચૂક થતી. હાથમાં સોય થંભાવીને બાબીના સૂરોમાં તાલ દેવા લાગતી. એક યુવાન સાધ્વીને નવો પાઠ આપવામાં આવ્યો હતો. તે ગોખતી ગોખતી બાબીના ગીતથી ધ્યાનભંગ થતી હતી. વારંવાર વડાં સાધ્વીજી કરડો અવાજ કરીને એને ટપારતાં હતાં કે "અટકો છો શા માટે, મૈયા! ગોખો. ગોખો. ગોખો ભલાં થઈને!"

ધર્માલયની ભીંતો વચ્ચે 'વાંસળી'નું સંસારી ગાન પેસી ગયું હતું. બાબીના કંઠે સાધ્વીઓના સૂતેલા પ્રાણને જાગ્રત કર્યા હતાં. ખાડી જેવું

બંધિયાર ધર્માલય સંસારી વહાલપના મહાસાગરની ભરતીએ ભરાઈ ગયું.

[6]

દસ વર્ષો બીજાં પણ આવી આવીને ગયાં. કે દિવસની સંધ્યા નમતી નમતી સૂરજની બાથમાં જાણે સમાતી હતી. 'કાલે આવીશ' એવો કોલ દેતા સૂર્યનું છેલ્લું ચુંબન સંધ્યાના ગાલો ઉપર સુરખી છલકાવતું હતું. એ લાલી ફક્ત આ ધર્માલયની ઊંચી દીવાલોની અંદર જ નહોતી દેખી શકાતી.

દરવાજાનાં કમાડ પાસે એંશી વર્ષની બુઢ્ઢી સાધ્વી નીચું ઘાલી બેઠી હતી. બાળ બ્રહ્મચારિણી હતી. પોતે અહીં ક્યારે દાખલ થઈ તે પણ વીસરી ગઈ હતી. જુવાની આવીને ક્યારે ચાલી ગઈ તેનું પણ એને ભાન નહોતું રહ્યું.

એ વૃદ્ધ સાધ્વીએ સંધ્યાને સમયે દરવાજા બહાર કંઈક પગરવ અને પરિચિત અવાજ સાંભળ્યો. ચગદું ઊંચું કરીને ઝીણા બાકોરા વાટે દૃષ્ટિ ઠેરવી. જોતાંની વાર જ એણે ચગદું બીડી દીધું. એંશી વર્ષોની એની જૈફી ઉપર પણ મધુર લજ્જાનું લાલ લાલ હાસ્ય રમી રહ્યું. ને એણે બે કમાડની દોઢ્ય ઉપર કાન માંડ્યા : કશુંક મીઠું મીઠું સાંભળવાની સુખવેદના એના મોં પર રમવા લાગી.

ત્યાં શો તમાશો હતો – ત્યાં દરવાજાની બહાર?

બીજું કંઈ જ નહોતું. એક યુવાન અને એક યુવતી એ એકાંતે આંબલીની ઘટા નીચે એકબીજાંની વિદાય લેતાં હતાં. સૂર્ય સંધ્યાની વિદાય લઈ રહ્યો હતો તેને મળતી આ માનુષી વિદાય હતી.

વૃદ્ધ સાધ્વીએ મીઠું મલકાતાં મલકાતાં મોટી ચાવીઓનો ઝૂડો ઉઠાવ્યો; કમાડ ઉઘાડ્યાં. અંદર દાખલ થનાર યુવતીના ગાલ ઉપર હજુ સંધ્યાવરણી ભીની સુરખીની ભાત તરવરતી હતી.

"કેમ, મૈયા?" એણે પૂછ્યું.

"સારું, બાબી!" સાધ્વીએ ઉત્તર વાળ્યો.

બાબીને વીસમું વર્ષ બેસી ગયું હતું. બાબીનું રૂપ સામ્યું સમાતું નહોતું. બાબી દાક્તર પિતાની જોડે રોજ જગતમાં જતી-આવતી. મઠમાં

ઊછરેલી તપોવનની તાપસકન્યા જેવી બાબીને એક દિવસ એક યુવકના મોંની આરસીમાં પોતાનું જોબન દેખાયું. તપોવનનાં મૃગલાં જેવું, ફૂલો જેવું, અચિંતી છલી ગયેલી નદી જેવું, નીતરતી સંધ્યા જેવું, એ જોબન હતું. તે દિવસે એને પ્રથમ ભાન થયું, કે લપતું ને છપતું કશુંક એના દેહપ્રાણમાં પ્રવેશી જઈને રોમેરોમનો કબજો લઈ બેઠું છે. તે દિવસે એ પોતે પોતાને નિહાળી ચકિત બની ગઈ. અને સંધ્યાની લાલપમાં તરબોળ બનેલી એ જ્યારે ધર્માલયમાં દાખલ થઈ ત્યારે એ એકલી નહોતી રહી જાણે : જાણે એની બાજુમાં કોઈક બીજું જણ પણ લપાતું લપાતું આવી રહ્યું છે.

બાબી આવીને માતાના પગ પાસે બેસી ગઈ. બાબીના હસતા ગાલ પર અશ્રુધારાઓ ચાલી જતી હતી.

મૈયાને તો ચાળીસ પૂરાં થયાં હતાં. બાબીની આંખોના અકથ્ય ભાવ મા ઉકેલી રહી હતી.

"બાબી, બેટા, તને શું થયું છે?"

"કંઈક – કંઈક – કંઈક મને થયું છે, મા!"

બાબી ન કહી શકી.

દાક્તર આવ્યા. એણે બાબીના વેવિશાળની વાત કરી : મુહૂર્ત જોવરાવી રાખ્યું છે; ફાલ્ગુનમાં લગ્ન પતાવી નાખવાં છે. બાબી દીકરી ઠેકાણે પડી જાય, એટલે મારો પણ છુટકારો થાય. મને એંશી વર્ષો થયાં; સુકાયલ પાંદ ક્યારે ખરી જશે એ કોને ખબર? ને નવી મૈયા! તમારા આશીર્વાદ લઈને બાબી વિદાય લ્યે, એટલે એનું પણ કલ્યાણ થાય."

બાબીનું વેવિશાળ, બાબીની લગ્નતિથિનો નિર્ણય, બાબીની વિદાય વગેરે વાતો જેમ જેમ બોલાતી ગઈ, તેમ તેમ નવી મૈયાના મોં પરથી ચેતન ઊડવા લાગ્યું. વીસ વર્ષોના આશ્રમ-જીવનના અણુએ અણુને વ્યાપી બેઠેલું બાળ એકાએક વિદાય લઈ જ કેમ શકે? ને જાય તો મારી શી વલે થશે? આ કોણ દગલબાજી રમી રહ્યું છે? કોણ ચોર જાગ્યો? આવી ગંભીર છેતરપિંડી! આવી ભારી ઉઠાઉગીરી? આવી ઘાતકી લીલા! એકના કલેજામાં છૂરી ભોંકીને એનું પ્રાણધન ઉઠાવી બીજો ચાલ્યો જાય, એને

શું જગત પ્રેમ કહે છે? લગ્ન કહે છે? મા – જનેતા – પાલનહાર – નિરાધાર સ્ત્રી – જેણે હૈયાં ચુસાવ્યાં, ખોળા ખૂંદાવ્યા, જીવનની દોરી પરોવીને હૈયે હૈયું ટીંગાડ્યું, તેવી માના વહાલ કરતાં વિશેષ બળવાન એવો કયો સ્નેહ જાગ્યો આ સૃષ્ટિ ઉપર, કે જેણે માતાની પુત્રીનું વશીકરણ કર્યું? મેલી નજરબંદી, રાક્ષસી લીલા, ઇંદ્રજાળ...

"નહિ નહિ – નહિ બની શકે!" નવી મૈયા ચીસ પાડી ઊઠી: "મારી બાબીને – મારી આંખોની કીકીને – તમે ન ખેંચી કાઢશો – એને દુનિયાના વાયરામાં ન ઘસડી જજો. તમારું કોઈનું સારું નહિ થાય – મારું હૃદય ન ભેદી નાખજો!" એમ બોલતી એ સાધ્વી ત્યાંથી ઊઠી ચાલી ગઈ.

એણે નક્કી કર્યું: હું બાબીને ધર્મગ્રંથો ભણાવીશ; એનું હૃદય વૈરાગ્યને માર્ગે વાળીશ. સદા એ મારી જોડે જ રહેશે.

સ્વાર્થનો અવાજ આટલું બોલીને પછી ચૂપ થઈ ગયો. ચાળીસ વર્ષની સાધ્વીને વીસ વર્ષો પૂર્વેના મર્મસ્વરો સંભળાયા, પોતાના ભરપૂર જોબનને ખાક કરી નાખનાર દીક્ષાને એણે યાદ કરી: ગૂંગળાયેલો જીવન-લ્હાવો, સળગાવી નાખેલું સૌંદર્ય, શેરીમાં રમતાં નાનાં ભાઈબહેનોને બાઝી પડવા ઝૂરતી કલ્પના, ને એકલાં એકલાં આ વૈરાગ્યની દીવાલો વચ્ચે કરેલા છાતીફાટ અશ્રુપાત...

એ જ બધાનું પુનરાવર્તન શું હું બાબીના જીવનમાં કરાવવા માગું છું! મેં નથી માણ્યું તેની ઇર્ષ્યાથી જ શું હું બાબીનેય બાતલ રાખવા માગું છું! બાબીના આત્મકલ્યાણનું તો કેવળ બહાનું જ નથી શું? બાબી મારી છાતીએથી છૂટતી નથી, બાબી વિના જીવન વીતવાનું નથી, હૈયાનું ધાવણ છલછલ કરે છે, વૈરાગ્યના લેબાસની અંદર સંસારી ઊભરા ઊભરાય છે, ને એ ઊર્મિઓ ઠાલવવાનું એક સાધન 'બાબી' મને મળેલ છે, તે સ્વાર્થ જ મને આટલી ઘાતકી બનાવે છે ને?

રાત આ રીતે વીતી. પ્રભાતે એણે ગાલ અને આંખો લૂછી નાખ્યાં; રજા આપી: "બાબીને પરણાવો સુખેથી."

એ વાક્યની પછવાડે બોલનારીના હૃદયનું લોહી ટપકતું હતું: ટીપે,

ટીપે, ટીપે...

[7]

"લાવો લાવો કાંસકી મારા હાથમાં, મૈયા! તમને ક્યાં બાબીનું માથું ઓળતાં આવડે છે?"

"અરે, પણ આ સેંથો જુનવાણી રીતનો સીધો શું લ્યો છો તમે, મૈયા? રૂપા...ળો જમણી આંખની ભમ્મર ઉપરથી બરાબર ખેંચો ને!"

"હવે તમે કંઈ સમજો નહિ, ને શું વચ્ચે ડંફાસ મારતાં હશો, મૈયા? કહું છું, કે બાબીના ગરાસણી જેવા મોંને તો વચ્ચોવચ્ચનો સેંથો જ શોભે."

"તો તો પછી સેંથામાં હીંગળો પૂરવો પડશે ને?"

"હા ભૈ હા, હીંગળાની દાબડી ઝટ મગાવી લો ને! હીંગળો જ ભૂલી ગયાં?"

એ રીતે બાબીના લગ્ન-શણગારની ધમાચકડી લાગી પડી હતી.

આશ્રમ જાણે લગ્નમંડપ બન્યો હતો.

બાબી મંદમંદ મલકતી શાંતિથી ઊભી હતી. ફૂલની આસપાસ વીંટળાતી મધમાખો જેવી સાધ્વીઓ, બાલબ્રહ્મચારિણીઓ તેમ જ વિધવાઓ, બાબીને વીંટળાઈ વળી હતી.

મોટાં ગોરાણી મૈયા આ સત્યાનાશ ઉપર છણકા કરતાં બેઠાં હતાં: "અંદરખાનેથી તમને સહુને પરણવાના કોડ રહી ગયા છે: માતેલા ખૂંટડા જેવી – મોઈઓ! મફતનું ખાઈ બગાડ્યું."

"હાં, હવે પાનેતર લાવો. ચૂંદડી લાવો."

બાબીના સીધા સોટા જેવા સુડોળ દેહ ઉપર શ્વેત આછું પાનેતર ઝૂલવા લાગ્યું. તેની ઉપર યુવાન સંન્યાસિનીઓ ચૂંદડીના પાલવ ગોઠવવા મંડી પડી.

એકાદ જણીથી ન રહેવાયું; એ ગુંજવા લાગી:

*ઓઢોને, બેનડ, ચૂંદડી:*
*મારા નખના પરવાળા જેવી ચૂંદડી!*
*ઓઢોને, બેનડ, ચૂંદડી!*

ગોરાણી ન સહી શક્યાં : "ભગવતનાં સ્તવનો છોડીને સંસારી ગીત ગાવા લાગી પડી, બાઈઓ?"

ત્યાં પાટલી વાળતી બીજી સાધ્વીએ ટહુકો પૂર્યો :

*વાયા વાયા રે કાંઈ ઓતર-દખણના વાયરા રે!*
*ચૂંદડીના છેડા ફરુકિયા.*
*દીઠો દીઠો રે એની કેડ્ય કેરો લાંક રે!*
*બીજો રે દીઠો સવા ગજ ચોટલો.*

બે સાધ્વીઓ બાબીના પગ પાસે ઘૂંટણભર ઝૂકીને શણગાર સજાવતી હતી. બેઉનાં માથાં ઉપર બાબીની ચૂંદડીના પાલવ ઢળી પડ્યા હતા. બન્ને જણીઓ ચૂંદડીના એ નીતરતા રંગ નીચે ભીંજાતી, ચૂંદડીના સોહાગમાં ઝબોળાતી શું કરી રહી હતી? જીવનના અધૂરા લગ્ન-કોડને થોડી ઘડી માણી લેતી હતી. એ મુખડાં, એ આંખો, એ મુંડિત છતાંયે મોહકારી માથાં વૈરાગ્ય માટે નહોતાં નિર્માયાં : લગ્નજીવનની ફોરમો મહેકતી હતી એમાંથી.

આશ્રમજીવન ઊથલી ગયું તે દિવસે. વૈરાગ્યનાં વ્રત-નિયમોનો વરખ કુદરતી ઊર્મિઓના પવનઝપાટામાં ઊખડી ગયો. નીચે જે સાચું હતું તે નજરે પડ્યું : પછી એને વિકાર કહેવો હોય તો વિકાર કહો, માનવ-પ્રાણના થનગનાટ કહો – ઠીક લાગે તે કહો.

[8]

"બધી મૈયાઓ! મોઢાં ઢાંકીને એક પછી એક અંદર ચાલ્યાં જાઓ, એટલે બાબીનો વર તમારાં દર્શન કરી લેશે."

બાબીનો પતિ પોતાની સ્ત્રીના સાચા મહિયરને પહેલી-છેલ્લી વાર નિહાળી લેવા આવ્યો હતો. આશ્રમ પછવાડેની એક ઝીણી જાળીવાળી બારી પર એ ઊભો હતો.

સોળથી લઈ સાઠ વર્ષની વૃદ્ધાઓ મળી પચાસ સાધ્વીઓની પંક્તિ ચાલી આવતી હતી. છૂપા છૂપા ઘૂમટા ઊંચા કરીને પ્રત્યેકે એ જુવાન પુરુષને જોઈ લીધો. જબરદસ્તીથી ગંભીર રહેનારાં મોં મલક્યાં : ટીકીટીકીને જોયું.

"મૈયાઓ!" બાબીના પતિએ શાંત વિનય ધરીને કહ્યું, "તમે તમામ

મારી 'બાબી'ની સાચી માતાઓ છો. તમારે ખોળે ઊછરીને એ મારા જીવનમાં આવી છે. હું પણ તમારો પુત્ર નથી શું? મારી માનું મોં જોયાનું મને યાદ નથી. મારી સન્મુખ હું તમને તમામને મારી જનેતારૂપ જોતો ઊભો છું. મને એક વાર તમારાં મોં નહિ બતાવો શું?"

"મૈયાઓ! મોં ખુલ્લાં કરી નાખો."

એ અવાજ વડાં ગોરાણીનો હતો. પચાસ વર્ષોથી જેણે 'પાપ પાપ' કરીને પોતાનું તેમ જ શિષ્યાઓનું જીવન જલાવી નાખ્યું હતું તે, નિત્ય નિત્ય ટોણાં મારનારાં, વાતવાતમાં નિયમભંગ બતાવનારાં તે જ ગોરાણી છેવટે બોલી ઊઠ્યાં: "મૈયાઓ! મોં ખુલ્લાં કરો."

પ્રત્યેક મોં ઉપર દડ દડ અશ્રુધાર ઝરતી હતી. બાબીનો વર આ વાત્સલ્યમૂર્તિઓને ધારી ધારી નિહાળતો હતો.

સાધ્વીઓનું પ્રત્યેક આંસુ નાનું બચ્ચું બની જાણે રમવા દોડી જતું હતું.

"બાપુ!" બાબીએ દાક્તરને છેલ્લી ભલામણ દીધી: "મૈયાઓને છોડીને કદી જતા નહિ, હો!" કહેતાં કહેતાં બાબી રડી પડી.

"હો બેટા!" દાક્તરે મુશ્કેલીથી જવાબ દીધો: "હું હવે બીજે ક્યાં જઈશ? મારી સાચી માતાઓ કહું, કે દીકરીઓ કહું, તો તે આ મૈયાઓ જ છે."

– ને જ્યારે એ નવદંપતીને લઈ જતી ગાડીના 'પટ્ટ પટ્ટ... પટ્ટ પટ્ટ' એવા અવાજ આઘે આઘે નીકળી ગયા, ત્યારે નવી મૈયા ઝાડના થડ પર દેહ ઢાળીને, આકાશના તારા તારા જેવડાં આંસુ પાડતી હતી.

તારાઓ હોઠ પટપટાવી કહેતા હતા: "મા! મા! મા! મા!"

# હિમસાગરનાં બાળ

"ડાઉ...ઉ! ડા...ઉ ...ઉ!" એવા લાંબા લાંબા અવાજે કુત્તાઓ ભસવા લાગ્યા, અને બેસતા શિયાળાના પવન-સુસવાટામાં આઘે આઘેથી કોઈક પરગામવાસી કૂતરાઓના વિનવણી-સ્વરો આવતા સંભળાયા. દરિયામાંથી ઊઠતા હૂ...હૂ નાદ એ સ્વરોમાં કોઈ ન સમજાય તેવા વિલાપની મેળવણી કરતા હતાં.

ત: ૭૨૧૪૦

દરેક કૂબામાંથી લોકો બહાર નીકળ્યાં. અને મરદો, ઓરતો તેમ જ ચીબલાં ધિંગાં બાળકોનું જૂથ એકીનજરે નિહાળી રહ્યું.

ઢગેઢગ બરફમાં રસ્તો કરતી એક પૈડા વગરની ગાડીને ખેંચતા સાતેક જોરાવર કૂતરાં 'ડાઉ...ડાઉ' ભસતાં દોડ્યા આવે છે. ગાડીને સમતોલ ?ખીને પછવાડેથી પકડતો, ને સરખી સપાટીવાળી જમીનમાં થોડી વાર ગાડી પર ચડી બેસતો, એક મરદ છે; ગાડીમાં બેઠેલી બે ઓરતો એની સાથણો છે.

ગામડાના પાદરમાં આવીને ગાડી ઊભી રહી. કૂતરાં લાંબી જીભો કાઢીને હાંફતાં હતાં. દરિયો શાંત સ્વરે તાલબદ્ધ છોળો ગજાવતો હતો. ત્રણેય વટેમાર્ગુઓ ગામવાસીઓના આવકારની વાટ જોતાં ઊભાં થઈ રહ્યાં.

"માલા! એઈ માલા!" ગામલોકોએ એક કૂબા ભણી સાદ દીધો : "કોક પરોણા છે."

"પરોણા છે તો એમાં પૂછવાનું શું?" ઊંડા કૂબામાંથી ભાંખોડિયાંભર બહાર નીકળેલા એક લઠ, તેજસ્વી, હસમુખા જુવાને જવાબ દીધો : "લઈ આવો, ગામમાં લઈ આવો."

એટલું કહીને એ માલા નામનો જુવાન મહેમાનોની સામે ચાલ્યો.

"આવો આવો, ભલે આવ્યાં, માનવી ભલે આવ્યાં!" કહી એણે મહેમાનોને સત્કાર્યા ને એ ગાડીના કુત્તાને પોતાને જ હાથે દોરતો અંદર ખેંચી આવ્યો.

"આબા! આબા!" માલાએ ધીરે સાદે બૂમ પાડી. એના ઊંડા કૂબામાંથી એની ઓરત આબા ઘૂંટણભર નીકળીને સામી આવી; પૂછ્યું: "કેમ, માલા?"

"આબા! મહેમાન છે. જલદી મચ્છી ને બતકો શેકી નાખો, મહેમાન ભૂખ્યા હશે; થાક્યાપાક્યા હશે. જલદી ઉતારો કરી આપો."

"રૂડી વાત, માલા! મહેમાનની ગાડી છોડી નાખો, કુત્તાને બાંધી વાળો, ગોસ નીરો, ત્યાં તો હું મચ્છીમાંસ તૈયાર કરી નાખું છું."

એમ કહીને પાતળી સોટા સરખી, મોટી મોટી આંખોવાળી, કૂણા ચામડાની સુરવાળ અને લાંબા પહેરણે શોભતી હાસ્યભરી આબા પાછી કૂબામાં ઊંડી ઊતરી ગઈ.

"અલ્યા જુવાનો! અલ્યા છોકર્યો!" માલાએ ગામલોકોને હાક મારી: "જો...પેલો ભાંગેલો કૂબો રિયો. હાલો જોઉં, મારા ભાઈઓ! બેલાં ચડાવીને મેમાનોને કૂબો તૈયાર કરી આપો."

માલાની જબાન કામ બતાવે તો તેથી પણ ફુલાઈ જતાં લોકો કૂબો ચણવાના કામે વળગ્યાં. બરફનાં સરખાં બેલાં ગોઠવાવા લાગ્યાં.

પરોણાની બેઉ સ્ત્રીઓ માલાના ભાવભર્યા આચરણથી અંતરમાં ભીંજાઈ ગઈ. મોટી હતી તેણે 'ખી...ખી...ખી...ખી' હસવા માંડ્યું. નાનીએ માલાના મોં તરફ વારે વારે માયાભર્યાં નયનો ઠેરવીને અહેસાન દર્શાવ્યો.

કુત્તાને છૂટા કરવામાં મદદ દેતાં દેતાં માલાએ મહેમાનને પૂછવા માંડ્યું: "ક્યાંથી આવે છે મોંઘાં માનવી?"

"....ગામડેથી.'

"કેમ ઉચાળા ભરીને નીકળવું પડ્યું?"

"લોક એદી બન્યાં: ઉનાળે શિકારનો ને શીંગડાંનો સંઘરો કરે નહિ. સંપ તૂટી ગયો. આઠ મહિના દરિયો થીજે, એટલે ભૂખે મરવું!"

"માનવીને આંહીં રે'વું ગમશે?"

"માનવી રિયે તો રાજીખુશીથી : પણ માનવીને ભારે તો નહિ પડે ના?"

"ના રે ના, વા'લાં માનવી જરીકે ભારે નહિ પડે. આંહીં તો એકસંપીલાં લોક વસે છે. સામટા જણ શિકારે નીકળીએ છીએ. દરિયો થીજે તે પે'લાં તો પૂરેપૂરો સંઘરો કરી લઈએ છીએ, સારાં માણસું ભળે તો વધુ સારું. રતનાગર ક્યાં ખૂટી પડ્યો છે!"

મહેમાનની નાનેરી ઓરત આવા આદરભર્યા બોલ સાંભળીને માલા સામી અહેસાનભરી આંખો નોંધ્યા જ કરે છે. માલાને પાયે જાણે એ બે આંખો લાગણીભર્યા થાળ ધરે છે.

ઓતરાદી દુનિયાનો એ હિમાળો સાગરતીર હતો. સો-સો ગાઉના સીમાડામાં ઝાડનું તરણુંય ઊગતું નહોતું. આઠ મહિનાની લાંબી શિશિર દરિયાનાં પાણીને થિજાવી નાખી બસો-ચારસો ગાઉના વિસ્તારમાં પથ્થર જેવી ફરસબંધી કરી દેતી. કલેજાં ચીરી નાખનારા હિમાળા વાયરાઓ બરફના મોટા ડુંગરાઓને ઉપાડી, ફરી ફરી પછાડી દિવસ-રાત દટ્ટણની લીલા ખેલતા.

આવી કરાળ ધરતીમાં પણ માનવી જન્મતાં, ઝૂઝતાં, જીવતાં ને મરતાં, બરફમાં ઊંડી બખોલો ખોદીને એને પોતાનું ઘર કહેતાં. બખોલો ઉપર માળેલાં બરફનાં બેલાંને એ મુલ્કની બેપાર થંડક અણઓગળ્યાં અને અનામત રહેવા દેતી. ધાન્યના એક કોળિયાથી કે કણથી પણ વંચિત એ હિમવાસીને જીવનાધાર ત્રણ વાનાં હતાં : દરિયાની નાનીમોટી માછલીઓ, સાબરનાં હૃષ્ટપુષ્ટ ટોળાં અને આકાશનાં રંગબેરંગી પક્ષીઓ. જીવસટોસટનો જંગ ખેલીને માનવી ત્યાં પોતાનું જઠર ભરતો. જિંદગીના એક છાબડામાં પોતાનો જાન મૂકીને સામા છાબડામાંથી એ ખોરાકનો કોળિયો ઉઠાવતો. બરફનાં ખૂનખાર ધોળાં રીંછડાં, દીપડાં જેવડા નાર-વરૂઓ અને હાથી જેવડાં દરિયાઈ જળચરો એનાં વૈરીઓ હતાં. એવાં વૈરીઓથી વીંટલાયેલા એ એકલા-અટૂલા માનવજીવનમાં મૂંગી ઠંડી અનંત તાકાત સળગતી; અને પ્રમાણિક તાકાત હંમેશાં જે શુદ્ધ મીઠું સૌંદર્ય જન્માવે છે, તે આ સાગર-

સંતાનોના દેહ-મન પર ઝલકતું હતું.

એવા ભયાનક દરિયાતીરના આ ગામડામાં માલો આબાદી ને એકસંપીનો અવતાર હતો. વર્ષના બે-ત્રણ માસ ગામલોકોને એકસંપીલા ઉદ્યમે લગાડી, શિકારે લઈ જઈ, આઠ મહિના કરપીણ શિયાળાનો ખાનપાનનો સંઘરો એ ઘરેઘરમાં કરાવી નાખતો; કેમ કે પછી તો થીજેલી કુદરત એક નાની-શી મચ્છી કે એક બતકું બગલું પણ મનુષ્યના હાથમાં આપતી નહોતી : આઠ-આઠ મહિના સુધી રત્નાકરને તાળાં દેવાઈ જતાં.

*

"આપણો ...ભાઈ એકલો કેમ ભટકે છે? ઉદાસ કેમ રહે છે?" માલાએ પરગામથી આવેલ પોતાના એક જાતભાઈના સંબંધમાં ગામલોકોને સમાચાર પૂછ્યા.

લોકોએ જવાબ દીધો : "માલા! એની ઓરતે તો નીંદરડી પી લીધી (મરી ગઈ)."

"નીંદરડી પીધી? અને માનવી શું સોબત વિનાનું થઈ પડ્યું છે?"

"હા જ તો, માલા!"

"હેં ભાઈ!" માલાએ વિધુર બનેલા જાતભાઈને ખંભે હાથ મૂકીને પૂછ્યું : "માનવી એકલદશા ભોગવે છે? નીંદ કરી શકે છે માનવી?"

"માનવીને નીંદર નથી રહી, માલા!" એકલ જુવાને ગમગીન માથું ધુણાવ્યું.

"કેટલા રોજથી માનવી એકલ સૂવે છે?"

"બાવીસ રોજથી, માલા!"

"બાવીસ રાતની એકલ-પથારી?"

"માલાની આંખોમાં અનુકંપા છવાઈ ગઈ. પોતાની ઓરત આબા મોં નીચું નમાવીને ઊભી ઊભી આ વેદનાની વાત સાંભળતી હતી. એની મોટી મોટી આંખો લજ્જાથી તીરછી નજરે માલાના મોં પરના ભાવ વાંચતી હતી.

આબાએ તીરછી આંખે એ ઓરતવિહોણા પુરુષની ફિક્કી, સૂકી મુખમુદ્રા નિહાળી, માલાએ આબાની દૃષ્ટિ સાથે દૃષ્ટિ મિલાવી. માલાની

આંખોમાં મૂંગો એક પ્રશ્ન હતો.

ધીરે ધીરે ડોકું હલાવી, આંખોની પાંપણો પટપટાવી, મોં પર આછો મલકાટ ચમકાવી ઓરતે હા ભણી.

– ને જાતભાઈના માથા પર પ્રેમભરપૂર પંજો ચાંપીને માલો ત્યાંથી ચાલ્યો ગયો. આબા એ પુરુષના ફૂબામાં એની જોડે સલજ્જ હાસ્ય વેરતી ઊતરી ગઈ.

[2]

આજે હાથ હાથની નાની માછલી પર, કાલે ઊંચાં ઊડતાં પંખીની આરપાર, તો પરમ દિવસે સાગરના હાથી જેવડી ચોપગી, જોડ દંતૂશળવાળી ને લાંબા પૂંછડાનું ખડગ જેવું હથિયાર વીંઝતી સીલ માછલીઓના ટોળની અંદર માલાનાં ભાલાં તથા તીર અચૂક નિશાન લઈને પેસી જતાં. સામી દેવ-ટેકરી પરથી કુત્તો ભસતો, કે તત્કાળ માલાની હાકલ પડતી : "કારો, ભાઈઓ! હાથીઓનું ટોળું ખાડીમાં ઊતર્યું છે."

એ હાકલ થતાંની વાર લાંબા કેશધારી ગામલોકો હાકલાકેકિયાટા કરી શરીર પર ચામડાના રૂંછાદાર ડગલા ચડાવતા, ઓરતો કિનારે પડેલી હોડીઓને ધકાવી ગીતો ગાતી ગાતી પાણીમાં હડસેલતી, અને ભાલાં, તીરકામઠાં, રાંઢવાં, છુરીઓ વગેરે લઈને લોકો મછવા હંકારી મૂકતાં. મોખરે માલો બેસતો. જળ હાથીને કઈ જગ્યાએ સપાટામાં લઈ શકાશે તેનું ચોક્કસ અનુમાન બાંધતો, તે પ્રમાણે હોડીની ગતિ બદલવાના હુકમો આપતો, ને જળ-હાથીઓ ખડક પરથી જેવા જળમાં પડતા તેવું જ માલાનું ભાલું તેમના મર્મસ્થળમાં પરોવાઈ જતું. ખિજાયેલા સાગરની થપાટે થપાટે ગોથાં ખાતી હોડી ઉપર માલો ખૂબ આસાનીથી અસ્વારી રમતો હતો. જળચરોના મરણિયા ધસારા સામે પણ માલાની સમયસૂચકતા ડગમગી નહોતી જતી.

જળહાથીઓનાં તોતિંગ શબોને કોઈ ખડક પર ઘસડીને તેના ટુકડા કર્યા પછી જ હોડકામાં ભરી કિનારે લઈ જઈ શકાતાં.

એવા એક મોટા શિકારની સફર ઊજવાઈ રહી છે. કુત્તાઓ છલંગો મારી મારી હર્ષ બતાવે છે. દેશી ઢોલકાંને તાલે તાલે પુરુષો ને ઓરતો

ગાંડું નૃત્ય કરે છે. છોકરાં પણ કૂદે છે અને દરિયેથી ચાલ્યા આવતા જુવાનો પણ એ કિનારા પરના નાચ-ગીતના સ્વરો સાંભળી, અધીર બની, જળમાં ને જળમાં પોતાની બલામડીઓને (નાનાં હોડકાંને) ગુલાટો ખવરાવતા, નાચતા આવે છે. દરેક જણ પોતાની છરી કાઢીને શેકેલા માંસમાંથી અક્કેક ટુકડો કાપતું કાપતું આખી પંગતમાં બેસીને ખાય છે. આ સમૃદ્ધિનો દાતાર માલો પણ ગરવે મોઢે સહુની વચ્ચે બેસી શાંત ગુલતાન કરે છે. માલાની બુઢ્ઢી મા પણ દીકરાની દિલાવરી તેમ જ બહાદુરી દેખી સંતોષભરી આંખો મીંચતી હતી.

ઊજવણું પૂરું કરીને સહુ વીખરાયાં ત્યારે પાછાં કૂતરાં ભસ્યાં, અને પરગામની કોઈ કુત્તાગાડી આવી હોય તેવો બોલાસ થયો.

"માલા!" લોકોએ ખબર દીધા: "...ભાઈ તો ગોરાને વા'ણે જઈને આવ્યો."

બીજાએ કહ્યું: "અને ભારી ભારી જુગતીદાર ચીજો લઈ આવ્યો."

ત્રીજે ખબર દીધા: "ગામ બધાને બતાવી રિયો છે."

"જલમ ધરીને કેદીયે દીઠી નથી એવી એવી ચીજું."

માલો અધીર બન્યા વિના પોતાની બખોલમાં બેઠો હતો. એક જુવાન ભાઈ, બે નાના છોકરા, અને મર્માળી ઓરત આબા, એમ આખું કુટુંબ રાતની ગોદમાં બેઠું બેઠું સૂઈ જવા પહેલાં પ્રભાતની શિકાર-સહેલગાહનો સરંજામ તૈયાર કરતું હતું. આબા માલાનાં બરફ ખૂંદી ખૂંદી ઊતરડાઈ ગયેલાં પગરખાંની વાધરીઓ તાણી દુરસ્ત કરતી હતી.

ત્યાં તો ગોરાને વહાણેથી પાછો આવેલ ભાઈબંધ પોતાની ઓરતને લઈ અંદર આવ્યો; ને કૂબામાં નવીનતા વ્યાપી ગઈ.

"માનવી ક્યાં જઈ આવ્યા?" માલાએ પૂછવા માંડ્યું.

"ગોરા માણસુંના દરિયાઈ ઘરમાં."

"શું શું દીઠું?"

"ઓહોહો! ઝગઝગાટ બતીયું: ભાતભાતનાં ખાવાપીવાનાં; કાંઈ મોજ! કાંઈ મોજ! શું કહું, માલા! આ જો – આ દીઠી?" એમ કહી એણે

એક સુંદર જડિત હાથાનું ધારદાર ચકચકિત ચપ્પુ કાઢ્યું.

"આ...હા...હા!" માલાએ હર્ષોદ્ગાર કાઢ્યો: "આવું સરસ! આહા! કેવી ધાર! આબા! જોઉં તારું નાક કાપે છે કે નહિ? – હા...હા...હા...હા!"

ભાઈબંધે રાઇફલ કાઢી: "જો, આ શિકાર કરવાનું."

"એહ! એહ! કેવી સરસ!" કહેતાં માલાએ ઘોડો ચાંપ્યો. રાઇફલ ફૂટી. જીવનમાં પહેલી જ વાર આ ભડાકો સાંભળીને માલાનું છોકરું ભેંકડો પાડી ઊઠ્યું.

"અને ગોરાએ મને આ શિકાર કરવાનું આપ્યું. તેના બદલામાં મેં તો ફક્ત આટલાં જ –" એમ કહી એણે બંદૂકની ટોચ સુધી ખડકી આપેલ ચામડાંનું માપ બતાવ્યું.

દરમિયાન ગોરાને વહાણે જઈ આવેલી ઓરત આબાને ચકિત કરી રહી હતી: ફાટી ગયેલ કપડાં સાંધવાની સોય, મોં જોવાનું આભલું, માથું ઓળવાનો કાંસકો, મોં ધોવાના સુગંધી સાબુ, અને એવી તો કૈંક કૈંક ચીજો: એક પછી એક ચીજ જોતી ગઈ, ને આબાની અધીરાઈ કલ્પનાપ્રદેશમાં દોટ કાઢતી જાણે કે ગોરાને વહાણે ચડી બેઠી.

"અને, બેન!" પાડોશણે કહ્યું, "આપણને તો આ બધું સાવ મફત આપે છે ગોરા. મને તો વા'ણનો ખાનસામો જ મળ્યો'તો; પણ જો વા'ણનો માલેક ભેટી જાય ને, તો તો..."

પુરુષે માલાને પાનો ચડાવ્યો: "માલો તો સહુથી વડો શિકારી કે'વાય. માલાને ચામડાંની ને રૂંછાંની ક્યાં ખોટ છે? ગોરાને જઈને આપીશ તો આવી બંદૂક ને આવા કારતૂસો મળશે. એથી આજ કરછ તે કરતાં કેટલા બધા વધુ શિકાર કરી શકાશે! અરધા ગાઉ માથેથી પણ સાબરડાં ફૂ...ફ કરતાં ઊડી પડે."

માલાની ડોશીએ કહ્યું: "માણસ જેવું માણસ શા સાટુ ગોરાને વા'ણે ન જાય? સૌ જાય છે ને આવો જણ ઘેર પડ્યો રહેશે?"

"ક્યાં નાંગરેલ છે ગોરાનું વા'ણ?" માલાનું મન પીગળ્યું.

"મોટે દરિયે – આંહીંથી આઠ દા'ડાનો રસ્તો."

"માલાએ કુત્તાગાડી તૈયાર કરી. આબા પોતાનાં બે બચ્ચાં લઈને બખોલમાંથી નીકળી. ચામડાંની થપ્પીઓ તેમ જ સુંવાળા પશુપંખીનાં રૂંછાનાં થેલા કુત્તાગાડીમાં ખડકીને પછી તે ઉપર માલાએ બે બાળકો સાથે આબાને બેસાડી. માલો ગાડીની પછવાડે ધરાળ કરતો ઊભો. અગાડી માલાના નાનેરા ભાઈએ કુત્તાની રસી હલાવી કુત્તાને ડચકાર્યાં.

બરફનાં ડુંગરા ખૂંદતી જ્યારે ગાડી ગામડેથી અદશ્ય બની, ત્યારે ગામની બૈરીઓએ વાતો કરી, કે "જોજો ને! આબાનાં રૂપ માથે વા'ણનો ખુદ માલેક જ મોહી પડશે. આબા કોણ જાણે કેટલો ય માલ લઈને પાછી આવશે!"

[3]

ગોરા સોદાગરનું જંગી જહાજ કાળા ઓળાયા પાડતું ઊભું હતું. દૂરથી અને નજીકથી દેશી લોકોનાં ત્યાં જૂથ મળ્યાં હતાં. કિનારાનું ગામડું નવી વસ્તીથી છલોછલ ભરાઈ ગયું હતું. ગોરો સોદાગર દિવસ ને રાત જહાજમાં જાતજાતનાં ચામડાં, રૂંછાં ને પીછાંની થપ્પીઓ ખડકાવી રહ્યો હતો. દેશી જુવાનો આભલાં, ગલપટા કે બંદૂકોની લાલચે દિનભર શિકારે ચાલ્યા જતા હતા. ઓરતો જહાજના અફસરોને રીઝવવામાં રોકાઈ જતી.

દેશીઓની અને ગોરા સોદાગરની વચ્ચે દુભાષિયાનું કામ કરનાર એક કાણિયો દેશવાસી હતો. ગોરાઓની ભાંગીતૂટી બોલી એને આવડતી હતી, પણ એની સાચી આવડત તો દેશવાસીઓનાં કલેજાંમાં ગોરાઓની મહત્તાનું કામણ રેડવામાં રહેલી હતી. આજ માલો લોભાઈ આવ્યો છે એ તો કાણિયાને આખો મુલક સર થઈ ગયા જેટલા સુખની વાત થઈ પડી હતી.

"માલા ગ્રેટેસ્ટ હન્ટર, સર, ઍન્ડ હિઝ વાઇફ ગ્રેટેસ્ટ બ્યૂટી, સર! (માલા અજોડ શિકારી છે, ને એની બાયડી અમારી આખી કોમમાં સહુથી વધુ રૂપાળી છે.)"

એમ કહીને એણે સોદાગરની કેબિન સુધીનો સીધો રસ્તો માલાને માટે ખુલ્લો કરી આપ્યો.

"કમ ઇન! કમ ઇન! સિટ ડાઉન! સિટ ડાઉન!" (આવો! આવો! બેસો! બેસો!) એવાં મીઠાં સ્વાગત-વચનો કહીને સોદાગરે માલાને, આબાને અને નાનાં બચ્ચાંને પોતાના ખાણાના મેજ પર બેસાડ્યાં; અને થીજી ગયેલ શ્વેત સાગર-સપાટી પર પ્રભાતની ગુલાબી ઝાંય પડે તેવી સોહામણી મુખમુદ્રાવાળી આબાને જ્યારે સોદાગરે નિહાળીને દીઠી, ત્યારે તો 'લવલી ગર્લ, લવલી ગર્લ!' (કેવી ખૂબસૂરત છોકરી!) એવા ઉદ્ગાર સાથે એણે મેજ પરની રકાબીઓ મિષ્ટ વાનીઓથી છલોછલ ભરી દીધી.

માલાએ અવતાર ધરીને આજ પહેલી જ વાર વનસ્પતિનાં પકવાનો ચાખ્યાં: લીલા વટાણા, માખણ, રોટી ઉપર લીંપેલો સફરજનનો મુરબ્બો, બટેટાંની કાચરી, અને અહોહોહો – ગુલાબી તેમ જ કેવડે મહેકતો આઇસ્ક્રીમ! જીભ ઉપર જાણે કરવત ચાલી રહ્યું હોય એવી શંકા કરાવતી એની ઠડકની પછવાડે જ પાછું ધીરે ધીરે મોંમાં અમીઝરણાં વહાવતું દૂધલ માધુર્ય! – ખાતાં ખાતાં માલો જાણે કે કોઈ ભુલભુલામણીમાં ભ્રમણ કરતો હતો, ને કાળિયો દેશભાઈ માલાની આ મીઠી મૂંઝવણ દેખી ખૂબ ખૂબ હસતો હતો.

પછી માલાનો માલ તપાસવામાં આવ્યો. હિમપ્રદેશના સાબરોની રેશમ-શી સુંવાળી, ટીબકી, લેરિયાં, મગીઆ, પાંદડી વગેરે કંઈક કંઈક ભાત્યોથી શોભતી એકસો જેટલી ચામડીઓનો ખડકલો થયો ત્યારે માંડમાંડ રાઇફલનું ભરતર પૂરું થયું. કારતૂસોની પેટી આપીને ગોરા સોદાગરે માલાની કનેથી એક કોથળો ભરી સફેદ રૂંછાં પણ સેરવી લીધાં. બંદૂક અને કારતૂસોનો માલિક બનેલો માલો પ્રસન્ન મર્દાનગીનો અપરૂપ અવતાર દેખાયો. એની ભુજાઓનાં પેશીદાર લોહીમાંસ કોઈ અપૂર્વ વીરરસભર્યા છંદની છોળો મારવા લાગ્યાં. કંગાલ, જંગલી હિમપ્રદેશનાં જળચરોનાં ગંધાતાં ચામડાંઓની આટલી કીમત અંકાય છે તેની જાણ એને આજ પહેલી જ વાર પડી. વિદેશીઓનાં દિલભરી મહોબ્બતનો એ ગુલામ બની ગયો. દૂર પડેલી સભ્ય દુનિયાનાં નવાં નવાં રાચરચીલાં મેળવવા માટે માલો પાગલની પેઠે શિકારે ચડ્યો. ત્યાં જ એણે બખોલ બાંધી.

*

"મા – આ – લા! મા – આ – આ – હા – લા! મા – લા!" એવા વિચિત્ર સૂરો બોલતી, અને જીવનમાં કદી ન હસેલી એવું અજબ હાસ્ય કરતી આબા એક દિવસ જરા મોડી રાતે બખોલમાં દાખલ થઈ.

માલો વિસ્મય પામીને જોઈ રહ્યો : આબાને આ શું ચેન ઊપડ્યું છે? આબાની આંખો ઘેનઘેરી, ચહેરો લાલચોળ, શરીર રગદોળાયેલ, ને આવા ખિલખિલાટ : આવા વિચિત્ર અવાજ : આવી નવીન ચેષ્ટાઓ : આ શું?

આબા ઢળી પડી. જાણે કોઈ સુખભરી મૂર્છામાં પડી.

માલાએ આબાને ઢંઢોળી : "આબા! આબા! ઘેલી આબા!"

આબા નથી જાગતી.

માલાએ આબાના માથાની એક લટ ખેંચી કાઢી. બીજી લટ ખેંચી ત્યારે માંડ આબા જાગી.

"હી – હી – હી – હી – મા – આ – લા! આમ તો જો, મા – લા!"

એવાં ગાંડાં કાઢતી આબાએ પોતાનાં કપડાંમાંથી એક ચીનાઈ પ્યાલો કાઢ્યો : "જો, મા-લા! કેવું મળ્યું! કેવું સરસ! કોણે દીધું, કહું? નહિ કહું, નહિ કહું! આ-હા-હા-હા!"

આબા હજી જાણે કોઈક માદક માનવસ્પર્શની કેફી લાગણી અનુભવતી હતી.

"ને જો, માલા! મા...આ...આ...લા! જો. છે તારે આવું? હી...હી...હી...હી!"

માલાએ નજર કરી : આબાના હાથમાં એક ચામડાનું પાકીટ હતું.

"કોણે દીધું? નહિ કહું! નહિ કહું!"

ઓરતનું આવું બેભાન સ્વરૂપ માલાએ પહેલી જ વાર દીઠું. આબાના મોંમાંથી નીકળતી કોઈક ઘાટી દુર્ગંધ બખોલને બહેકાવી રહી હતી.

માલાને કશી જ ગમ પડી નહિ કે આ શું થયું છે! ફક્ત એટલું જ, કે આબાના આજ રાતના હવાલ એને ગમ્યા નહિ. આબા કોઈ ભૂત-પલીતના ઓછાયામાં તો નહિ આવી ગઈ હોય? એથી અધિક કલ્પના એની

ચાલી નહિ.

પણ ભોળો માલો પ્રભાતે આ વાત વીસરી ગયો, અને સોદાગરની પાસેથી નવું કશુંક મળવાની લાલચે એણે એક જબ્બર શિકારની સેલગાહે મછવો ઝુકાવ્યો. સાગરની મહારાણી વહેલ માછલીના શિકારનું એ પરિયાણ હતું. જેના પૂછડાની થપાટે દરિયો થરથરે, અને જેવું તેવું જહાજ ભુક્કો બની રસાતલ જાય, એવી લોખંડી, વિકરાળ અને કાળદૂત જળ-ચુડેલને એના પચાસ ગજ લાંબા વજ્રમઢ્યા શરીરના કયા બારીક મર્મભાગમાં ભાલો ભોંકવાથી મહાત કરી શકાય તેનું જ્ઞાન માલાને બરાબર હતું. માલાનો નાનકડો ભાલો આજ એ અચૂક નિશાન લેવા માટે ચકચકતો હતો.

ઘણે દૂર જવું પડ્યું. સાંજે મછવો ઘેર આવ્યો નહિ. રાત પડી. આબાએ બાળને ઊંઘાડી દીધું.

રાતે આબા બખોલમાં નહોતી.

પરોઢ થયું ત્યારે કાળા પડછાયા પાડતા વિદેશી જહાજની એક કૅબિનમાંથી આબાને કોઈએ બહાર હડસેલી દીધી. જહાજના ગોરા ખલાસીઓના ખિખિયાટા વચ્ચે આબા લથડિયાં લેતી લેતી, પુલ પર પટકાતી, પાછી ઊઠતી ધરતી પર પગ ઠેરવવા મથન કરતી, અને 'માલા! માલા! માલા!' એવા રુદનભર્યા સાદ પાડતી એ ચાલી નીકળી, દૂર દૂર જઈને એક ટેકરી ઉપર એનું કલેવર ઢગલો થઈ પડ્યું. એનું કાળું કુડતું દૂરથી એને દરિયાઈ માછલીનું સ્વરૂપ આપતું હતું. માદક ગંધ એના મોંમાંથી ભભકતી હતી. આંખોનાં પોપચાં ઉપર જાણે અક્કેક મણની શિલાઓ ચંપાઈ ગઈ હતી. વખતોવખત એનાં મોંમાંથી ફક્ત આટલો જ બોલ સંભળાતો હતો : 'માલા!' 'માલા!' 'માલા!'

તે પછી થોડે જ સમયે દૂરથી બે તીણા ગોળીબાર થયા. આબાનો દેહ વીંધાઈને ટેકરીની બીજી બાજુ ઢળી પડ્યો. પોતે કોઈક મોટું જાનવર માર્યું છે એવો હર્ષ પામતા ગોરાં શિકારીએ આવીને જોયું : એણે એક માનવીનો શિકાર કર્યો હતો. આંખો ઉપર હાથના પંજા ઢાંકીને એ નાસી છૂટ્યો; જહાજમાં ચડી ગયો.

બરાબર તે જ વખતે પચીસ કોસ ઉપરના ઊંડા દરિયામાં જળચરોની મહારાણી વહેલ માછલીનું પુચ્છ વજની માફક પાણી પર વીંઝાતું હતું. બે મછવાની સાંપટમાં એ દરિયાઈ હેડમ્બાને ભીડતો ભીડતો માલો નજીક ને નજીક વધતો હતો. વહેલના પછડાટા પાણીમાં મોભારા મોભારા સુધીની ઊંચી દેગ ચડાવતા હતા. બેઉ મછવા એ જળ-ડુંગરા ઉપર ચડતા, ને પાછા નીચે સરતા પેંતરા ભરતા હતા.

આખરે નજીક જઈ પહોંચી માલાએ જળ-રાક્ષસીને એક જ ભાલે પરોવી દીધી. એના મરણ-પછાડા શમી જતાં બપોર ચડ્યા. એને કિનારે લઈ જઈ કુહાડાથી કાપતાં દિન નમતો થયો. બેઉ મછવામાં માછલીના કલેવરના ભારા લાદી સાંજે જ્યારે માલો પાછો ગામડે પહોંચ્યો, ત્યારે એણે દેશભાઈઓને આજના મોટા વિજયની વધામણી પોકારી.

પરંતુ ગામલોકોએ આજે એના પ્રતિઘોષ પુકાર્યા નહિ. મરદો, સ્ત્રીઓ ને બાળકો, તમામ પીઠ ફેરવી ગયાં.

માલાએ ગામમાં મસાણની નીરવતા દીઠી. નક્કી કંઈક બન્યું છે: કોઈક નીંદર ગળી ગયું લાગે છે.

ઊપડતે પગલે એ પોતાની બખોલમાં ઊતર્યો. દીકરા ગમગીન ચુપકીદીમાં બેઠા હતા. ચોગમ ફરી વળ્યો. આજનું પરાક્રમ જેને સંભળાવવું હતું તે ક્યાં ગઈ?

"ક્યાં ગયાં માનવી? કોઈકનાં માનવી કેમ કળાતાં નથી!" માલાએ બહાર નીકળીને આ અબોલ ટોળાને પૂછ્યું.

ધીરેથી એક જણે જવાબ દીધો: "માલાનાં માનવી નીંદરમાં પડ્યાં."

માલો પાછો વળ્યો. બખોલમાં ઊતર્યો. બચ્ચાંની પાસે બેઠો. નીચે ઢળેલ નાના બાળકને તેડી લીધું. ગોદસરસું ચાંપ્યું. કોઈએ એકબીજાને કશું કહ્યું નહિ.

કૂબામાં ઊભો રહીને માલો પુકારી ઊઠ્યો: "આ...બા!"

કૂબાએ એનાં ચાંદુડિયાં પાડ્યાં. ફરીને એ બહાર નીકળ્યો. પૂછપરછ કરી:

"માનવી કેમ કરીને નીંદરમાં પડ્યાં?"

"ગોરાની બંદૂકે માનવીના લમણામાં નીંદરું ભરી દીધી."

પછી એણે આબાની બધી ખાનાખરાબી સાંભળી : એને જહાજના માલિકની કેબિનમાં દારૂ ઢીંચાવી, ભાન ભુલાવી, એના શરીરને રોળી નાખી પ્રભાતે બહાર ફગાવી; ને પછી એ 'માલા! માલા!' પોકારતી પશુવત્ હાલતમાં વગડે ગઈ, પશુની છેલ્લી દશાને પામી, તે બધી હકીકતે માલાના કલેજાનાં પાતાળ વલોવી નાખ્યાં. ચહેરા પર ખામોશ રાખીને એણે કુત્તાગાડી જોડી. ઘર ઉપાડી લીધું. બચ્ચાંને ગાડીમાં ભર્યાં. પાદરમાં ગાડી થોભાવીને એ એકલો જહાજ પર ચડ્યો.

સોદાગરની કેબિનમાં તે વખતે શબ્દોની ગરમ ટપાટપી ચાલી રહી હતી. એક હતો ખુદ સોદાગર, ને બીજો હતો એનો ગોરો નાવિક, કે જેની બંદૂકની ગોળીએ આબાના દેહ ઉપર થાપ ખાધી હતી.

"સાહેબ!" નાવિક માલિકને સમજાવી રહ્યો હતો : "ભૂલ ભૂલથી પણ આપણા હાથે અધમ કૃત્ય થઈ ગયું છે."

"તારા હાથે."

"મારી ભૂલનું મૂળ કારણ આપ છો. આપે જ એ ઓરતને બૂરી હાલતમાં આણી મૂકી હતી."

"તે હવે શું છે?"

"એનો ધણી ઝૂરે છે, એની આપણે ક્ષમા માગવી જોઈએ. એને નુકસાની ભરવી જોઈએ. એ રડતો ઊભો છે. એને એની ઓરત પર કેટલો પ્યાર..."

"પ્યાર!" સોદાગરે તિરસ્કારભર્યું અટ્ટહાસ્ય કર્યું : "આ જંગલી પશુને એની સ્ત્રી પર પ્યાર! એકાદ કાંસકા માટે, અરીસા માટે ને કટોરા માટે ઓરતોને રાજીખુશીથી મોકલનારા આ ભડવાઓનાં દિલમાં પ્યાર! ચાલ્યા જાઓ અહીંથી. એને અહીં ન લાવશો."

સલામ કરીને ગોરો શિકારી બહાર નીકળ્યો – અને એ આવ્યો : કદાવર, ઠંડોગાર, જીવતોજાગતો જ્વાલામુખી દાખલ થયો : મક્કમ ડગલાં

દેતો દેતો : આંખોના ખૂણામાં હાસ્યની જ્વાલા જલાવતો એ આવ્યો : વહેલ માછલીની ચીકણી ચરબીમાં ગઈ કાલે જ નહાયેલો ભાલો એના હાથમાં છે.

"કેમ? શું કામ છે?" સોદાગરે પ્રથમ પડછાયો દીઠો – પછી દીઠો માલાને : કાળમૂર્તિ સમો દીઠો : ઠંડીગાર બે આંખોમાં ઝનૂન જલતું દીઠું : દબાવેલા દાંત દીઠા.

"કંઈ નહિ, ફક્ત આ ભાલો પાછો સોંપવા આવ્યો છું."

કાળમૂર્તિ માલો આગળ વધ્યો; સોદાગરની છાતી થડકી ઊઠી. માલાએ ભાલો ઉઠાવ્યો.

સોદાગરના હાથમાંથી છૂરી છૂટી. માલાના ખભા ઉપર ખૂંચી ગઈ.

ત્યાં તો માલાએ ભાલો સહીસલામત સોંપી દીધો હતો. સોદાગરનો દેહ થોડી વાર તરફડીને શાંતિ પામ્યો.

પોતાના ખભામાંથી માલાએ છૂરી ખેંચી કાઢી બહાર નીકળીને એણે કુત્તા-ગાડી હાંકી મૂકી, સોદાગરના કલેજામાં ભાલો પ્રશ્ન કરી રહ્યો હતો : 'પ્યાર! ઓરતોના વેપાર કરનારા આ ભાડખાયાઓને પ્યાર!'

[4]

આઠ દિવસ પછીની એક સાંજરે ગામના કુત્તાનું 'ડા...ઉ! ડા...ઉ!' કલ્પાંત ઊઠ્યું. ગામલોકો બહાર નીકળ્યા.

આંખો ઉપર નેજવાં કરી કરીને સહુ એ નવી દોડી આવતી કુત્તા-ગાડીને ખોળવા મથતાં હતાં. ત્યાં તો –

"માલો! નક્કી માલો આવ્યો!" એવો હર્ષોદ્ગાર નીકળ્યો.

"સાચો! સાચો! ઈવાએ ઓળખી કાઢ્યો!" ગાડી નજીક આવતાં લોકોએ ચસ્કા કર્યા.

ઇવા – બે ઓરતોવાળા આશ્રિત દોસ્તની નાનેરી બાયડી – એકીટશે નીરખી રહી : "માલો આવ્યો!"

"માલા! માલા!" ગામલોકોનો ઘેરો બંધાઈ ગયો : "બહુ રોકાણા, માલા! ગામ ભૂખે મરતું થઈ ગયું, માલા!"

"સમાચાર પોગ્યા'તા મને." માલાએ ડોકું ધુણાવ્યું. સૂનકાર ચહેરે

એ ઊભો રહ્યો.

"અરે, પણ ગાડીમાં માનવી કાં ન મળે?" લોકોએ ગાડીમાં એકલાં બાળકોને દેખીને પૂછ્યું.

"માનવીએ નીંદર પીધી." માલો હજુ ઊભો હતો.

લોકોનાં મોં નીચે નમ્યાં.

"પણ – પણ – માનવીની બુઢ્ઢી મા કાં નથી આવી બેટાને સામે લેવાને?" માલાએ પૂછ્યું.

"બુઢ્ઢીને તો બરફમાં સુવાડ્યાં આજ પંદર દી થઈ ગયા, માલા!"

લોકોએ પીઠ ફેરવી મૂંગો શોક દર્શાવ્યો.

*

બચ્ચાં સૂતાં છે. બરફ ખૂંદી ખૂંદીને ઊતરડી નાખેલ જોડાને સાંધવા માલો માથાકૂટ કરે છે. પણ જળ-દાનવોને ભાલો મારવા સરજાયેલી આંગળીઓ ઝીણી વાધરીઓને સૂયાના છેદમાં પરોવી શકતી નથી. જોડા સાંધનારી સાંભરે છે. જીવ જંપતો નથી.

સામે બેઠેલી એની કૂતરી કુરકુરિયાંને ધવરાવી રહી છે. અસહાય ને અટૂલા માલિક પ્રત્યે મૂંગી કરુણતાની નજરે કુત્તી તાકી રહી છે.

"અરેરે, કુત્તીબાઈ! પગરખાંને સાંધી ન શકે એવી ઓરત શા ખપની?"

એટલું બોલીને ઊંડો નિઃશ્વાસ નાખતો માલો ઊઠ્યો. પાડોશીના કૂબાના દ્વાર કને જઈ એણે બહારથી સાદ પાડ્યો: "...બાઈ! માનવીને કોઈ પગરખાં સાંધી આપશો?"

"માલા!" બહાર ઊભેલા પાડોશીએ ઉત્તર વાળ્યો: "માનવીને મરવાનુંય વેળુ ક્યાં રિયું છે? આમ જો તો ખરો, ભાઈ!" એટલું કહીને કૂબાનો પડદો એણે ઊંચો કર્યો: અંદર તાજી સુવાવડ આવી હતી એની સાક્ષી પૂરતું બચ્ચું 'ઉં-વાં! ઉં-વાં' કરતું હતું. ઓરત ઘાંઘી થઈને બેઠી હતી.

પગરખાં હાથમાં લઈને માલો ગૂમશાન જેવો પોતાના કૂબાની બહાર

ઊભો થઈ રહ્યો. કાલે સવારે તો શિકારે નીકળ્યા વિના ચાલવાનું નહોતું. નહિ તો ગામ ભૂખે મરશે!

મિત્ર-પત્ની ઇવાએ પોતાના કૂબા પરથી માલાને દીઠો. એણે ધણીને સાદ પાડ્યો; કહ્યું : "માલો તમારો આગેવાન શિકારી : ગામ બધાને બરકત કરાવનાર : ને એનાં પગરખાં સાંધી દેનાર કોઈ માનવી ન મળે? કેવી વાત!"

ભાઈબંધ માલાની પાસે ગયો, પૂછ્યું : "માલા! માનવી મૂંઝાઈને શીદ ઊભું છે? પગરખાનું સાંધનાર જોવે છે ને?"

જવાબમાં માલાની મોટી આંખો ભીની બની.

"ઇવા!" ભાઈબંધે પોતાને કૂબે સાદ કર્યો : "તમે બેય જણીઓ આંહીં આવજો તો!"

બેઉ આવીને ઊભી રહી : એક હી-હી-હી-હી હસ્યા કરનારી જાડીપાડી જૂની; ને બીજી નવી ઇવા, જેને ગાલે શરમના શેરડા પડતા હતા : આંખો જેની હંમેશાં છૂપું છૂપું જ જોવાનું ચોરી લેતી હતી.

"આમ જુઓ!" ધણીએ કહ્યું, "માલાને જોડા સાંધી દેનાર કોઈ ન મળે. તમને બન્નેને દયા નથી આવતી?"

"હી-હી-હી-હી!" નિર્દોષ દુત્તું હાસ્ય કરતી મોટેરી ઓરત માલાનાં નેત્રોને પોતાના તરફ ખેંચવા મથી રહી.

પણ ધણીએ જોયું કે ઇવાની આંખોમાં માલા પ્રત્યે ઊંડો ઊંડો આત્મીય ભાવ ઊભરાઈ રહેલ છે.

"માલા!" એણે મોટેરીને ધકેલી દૂર રાખી, ઇવાને નજીક લઈ કહ્યું, "આ નવી શરીરે તો જાડીપાડી નથી; પણ એની સોય તો જોજે! માછલીને વેગે ચાલશે!"

એટલું કહી, રડવા જેવી થઈ ગયેલી જૂનીને લઈ એ પોતાના કૂબામાં ચાલ્યો ગયો.

પોતાના કૂબાના બાર પાસે માલો બેઠો. સામે ઇવા ઘૂંટણભર બેસીને માલાના જોડાને ટેભા લેવા લાગી. સાંધતાં સાંધતાં એની આંખો માલાના

મનોભાવ તપાસ્યા જ કરતી હતી. પણ શિકારીના મોં પર ગંભીર શાંતિ પથરાયેલી હતી.

પગરખાં સાંધીને ઇવાએ માલાના પગ પાસે ધરી દીધાં – ભક્ત દેવતાને ચરણે પુષ્પો ધરે એવી અદાથી.

માલાએ પગરખાંની એ સુંદર સિલાઈ નિહાળી ફક્ત આટલું જ કહ્યું : "માવિહોણાં બચ્ચાંનો બાપ આ ગુણ કેમ ભૂલશે?"

જવાબમાં ઇવા નીચું જોઈને બોલી : "બાળવિહોણી ઓરતનું અંતર ઠરીને કેવું હિમ થયું!"

છતાં હજુ માલો સળવળતો નથી.

ઇવા ઊઠીને માલાના કૂબામાં ઊતરી ગઈ. થોડી વાર વાટ જોતી બેઠી, છતાં માલો આવ્યો નથી.

એણે સાદ દીધો : "માલા!"

"ઇવા! બહાર આવ." માલાએ હાક મારી.

બહાર આવીને ઇવાએ માલાના ઠંડાગાર મનોભાવ જોયા, પૂછ્યું : "માનવીને કો'ક માનવીની જોડે સૂવું બેસવું નથી ગમતું શું?"

ગળામાં મૃત પત્ની આબાનું શંખલાંનું આભરણ પહેર્યું હતું, તેને પહેરણની નીચેથી બહાર ખેંચીને માલો પંપાળતો હતો. એણે દર્દભર્યો ઉત્તર વાળ્યો : "માનવીને સૂતેલાં માનવી સાંભરે છે."

ભારે હૈયે ઇવાએ ત્યાંથી કદમો ભર્યાં, પાછી ધણીને કૂબે ગઈ.

"કાં? ખી-ખી-ખી-ખી!" જૂની હસતી જ હતી.

"કેમ પાછી આવી, ઇવા?" ધણીએ તાજ્જુબ બની પૂછ્યું.

"માનવીને માનવી નથી ગમતાં." ઇવાએ ઉત્તર દીધો.

ધણી માલાની પાસે આવ્યો. દુભાયેલા સૂરે કહ્યું : "માલાએ અમારા શા અપરાધે અમારું અપમાન કર્યું?"

શંખલાંની માળાને પંપાળતો બેઠેલ માલો કશો ઉત્તર આપી શક્યો નહિ. કોઈ અપરાધીના, કોઈ નગુણા મનુષ્યના દીદાર એના મોં પર તરવરતા હતા. એના હૃદયમાં જૂના પ્યારનાં સંભારણાં તથા નવા પ્યારના સમર્પણની

ભવ્ય ભક્તિ વચ્ચે એકજંગી સંગ્રામ ચાલતો હતો. દુભાયેલો સ્નેહી ઊભો જ હતો; રાતો તાતો થઈને જવાબ માગતો હતો : "અમને અપમાન્યા શા માટે, માલા?"

માલો એટલું જ બોલી શક્યો : "સૂતેલાં માનવી સાંભરે છે."

એકાએક આકાશમાં પક્ષીના ઘેર ઊડ્યા. માલાની નજર ઊંચે ગઈ. એણે પંખી ઓળખ્યાં. પાંખોનાં અને ચાંચોના રંગો પારખ્યા. જંગલી જીવનનો એ વિજ્ઞાનવેત્તા ઊઠીને હાકલા કરવા લાગ્યો : "હાલો ભૈયા! હાલો ઝટ! આ પંખીડા નિશાની કરે છે કે સાબરનું એક જબરું ધણ ડુંગરાને પેલે પેટાળથી આણી મેર ચાલ્યું આવે છે. હાલો! હાલો! હાલો!"

"હાલો! હો-હો! હો-હો!" એવા ચસ્કા પાડતાં ગામલોકો ડગલા ચડાવી, તીરકામઠાં લઈ, હોડી ઉપર ચડી બેઠાં. ડુંગરા ઉપર દોટાદોટ ને રીડેરીડ મચી રહી.

[5]

"આઠ મહિનાનું બળતણ સંઘરી લીધું ગામે. એ બધા પ્રતાપ માલાના! માલો થાવો છે ક્યાંય!"

આવી વાતો કરતા લોકો ઢોલક બજાવે છે. સાબરનાં શીંગડાં માથા પર પહેરીને નૃત્ય કરે છે. શરૂ થતા શિયાળાનો આઠ મહિના સુધીનો સામનો કરવા માટે સાબરનું છેલ્લું ધણ હાથ કરી શક્યા તે માલાની જ બુદ્ધિચાતુરીનો પ્રતાપ હતો. વનસ્પતિના એક તરણાથી પણ બેનસીબ એવા એ બરફમય મુલકમાં હાડકાં અને શીંગડાંનાં જ ઇંધણાં હતાં. ચોકમાં શીંગડાંનો ઢગ ચડ્યો હતો.

લોકોના ગુલતાનમાંથી એકલો પડીને માલો ઊભો છે. એની આંખો શીંગડાંના ઢગ ઉપર ચોંટી છે. એના મગજમાં કશાક ભણકારા ઊઠે છે. ધીરે ધીરે એ ખોપરીઓના ઢગલામાંથી જાણે કોઈક માનવીનું મોં પ્રગટ થાય છે. માલો એ ચહેરાને પારખે છે : જહાજના પોતે ખૂન કરેલા ગોરા સોદાગરનું જ એ પ્રેત છે જાણે.

માલાએ આંખો ચોળી, માથાના કેશ પંપાળ્યા. લલાટ પર હાથ

ફેરવ્યો. તોયે પ્રેત દેખાયા કર્યું.

"અરે, અરે, માલા!" ભાઈબંધે આવીને આ ગભરાટ દેખી કહ્યું, "માલા જેવો બહાદુર બાણાવળી આમ ચમકે છે કોનાથી?"

"ભાઈ! જાનવર મને મનખ્યા રૂપ ધરતું દેખાણું. શું કરું? તમે બુઢ્ઢા માણસો મને આ પાતકમાંથી છૂટવાનો કોઈ ઇલાજ નહિ બતાવો?"

"જો માલા! દેવને ડુંગરે જઈ દેવ પાસે નવું નામ પડાવી આવ. દેવ નવું નામ દેશે તો તારો નવો અવતાર લેખાશે. પછી તને ગોરાનું પ્રેત નહિ સંતાપે."

માલો દેવ ડુંગરે ચાલ્યો. પથ્થરોની ઊંચી બે દેરડી ઊભી કરી હતી. ત્યાં દેવતા હોંકારો દેવા ઊતરતા એવી દરિયાઈ લોકોની માન્યતા હતી.

દેરડી પાસે ઊભા રહી, બે હાથ વાદળ તરફ ઊંચા કરી માલાએ અરજ ગુજારી: "ભગવાન! એઈ ભગવાન! હવે મારો કાંઈક છૂટકો કર ને, બાપ! મારું નવું નામ પાડ ને હવે! હું તો કાયર થઈ ગયો છું, હવે કાંઈક જવાબ દે, કાંઈક હોંકારો દે તારા બાળને; એઈ ભગવાન!"

દેરડીની ઓથે લપાઈને ઊભેલું એક માનવી માલાની આ આર્તવાણીમાં પોતાના હૈયાના મૂંગા કાકલૂદી-સ્વરો મિલાવી રહ્યું હતું. માલાને એ ખબર નહોતી.

"કાંઈક તો હોંકારો દે, ભગવાન?" માલો રાહ જોતો હતો.

'કિરકી...ક! કિરકી...ક! કિરકી....ક' એવા ચીંકાર કરતી એક ચીબરી એ નિર્જન સ્થાન પર ભમવા લાગી.

"શું? શું કહ્યું? કિરપીક?" માલાએ એ બિહામણા મોંવાળા ભેરવ-પંખીની ચીસમાં દેવવાણી કલ્પી.

ફરીને પંખીએ માથા ઉપર આંટા દીધા, ને ચીંકાર કર્યા: કિ-રકી-ક! કિ-રકી-ક!

"હાં, હાં, કિરપીક: કિરપીક! કિરપીક: મારું નવું નામ કિરપીક!" માલો હર્ષાવેશમાં આવી ગયો: "માલો મરી ગયો, કિરપીક જન્મી ચૂક્યો: હો-હો-હો-હો-હો!"

ને નવજન્મનું નૃત્ય ચાલ્યું : ભુજાઓ લંબાવી લંબાવી, નવી તાકાત અને નવા રુધિર-પ્રવાહની છોળો અનુભવતો માલો જંગલ-નૃત્ય કરવા લાગ્યો : "ઝા...ઝ ઝા!ઝ ઝા! ઝા...ઝ ઝા!" અને એની પછવાડે ઊભું ઊભું બીજું એક માનવી પણ દેહના કોમલ લહેકા કરતું એ ભૈરવી નૃત્યમાં લાલિત્યભર્યો તાલ દેવા લાગ્યું.

ઓચિંતી માલાની નજર એ બીજા માનવી પર પડી. સંધ્યાના ભૂખરા અંધકારમાં એને પિછાન પડી. એ હતી રૂપાળી પ્રેયસી ઇવા.

બન્ને એકબીજાથી શરમીંદાં બનીને ઊભાં થઈ રહ્યાં. ઇવાનું સોહામણું મોં નીચે નમ્યું. માલા ઇવાની નજીક ગયો.

"ઇવા, ઇવા! તું ક્યારની આવી છો? શા સારુ આવી?"

"માનવીની પછવાડે પછવાડે : માનવીને સુખી કરવા."

"ઇવા!" માલો નાચી ઊઠ્યો : "સુખનો મારગ મળી ગયો. માલો નીંદર કરવા ચાલ્યો ગયો. હવે તો આ માલો નથી, ઇવા! કિરપીક છે! ચાલો, ઇવા! હવે સૂતેલાં માનવી નહિ સાંભરે."

હાથોહાથના આંકડા ભીડીને બેઉ જણાએ આથમતી વેળાના અંધકારમાં દેવડુંગરો મેલ્યો. ટેકરીઓ ઉપર ઠેકતાં સાબર જેવાં એ બે માનવીને નિહાળી દિવસ દિવસને ઘેર ગયો. બેઉને રાત્રીએ પોતાના અંધારપછેડામાં લપેટી લીધાં. ઇવા માલાના કૂબામાં ઊતરી ગઈ ત્યારે ગામડા ઉપર નિદ્રાની ચાદર પથરાઈ ગઈ હતી. શિકારીઓના થાકેલાં બદન પોતપોતાનાં 'માનવી'ને હૈયે હૂંફાતાં હતાં. શિયાળો મીઠાશ ઝરતો હતો.

ફક્ત એક જ કૂબામાંથી જાગ્રત માનવીના જાણીતા 'ખી – ખી – ખી – ખી' અવાજો જાણે કે ઇવાની ચુગલી કરતા હતા.

'ખી-ખી-ખી-ખી' અવાજ નજીક આવ્યો. ઇવાની જાડીપાડી શોક્ય પણ માલાના કૂબામાં ઊતરી. માલા-ઇવાની આજની પહેલી મિલન-રાતનું ટિખળ કરતી એ ત્યાં બેસી ગઈ; કહે કે "નહિ જ બહાર નીકળું; થાય તે કરી લ્યો! ખી – ખી – ખી – ખી!"

માલાએ કહ્યું : "હવે બેય જણીઓ જાય અહીંથી. અત્યારે માનવી

પોતપોતાના કૂબામાં જ રૂડાં લાગે."

ત્યાં તો બારણાનો પડદો ઊંચો થયો. બેઉ વહુઓનો ધણી દાખલ થયો. "માલા!" એણે પ્રસન્ન મુખથી કહ્યું. "નહિ. હવે તો બેય જણીઓ તારાં જ પગરખાં સીવશે. એક દી અમને જીવનદાન આપનાર ભેરુબંધને આજ હું આટલું અર્પણ કરીને ખૂબ સંતોષ પામું છું, ભાઈ!"

"અરે, અરે, ભાઈ! એવું તે હોય? માનવી ઓરત વિનાનો શું કરશે? ક્યાં જશે?"

"માનવી પોતાને અસલ ગામડે પોતાના કોમભાઈઓ ભેળો થઈ જશે; ને માલાને સુખી કર્યો એ વાતને સંભારી સંભારી સુખ પામશે, માલા!"

એટલું કહીને એણે પોતાની નવી-જૂની બન્ને ઓરતોને લલાટે લલાટ અડકાવી છેલ્લો પ્યાર દીધો: છેલ્લા બોલ કીધા કે –

"બેઉ જણીઓ માલાને સુખી કરજો: માલાનાં બચ્ચાં ઉછેરજો, ને માલાનાં પગરખાં સાંધજો. હું રજા લઉં છું."

[8]

બરફનાં ઝાપટાં ઝીંકાઈ ઝીંકાઈને દટ્ટણપટ્ટણ કરે છે. માલો અને એનો નાનેરો ભાઈ ચામડાંની કુંચલીઓ ઓઢીને કુત્તા-ગાડી હાંકતાં હાંકતાં વગડામાં જાનવરોને ઝાલવાના જાળ-ફાંસલા ગોઠવેલા છે તેની તપાસે નીકળેલ છે.

"આ કોણ દફનાયું વળી?" કહેતો માલો થંભ્યો. નજીકમાં એક કુત્તા-ગાડી બરફનાં દાટણમાં ઊંચી દટાયેલી પડી હતી. કુત્તા-ગાડી ઊભી રાખીને બેઉ ભાઈઓ ત્યાં ગયા; બરફનાં ઢેફાં ઉખેડી ઉખેડીને દટાયેલાં માણસોનાં મુરદાં ખુલ્લાં કર્યાં.

માલાએ નિહાળી નિહાળીને જોયું: બે શરીરો હતાં – દેશીભાઈઓનાં નહિ. ગોરાઓનાં.

"ચાલ, ભાઈ! ચાલ." માલાએ તિરસ્કારથી ચાલવા માંડ્યું; દાંત ભીંસ્યા; કુત્તા-ગાડીની લગામ હાથમાં લીધી, કુત્તાને ડચકારવા જાય છે, ત્યાં નાનેરો ભાઈ બોલ્યો: "પણ, ભાઈ! ગોરાઓમાં હજી જીવ છે, હો!"

"એ જ મોંકાણ છે ના?" માલાએ મોં બગાડ્યું.

પોતાનો માનવધર્મ વિચારતો એ ઊભો થઈ રહ્યો. ગોરો : એની આબાને દારૂ ઢીંચાવી આબાનું શરીર રગદોળનાર ગોરો : જંગલી માછીમારોને પોતાની ઓરત પર પ્યાર હોય એ વાતની ક્રૂર હાંસી કરનાર ગોરો : લોહી પીવાથી પણ વેરની તૃપ્તિ ન થાય તેવો ગોરો : અધમ આખી જાત ગોરાની...

છતાં – છતાં – બરફની જીવતી કબરમાં ગૂંગળાઈ ગૂંગળાઈને બે નિરાધાર માનવીઓ જાન હારી રહેલ છે. એનેય ઘેર આબા જેવી વહાલી ઓરત અને બચ્ચાં વાટ જોઈ રહેશે.

માલાના દાંતની ભીંસ છૂટી પડી ગઈ. એના મોંની કરડી રેખાઓ પોચી પડી. ભાઈને એણે કહ્યું : "હાલ્ય, ભૈયા! હાલ્ય, કાઢીએ એને બા'ર."

બેઉ જણાએ મહેનત કરીને બન્ને મૂર્છિત શરીરોને કુત્તા-ગાડીમાં ચડાવ્યાં; ગાડી પાછી ગામ ભણી લીધી.

ગામલોકોએ દોટાદોટ આવી પહોંચી બેઉ શરીરોને માલાના કૂબામાં લીધાં. માલાની બન્ને ઓરતો એ બેહોશ મહેમાનોનાં શરીરોને મર્દન, શેક વગેરે ગરમી આપનારા ઉપચારોમાં લાગી ગઈ.

[9]

બીજે દિવસે પરોણા શુદ્ધિમાં આવીને બેઠા હતા. માલાની બરઉ ઓરતો ગરમાગરમ શેકેલ માંસના ટુકડાને જીભ વડે ચાટી ચાટી ઠંડા કરતી મહેમાનોને ખવરાવી રહી હતી.

માલો કરડી મુખમુદ્રા ધારણ કરી બાજુમાં બેઠો બેઠો છુરી ઘસતો હતો.

ગોરા જુવાનોને તાજ્જુબી થાય છે : "આ માણસ શા માટે આપણી સામે કરડી નજર રાખી રહેલ છે? આપણને બચાવનાર એ પોતે જ છે, છતાં એને આપણા પ્રત્યે અણગમો કેમ છે?"

"પાછો છુરી સજી રહ્યો છે." બીજાએ કહ્યું.

"કાંઈક કુબુદ્ધિ તો નહિ હોય?"

માલાને બોલાવવાના પ્રયત્નો તેમણે કર્યા; પણ પ્રયત્નો એળે ગયા.

માલો છુરી ઘસતો રહ્યો.

હસતી હસતી બેઉ ઓરતો મહેમાનોને ગરમાગરમ ખોરાક દેતી હતી, અને મહેમાનો આ મુલકની ઉદાર મહેમાનદારીનો થોડો પરિચય ધરાવતા હોઈ તેમણે પોતાની સરભરા કરનારી સુંદરીઓના શરીરો સાથે જરા વિશેષ છૂટ લેવાનું શરૂ કર્યું. ઓરતોને મન પણ એ સહજ બાબત હતી.

પરંતુ માલાને એ વાત મંજૂર નહોતી. દોસ્તોને તથા દુઃખિતોને રાજીખુશીથી પત્નીઓ અર્પણ કરનાર આ સાગરબાળ દેશી ઓરતનું જીવન શરાબીમાં રોળનાર વિદેશીઓને માટે તો ભાલાનું જ આલિંગન મુનાસબ સમજતો હતો.

"હટો હટો અહીંથી, રંડાઓ!" એવી ત્રાડ નાખીને એણે બન્ને ઓરતોને દૂર ધકેલી નાખી. પછી એણે ગોરાઓ તરફ ભવાં ચડાવ્યાં; બોલ્યો: "અમારી ઓરતો ગોરાઓને સારુ નથી જીવતી."

બેઉ પરોણા સમજી ગયા; સમય વિચાર્યો; ભૂલ થઈ છે એવા દીન દીદાર રાખી કહ્યું: "અમે તમારી ઓરતો પર નજર નથી કરતા."

માલાએ સામે જોયું. ગોરાએ કહ્યું: "બધા ગોરાઓ એવા નથી. ખરાબ ગોરાઓ જ એવું કરે."

માલાને સમજ પડતી હતી. એના મુખભાવ સુંવાળા બનવા લાગ્યા.

પરોણાએ ઉમેર્યું: "અમે કાંઈ ખરાબ ગોરા નથી."

ગોરાની આ ભાંગીતૂટી દેશી બોલીને સમજેલ માલો થોડી વાર તાકી રહ્યો. વાણી માત્ર હંમેશાં દિલમાંથી જ વહે છે એવું એનું કુદરતી શિક્ષણ હતું. મહાસાગરે, પહાડોએ આસમાને અને પશુપક્ષીઓએ એને આ એક જ વસ્તુ કહ્યા કરી હતી: કે વાચા લાગણીમાંથી જ ઊઠે છે: વાચા સત્યની જ પુત્રી છે: માનવીને જબાન એક જ છે.

'માત્ર ખરાબ ગોરા જ એવું કરે છે' એ શબ્દોએ માલાના ધિક્કારમય અંધારિયા હૃદયમાં દીવો ચેતાવ્યો. એ હતો ઇતબારનો અને માનવપ્રેમનો દીવો. ઘેર આવેલા પરોણા પ્રત્યેની જે ધિક્કારવૃત્તિ આજે જીવનમાં પહેલી જ વાર માલાને કોઈ લાય બળતી રોમવેદના જેવી થઈ પડી હતી. તેમાંથી

જાણે એને ઓચિંતો કરાર વળ્યો. થીજી ગયેલા જળપ્રવાહ જેવું એનું હાસ્ય મોકળું થયું. ઊભરાતા બંધુભાવે એણે બેઉ ગોરાઓના હાથ પોતાના પંજામાં ચાંપી ચાંપી લગભગ હાડકાં ચગદી નાખ્યાં. અનોખું હાસ્ય ઢોળીને એણે આ 'સારા ગોરાઓ'ની સરભરા કરી.

[10]

ગોરાએ કહ્યું : "જો ભાઈ! મારું નામ હન : આનું નામ ટોમ. તારું નામ શું?"

"કીરપીક!" માલાએ હસીને નામ કહ્યું.

"અહીં એક માલો હતો ને, માલો!"

"માલો તો દેવ-ડુંગરે ગાયબ થયો."

ગોરા સમજ્યા કે માલો મરી ગયો. પરસ્પર એ બન્નેએ નિરાશાના નિ:શ્વાસ નાખ્યા : ફેરો ફોગટ!

"બહુ થઈ!"

એ જ વખતે ગામના કુત્તા ભસી ઊઠ્યા. નવી ચાલી આવતી કુત્તા-ગાડીના ખખડાટ સંભળાયા. આવનાર ઓળખાયો; ગોરાઓ હર્ષથી બોલી ઊઠ્યા : "આપણો કાણિયો દુભાષિયો."

માલાએ પણ ઓળખ્યો : "ઓહોહો – આવો આવો."

કાણિયાએ પૂછ્યું : "સાહેબ! તમને તો ગોતીગોતીને મારો ઠરડ જ નીકળી ગયો."

"અરે, યાર! અમે તો બરફનાં તોફાનમાં મૂવા પડ્યા હતા. આ કીરપીકની મહેરબાનીથી જ જીવતા રહ્યા."

"કીરપીક!" કાણિયાએ માલા સામે નજર કરી : "કીરપીક કોણ?"

ગોરાએ કહ્યું : "કેમ? આ ભાઈ જ કીરપીક છે ને?"

વિસ્મય પામેલા કાણિયા સામે માલો હસવા લાગ્યો. કાણિયો પણ હસવા લાગ્યો.

માલાનું હસવું ફક્ત એટલો જ સરળ અર્થ સૂચવતું હતું, કે દેવતાએ મને નવો જન્મ આપ્યો એ વાતની તને ખબર જ નથી ને, બેવકૂફ!

પણ કાણિયાના હાસ્યમાં તો જુદી જ કુટિલતા ભરી હતી. એણે ગોરાને કહ્યું : "એ પોતે જ માલો!"

"માલો! આપણે જેને હાથ કરવા આવેલ છીએ એ જ આ માલો?"

કાણિયાએ ભયાનક રીતે ડોકું ધુણાવ્યું.

[11]

કાણિયા દુભાષિયાની મારફત ગોરાની તથા માલાની વચ્ચે આ પ્રમાણે વાતચીત ચાલી :

"તેં છ મહિના ઉપર એક જહાજના સોદાગરને જાનથી મારેલો ખરો?"

"હા; એણે મારી આબાનું . ખતર રોળી નાખેલું."

"એ સંબંધમાં તને થોડાક સ‹ ‹ો પૂછવાના છે. તારે અમારે થાણે એક આંટો આવવું જોશે."

"હું તો કાંઈ નથી આવતો. પૂછવું હોય તો અહીં પૂછો."

"પણ પૂછનાર બીજા છે, ને એ ત્યાં વા'ણે આવવાના છે."

"એ તો નહિ બને."

"પણ અમારે તારું બીજું કાંઈ કામ નથી. સવાલો પૂછીને તને મોકળો કરશું."

"ના, ના."

"પણ, ભાઈ! તારાથી ના કેમ પડાય? અમે તારા મહેમાન થયા. તો તારેય અમારે ગામડે અમારો મહેમાન બનવું જોઈએ જ ને!"

"હા, ભાઈ! એ વાત ખરી. ચાલો, હું સહુને સાબદાં કરું."

એમ કહેતો માલો પોતાની ઓરતો કને દોડ્યો. હોંશે હોંશે, અને કોઈ પરમ ધર્મભાવના ધારણ કરીને કહ્યું : "ઇવા! જૂની! તમે સહુ સાબદાં થઈ જાવ. છોકરાંને સાબદાં કરો. આપણા ભાઈબંધો આપણને એને ગામડે તેડી જાય છે. આપણે જાવું જ જોઈએ ને? એ આંહીં રોકાણા ખરા ને!"

ગોરાએ કાણિયાને પૂછ્યું : "આ શું કરે છે?"

"બાળબચ્ચાંને ભેળાં લ્યે છે."

"નહિ નહિ. એણે એકલાએ જ આવવાનું છે."

માલાને આ વાત ગમી નહિ. એણે કહ્યું: "તો પછી મારે નથી આવવું."

"પણ, ભાઈ માલા!" કાણિયા દુભાષિયાએ માલાના હૃદયના મર્મભાગ પર ઘા કર્યો: "જો તું બચ્ચાંને ભેળાં લઈશ ને તો આ બચાડા બેય ભાઈબંધોની રોટી તૂટી જશે: એનો ઉપરી એને કાઢી મૂકશે."

"એમ...!" માલો વિચારમાં પડ્યો: "ત્યારે તો કાંઈ નહિ." ફરીથી માલો કૂબામાં દોડ્યો; જઈને ઓરતોને કહ્યું: "ઇવા! જૂની! તમે હવે સાબદાં થાશો મા!"

"કેમ, માલા?"

"બચાડા આપણા ભાઈબંધોની રોટી તૂટી જાય એવું છે; માટે હું એકલો જ જઈ આવું."

ઇવા ગમગીન ચહેરે ઊભી થઈ રહી; એટલું જ બોલી: "માલા! તુંને એકલો મૂકવાનું મારું દિલ ચાલતું નથી. આ ફેરા મને કાંઈ ગમ પડતી નથી."

"ઇવા! માલો ગિયો છે ત્યાંથી પાછો આવ્યા વિના કે'દી રિયો છે? એટલો ઇતબાર શું રહેતો નથી, ગાંડી?"

તૈયાર ઊભેલી કુત્તા-ગાડીમાં બાપુ સાથે જવા માટે ચડી બેસતાં નાનાં બચ્ચાંને ત્રણ વાર ઉતારી નાખી માલાએ રાશ હાથમાં લીધી; કુત્તાને ડચકાર્યાં.

[12]

છ મહિના ઉપર જ્યાં ગોરાનું જહાજ નાંગરીને એના કાળા ઓછાયા પાડી ગયું હતું, તે જ જગ્યાએ લાકડાની લાઇનબંધ કોટડીઓ ઊભી થઈ હતી; ઉપર વાવટો ઊડતો હતો. રાઇફલો, કારતૂસના પટ્ટાઓ, ચકચકિત ચાંદ-ચગદાં, ખાખી લેબાસ, પરેડ, પહેરેગીર, ઘોડેસવારી ઇત્યાદિ ચિહ્નો કોઈક નવા સ્થપાયેલા લશ્કરી મામલાનો ખ્યાલ કરાવી રહ્યાં હતાં. બ્યૂગલ બજતું, ઘોડા ડાબલા પછડાતા. ગોરા સોલ્જરો લશ્કરી સલામો ભરતા ને

સલામો ઝીલતા. સ્થળે સ્થળે ત્રણ અક્ષરો અંકિત હતા : 'સી. એમ. પી.' અર્થાત્ 'કેનેડિયન માઉન્ટેડ પોલીસ'. બરફ-પ્રદેશની છેલ્લી સરહદ ઉપર માલાના નવા દોસ્તોએ નવેસર ઊભું કરેલું આ લશ્કરી થાણું હતું.

અહીં માલો અમનચમન ઉડાવી રહ્યો છે. પાંઉ, રોટી, ઇંડાં, મુરબ્બા અને પુડિંગ--તરકારીની વાનીઓ જમે છે. દિવસ બધો શિકારે નીકળી પડે છે. ગોરાઓની બંદૂકો વડે નિશાન લેતાં એને આવડી ગયું છે.

એક દિવસની સંધ્યાએ એક જહાજનો પાવો વાગ્યો.

જેની રાહ જોવાતી હતી તે મહેમાન આવી પહોંચ્યા : ઘૂંટણ સુધી ચકચકિત ચામડાના બૂટ હતા, રૂપેરી એડીઓ હતી; ગરમ સર્જનો ડગલો ને બ્રીચીઝ હતાં. છાતીએ, ખભે. માથા પર, બાંય ઉપર, કમ્મરે, ઠેર ઠેર પ્રત્યેક ચગદા પર ને બટન પર 'તાજ' ચમકતો હતો : એક મહાન સામ્રાજ્ય-સત્તાની એ નિશાની હતી.

તીણી એની આંખો હતી : કપાળમાં ઠંડાગાર ભીષણ નિશ્ચયની કરચલીઓ હતી. એને સલામ કરીને માલાના બે દોસ્તો ઊભા રહ્યા.

"લઈ આવ્યા કેદીને?"

"જી હા; બરાબર."

"ક્યાં છે?"

"શિકારે ગયો છે."

"કેદીને છૂટો રાખ્યો? કાંઈ ભાન...?" હાકેમની ભાષા કડક બની.

"જી, કશો વાંધો નથી."

"એટલે?"

"એણે કોલ દીધો છે."

"જંગલીએ કોલ દીધો છે – એમ કે?"

"જી હા; અમારા શિર સાટે."

"રાતે ક્યાં રાખો છો?"

"આ પાછલી જ કૅબિનમાં. જોવું છે? પધારો."

ખૂણામાં એક બિછાનું હતું : બાજુમાં લાકડાનો થાંભલો હતો. થાંભલા

જોડે જડેલી સાંકળમાં એક હાથકડી લટકતી હતી.

"રાતે 'હેન્ડકફ' કરો છો કે?"

"હજુ સુધી નહિ."

"આજે કરવાનો છે."

"વારુ, સાહેબ."

"આજે પાકો જાપ્તો રાખવાનો છે."

"જી, અમે ત્રણ જણા જોડાજોડ જ સૂઈએ છીએ."

"ગાફેલ ન રહેજો. કાલે સવારે કેદીને ફાંસી દેવાની તારીખ છે."

બહાર કૂતરા ભસ્યા.

"કેદી આવ્યો, સાહેબ!'

"થેન્ક ગૉડ!"

[13]

"કાં, દોસ્તો! જાગો છો હજુ?" એવા હાકલા કરતો માલો દાખલ થયો. રૂંછાંદાર ચામડાનો લાંબો ડગલો ઉતારી નાખીને ઉઘાડે શરીરે એ સૂવાની ઓરડી તરફ આવ્યો.

"યાર! આજ તો એટલો થાક્યો છું, કે ઊંઘે લથડિયાં આવે છે," એટલું કહી અંદર આવે છે ત્યાં એણે ચકચકિત યુનિફોર્મમાં સજ્જિત નવો માનવી દીઠો.

"માલા!" ગોરા ભાઈબંધોએ કહ્યું. "આ અમારા ઉપરી તારા ઉપર જેને અતિશય ચાહ છે. બહાદુર માલાને જોવા એ સો ગાઉ દૂરથી આવેલ છે."

"અઈસા! વાહ! વાહ!" કહેતો માલો અમલદાર તરફ આગળ વધ્યો; પોતાનો પંજો ધરીને તેણે હાથ મિલાવવા માટે મહેમાનનો પંજો પકડ્યો.

ને પછી પંજો દબાવતો, દબાવતો, હર્ષઘેલો બની બોલવા લાગ્યો : "અરે, યાર! કેવા તમે! હું તો કેટલા રોજથી તમારી રાહ જોઈ બેઠો છું! તમે તો ક્યાં રોકાણા હતા, દોસ્ત? આજ તો ભારી કામ થયું, કે તમે આવ્યા.

મને તમારા ઉપર ભારી વહાલ આવે છે. યાર! અને આ શું?" ઑફિસરના લેબાસ પર, બટનો પર, બૂટ પર હાથ ફેરવતો ફેરવતો માલો કહેવા લાગ્યો : "એ...હે...હે...હે! યે તેરી ખૂબી: વાહ! ટાટમટાટ! કાઢ્યો ક્યાંથી આ ભપકો? એહ! બન્યો છે ને કાંઈ! ભારી બંકડો મર્દ લાગે છે! હાય હા...ય તારો રુઆબ! આફ્રિન! અચ્છા, દોસ્ત! અત્યારે તો હવે મોડું થઈ ગયું; મને આવે છે ઊંઘ. તું પણ થાક્યો હોઈશ. જા. સૂઈ જા! સવારે મળશું."

એટલું કહી અમલદારની બાઘા જેવી સ્થિતિ કરી મૂકી, અંદરની કોટડીમાં ચાલ્યા જઈ માલાએ જોરથી બારણું ભીડી દીધું.

બન્ને તાબેદાર અમલદારો બીજી બાજુ મોં ફેરવી જઈ હસવાનું ખાળવા લાગ્યા. સામ્રાજ્યના એક માતબર અધિકારીનો આટલો રમૂજી તુચ્છકાર અગાઉ કદાપિ થયેલો નહોતો.

"એ શું લવલવી ગયો?" હાકેમે પૂછ્યું.

"જી. એણે કહ્યું કે હવે આપ નિદ્રા કરો."

ભડભડ બારણું ઊઘડ્યું, ને બિછાનામાં પડેલા માલાએ ડોકું કાઢ્યું; કહ્યું : "મારી નીંદરમાં ખલેલ ન કરો. મને વહેલા સૂવાની ટેવ છે, સમજ્યા?"

બેવડા જોરથી પાછું બારણું બંધ કર્યું,

સામ્રાજ્યના હાકેમે પોતે પણ હસવું ખાળવા માટે ખોંખારો ખાધો.

ફરીથી બારણું ઊઘડ્યું; માલાએ પૂછ્યું : "ગળામાં કાંઈ ભરાયું હોય તો તમારી કોટડીમાં જઈને ઇલાજ કરશો?"

તમાચો મારતો હોય તેવા તોરથી ને જોરથી એણે ત્રીજી વાર બારણું ભીડ્યું.

ગોરાઓ થોડી વાર ચૂપ બેઠા. પ્રભાતના કાર્યની તૈયારી માટે મસલતો કરી.

દરમિયાન પાછલી કોટડીમાં બિછાના પર પડેલા માલાને કાણિયો દુભાષિયો ઠંડે કલેજે ખબર દેતો હતો : "માલા! કાલે સવારે તને ફાંસી આપશે."

"ફાંસી!!! ફાંસી શું?"

"તારા ગળાને ફરતું દોરડું વીંટાળશે; તને ઊંચે લટકાવશે; તારા માથામાં નીંદર ભરી દેશે."

[14]

દુભાષિયો ગયો ને ગોરા ભાઈબંધો દાખલ થયા. ભાઈબંધ હન માલાની પાસે ગયો; લટકતી હાથકડી માલાના એક કાંડામાં પહેરાવવા લાગ્યો.

માલો જાગતો હતો; શાંતિથી હાથકડી પહેરી રહ્યો હતો. એ ફક્ત એટલું જ બોલ્યો: "માનવીએ જબાન દીધી હતી તે ભૂલી ગયાં છું, માનવી?"

હન ગંભીર સ્વરે બોલ્યો: "લાચાર છું, માલા! મારી જબાન કરતાં વધુ જોરાવર એક જબાન બોલી ચૂકી છે."

"કમજોર જબાન મર્દની મર્દાઈને હજો છે, ભાઈબંધ!"

માલાએ હિમસાગરના પ્રત્યેક સંતાનનો જીવનસિદ્ધાંત ઉચ્ચાર્યો.

હાથકડીની ચાંપ બિપાયાનો અવાજ થયો. ગોરાએ બત્તીની જ્યોત ઝાંખી કરી; ગરમ કામળની સોડ્યમાં પેસીને એણે આંખો મીંચી.

ધીરે ધીરે માલાને હાથકડી જડાયાનું ભાન પાકું થયું. ઇતબાર અને આતિથ્યભાવનાની દુનિયામાં વસનારો માલો દગલબાજીની, વચનભંગની ધરતીમાં પટકાઈ ગયો. સવારે એના ભેજામાં નીંદર ભરી દેવાના છે તે વાતની પાકી સમજ પડી. તેણે હાથકડીમાંથી હાથ ખેંચી જોયા. સત્ય વધુ ભયાનક બની ગયું.

હાથકડીની સામે એ તાકી રહ્યો.

હું....ઉ...ઉ...ઉ... એવે દર્દભર અવાજે કુત્તા રડતાં હતાં.

એ ક્યાંનાં કૂતરાં? સો ગાઉ પર પડેલા પોતાના ગામડાનાં?

મધરાત્રિનો આ દરિયાવ ક્યાં છોળો મારી રહેલ છે?

આ ચંદ્રમા ક્યાં ચાંદની રેલે છે?

ઇવા? તું ત્યાં કેમ ઊભી છે?

મને છોડાવ ને, ઇવા!

વતનના આવા ભણકારા ઊઠ્યા. શિકારીની છાતી ફાટવા લાગી. આં-હાં-હાં-હાં! નાના નમાયા બાળકની જેમ એ રડી પડ્યો. હાથકડીની સાંકળને એણે ઝટકો માર્યો.

"સૂઈ જા. માલા! સૂઈ જા. નાહક શ્રમ લેતો નહિ!" એટલું કહીને હન પડખું ફેરવી ગયો.

પોતાની કરપીણતા નિર્જીવ લોઢાં-લાકડાને ભળાવીને માણસ સૂઈ શકે છે: ઘસઘસાટ સૂઈ શકે છે.

એ અંધકારમાં માલાએ હાથકડીની ચૂડ છોડાવવાનો મૃત્યુ-સંગ્રામ માંડ્યો.

લોખંડની નાની બંગડી-શી એ હાથકડીએ પોતાના મહાબાહુ કેદીનું જોર ઠંડે કલેજે માપવા માંડ્યું.

કાંડું, ભુજાઓ : છાતીનાં પાટિયાં. પગની ઘૂંટણો : ગરદન અને માથું : દરિયાઈ દાનવોના આ મહાકાલ-સ્વરૂપ માનવીની નસેનસ સામટાં એકઠાં થયાં : રુધિરના ટીપેટીપામાંથી તાકાત ખેંચીને એકઠી કરી.

હાથકડીએ મચક દીધી નહિ.

પાંસળીઓના જાણે અબઘડી ચૂરેચૂરા થઈને ડોળા નીકળી પડશે, માથાની ખોપરીના કાછલાં ફાટશે – એટલું જોર અજમાવ્યું. શરીરની પ્રત્યેક પેશી ધુમાડા કાઢતી ઊપસી આવી: રોમરોમમાંથી પાણી ટપકી પડ્યાં.

આખરે કાંડું નીકળ્યું – સાથોસાથ કેદીના કલેજામાંથી લોહીનો કોગળો પણ નીકળી પડ્યો.

વેદના વિજય પામી.

લાય બળતો એ ઊઠ્યો. બહાર નીકળ્યો. કપડાં પહેર્યાં. પાંચેક બંદૂકો પડી હતી તેમાંથી પહેલી જે હાથમાં આવી તે ઉઠાવી. કારતૂસોનો પટો ઉપાડ્યો.

પોતાની કુત્તા-ગાડી જોડીને એ પલાયન થયો.

[15]

મોત ભયાનક છે. દગલબાજી અને મોત બેઉ ભેળાં થાય છે ત્યારે

એની ભયાનકતા વર્ણવી નથી શકાતી : દિલની અંદર અનુભવવાની જ એ વાત છે.

માલાની તૂટું તૂટું થઈ રહેલી નસોએ રાતભર બરફના ડુંગરા ખૂંદ્યા. પલવાર પણ અટકવાનું નહોતું. મૃત્યુ એનું પગેરું લઈને પાછળ પાછળ ચાલ્યું આવતું હતું.

પ્રભાત પડ્યું : બપોર થયા. ભૂખે તમ્મર આવતાં હતાં. સાથે ખાવાનું નહોતું, કુત્તા પણ ભૂખ્યા ભૂખ્યા જ દોડતા હતા. એટલામાં માલાએ દૂર એક સાબરનું ધણ ચાલ્યું જતું જોયું. જોતાં જ હર્ષઘેલો બની ગયો; બંદૂક ઉપાડી.

બંદૂકની ચાંપ ઉપાડી અંદર કારતૂસ ચડાવવા જાય છે. ત્યાં તો એના રામ રમી ગયા : તમામ કારતૂસો બીજી જ બંદૂકના માપના નીકળ્યા.

સાબરનું ધણ દૂર દૂર ચાલ્યું જતું હતું.

બંદૂક અને કારતૂસો ફગાવી દઈને માલો ઊભો થયો; કુત્તા-ગાડી પાસે ગયો. સાતેય કુત્તા ખાવાનું મળવાની રાહ જોતા ગરીબડાં મોં કરી બેઠા હતા.

કમરબંધમાંથી માલાએ છુરી ખેંચી. છુરી સંતાડી રાખીને એ કુત્તાઓ પાસે ગયો. કુત્તાઓએ માલિકની સામે આશાભરી, આસ્થાભરી આંખો તાકી.

સાત જીવતા જીવનાં જઠર ભરે એવા એક કુત્તાને શોધવાનો હતો. ત્રીજા નંબરના કદાવર કુત્તાને ગળે માલાની છુરી ફરી વળી.

છ કુત્તાઓને એ ગોસનો સારો ભાગ ખવરાવીને માલો પોતે ફક્ત પાતળા પગનાં બટકાં ભરતો બેઠો હતો. જાણે એ પોતાના પેટના બચ્ચાને મારી ખાતો હોય એવી વેદનાભરી એની શકલ હતી.

બીજો દિવસ – અને છમાંથી પાંચ જ કુત્તા રહ્યા. ત્રીજે દિવસે પાંચમાંથી ચાર, ત્રણ, બે – અને આખરે ગાડી વગર એ શિયાળાના કાળ-બરફના ટેકરા ખૂંદતાં બે જ જીવ ચાલ્યા જાય છે : એક માલો ને એક કૂતરો.

પાછળ ને પાછળ, પગલે પગલે, પવનના સુસવાટામાં શત્રુઓના ભણકારા બોલે છે; મૃત્યુના પડછાયા પડે છે.

વગડામાં એક પંખી પણ નથી બોલતું. ધોળો બરફ મૃત્યુના અનંત હાસ્ય જેવો ચુપચાપ પથરાયો છે.

આઠમે દિવસે માલો એકલો જ રહ્યો. એનું કલેવર એક ઠેકાણે ઢળી પડ્યું.

વછેરા ઘોડા જેવડો એક કદાવર વરુ શિકાર શોધવા નીકળ્યો છે. માલાના તૂટી પડેલા દેહ પર એણે વડછકું નાખ્યું.

મૃતપ્રાયઃ માલાએ ઝનૂની વરુની જોડે બાથંબાથ યુદ્ધ માંડ્યું. હથિયાર વગર મુક્કે મુક્કે એણે દુશ્મન સામે ટક્કર ઝીલી.

*

બીજે દિવસે માલાના જ ગામડાના એક જાતભાઈએ ત્યાં ભટકતાં ભટકતાં ઓચિંતા એક વરુને અને માનવીને પડેલા જોયા : વરુ ખલાસ થયું હતું; માનવીના મોં પર જખમોનું ઢાંકણ થઈ ગયેલું હતું.

માંડ માંડ ઓળખાયો : "આ તો માલો! વરુએ ચૂંથી નાખ્યો છે; પણ થોડો થોડો જીવ છે હજુ."

કુત્ત ગાડીમાં નાખીને ગામડે લઈ ગયા.

[16]

એના લોહીલોહાણ ચહેરા ઉપર ઇવાની અને જૂનીની અશ્રુધારાઓ રેડાઈ; ચુંબનોના મલમપટા થયા. બન્ને ઓરતોની ધીરી ધીરી ફૂંકે, 'માલા! માલા!' એવા આર્તશબ્દોએ અને આંખોમાં આંસુની ધારા છતાં જૂનીના ખી-ખી-ખી-ખી હાસ્ય-સ્વરે આ સૂતેલા શિકારીને જાગૃત કર્યો : આંખોમાં દીવડા પેટાયા. ધીરું ધીરું હસીને માલાએ પોતાના દેહ પર ઝળુંબેલી ઇવાને કહ્યું : "માનવીને જરા વધુ રોકાણ થઈ ગયું, ખરું!"

"ગામને બહુ વપત પડી, માલા!"

"શું કરું! જરા વધુ રોકી પાડ્યો ભાઈબંધોએ. એ તો નીકળવા જ ક્યાં દેતા હતા? ખેર! આખરે તમારી બાથમાં પહોંચી ગયો ને! હવે તો – હવે તો આજની રાત વિસામો મળી જશે. એટલે સવારે માલો દોટ કાઢશે શિકાર ગોતવા. આજની એક જ રાતનો આરામ મળી જાય ને, ઇવા, એટલે

બસ!"

નાનાં બચ્ચાં બાપની છાતી પર બેસીને ગેલ કરવા લાગ્યાં.

સંધ્યા નમતી આવે છે, તેમ તેમ વગડાના બરફ ઉપર કુત્તા ગાડીના પછડાટ સંભળાય છે.

આખરે કુત્તાઓના 'ડાઉ, ડાઉ – સ્વરો પણ કાને પડ્યા.

"ઇવા! જૂની!" માલાએ ઝીણી નજરે નિહાળીને જણાવ્યું: "ગોરા ભાઈબંધો પાછા પોગી ગયા."

"માલાને પાછો લઈ જાવા?"

"હા, ને નહિ તો બંદૂકે માલાના માથામાં નીંદર ભરી દેવા: આવી પોગ્યા!"

માલો હસ્યો.

"સબૂર, ભૈયા!" પોતાના ભાઈને એ ચાલ્યા આવતા બંદૂકદાર શત્રુઓ સામે તીર ચડાવતો રોકીને માલાએ શાંતિથી કહ્યું, "તારા તીરને સાબરના ધણ સારુ સાચવી રાખ, ભાઈ! ગામલોકોને ભૂખ્યાં સુવાડતો નહિ કદી. માલો તો શિકારીને શોભે તેવા જ મોતની ભેટ કરવા ચાલી નીકળે છે. કેમ કે હું જીવતો રહીશ ત્યાં સુધી ગોરાઓ આપણા આખા ગામનો દાટ વાળી દેશે. એની કને બંદૂકો-કારતૂસોનો પાર નથી."

એમ કહીને એણે નાનાં બાળને હૈયા પર ઊંચકી લઈ બચીઓ ભરી, દુવા દીધી: "જલદી જુવાન બની જઈ તીર-ભાલાં નાખતાં થઈ જાઓ, મારાં બચ્ચાંઓ!"

પછી એ જૂની તરફ ફર્યો; ચુંબન લીધું: "જૂની! બાળકોને સાચવીને મોટાં કરજે, હો! તેં ઘણી ચાકરી કરી છે માનવીની."

દડ દડ આંસુ ખેરતી જૂની હસી: ખી-ખી-ખી-ખી!

છેલ્લો વારો ઇવાને ભેટવાનો હતો. ઇવાના સુડોળ મુખને હડપચીથી ઊંચી કરી, એની આંખોની ભીનાશમાં માલો પોતાના આત્માને ઝબકોળી રહ્યો. એ આટલું જ બોલ્યો: "માનવી માનવીને વીસરી શકશે નહિ."

સહુ સૂનસાન ઊભાં થઈ રહ્યાં. ધરતી પર માલાના બૂટ ચમચમતાં

ગયાં.

સહુને જાણ હતી કે માલો ક્યાં જતો હતો.

[17]

સામે જ સાગર લાંબી નીંદરમાંથી સળવળતો હતો. એની ફરસબંધી તૂટી રહી હતી. થીજેલાં નીર બંધનમુક્ત બની રહ્યાં હતાં. ન સંભળાય તેવા કોઈ ઘણના ઘાએ ઘાએ બરફના પહાડો ભેદાતા હતા. પાતાળ પોતાનું મોં ફાડી ફાડીને શ્વેત હિમગિરિઓને હોઈયાં કરતું હતું. દરિયાઈ ધરતીકંપ ચાલી રહ્યો હતો. રસાતલ ઉલેચાતું હતું જાણે.

એ કાળ-ઘમસાણની દિશામાં માલાએ પગલાં માંડ્યાં. પાણીના જાગી ઊઠેલ ધોધ એને સાદ પાડતા હતા..

પછવાડે ચીસ પડી: "મા...લા! મા...લા! ઘડી વાર! ઘડી વાર!"

ઇવા દોટ દેતી આવી પહોંચી.

માલો ઊભો રહ્યો: "કેમ?"

"માલા! મોટી નીંદરમાંય માનવીનાં કલેવરની સોડ ઇવાને મીઠી લાગશે. ઇવાને એકલી ન મેલીશ."

"ચાલો ત્યારે, ઇવા!"

બેઉ ચાલ્યાં. દરિયો તૂટે ત્યારે પશુપંખી પણ ભાગે છે. આ બે માનવીઓ એ વિરાટનાં જડબાંમાં હોમાવા સામે હૈયે ચાલ્યાં જાય છે.

ખડકો પછી ખડકો કુદાવતાં જાય છે. થોડાંક ડગલાં – અને દરિયાના ઘમસાણમાં: જ્યાંથી પાછા ફરવાનું રહેશે નહિ.

પછવાડે ફરી વાર કોઈકના હાકલા થયા: "માલા! ડોન્ટ ગો! માલા! સ્ટોપ! સ્ટોપ!" (માલા! જાઈશ મા! માલા! થોભ! થોભી જા!)

યુગલ ઊભું રહ્યું: પાછળ દૃષ્ટિ કરી.

બેઉ જૂના ગોરા ભાઈબંધો દોડ્યા આવે છે. હાથમાં બંદૂકો છે. સાદ પાડે છે: "માલા! પાછો વળ! પાછો વળ!"

હસીને યુગલ આગળ ચાલે છે. સમુદ્રની શ્વેત ભીષણ આરામગાહ યુગલને સાદ દઈ રહી છે.

તરતી બરફ-શિલાઓ ઉપર પગ દેતાં દેતાં બેઉ આગળ ચાલ્યાં : આગળ ને આગળ. કદમ ઉપાડે છે ત્યાં જ એ પછવાડેનો બરફ ફાટીને પાતાળનાં દ્વાર ઉઘાડે છે : હ...ડુ...ડુ...ડુ! બરફના મોટા પહાડો ગરક થાય છે.

ગોરાઓની બૂમ પડી : "માલા! ખડો રહે, ખડો રહો, નહિ તો હમણાં ઠાર થયો જાણજે!"

એવા હાકલા સાંભળીને યુગલ ફરી પાછું ઊભું રહે છે : માલો પછવાડે જુવે છે : ગોરા ભાઈબંધની બંદૂક એના ઉપર નિશાન લેતી દેખાય છે.

ઇવાને ખભે હાથ ઠેરવી માલો છાતી ધરી બંદૂકોની તાક સામે ઊભો રહે છે : હસે છે.

ગોરાના હાથમાં બંદૂક થંભી રહી; થોડો ન ચાંપી શકાયો. એણે પોતાના જોડીદારને કહ્યું : "નહિ ફોડી શકાય. મારા હાથ નથી ચાલતા. માલો હસે છે."

યુગલ ઠેક્યું; પાણીમાં ઘસડાતા જતા એક બરફ-ડુંગર ઉપર ચડી ગયું.

તરતો પહાડ ચાલ્યો જાય છે. થોડે દૂર જ અતલ નીરની ઘૂમરીઓ ફરી રહી છે. હમણાં જ આ તરતો તરતો તણાયે જતો પહાડ ત્યાં પહોંચીને રસાતલમાં સમાઈ જવાનો છે.

"ગુડ બાય! ગુડ લક, માલા! (સલામ, માલા!)" કિનારેથી બંદૂકવાળાઓની બૂમ પડી.

કાળના શિખર પરથી માલાએ સામી શાંતિભરી સલામ કરી.

ઇવાનાં નેત્રો માલાના મોં સામે જ સ્થિર થઈ રહ્યાં.

જગતમાં એવું નેત્રનિર્વાણ બીજે ક્યાં હશે?

બરફનો પહાડ હિમસાગરનાં બે બાળને લઈ એક પ્રચંડ ધોધના વહેણમાં લેવાયો.

થોડીક જ વાર પછી –

— ..

# બદનામ

રાત પડી ગઈ હતી. વરસાદની ઝડીએ રસ્તા પરના દીવાને ઝાંખા પાડ્યા હતા. માર્ગે પાણી ભરાયાં હતાં. ભીંજાતી ભીંજાતી એ એકલી ઊભી હતી. ભીંજાતી સ્રી વધારે રૂપાળી લાગે છે. એકલતા અને ગરીબી પણ જ્યારે સુંદરતાનાં સંગાથી હોય છે, ત્યારે વળી વૃષ્ટિમાં પલળતું શરીર મેઘધનુષ્ય જેવી શોભા આપે છે.

સૌંદર્ય એકલું ભીંજાતું ઊભું હતું, અને શબોની હારો ને હારો ઝોળીઓમાં પલળતી ચાલી આવતી હતી.

ભીંજાતી ઊભેલી ઓરત જોઈ રહી હતી. પોતાની જન્મભૂમિના જુવાનોનાં એ મુર્દાં હતાં. પોતાના સ્વદેશને સીમાડે એક મહાન કતલ ચાલી રહી હતી. લોકોએ ને 'યુદ્ધ' કહે છે – કોઈક વાર એ સંહારલીલાનો મહિમા વધારવા માટે 'મહાયુદ્ધ' પણ કહે છે. ને યુદ્ધ કરનારા પક્ષો હમેશાં અથવા ઘણુંખરું પાડોશીઓ જ હોય છે. સાંકડી શેરીના પાડોશીઓ જેમ ખાટલા મૂકવાની, કે દાળ સૂકવવાની કે ઝાડુ કાઢવાની નાની બાબતોમાં લડી પડે છે, તેમ ડાહ્યા સુજાણ દેશ-દેશો પણ બાયડીશાહી પ્રશ્નો પર તોપગોળાની તકરાર મચાવે છે.

ભીંજાતી ઓરતને આવી કોઈ વાતોની ગમ નહોતી. પોતાના દેશ તથા પાડોશી દેશ વચ્ચે સળગેલી આ સંહાર-હોળી કેવી રીતે શમે તેના વિચારો પણ પેસી શકે એવું એનું ભેજું નહોતું. એ તો ફક્ત જોઈ રહી હતી કપાઈ-ઘવાઈ ઝોળીએ સૂતા આવતા વતનના જુવાનોને. પોતે પણ જુવાન હતી – જુવાની અંદરથી ઊકળી રહી હતી. દેશી જુવાનોને મારનાર દુશ્મનોનો કિન્નો લેવા દિલ તલપતું હતું.

લોકોનું ટોળું ટીકી ટીકીને આ જખમી જુવાનોના સરઘસની વાતો કરતું હતું. તેમાં આ એકલવાઈ રઝળુ જણાતી ઓરતે પણ ટાપશી પૂરી કે "એ જ લાગના છે પીટ્યા આ દેશના રાજ કરવાવાળા! સાચાં કામ કરનારને કામ જ કોણ આપે છે? છો ને મરતા બધા જ જુવાનિયા!"

"રાંડ ડાકણી છે કે શું?" કહીને લોકોએ એની સામે આંખો ફાડી. પોલીસે આવીને સહુને વીખરાઈ જવા હુકમ કર્યો.

[2]

રઝળુ ઓરત ભીંજાતી ભીંજાતી એની ગલીમાં ચાલી ગઈ. એના ઘરને બારણે જ્યારે એ પહોંચી ત્યારે મ્યુનિસિપાલિટીના દીવાને અજવાળે કમાડ ઉપર એક કાળો મોટો ઓછાયો પડ્યો.

ઓરતે પછવાડે નજર કરી: એક કદાવર આદમી ત્યાં ઊભો હતો. એના દેહ પર લાંબો 'વૉટરપ્રૂફ' (વરસાદનો) ડગલો હતો. હાથમાં છત્રી હતી. મૂછોના મોટા થોભિયા હતા. 'બુલ-ડૉગ' (ડાઘિયા કૂતરા) જેવું મોં હતું.

એ આદમીએ જોયું કે અંધારી એકાંતે પણ આ ઓરત એક વિકરાળ પરપુરુષને દેખી જરીકે ગભરાટ નથી બનાવતી.

"થોડી વાર અંદર આવું?" પુરુષે પ્રશ્ન કર્યો.

"ખુશીથી."

છત્રી બંધ કરીને આદમી અંદર દાખલ થયો. છતાં ઓરતે કશો ગભરાટ બતાવ્યો નહિ. પુરુષે ઓરડામાં નજર કરી. ગરીબી જ ગરીબી ચારે પાસ આલેખાઈ હતી: વળગણા ઉપર લટકતાં થીગડાં મારેલ કપડાંમાં, તરડાયેલ અરીસામાં, નિસ્તેજ રાચરચીલામાં.

ગરીબ છતાં ઓરત અધમ જીવન ગાળતી ન લાગી. પથારી પર ટાપટીપ નહોતી. આગતાસ્વાગતામાં લટકાં પણ નહોતાં. હલકી જાતનાં લોકો માયલી, એકલી રહેનાર ઓરત આટલી બધી નમણી મુખમુદ્રાને અણસ્પર્શી રાખી રહે એ એક ન મનાય તેવી વાત હતી.

"મારું ગરીબનું ઘર પાવન કર્યું તમે, મહેરબાન! કાંઈ હુકમ?"

ઓરતે પૂછ્યું.

શહેરનો પોલીસ અમલદાર જેને 'મોતડી', 'વખતુડી' કે 'ઓલી રાંડ ઝબુડી' કહી બોલાવે છે એ વર્ગની આ ઓરત હતી. આ વર્ગની ઓરતો ગુના કરવામાં શામિલ થાય છે તેમ ગુના પકડાવવામાં પણ કામ લાગે છે. આજે એ ગામના કોઈ ડામીજની રખાત બને છે, તો કાલે એ પોતાના ઘરના ડામચિયામાંથી જ એ ડામીજને પોલીસ-સ્વાધીન કરે છે; નાગરાણીનો વેશ પહેરી હાટકેશ્વરમાં પણ જાય છે ને ફૂલફગરનો ઘેરદાર ઘાઘરો ફગોળતી ગોકળઆઠમનો મેળો પણ ગજાવી મૂકે છે. આવી જે એક અલાયદી જ ઓરત કોમ ગામેગામ વસેલી છે તે માયલી જ એક આ ઓરત હતી.

કરડા આદમીએ એને કહ્યું : "શો વિચાર છે તારો?"

"શેનો વચ્ચાર, સા'બ?"

"આ ભિખારીની દશા જ ભોગવ્યા કરવી છે? આ તારી અક્કલ-હોશિયારીનું કાંઈ ઇનામ નથી જીતવું, રાંડ?"

"પણ શી રીતે, સા'બ?"

"તારા રાજને લગતી થોડીક બાતમી મેળવી આપીશ?"

"તમે કોણ છો?"

"મારી ઓળખાણની જરૂર છે તારે? કે નાણાં જોવે છે?"

"અરે, સા'બ! નાણાં મળે તો પછી મારે તમારી પડપૂછમાં પડવાનીયે શી જરૂર છે? તમે ગમે તે હો. તમે કહો તે કરી આપું. તમે જેનું નામ લ્યો તે અમલદારને ફોડી દઉં."

"શાબાશ!"

"હવે, સા'બ! મારું એક વેણ રાખશો? વરસાદમાં પલળ્યા છો તે એકાદ ગલાસ દારૂ લેશો? મારા સોગન જો મારા ઘરનો એક ગલાસ ન ચાખો તો."

ઘરમાં લટકતા શીંકા ઉપરથી ઓરતે દારૂનો સીસો ઉતાર્યો, ને લીલા ગલાસમાં ઠલવ્યો. સીસો ખાલી જ હતો.

“અરે, રામ! લ્યો સા'બ, હમણાં જ દોડી દોડી લઈને આવું છું. મારા સોગન જે ઊઠે તેને. મારે હજી ઘણી વાતો કરવી છે, હો સાહેબ!”

સીસો લઈને ઓરત બહાર નીકળી, થોડી વારે જ્યારે એ પાછી આવી ત્યારે એની સાથે એક પોલીસ-કૉન્સ્ટેબલ હતો. પોલીસના હાથમાં કારતૂસ ચડાવેલી રિવૉલ્વર હતી.

ઓરતે આંગળી ચીંધીને કહ્યું: “આ મારા ઘરના મે'માન!”

પોલીસે મહેમાનને કહ્યું: “ખડા થાવ, મોખરે થઈ જાવ.”

“દગલબાજ!” મહેમાને ઓરત સામે ડોળા ફાડ્યા.

“હં-અં!” બિલાડી જેવી આંખો તાકીને ઓરત મલકાતી મલકાતી ઊભી; એટલું જ બોલી: “મારા દેશની વિરુદ્ધમાં મને વાપરવી હતી, કાં?”

ઓરતના ઘરનું બારણું બંધ થયું. એટલે જાહેર રસ્તા પરના ફાનસને અજવાળે આ પરહેજ બનેલા આદમીએ પોતાના ગજવામાંથી એક પાસ બહાર કાઢ્યો. કૉન્સ્ટેબલની આંખો સામે ઠંડા રુઆબથી એ પાસ એણે ધર્યો. કૉન્સ્ટેબલે પાસ જોતાંની વાર જ ટટાર બનીને બંદીવાનને લશ્કરી સલામ ભરી.

બંદીવાને કડક દમામ સાથે ગજવામાંથી પોતાના નામનું કાર્ડ કાઢ્યું, અને કૉન્સ્ટેબલને આપી કહ્યું: “એ રાંડને આપ, અને કહેજે કે કાલે સવારે મારી ઑફિસમાં હાજર થાય.”

કૉન્સ્ટેબલે ફરીથી લશ્કરી સલામ કરી. બન્ને છૂટા પડ્યા.

[3]

વળતા દિવસની સવારે એ 'રાંડ' એક લશ્કરી કચેરીના દ્વાર પર આવીને ઊભી રહી, ત્યારે 'સાહેબ'ની સાથે મુલાકાતો ગોઠવનાર અફસરો એક પછી એક આદમીનું નામઠામ નોંધી-પૂછી સહુને હારબંધ બેસાડતા હતા.

ઓરતે ટેબલ પર પોતાનું કાર્ડ સેરવ્યું. તાત્કાલિક મુલાકાત આપવાની એ નિશાની દેખાતાં જ અફસરોનાં ઊંધું ઘાલી લખલખ કરતાં માથાં ઊંચાં થયાં; સહુએ કુતૂહલ અનુભવ્યું: ઓરતે માથા પર રૂમાલ બાંધ્યો હતો;

એની આંખો તીણી હતી; એના સહેજ મલકતા હોઠ પર ઠંડી ખુમારી હતી.

"નામ?" અફસરે પૂછ્યું.

"નામ બતાવવાની મારી મરજી નથી." ઓરતે સીનો જરીકે બદલવા દીધા સિવાય ઉત્તર આપ્યો.

"વારુ! ઓર્ડરલી!" અફસરે બૂમ પાડી.

વીસેક વરસનો ફૂટતી મૂછોવાળો જુવાન ચકચકાટ મારતા યુનિફૉર્મમાં હાજર થયો.

"સીધા સા'બ પાસ લે જા!" અફસરે ઓરત પ્રત્યે આંગળી ચીંધી.

નામ ન આપનાર એક [illegible] ઓરત સામે સહુ તાકી રહ્યા.

એક દરવાજામાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એમ એક પછી એક ચોકી વટાવીને, લાંબી લાંબી પરશાળો અને પહોળાં ચોગાનો વચ્ચે થઈને જ્યારે આ જુવાન ઓર્ડરલી તથા જુવાન ઓરત ચાલ્યા જતાં હતાં ત્યારે ઓરતનાં કદમ પણ એ લશ્કરી સિપાહીનાં કદમો સાથે તાલ લેતાં હતાં. ઓરત આ બધી ભુલભુલામણી દેખીને ડરતી નહોતી; કશુંક જોણું જોવા જતી હોય તેવી લહેરમાં હતી. જુવાન ઓર્ડરલી વારેવારે એની સામે નજર કરતો હતો, અને કોણ જાણે કેમ પણ એક ઠેકાણે વચમાં બેઉ જણાં થોડી વાર અટક્યાં પણ હતાં. છેલ્લા દ્વાર પર પહોંચવા સુધીમાં તો બેઉએ ઘણું ઘણું જાણે મળી લીધું, ઘણી ઓળખાણ કરી લીધી. બેઉનાં મોં તો ચૂપ જ હતાં. ટપ ટપ તાલબદ્ધ પડતાં બેઉનાં કદમો જ જાણે જીભનું કામ કરી રહ્યાં હતાં.

"આજનું આપણું જોડે ચાલેલું યાદગાર રહેશે?" ઓર્ડરલી જુવાને આ પ્રશ્ન કર્યો ત્યારે એના ગાલો ઉપર ગલ પડ્યા.

જવાબમાં ઓરતે ધીરી ડોક ડોલાવી. એ ડોલનની અંદર ન ભુલાય, ન સહેવાય, તેવો ભાવ ભર્યો હતો.

છેલ્લું બારણું ઉઘડ્યું, અને ઓર્ડરલીએ જમણા હાથનો લહેકો કરી ઓરતને અંદર પ્રવેશ કરવાનું સૂચવ્યું. છેલ્લું સ્મિત વેરીને ઓરત એકલી અંદર ગઈ.

ઓરત જઈને ટેબલની સામે ઊભી રહી. એકલા 'સાહેબ' જ બેઠા હતા.

એણે પોતાનું બુલડૉગ જેવું માથું ઊંચું કર્યું. જાડી જાડી ભમ્મરો નીચેથી એણે આંખો ઊંચી માંડી. ઓરતને તપાસી ઘુરકાટ કરીને કહ્યું: "હેં ગમાર છોકરી! તું મને પકડાવવા ગઈ'તી, હેં! હું કોણ છું તેની તને ખબર નહોતી? બેવકૂફ છોકરી! હું...!"

ઓરતે કશો ઉત્તર ન દીધો.

"શું કરવું છે હવે તારે, હેં બેવકૂફ! જાસૂસી ખાતામાં રહેવું છે તારે?" સાહેબના અવાજમાં એ-ની એ કરડાઈ હતી.

"હા જી. મારે મારા દેશનું કંઈક ભલું કરવું છે. સહુ કરે છે; હુંય કરીશ."

"શું પથરા ભલું કરીશ? બોલ, રહેવું છે? તને એક સારું મકાન અને મોટો પગાર મળશે. પરંતુ યાદ રાખજે; જાસૂસી ખાતાની નોકરી છે. પરિણામમાં બદનામી અને મોત જ હોય છે – ઘણે ભાગે, માટે વિચારીને પડજે."

"કંઈક કરી બતાવાય તો મોત અને બદનામી પણ શું ખોટાં છે?"

"ખેર, મર ત્યારે, આ લે: આ જો. બેઉ આપણા લશ્કરના મોટા હોદ્દેદારો છે; બેઉ ઉપર મને શક છે – દુશ્મનો ભેળા ભળી ગયા જણાય છે. તારે એનું પારખું કરવાનું છે. તે પારખા ઉપર આપણા હજારો સૈનિકોનાં જીવન-મોતનો આધાર છે."

ઓરતે બેઉ તસવીરોને નિહાળી નિહાળી જોઈ લીધી, ને પછી એણે કચેરી છોડી દીધી.

વળતા દિવસે એનો નિવાસ એક બંગલામાં થયો. નવા પોશાક, રાચરચીલા, ગાડીઘોડા વગેરે સાહેબીએ એના સૌંદર્યને હીલોળે ચડાવ્યું. એની બુદ્ધિના તેજને નવી ધાર નીકળી. બે જ મહિનામાં એણે સંગીતની કલા હાથ કરી. આવાં માણસો જલદીથી નવા જીવનનો લેબાસ પહેરી શકે છે: જીવનને એ નાટક ગણીને પાઠ ભજવે છે.

[4]

લશ્કરના કર્નલ સાહેબ અનેક નાના-મોટા અફસરોની ઇર્ષ્યાનું કારણ બન્યા. એની ઘોડાગાડીમાં કે મોટરકારમાં વારંવાર એની બાજુએ આ જુવાન બાનુ બિરાજમાન જોવાતી. અનેક નૌજવાન અફસરોની કાકલૂદી પર ઠંડો તિરસ્કાર છાંટતી આ સુંદરી આધેડ વયના કર્નલ ઉપર ઢળી પડી હતી.

એક દિવસ એ સૌંદર્યની નાગણીએ કર્નલનું છૂપું પાપ પકડી કાઢ્યું. કર્નલે પોતાના ઘરમાં આપઘાત કર્યો. કોઈને ખબર ન પડી કે આ કર્નલની દુશ્મનો સાથેની શામિલગીરી કોણે પકડી.

રૂપ એને મનથી એક ફાંસલાની રસ્સી જેવું બની રહ્યું. લાલસાને એ રૂપમાંથી ટપકાવી નાખેલી હતી. એના સૌંદર્યની સુંવાળપ કાળી નાગણીના શરીરની સુંવાળપથી જુદી નહોતી. પોતાની પાસે એ એક કાળી બિલાડીને પાળેલી રાખતી. બિલાડીની તથા પોતાની આંખો એકસરખી હતી. બિલાડીને જેમ ઉંદર શિકાર હતો તેમ પ્રત્યેક માનવી આ સુંદરીને શિકાર કરતાં વધુ કિંમતનો નહોતો. એક પછી એક ઘણા ખૂટેલા અફસરોને એણે પોતાના રૂપની જાળમાં પકડી પકડી ખતમ કર્યા.

એમ કરતાં એક વર્ષ ગયું. આજ એક વર્ષને અંતે દેશભરમાં આ જુવાન સુંદરીના જીવનને કળશ ચડી રહ્યો છે. એની છૂપી દેશસેવાએ સહુને મુગ્ધ કરી મૂક્યા છે. એની બુદ્ધિ, એનું ડહાપણ, એનું જ્વલંત સૌંદર્ય, એની વિશુદ્ધ નીતિ ઘેર ઘેર વખણાય છે ને વિસ્મય પમાડે છે.

આજે તો એણે રંગ રાખી દીધો હતો : દુશ્મનોની છાવણીમાં એક ગામડિયણ જુવાન છોકરી બનીને એ પેસી ગઈ હતી. પેસીને એક અમલદારને ફસાવ્યો હતો. ફસાવીને શત્રુપક્ષના નવા થનારા એક ભયાનક વ્યૂહની તમામ બાતમી મેળવી લીધી હતી. એ બાતમીને આધારે દેશના લશ્કરે શત્રુદળ ઉપર ઓચિંતો છાપો લગાવી. શત્રુઓની મોટી તૈયારીનો નાશ કરી, એના તમામ લશ્કરી અફસરોને કેદ પકડ્યા હતા.

લશ્કરી અદાલત બેઠી. ઓછાબોલા, ઠંડાગાર, કરડા, કઠોર, ચડી ગયેલ ભવાંવાળા, અક્કડપણાની પ્રતિમાઓ જેવા પાંચ બુઝર્ગો ચકચકિત

તે ત્રાસમાં બેઠા. છઠ્ઠી બેઠી હતી જાસૂસ સુંદરી. એની આંખો શત્રુદળના કેદીઓ ઉપર રમતી રમતી કોઈ એક ચહેરાને શોધતી હતી.

એક પછી એક કેદી અદાલતની સન્મુખ આવ્યો, શિસ્ત મુજબ ઊભો રહ્યો, પોતાના ગોળા વછૂટે એવા જ ટૂંકા જવાબો દેતો ગયો અને હુકમ મુજબ કેદીની છાવણીમાં ચાલતો થયો. એ તમામને જીવતા રાખવાના હતા.

છેલ્લો જે આવ્યો તેનો સીનો જુદી ભાતનો હતો : સુરવાળ, ઓવરકોટ અને શિર ઉપર ઊંચા પહોળા પટાની રૂંછાદાર ટોપી પહેરેલ મોઢું સુંદર નહોતું, પણ સુંદરતાના અભાવને નિશ્ચયની રેખાઓ પૂરી રહી હતી. એ મનુષ્ય હતો કે બિડાયેલો લોખંડી કબાટ હતો?

અદાલતના અફસરે લાગણીહીન પ્રશ્ન પૂછ્યો : "નામ?" જવાબ ન મળ્યો.

"દરજ્જો?"

જવાબ ન મળ્યો.

"રેજિમેન્ટ?"

જવાબ ન મળ્યો.

અદાલતના પાંચ અફસરોએ ઊંચે જોયું : ચહેરો પરિચિત દેખાયો. એક અફસરે પૂછ્યું : "અગાઉ અહીં આવેલ?"

જવાબ મળ્યો : "અનેક વાર."

"ક્યારે ક્યારે? ક્યાં? કયા કામમાં?"

"શત્રુઓનું પેટ તપાસી લેવા. વધુ પ્રશ્નો મત પૂછો."

"સીધા જવાબ આપો."

કેદી નિરુત્તર રહ્યો.

"મને ઓળખો છો?" કેદીને કાને એક સ્ત્રીનો સ્વર પડ્યો.

એણે એ જાસૂસ સુંદરી તરફ ઠંડીગાર નિગાહ કરીને એટલું જ કહ્યું : "ના જી."

"યાદ કરો, યાદ કરો; ઓળખશો!" ઓરતે કટાક્ષ કર્યો. કેદીએ એની સામે પણ ન જોયું.

અદાલતના પ્રમુખે પૂછ્યું : "છેલ્લી વાર – બોલો : પ્રશ્નોના જવાબ આપવા છે?"

કેદીએ નકારમાં ડોકું હલાવ્યું.

લશ્કરી પ્રમુખે હુકમ દીધો : "લે જાવ. કલ ફજરમેં ફૂંક દો."

કેદી જેવા ને તેવા રુઆબ સાથે ચાલ્યો ગયો. જાસૂસ સુંદરીએ એની આંખો સાથે આંખો મિલાવવા છેલ્લી કોશિશ કરી : પણ કેદી એના અસ્તિત્વનો યે ખ્યાલ બતાવ્યા સિવાય નીકળી ગયો.

જાસૂસ સુંદરીની ગર્વભરી આંખોમાંથી ગર્વ અને કટાક્ષ નીતરી ગયાં; આંખોમાં કંઈક ન સમજાય તેવો ભાવપલટો આવ્યો. પણ એણે સમતા ન ગુમાવી. થોડી વારે ધીરેથી એણે લશ્કરી અદાલતને કહ્યું : "મને એ કેદી જોડે દસ મિનિટનો સમય આપશો?"

"કેમ?"

"હું એની જબાન ખોલાવી શકીશ."

"નિરર્થક છે. શત્રુ-દેશના કોઈ પણ માણસની જબાન એની ઇચ્છા વિરુદ્ધ ખોલાવવી નિરર્થક છે."

"મને મારામાં વિશ્વાસ છે. દસ જ મિનિટ આપો."

દસ મિનિટોની મુદત લઈને ઓરત કેદીના ખંડમાં દાખલ થઈ; પહેરેગીર અફસરોને કહ્યું : "તમે હમણાં સિધાવો."

"પણ – પણ–"

"ફિકર નહિ; મારા કબજામાં – મારી જવાબદારી પર છે એ."

[5]

બેઉ એકલાં પડ્યાં. ઓરતે પૂછ્યું : "કેમ, હવે તો ઓળખાણ પડે છે ને?"

"તું એક ઓરત છે એ જ મોટામાં મોટી ઓળખાણ.'

"આપણે કેટલી વાર મળ્યાં?"

"ઘણી વાર."

"તમે એકેય વાર ન રોકાયા."

“મોતની બીકે નહિ, પણ તારા પ્યારમાં ફસાઈ પડવાની બીકે હું નહોતો રોકાયો.”

“મેં તમને કેટલી વાર બચાવ્યા છે તે ભૂલી ગયા?”

“તેં નહિ, તારી નબળાઈએ મને બચાવ્યો છે.”

“એક વાર મને તમારા આલિંગનમાં લેશો?”

“તારા શરીરમાં ખંજરો છુપાયાં છે.”

“તમે એના ભુક્કા કર્યા છે. તમે જોરાવર છો.”

“જોરાવર મર્દ તને ગમે છે, ખરું!”

“જુઓ, મને જોરાવર મર્દ કેવો ગમે છે!” એમ બોલતાં બોલતાં ઓરતે એક ભરી રિવૉલ્વર કાઢી; રિવૉલ્વર શત્રુ સામે તાકી આંખો તીણી કરી કહ્યું: “પ્રભાતને હજુ ઘણી વાર છે. મારી તરસ મારે હાથે જ તમને ઠાર કરીને મારે છિપાવવી છે.”

કેદી ખડખડાટ હસી પડ્યો: “એમાં આટલાં બધાં નખરાં શાં? આટલો ઉશ્કેરાટ શાનો? તમાશો કેમ કરવો પડે છે? તરસ લાગી હોય તો છિપાવી લેવી.”

એ હાસ્યમાં, એ જવાબમાં ને એ દૃષ્ટિમાં સારીય ઓરતજાતને માટે સારાય પુરુષવર્ગનો ધિક્કાર, તુચ્છકાર અને અવિશ્વાસ ગંધાતો હતો.

“હં – હં!” દાંત ભીંસતી ભીંસતી સુંદરી પોતાના હાથમાં એ નાની બંદૂકડીને ઝુલાવવા લાગી.

“મારે મન તો ઓરતના હૃદયના પ્યારની તેમ જ હિંસાની બન્ને પ્યાસ સમાન છે.’ પુરુષે હસતાં હસતાં કાતર ચલાવી: “એ હથિયાર મારીનેય રુધિર પીવે છે, અને લાલસામાં સળગાવીનેય શેકી ખાય છે. તારા રૂપની હિંસા પણ એ જ જાતની છે; ભાત જુદી હશે.”

“હં-હં! મરતો પુરુષ સનેપાતે ચડે છે, ખરું!”

બિલાડીની પેટે એણે આંખો ચોડી. બંદૂકડી એના હાથમાં વધુ ને વધુ ઊછળવા લાગી. જાણે બિલાડી ઉંદરને પૂરો કરતાં પહેલાં રમાડતી હતી.

એકાએક એના હાથમાંથી રિવૉલ્વર નીચે પડી.

પુરુષ છલાંગ્યો. ઓરતે રિવૉલ્વર પાસે પહોંચવાની ખાસ ઉતાવળ કરી નહિ.

પુરુષે રિવૉલ્વર હાથ કરી ને પછી રિવૉલ્વરની નળી ઓરતની સામે તાકતો તાકતો, પાછે પગલે બહાર નીકળી ગયો.

ઓરત સમતા રાખીને બેસી રહી. પછી ધીરે ધીરે એ ઊઠી. બારી ઉપર ગઈ.

એણે જોયું: કેદી બહુ જ નીચે ઊતરી ગયો હતો. કેદીએ મેદાન પર તરવર પગલે દોટ દીધી. મેદાન પર મોટાં પક્ષીઓ જેવાં કશાંક નજીકના વાહનો પડ્યાં હતાં. એમાંના એક પક્ષીયંત્રની પીઠમાં એ ચઢી બેઠો: યંત્રે પાંખોના ઝંકાર કર્યા: પક્ષીએ આકાશના માર્ગ પર ગતિ છોડી મૂકી.

છાવણીમાં હોહકાર મચી રહ્યો હતો, અને મશીન-ગનોની આકાશગામી નળીઓમાંથી તડતડાટ ગોળીઓ છૂટી રહી હતી, ત્યારે–

– બુરજની બારીએ ઊભેલી ઓરત મીઠાશભરી આંખે દૂર દૂર ચાલ્યા જતા વિમાનને નિહાળતી હતી.

[6]

"તેં? તેં ઊઠીને એને નસાડ્યો?"

"શા માટે નસાડ્યો એને?"

"એ ભયંકરમાં ભયંકર શત્રુને તેં શા માટે જતો કર્યો?"

"દેશનું સત્યાનાશ વળી જશે એ સમજે છે તું?"

"તારી કારકિર્દીની ઉજ્જ્વલમાં ઉજ્જ્વલ ચાસે તેં આ શું કર્યું?"

એની એ જ લશ્કરી અદાલત બેઠી હતી. અફસરો પ્રશ્નો પર પ્રશ્નો પૂછતા હતા.

ઓરત પોતાની હંમેશની સમતા સાચવીને બેઠી બેઠી સવાલોનો મારો ઝીલતી હતી.

"અમને કહે, તેં એને શા માટે નાસવા દીધો?"

"કદાચ –" ઓરત સહેજ અચકાઈ, પછી બોલી: "કદાચ એના

પર મને પ્યાર હશે!" એટલું બોલીને એ સહેજ હસી.

"પ્યાર!" લશ્કરી અદાલતના પ્રમુખને પગથી માથા પર્યંત ઝાળ લાગી : "પ્યાર! બજારમાં ટકાને ભાવે જે વેચાતો મળે છે, તે નાચીઝ પ્યારને ખાતર તેં દુશ્મનને છટકવા દીધો? તેં દેશની સામે સાપ ઊભો કર્યો? તું ઓરત! આખરે, તું ઓરત!"

ઓરતની સમતા અડગ રહી.

પાંચેય અફસરોએ બે મિનિટ મસલત કરી પછી ફેંસલો સંભળાવ્યો : "કાલે સવારે તને ઠાર કરવામાં આવશે."

સાંજે બંદીખાનામાં એ એકલી હતી. ચોમેર કાળાશ હતી. ઝાંખી બત્તી કાળાશને વધુ બિહામણી બનાવી રહી હતી. મૃત્યુધામના મહાકાવ્યની પ્રસ્તાવના જેવો એ પહોર હતો.

ઓરતનો મનોવ્યાપાર ન કળી શકાય તેવો હતો. સંભવ છે કે કદાચિત્ એની કલ્પનામાં એક વિમાનની પાંખો ગાજતી હશે; અને વિમાની, પોતે કેવી આબાદ થાપ દઈ, હિંમત કરી, એક નાપાક, નાદાન ઓરતના સાથમાંથી નાસી છૂટ્યો તેનો ગર્વ કરતો મૂછો આમળતો હશે.

એવી કલ્પનાને કારણે જ શું આ ઓરત મંદ મંદ મલકી રહી હતી? કોણ જાણે!

દરોગાએ મોટી ચાવી વડે તુરંગનું તાળું ખોલ્યું, અને ઓરતની સામે ધર્મોપદેશક આવી ઊભો રહ્યો. ધર્મોપદેશકનો બુઢાપો, અવાજ, ઝાંખું ફાનસ વગેરે પણ તુરંગની કાળાશમાં એકરંગ બની ગયાં.

મરતા માનવીને ત્રણેક સાથી હોય છે : આકાશ સામે જોઈને એ વેળા રુદન કરતું કૂતરું, ચીસો નાખતી ચીબરી અને ધર્મપાઠ સંભળાવતો ધર્મોપદેશક.

"તારી કંઈ છેલ્લી ઇચ્છા છે?" ધર્મોપદેશકે કાળના યંત્ર જેવા અવાજે પ્રશ્ન કર્યો.

"હા; બે ઇચ્છા છે.'

"બોલ."

"એક તો મને મારા વાજાની પેટી આજની રાત બજાવવા આપો; ને બીજું, જે પોશાક પહેરીને મેં મારા રાજની ચાકરી ઉઠાવી હતી તે પહેરીને જ મને મરવા દ્યો."

"કયો પોશાક વળી?"

"મારી લૂંગી, મારો ડગલો ને મારા માથા પર બાંધવાનો રૂમાલિયો; મારે ઘેર પડ્યાં છે."

"વારુ."

ઝાંખી બત્તી લઈને મૃત્યુનો દૂત બહાર નીકળ્યો.

વાજાની પેટી આવી; પોશાક પણ આવ્યો.

[7]

આખી રાત કોઈ પાગલની પેઠે એ ઓરત વાજું બજાવતી રહી. બજાવતાં બજાવતાં એનું શરીર મૃત્યુ-નૃત્ય કરતું હતું. એના વાળની લટો ધૂણતી હતી. એ માનવી મટીને જાણે વંટોળિયો બની ગઈ હતી.

પ્રભાતે જ્યારે એક અફસર આવીને એની તુરંગમાં ઊભો રહ્યો, ત્યારે જ એને રાત વીતી ગયાની જાણ થઈ.

"આપ તૈયાર છો?" અફસરે પૂછ્યું.

ઓરતે ઊંચે જોયું; ઓળખાણ પડી : પોતાના કીર્તિ-જીવનને પ્રથમ પ્રભાતે 'બડા સા'બ'ની ઑફિસ સુધી સંગાથે ચાલ્યો હતો તે જ જુવાન ઑર્ડરલી.

ઓરતે ઊઠીને પૂછ્યું : "ઓહો! આજે પણ ફરીથી શું આપણે જોડાજોડ ચાલવાના?"

યુવાન અફસરે ડોકું ધુણાવ્યું. એને પ્રથમનો મેળાપ યાદ આવ્યો.

તે દિવસે એણે કીર્તિને પંથે સાથ કર્યો હતો : આજે કાળની વાટે.

મર્માળ હસતી હસતી એ મૃત્યુનો સ્વાંગ સજવા માંડી : અરધો ડગલો પહેર્યો; માથા પર રૂમાલ બાંધવા લાગી.

"અહીં ક્યાંય આરસી હશે?" એણે જુવાનને પૂછ્યું.

"આ ચાલશે?" કહેતાંની સાથેસાથે જુવાને પોતાની કમરેથી તલવાર

ખેંચી. એક હાથે મૂઠ અને બીજે હાથે પીંછી પકડીને એણે તલવાર ઓરતના મોં સામે ધરી.

ઓરતે તલવારની પટીમાં પોતાનું ચોખ્ખું પ્રતિબિંબ દીઠું.

"વાહ! સરસ!' કરીને એણે તલવારની આરસીમાં નીરખી નીરખી માથાની લટો સમારી. રૂમાલની પાઘ બાંધી. સંતોષ પામીને કહ્યું : "વાહ જુવાન!"

જુવાને જરાક શિર ઝુકાવી, તલવારે મ્યાન કરી પૂછ્યું : "ચાલશું?"

"ચાલો."

બેઉ જોડાજોડ ચાલ્યાં. બેઉનાં કદમ તાલ લેતાં હતાં. મકાનો વટાવ્યાં : દરવાજો વટાવ્યો : સુંદર બગીચાને પણ પાર કર્યો.

ઉજ્જડ વેરાન પથરાયેલું હતું. એક જ ખીજડાનું ઝાડ હતું. એના ઉપર બેઠું હતું આંધળું ઘુવડ. દૂર એક ભાંગેલા બુરજની દીવાલ હતી.

એક જ સરખાં કદમ ભરતાં બન્ને એ ભાંગેલી દીવાલ પાસે પહોંચ્યાં. દીવાલ સરખી ઓરતને ઊભી રાખી.

સામે બસો કદમને અંતરે સિપાહીઓને ટુકડી ઊભી હતી. મોખરે ત્રણ-ચાર લશ્કરી અફસરો ઊભા હતા. બૅન્ડ હતું. તેઓ પણ ઘુવડની માફક જ ચુપચાપ હતા.

ઓરતે આ બધું જોયું. જુવાન અફસરે ગજવામાંથી કાળો એક રૂમાલ ખેંચ્યો. કેદીની આંખે પાટો બાંધવા એણે હાથ લંબાવ્યાં.

ઓરતે એના હાથમાંથી રૂમાલ ખેંચી લીધો; મોં મલકાવ્યું. એ જ રૂમાલ તેણે જુવાનની આંખો પર લૂછ્યો.

જુવાનની આંખો રડતી હતી.

રડતી આંખો લૂછીને પછી ઓરતે રૂમાલ તેને પાછો આપ્યો.

જુવાન પાછે પગલે ખસ્યો. પછી પીઠ ફેરવી પોતાને સ્થાને ગયો; તલવાર ખેંચી.

અહીં ઓરતે ઈશ્વરને વંદના કરી લીધી.

બૅન્ડ બજવા લાગ્યું. સિપાહીઓએ બંદૂકો છાતીએ ચડાવી નિશાન

લીધું. બંદૂકોની ચાંપો પર આંગળી મૂકી.

બૅન્ડ બજતું જ રહ્યું.

કેમ આમ? કેમ સમય જાય છે? કેમ છેલ્લી ક્રિયા થતી નથી? બધી આંખો જુવાન અફસર તરફ હતી. તલવારની છેલ્લી નિશાની એણે કરવાની હતી. તે નિશાની પછી જ બંદૂકો છૂટવાની હતી.

એ કેમ નિશાની દેતો નથી? એના હાથમાં તલવાર કેમ ઠરી ગઈ છે: એ શું ઊંઘી ગયો? એ ઓરતની સામે કેમ જોઈ રહ્યો છે?

બૅન્ડ બજી રહ્યું છે: સમય જાય છે.

વડા અફસરનો હુકમ થયો: બૅન્ડ થંભ્યું. ચાર ઑર્ડરલીઓ દોડ્યા. જુવાન અમલદારને એ ચારેય જણા મેદાનની બહાર ઘસડી ગયા.

એનું સ્થાન નવા અફસરે લીધું. ફરીથી બૅન્ડ બજ્યું. એક પલમાં તો નવા અફસરની સમશેરની પીંછીએ ઓરત તરફ તાક દીધી.

એકસામટી ત્રીસ બંદૂકો વછૂટી.

– મેદાન ઉપરથી જ્યારે તમામ ચાલ્યા ગયા હતા ત્યારે એક વૃદ્ધ ઊભો હતો. ઊભો ઊભો એ ઓરતની લાશને મૂંગી સલામી દેતો હતો.

એ હતો લશ્કરી છૂપી પોલીસનો સર્વોપરી અધિકારી કે જેણે આ બદનામ ઓરતને પ્રથમ દિને નોકરી આપી હતી.

લીધું. બંદૂકોની ચાંપો પર આંગળી મૂકી.

બૅન્ડ બજતું જ રહ્યું.

કેમ આમ? કેમ સમય જાય છે? કેમ છેલ્લી ક્રિયા થતી નથી? બધી આંખો જુવાન અફસર તરફ હતી. તલવારની છેલ્લી નિશાની એણે કરવાની હતી. તે નિશાની પછી જ બંદૂકો છૂટવાની હતી.

એ કેમ નિશાની દેતો નથી? એના હાથમાં તલવાર કેમ ઠરી ગઈ છે: એ શું ઊંઘી ગયો? એ ઓરતની સામે કેમ જોઈ રહ્યો છે?

બૅન્ડ બજી રહ્યું છે: સમય જાય છે.

વડા અફસરનો હુકમ થયો: બૅન્ડ થંભ્યું. ચાર ઑર્ડરલીઓ દોડ્યા. જુવાન અમલદારને એ ચારેય જણા મેદાનની બહાર ઘસડી ગયા.

એનું સ્થાન નવા અફસરે લીધું. ફરીથી બૅન્ડ બજ્યું. એક પલમાં તો નવા અફસરની સમશેરની પીંછીએ ઓરત તરફ તાક દીધી.

એકસામટી ત્રીસ બંદૂકો વછૂટી.

– મેદાન ઉપરથી જ્યારે તમામ ચાલ્યા ગયા હતા ત્યારે એક વૃદ્ધ ઊભો હતો. ઊભો ઊભો એ ઓરતની લાશને મૂંગી સલામી દેતો હતો.

એ હતો લશ્કરી છૂપી પોલીસનો સર્વોપરી અધિકારી કે જેણે આ બદનામ ઓરતને પ્રથમ દિને નોકરી આપી હતી.

# જલ્લાદનું હૃદય

**શ**હેરની એ ભેદી ગલી હતી.

કોઈ એને ડોકામરડી કહેતા : કોઈ ગળાકાટુ કહેતા. એનું પેટ અકળ હતું. ધોળે દિવસે પણ અજાણ્યા લોકો ત્યાં જતાં ડર ખાતાં. નાનાં છોકરાં 'ભૂતખાનું' શબ્દ સાંભળીને જે ધ્રાસકો અનુભવે છે, તે જ ત્રાસ આ ગલીનું નામ લેતાં લોકોમાં ફેલાઈ જતો.

એ ગલીના એક ઊંડા ઘરના ભંડકિયાની અંદર સાત લાંબી દાઢીવાળા બુઢ્ઢાઓ ગોળ કૂંડાળે ચુપચાપ બેઠા હતા. તેઓની ઝીણી આંખોમાં ભયાનક ટાઢાશ ભરી હતી. બુઢાપાએ એ દરેક ચહેરા પર કરચલીઓના ઊંડા ચાસ પાડ્યા હતા. પ્રત્યેક મોં ઉપર કોઈક કરપીણ વાતનો નિશ્ચય છપાયો હતો. સાતે જણા મૂંગા બેઠા હતા.

બારણા પર ટકોરા પડ્યા. સાત માંહેના સૌથી વૃદ્ધ આદમીએ પહેરેગીરને ઇશારો કર્યો. ઝીણા છિદ્રમાંથી બહાર નજર કરીને પહેરેગીર પાછો આવ્યો. ધરતીના પેટાળમાંથી ઊઠતો હોય એવા અવાજે તેણે કહ્યું : "જલ્લાદજી."

"આવવા દે!" વૃદ્ધે વગર બોલ્યે આંગળીની ઇશારત કરી.

દાખલ થનાર આદમીની ઉમ્મર પાંત્રીસેક વર્ષની હતી; કદ ઢીંચકું હતું; આંખો બંદૂકની નળીના મોં જેવી હતી; ચહેરો હજારો મનસૂબાની ઘોર જેવો, ભોંયરા જેવો, ફાંસીખાના જેવો હતો.

ભારે પગલે એ વડા વૃદ્ધની સામે આવી ઊભો રહ્યો.

વૃદ્ધે પૂછ્યું : "જલ્લાદજી! આપણા જાતભાઈની શબ-યાત્રા દેખી?"

આવનારે માથું હલાવ્યું.

"મૈયતમાં પણ શત્રુઓએ રમખાણ મચાવ્યાં, કૈંકને ઘાયલ કર્યા, એ જોયું?"

જલ્લાદજીએ ફરીથી માથું હલાવ્યું. હજુ પણ એના હાથની અદબ ભીડેલી હતી. થીજી ગયેલા પ્રવાહ જેવો એ ઊભો હતો.

ખુરસી પર બેઠેલા વૃદ્ધે પોતાનો હાથ જલ્લાદજી તરફ લંબાવ્યો. એનાં આંગળાં વચ્ચે એક કાગળની ચબરખી હતી.

જલ્લાદની અદબ છૂટી: હાથ લંબાવીને એણે ચબરખી લીધી. ઓરડામાં આવ્યા પછીની એના શરીરની આ પહેલી જ ક્રિયા હતી. અને એના જમણા હાથની આટલી જરૂર પૂરતી ક્રિયા સિવાય બીજાં તમામ અંગોમાં મૃતવત્ નિશ્ચલતા હતી.

ચબરખીમાં લખેલું નામ વાંચતાં જ એની આંખોનાં ભવાં ઊંચાં ચડ્યાં: "આ શું?" એણે વૃદ્ધની સામે ઉશ્કેરાટભર્યા અવાજે બોલવા માંડ્યું: "આ તો મારો મિત્ર! આની ગરદન ઉપર મારી કુહાડી કેમ પડી શકે? આ તમે શું કહો છો?"

"કોમનો નિર્ણય: જાનને બદલે જાન. હત્યા કરનારને હણવો." પ્રમુખ વૃદ્ધના ગળામાંથી ઠંડાગાર શબ્દો આવ્યા.

"પણ-પણ –" જલ્લાદની ખામોશી પીગળતી હતી: "આ તો મારો બચપણનો ભેરુબંધ: આ તાઈ અને હું ભેળા રમતા. ને મને મારા બાપુ મારતા ત્યારે તાઈની આંખોમાં આંસુ ચાલતાં. આમ તો જુઓ–'

કહીને એણે પોતાના કુડતાની બાંય ઊંચે ચડાવી કાંડા પર બતાવ્યું: "જુઓ, આ શું છે? નાના હતા ત્યારે તાઈએ મને મારેલ છૂરીનો આ ડાઘ છે. અમારી ભાઈબંધીનું એ એંધાણ છે. ને મારા જમણા હાથ ઉપર જ છે. એ જ હાથ શું તાઈની ડોક ઉપર કુહાડી ઉપાડશે?"

બુઢ્ઢાની ડોક હલી. એના ચુપચાપ મોં-મલકાટે એની કરચલીઓને વધુ બિહામણી બનાવી.

જલ્લાદજીની આંખો બીજી બેઠક પર ચાલી. બીજો વૃદ્ધ પણ ઠંડોગાર અને અનિમેષ બેઠો રહ્યો.

ત્રીજા સામે, ચોથા સામે... જલ્લાદજી એ આખા ચક્ર સામે ફરી વળ્યા. સાત બુઢ્ઢાઓ ગીધ પંખી જેવા અબોલ, અચલ બેઠા રહ્યા.

કૂંડાળાની વચ્ચે ઊભેલો મનુષ્ય એ ચૌદેય આંખોના ધગધગતા સોયા વડે સોંસરો વીંધાઈ ગયો. વિધાતાનું અફર વિધાન એ સાતેય ચહેરામાં લખાયું હતું. પ્રત્યેક મોંના અચલ હોઠ ઉપર મૂંગો એક જ અવાજ રમતો હતો કે – "જાનને સાટે જાન! હત્યાનો બદલો હત્યા! આપણા એક બાંધવની મૈયત નીકળી, તો સામાવાળાની પણ એક લાશની પાયદસ્ત નીકળ્યે છૂટકો. બીજી કોઈ વાત નહિ."

"પણ મહેરબાનો! મુરબ્બીઓ!" જલ્લાદને હજુય આશા હતી: "મારા હાથે આ કૃત્ય નહિ થઈ શકે."

"જલ્લાદજી!" પ્રમુખે વૃદ્ધે કોઈ યંત્ર જેવા એકસૂરીલા બોલ સંભળાવ્યા: "જેના નામની ચિઠ્ઠી નીકળી, તે ગમે તે હો, દોસ્ત હો વા દીકરો, તમારે એને ખતમ કરવો પડશે. મિત્રતા મોટી? – કે પ્રભુ અને પિતૃદેવોની સામે લીધેલા કસમ મોટા? તમે કોણ છો? પ્રભુના આજ્ઞાવશ જલ્લાદ છો: નેકપાક પરશુધર છો."

પાંત્રીસ વર્ષના પુરુષને કાને 'પ્રભુ' અને 'પિતૃદેવો'ના બોલ પડ્યા. પોતે લીધેલા 'કસમ' એણે યાદ કર્યા. એનું માથું નીચે ઢળ્યું. એ ત્યાંથી ચાલ્યો – બહાર નીકળી ગયો.

ડોકામરડી ગલીના એ ભંડકિયા ઓરડામાં સાત નિશાચરો ઘુવડ-શા મનસૂબા ઘડતા બેઠા રહ્યા.

[2]

દરવાજાને ઓટે બેઠો બેઠો એક આદમી એની લાંબી નળીવાળી ચુંગી પી રહ્યો હતો. મીઠી તમાકુના ધીરા ધુમાડાના એના નાકમાંથી નીકળી અવનવા આકાર ધરતા ઊંચે ચઢતા હતા. એની આંખો આ ધૂમ્રપાનની સુખ-લહેરમાં ઘેરાતી હતી. ઓટા પર બેઠો બેઠો એ ગલીના ઊંડાણમાં છેક બીજે છેડે ચાલતો શોરબકોર સાંભળતો હતો, અને પોતાની સામે ઊભેલા સાથીને કહેતો હતો કે –

"કોમ આખી કેટલી બધી ઊતરી ગઈ? આપણે પરદેશમાં આવીને સવાલી બની ગયા. આપણે આપણા દેશની ઇજ્જત અહીં પારકે પાદર આવીને ધૂળ મેળવી. મુર્દાની પણ આપણે અદબ મેલી. સ્મશાનયાત્રાનો પંથ તો પ્યારનો, પસ્તાવાનો, તોબાહ કરી લેવાનો. ત્યાં પણ આપણાં લોક ગરદનો કાપે છે પરસ્પરની."

"હા-હા-હા-હા!" સાથી પોતાની આંખ બગાડતો હસ્યો: "ને હવે સામાવાળાનો જલ્લાદ બસ આપણા હરકોઈને ઘેર આવી પહોંચશે."

'જલ્લાદ' શબ્દ સાંભળતાં તો ચુંગી પીતા ગૃહસ્થે ચુંગીની ઘૂંટ લેવાનું બંધ કર્યું. ચુંગીની નળી એના હોઠ વચ્ચે થંભી ગઈ.

જેના શ્રવણ માત્રથી જ જીવતાં શરીરોનાં લોહી શોષાઈ જાય, એવો એ શબ્દ હતો 'જલ્લાદ'. એ કોઈ અકળ અને અગમ પાત્ર હતું. એને કોઈ ન ઓળખતું. એનું કાર્ય મૂંગાં મૂંગાં હરકોઈની ગરદન પર કુહાડી ઝીંકવાનું હતું. કોમની ગુપ્ત અદાલત જેના નામની ચિઠ્ઠી ઉપાડે, તે મનુષ્યનું લોહી જલ્લાદની કુઠાર-ધારા છાનીમાની પીવા જતી. ઘરોઘર ઉપર અને પલેપલ એનો ઓળો પડતો. દ્વારેદ્વારે એના ભણકારા બોલતા. વધુમાં એ પુરુષ પવિત્ર અને પ્રભુપ્રેરિત ગણાતો. માટે તો એ જલ્લાદ-જી કહેવાતો.

ચુંગી પીતા આદમીને અંગેઅંગે થરથરાટી છૂટી ગઈ, અને એ ઊભો થયો. સાથીને પણ એણે કહ્યું: "અંદર આવો!"

બારણાં બંધ કરીને બેઉ જણા મકાનમાં પેસી ગયા. ગભરાયેલા ઘરધણીએ કોઈ ન સાંભળે તેમ એ દાઢીવાળા સંગાથીને પૂછ્યું: "જલ્લાદનો ભોગ કોણ બનશે આ વખતે?"

"લાવ, દાણા જોઈ દઉં. હા-હા-હા-હા!" ફરી વાર એ હસ્યો. ધીરે ધીરે એનું હસવું ભયાનક બનતું) ગયું.

એ નજૂમી હતો. એણે કિસ્મતના બોલ વાંચ્યાં. દાણા ઉપરના આડાઅવળા લીટામાં એની આંગળીઓએ આપોઆપ એક નામ લખ્યું. એની આંખો ઘરધણીના મોં પર ઠેરાઈ ગઈ. એણે ધીમે અવાજે કહ્યું: "ભૈયા! જલ્લાદજીના કુહાડા હેઠળ તકદીર તારી ગરદન..."

"મારી – મારી ગરદન!" ઘરધણી ફફડ્યો : "મારા શા અપરાધે? હું નહિ – ના ના, હું નહિ – ભાગી જા અહીંથી : ચાલ્યો જા! તું મારો જાન લેવરાવવા માગે છે? – ભાગી જા!"

નજૂમીને ધકાવી નાખી ઘરધણીએ જ્યારે અંદરથી દ્વાર બંધ કર્યું, ત્યારે બહાર ઊભો ઊભો નજૂમી ખડખડ હસતો હતો; દ્વાર ભભડાવતો કહેતો હતો : "તકદીરના આંકડાને અપમાન દેનારો પસ્તાશે, હાં કે તાઈ!"

[3]

તાઈ બેઠો રહ્યો. રાત પડી. તાઈનો થરથરાટ શમી ગયો. તકદીરના આંક ચાહે તે હો, પણ તાઈએ વિચાર્યું કે જલ્લાદજીની કુહાડીને માટે સહુ કોઈએ તૈયારી કરી જ નાખવી ઘટે. એ તૈયારી કરવા તાઈએ મેજ પર મોટો કાગળ પાથર્યો. એમાં પોતે લખવા મંડ્યો : એ લખાણ પોતાના વસિયતનામાનું હતું.

ઠંડા સુગંધી દીવા બળતા હતા. ધૂપદાનીનાં ધૂપ-ગૂંચળાં ઓરડાની અંદર ખુશબોનું ચિત્રાંકન કરતાં હતાં. એક બાજુએ માંડેલી પ્રભુપ્રતિમા એનાં નયનોમાંથી નીરવ અમૃતધારા રેલાવતી હતી, અને બાજુના બીજા ખંડમાંથી એક બાળગીતના સૂરો ચાલ્યા આવતા હતા. કોઈ કોમલ શરણાઈ-કંઠનું એ સંગીત હતું. વસિયતનામું લખતો લખતો ઘરમાલિક વારેવારે એ કાલાઘેલા ગીત તરફ કાન માંડતો હતો, અને આંખોમાં સુખલહેર અનુભવતો હતો.

"હા...શ!" એવા ઉદ્ગાર સાથે એણે કલમ નીચે મૂકી. લખાઈ રહેલ વસિયતનામા ઉપર એની આંખો ફરવા માંડી. એકલો એકલો એ બબડતો હતો : "શી ફિકર છે? મારો ભાઈબંધ મારી તોયાને જીવ સાટે પણ જાળવશે. મારે તોયા સિવાય જગમાં બીજો કોઈ સ્નેહ-તાંતણો નથી; તોયાની મા જ્યાં સાંચરી છે ત્યાં જ મારે તો જવાનું છે ને!..."

ટક...ટક...ટક : બારણા પર ટકોરા પડ્યા.

પહેલી ક્ષણે તો એને ફાળ પડી. પણ પછી એણે વિચાર્યું : ના, ના, હોય નહિ. એ આવશે ત્યારે આગલે બારણેથી નહિ આવે. ને ટકોરા પણ

નહિ મારે. આ તો કોઈ સ્વજનના જ હાથ ઠોકે છે.

એણે દ્વાર ઉઘાડ્યું. આવનાર પુરુષને જોતાંની વાર જ એ તો હર્ષગદ્‌ગદિત બની બાઝી પડ્યો: "ઓહોહો! ભાઈ! તમે છો? તમે ક્યાંથી? ખબરપતર વિનાના ઓચિંતા ઝબક્યા? ઓહોહો! કેટલો આનંદ! ઠીક આવ્યા. આવો, આવો, અંદર આવો."

સ્મશાનેથી શબ ઊઠીને આવ્યું હોય એવો એ આવનારનો થીજેલો ચહેરો હતો. પોતાનું સ્નેહભર્યું સ્વાગત દેખીને એની મુખમુદ્રા વધુ શ્યામ બની. જવાબ આપ્યા વગર એ માલિકની બાથમાં ઘસડાતો ઘરમાં ગયો.

"જોયું? સાંભળ્યું? ઘરમાં કે મહેમાનને ખંડની વચ્ચે ઊભો રાખી કહ્યું: સાંભળ્યું એ ગીત? –"

હીરદોરમાંથી સરતાં મોતી જેવા ગીતના શબ્દો સંભળાતા હતા:

*દાદાના વડલામાં કોયલ માળા બાંધે;*
*માળા તો બાંધે ને કોયલ ઇંડાં મેલે;*
*ઇંડાં તો મેલે ને કોયલ ચારો લાવે;*
*વડની પોલમાંથી એક ભોરિંગ આવે.*

"સાંભળ્યું? કેવું મીઠું મીઠું ગાય છે તારી તોયા! બહુ ડાહી દીકરી: મા વિનાની એટલે જ આવી ડાહી છે, હાં કે! હમણાં મારે એને ખબર નથી આપવી કે તમે આવ્યા છો. આવો, અહીં આવો, કંઈક બતાવું."

પરોણાને ખેંચીને તાઈ ટેબલ સુધી લઈ ગયો; વસિયતનામું બતાવ્યું: "જુઓ, મેં તો આજે ને આજે જ બધું પતાવી લીધું છે. મને તો હવે આ દેહનો ભરોસો નથી. તમારી ને અમારી કોમો ખૂબ લોહી પીશે; ને હું આગેવાન ગણાયો છું, એટલે મારો વારો પહેલો આવશે. માટે, ભાઈ, મેં તો બધું ઠેકાણે પાડી દીધું. લ્યો, હવે વાંચો જોઉં –"

પરોણાની આંખો આડા પડદા પડી ગયા હતા. એ ઉકેલી શકતો નહોતો. ઓચિંતાની એની નજર એક નામ પર પડી: એ તો એનું પોતાનું જ નામ! આ શું લખ્યું હતું? કે 'મારી બધી સ્થાવર-જંગમ ઇસ્કામત મારા મિત્ર ...ને મળે.' અને...અને બીજું શું લખ્યું હતું? –

'મારી દીકરી તોયા ઉમ્મરલાયક થાય ત્યારે એને મારા મિત્રની વેરે જ પરણાવવાની છે.'

વાંચીને અતિથિએ મિત્રની સામે જોયું.

મિત્રે ખુશખુશાલ સ્વરે કહ્યું : "કેમ, ભાઈ! બરાબર છે ને? બીજું હું શું કરું? મારી જીવથીય વહાલી એક તોયા. એને તમારા વિના બીજું કોણ સુખી કરે? એને સુખી કરશો એટલું મને મોંએથી કહો, પછી બસ – છોને જલ્લાદની કુહાડી અત્યારે ને અત્યારે મારી ગરદન પર પડતી! એક વાર, બસ, તમારે મોંએથી કહો કે તોયાને તમે દુઃખી થવા નહિ દો."

જવાબની રાહ જોતો ભાઈબંધ પરોણાના સૂનકાર ચહેરા પર તાકી રહ્યો. પછી સ્નેહના તુંકાર કરીને બોલ્યો : "તું જવાબ કેમ નથી આપતો? તારું ધ્યાન તોયાના ગીતમાં ગૂંચવાયું છે, ખરું? ઓહો! કેવી ડાહી દીકરી છે! ચાલ, ચાલ તને બતાવું : કેવી સૂતી સૂતી એ ગાય છે! ચૂપ – ધીમે ધીમે, હો! – સાંભળી જશે તો અટકી જશે; બહુ શરમાળ છે."

હળવે પગલે, લપાતો તાઈ મહેમાનને હાથ ઝાલીને વચલા બારણા સુધી લઈ ગયો; દીકરીનો પલંગ દેખાય તે રીતે મિત્રને ઊભો રાખ્યો.

ચાંદની રાતમાં ભીંજાવેલ હોય તેવી ચાદરથી ઓછાડેલ પલંગે દસ વર્ષની પુત્રી સૂતી છે. મશરૂના બાલોશિયા ઉપર એનું નાનું માથું ઢળેલું છે. એને શરીરે પણ રેશમનો પાયજામો ને પિરોજી હીરનું બદન લહેરાય છે. પાસે આયા બેઠી છે. પડી પડી તોયા ગાણું ગાય છે. આયા વાજું બજાવે છે. તોયાની આંખોમાંથી –

*નીંદર ભરી રે ગુલાલે ભરી;*
*આજ મારી આંખડી નીંદર ભરી.*

એવી કવિતાના ભાવ ટપકે છે.

"મારી દીકરીનો આવો મીઠો કંઠ તું ગુમાવતો નહિ, હો!" તોયાના પિતાએ મહેમાનને હસતાં હસતાં કહ્યું : "એને સંગીતની તાલીમ આપજે; તને એ બહુ સુખી કરશે."

હાથ ઝાલીને એણે પાછો પરોણાને ખુરશી તરફ લીધો; પણ દોસ્તનું

મૌન તૂટતું નહોતું.

ખભા હડબડાવીને તાઈએ મિત્રને પૂછ્યું : "આમ જો : શું થયું છે તને? શું તું મારા મોતની વાતથી વિચારમાં પડી ગયો છે? કહે જોઉં; મારી તોયાના કસમ – જો ન કહે તો!"

જવાબમાં પરોણાએ તાઈની આંખો સામે આંખો નોંધી. પછી ધીરે ધીરે ધીરે પોતાના ડાબા હાથની બાંયમાંથી કશુંક ખેંચી, બહાર કાઢ્યું. એ એક કાલી, ધારદાર જાડી કુહાડી હતી.

તાઈને સમજવા માટે આટલું જ ચિહ્ન બસ હતું. એને શરીરે સ્વેદ વળી ગયા; એનાથી એટલું જ બોલાયું : "તું જ – તું પોતે જ જલ્લાદજી! નજૂમી શું સાચો પડ્યો!'

કુહાડી જાણે એ દીવાનાં કિરણોનાં પ્રતિબિંબોને શબ્દો બનાવી કહી રહી હતી કે 'હવે મોડું થાય છે; જલદી કરો.'

બન્ને સામસામા ચુપચાપ ઊભા : હજુ જાણે આ સામે ઊભેલું સત્ય ભ્રાંતિ જેવું ભાસતું હતું.

સાંકડી નાળ્યમાંથી પવનનાં લહેરિયાં આવે તેવો તોયાનો કંઠસ્વર આ બેઉ જણની વચ્ચે લહેરાતો હતો.

"ભાઈ!" તાઈએ દયામણું મોં કરીને કહ્યું : "થોડી ઘડી થોભી શકશે તું?"

જલ્લાદે ડોકું ધુણાવ્યું.

તાઈ હળવે પગલે ચાલ્યો : બાજુ પર બિરાજતી દેવ-પ્રતિમાની સામે જઈ ઊભો; દસ-બાર ધૂપસળીઓ સળગાવીને પ્રતિમાની આગળ રોપણ કર્યું. પછી પાછે પગલે થોડે છેટે જઈ હાથ જોડ્યા. પ્રતિમાની સામે તાકી રહ્યો. કશાક ધર્મબોલ એના હોઠમાંથી ફફડી ચૂક્યા. પછી એણે પ્રતિમાને કહ્યું : "હે દેવ! અમ ઇન્સાનોના મૃત્યુ-ભય ઉપર ધીરગંભીર હાસ્ય કરતા ઓ ખાવિંદ! થોડી વારની નબળાઈને દરગુજર કરજે. તારું શરણું! તારું શરણું! તારું અંતિમ શરણું!"

અદબ ભીડીને ધીરે પગલે એ પરોણાની પાસે જઈ ઊભો; મીઠે કંઠે

લું: "હવે હું તૈયાર છું, બંધુ!"

કુહાડી પરોણાના હાથમાં સહેજ ટટ્ટાર થઈ.

"બે જ પલ!" કહેતો તાઈ ફરીથી ચાલ્યો: તોયાના ખંડના ઉઘાડા રહી ગયેલા બારણા પર ગયો. રખે જાણે કોઈક બાળકની સુંવાળી આંગળીઓ ચગદાઈ જવાની હોય ને, એવી ધીમાશથી બારણું બીડ્યું: સાંકળ ચડાવી.

તોયાના બાલગીતના સ્વરો પેલી બાજુથી જાણે જીદ કરતા, અંદર આવવા કરગરતા, બારણાની ઝીણી ચીરાડો વાટે સંભળાવા લાગ્યા. એકસામટી અનેક નાની દીકરીઓ જાણે દબાયેલા સ્વરે કહેતી હતી કે 'ઉઘાડો, બાપુ, ઉઘાડો!'

તાઈ પાછો આવ્યો; હસતો હસતો ખુલાસો કરવા લાગ્યો: "તોયા દીકરી નાહકની અત્યારથી જ ગભરાઈ ઊઠે; નાહક એની નીંદ બગડે. ને, ભાઈ, કુહાડીનો ઝટકો કાંઈ ત્યાં સંભળાયા વિના રહે, ભાઈ! હા-હા-હા." એ હસ્યો – પણ અતિ હળવું.

"હવે મને એક વાર કહે, બંધુ! – તોયાને તું સ્વીકારશે?"

મિત્રે મૂંગી હા પાડી.

"એને સુખી રાખવા માટે તું પ્રાણ સુધ્ધાં પ્યારા નહિ કરે ને?"

"તોયાને હું પ્રાણ સાટે પણ સુખી કરીશ."

"બસ ત્યારે." મિત્રનો ડાબો હાથ ઝાલીને તાઈએ બોસો ભર્યો. ગરદન ઝુકાવી.

જલ્લાદની કુહાડીનો ઝટકો તોયાના ગીત-સ્વરોમાં ઝિલાઈ ગયો, ને મિત્રનું મસ્તક સુંવાળા ગાલીચા પર, કશા પછડાટ વગર સરી પડ્યું. ગાતી તોયાનાં પોપચાં જ્યારે ઘેરાવા લાગ્યાં ત્યારે ચાદરની સોડ ખેંચતાં ખેંચતાં એણે લાંબે અવાજે કહ્યું: "બા-પુ-જી! હવે ક્યારે આવો છો?"

[4]

હણેલા મિત્રની માલમિલકત તેમ જ ધંધોરોજગાર પોતાને હસ્તક લઈ આ ભેદી પુરુષ પોતાનો ધંધો ચલાવ્યે જાય છે. પોતાની રિદ્ધિસિદ્ધિ

વચ્ચે મિત્ર-પુત્રી તોયાનું લાલનપાલન કરી રહેલ છે. પોપચું આંખની કીકીને સાચવે છે તેવી કુમાશથી એ તોયાની રક્ષા કરે છે. પિતાનો કોણે વધ કર્યો એની તોયાને ગંધ સરખી પણ નથી. એને તો પિતાની ઊણપ સ્વપ્નમાંય ન સાંભરે તેટલું નવી વહાલપનું સુખ સાંપડી ગયું છે.

તોયા મોટી થઈ. આંબાવાડિયાના રખેવાળે એ કિશોરીની મંજરીઓ મહેક મહેક થતી જોઈ લીધી. તોયાને નિશાળે બેસારી. એમ કરતાં યૌવનની આંબા-સાખે સુનેરી રંગો ડોકાવા લાગ્યા.

રખેવાળની ફિકર વધતી ચાલી. એને ચાળીસ વર્ષો ચડી ગયાં. જે જલ્લાદપદ એના તકદીરના સદાને માટે જડાઈ ગયું હતું, તેણે એના કુમળા ભાવોનો સંહાર વાળી દીધો. કોમની ગુપ્ત મજલિસમાં નેકપાક અને ઇમાની નરનું પરમ સ્થાન પામેલો એ પુરુષ એક બાજુથી કોમ-કોમ વચ્ચેનાં વેરને બુઝાવવા માટે કાકલૂદીઓ સંભળાવતો હતો, ને બીજી બાજુ બાંયમાં ચડાવેલી કુહાડીને કાળી કાળી અનેક અધરાતોએ અનેક સદોષ કે નિર્દોષ શત્રુપક્ષી ગરદનો પર પટકતો હતો. એવા બેવડ જીવનપ્રવાહે એના ચહેરામાં મૂંઝાતી ક્રૂરતા આલેખી દીધી; એના હોઠ પરનું હાસ્ય શોષી લીધું. એના મોંની આસપાસ ઊંડાં કોતરો ખોદી નાખ્યાં.

કિશોરી તોયા તરુણતાને હીંચોળે હીંચતી હીંચતી આ પાલનહારને નીરખતી હતી. બાપુના વસિયતનામામાં પોતાને તો આની જ પત્ની બનવાની પિતૃ-આજ્ઞા છે એ વાત તોયાએ જાણી હતી. કોમનાં કડક રૂઢિબંધનોને અળગાં મૂકીને આ રક્ષક તોયાને ભણાવતો હતો. કોમના જુવાનો પણ એને આંગણે ઝબૂકતા હતા.

આ રીતે તોયાના અંતરમાં લાગણીની ભીનાશ ભરી હતી. પરંતુ એ ભીનાશ શાની હતી? સ્નેહની? કે ઉપકાર-બુદ્ધિની?

*

"તોયા!" એક દિવસની સંધ્યાએ પાલનહારે આવીને એની હડપચી હળવે હાથે ઊંચી કરી: "કાલે તારી અઢારમી વર્ષગાંઠ, ખરું?"

તોયાના મોં પર લજ્જાનો રંગ-ઘૂમટો ખેંચાયો.

"તારા અઢારમા વર્ષનું સવાર બાપુએ વસિયતનામાની અંદર નોંધ્યું છે, ખરું, તોયા?"

તોયાએ ખિસકોલીની પેઠે માથું ઝુકાવ્યું.

"તોયા, અઢારમી વર્ષગાંઠ માટે આ બે ચૂડીઓ લાવ્યો છું."

તોયા ઊંચું ન નિહાળી શકી.

"પહેરશે તું?"

"શા માટે નહિ પહેરું?"

"તારી રાજીખુશીથી?"

"બાપુની આજ્ઞાના પાલન સિવાય હું બીજું કશું જ નથી વિચારતી."

ચોટલાને છેડે ગૂંથેલા ફૂલની પાંદડીઓ તોડતી એ ઊભી રહી.

"પરંતુ મારી ને તારી ઉમ્મર વચ્ચેનો ભેદ તેં વિચારી જોયો છે?"

"વિચારીને શું કરવું છે? બાપુને ગમેલું તે કરવામાં જ મને સુખ છે."

"તારા બાપુની આજ્ઞા છે, તે છતાં પણ હું તને મોકળી કરવા તૈયાર છું – જો તારી ઇચ્છા બીજે ક્યાંય ઢળેલી હોય તો."

"બાપુની આજ્ઞાની બહાર મારું સુખ ન હોઈ શકે."

હણેલા મિત્રની યાદ ઉપર આ જલ્લાદ આઠ વર્ષથી તર્પણ કરતો હતો; 'મારી તોયાને સાચવજે ને સ્વીકારજે' એટલા સંદેશા ઉપર એણે પોતાની જુવાની ઢોળાઈ જવા દીધી હતી. મન તોયાને જતી કરવા તૈયાર નહોતું; પણ ઇચ્છાવિરુદ્ધ તોયાને પોતાની કરવી નહોતી. ભાવતું તે બન્યું: તોયાને તેણે વળતે પ્રભાતે પોતાની કરી; તોયાના હોઠ પર ચુંબન ચોડ્યું.

[5]

"આટલી રાતે મને એકલી મૂકશો?"

"શું કરું? કોમના હિત માટે જવું પડે છે."

"મને આ ઘરમાં એકલાં ગમતું નથી."

"હું તને સારી સોબત મળે તેવી ગોઠવણ કરી દઉં."

"પાછા ક્યારે આવશો?"

"મામલો બહુ ભયાનક બનતો જાય છે; છતાં જેમ બને તેમ

વેળાસર."

ટાણે-કટાણે, અધરાતે, પરોઢે – જ્યારે બહારના કામનું તેડું આવે ત્યારે પુરુષ કપડાં પહેરીને ચાલ્યો જાય છે. સ્ત્રીની જુવાની આ પતિનું દુનિયા-જીવન [illegible] શકતી નથી. એને શી ગમ પડે કે મિત્રનું લોહી છાંટ્યા પછી દિવસ ને રાત અંતરમાં આગના ભડકા અનુભવતો પુરુષ કોમ-કોમ વચ્ચેના આ શોણિતપાતને અટકાવવાના શાંતિ-પ્રયત્નો કરી રહ્યો છે? એને શો ખ્યાલ કે જુવાનીના ઝૂલા ઝુલાવવાનો હક્ક પોતાના મિત્રની હત્યાનું પ્રાયશ્ચિત કર્યા વગર આ પુરુષ ભોગવી શકે તેમ નથી? એક જ લગની: એક જ ધૂન: એક જ તાલાવેલી! – સ્ત્રીને રસ માણવાની: પુરુષને રક્તપાત પર શાંતિ છાંટવાની.

બેઉની વચ્ચે ઘણું અંતર પડી ગયું: માઝમ રાતના જલસાઓમાંથી વહ્યા આવતાં નૃત્યગીતના સ્વરહિલ્લોળોએ, ચાંદની રાતોમાં પોતે સજેલા નિરર્થક શણગારોએ, વેણીફૂલની અને ધૂપદીપની ફોરમોએ સહુએ એ સ્ત્રીને ગાંડી કરીને આખરે એના મકાનમાં ચોકી પહેરો ભરતા એક કોમી સ્વયંસેવક જુવાનના ભુજપાશમાં ધકેલી દીધી.

*

અરધી રાત – અહીં એક યુવાનની ભુજાઓ વચ્ચે.

અરધી રાત – ત્યાં વેરના ભડકાથી વીંટાળાયેલો.

વિરોધીઓના ગુપ્ત મસલતખાનામાં એ એકલો આવી ઊભો રહ્યો. એની ઝીણી આંખોએ શત્રુ પ્રતિનિધિઓને એક પછી એક માપ્યા. માપતી માપતી એની નજર એક માણસ પર થોભી; પછી એણે દુશ્મનોને સંભળાવ્યું: "દોસ્તો! મારા લોહીભાઈઓ! તમારે શું જોઈએ છે?"

શત્રુઓએ એકબીજાની સામે જોયું: કોઈને ગમ નહોતી કે 'અમારે શું જોઈએ છે?'

"લોહી જોઈએ છે? – તો લાવો, ધરો ખોબા: તમે ધરાઓ તેટલું મારા કલેવરમાંથી કાઢી આપું."

લોકો ચૂપ રહ્યા. એણે કહ્યું: "હું બાંધવતાનો પંજો મિલાવવા આવ્યો

છું."

એણે પંજો લાંબો કર્યો.

કોઈ બોલી ઊઠ્યું : "ત્યારે શું અત્યાર સુધીની કતલ નામોશીમાં જશે? – નામર્દાઈમાં ખપશે?"

"કોણ છે એ? કહીને જલ્લાદે મીટ ઠેરવી. એ જ મોં જેના ઉપર એની પહેલી નજર થોભી ગઈ હતી.

"તમે કોણ છો? આ કોણ છે? આપણો જણ તો નથી લાગતો. સુલેહની વાત વચ્ચે ઝેરી જબાન ચલાવનાર આ કોણ છે?"

"મારા પૈસા લાવો." અજાણ્યા શખ્સે કહ્યું.

"તમારા પૈસા?" જલ્લાદે વાત સમજી લીધી : "આ મારા ભોળા ભાંડુઓના હત્યાકાંડ માટે ધીરેલા? એ માટે જ આ વેર જીવતાં રાખવા માગો છો કે? તમારા પૈસા આપવા હું હમણાં બહાર આવું છું. હવે મને ગમ પડી કે કોની ગરદનમાં મારા સેંકડો લોહીભાંઈઓની રૂંઢમાલા રોપાઈ છે!"

એની બાંયમાંથી કુહાડો ડોકાયો – ને સહુની આંખો ખેંચાઇ ગઈ.

"જલ્લાદજી!"

"હા. એક જ માથું બાકી રહ્યું છે. હવે બીજા કોઈ બીશો નહીં."

*

જલ્લાદ શાંતિ સ્થાપીને ઘેર આવતો હતો. બન્ને કોમને લડાવી મારનાર વિદેશી સ્વાર્થ સાધુની ગરદન પર એની કુહાડી ઝીંકાઈ ચૂકી હતી. હવે કુહાડીને બાંયમાંથી હેઠે ઉતારીને એનું સ્થાન મારી તોયાને આપીશ, એવી આશાએ એનાં પગલાં ઘર ભણી ઝડપ લેતાં હતાં. સાથેના ગુપ્ત મંડળનો બુઢ્ઢો પ્રમુખ હતો.

દરવાજામાં દાખલ થતાં જ પાછલા બાગના ફુવારા પર એ બેઉએ દૃષ્ટોદૃષ્ટ દીઠું : યુવાન સ્વયંસેવક અને તોયા સ્નેહાલિંગનમાં લથબથ પડ્યાં હતાં.

"કુહાડાની તરસ હજુ બાકી છે, ભાઈ!" બુઢ્ઢાએ જલ્લાદને આટલું કહેતે કહેતે દાંત કચડ્યા; એના ચહેરાએ તોયાના સ્વામીને કરપીણ સૂચનો

કર્યા. એ ત્યાં જ ઊભો રહ્યો.

જલ્લાદે ચોગાનમાં પ્રવેશ કર્યો. ઘરની અંદર જઈને થીજેલી આંખે પ્રેમિકોને ચુપચાપ નિહાળ્યાં. ઉશ્કેરાટ ન બતાવ્યો. કાળ જેવો અક્ષુબ્ધ ઊભો. પછી એણે જુવાનને એટલું જ કહ્યું : "આગળ થા."

ઘરમાં દેવપ્રતિમા હતી. તેની સામે જુવાનને ઊભો રાખ્યો. ફરી કહ્યું : "શિર ઝુકાવ."

જુવાનનું શિર નમ્યું : સાથોસાથ ઘરધણીની બાંયમાંથી કુહાડો નીકળ્યો.

"સબૂર ! ઓ જરી વાર સબૂર કરો; એક વાત સાંભળી લ્યો." તોયા ચીસ પાડતી વચ્ચે આવી ઊભી.

સ્વામીનો હાથ અડધે ઊપડેલો અટક્યો; એણે તોયાને નિહાળી : એની આંખોમાં અમીની છાંટ ઝલકી. એણે પૂછ્યું : "બોલો, શું છે ?"

"તમે – તમે મારા બાપુને આપેલો કોલ યાદ કરો : તમે મને હરકોઈ પ્રકારે પણ સુખી કરવાનું કબૂલ્યું છે."

"તને આ જુવાનની જોડે સુખ થશે ?" સ્વામીનો કુહાડો હજુ તોળાઈ રહ્યો હતો.

તોયાએ ડોકું ધુણાવ્યું : એની આંખોમાં સ્વામીએ હણેલા મિત્રની આખરી વારની આંખો દેખાઈ.

કુહાડી સાથે એનો જમણો હાથ નીચે ઢળ્યો. યુવાનને એણે કહ્યું : "ઊભો થા."

યુવાનને હજુ આ સ્વપ્ન લાગતું હતું. એ ઊઠ્યો.

તોયાનો હાથ ઝાલીને સ્વામીએ યુવાનના હાથમાં સોંપ્યો; કહ્યું : "આને સુખમાં રાખજે. ને યાદ રાખજે – આ જો રજ પણ દુઃખી થશે, તો ધરતીના પટ પર તું જ્યાં હશે ત્યાં દેવતા તારી ખબર લેશે. હવે તમે બેઉ જઈ શકો છો."

એટલું કહીને એણે પીઠ વાળી : દેવમૂર્તિની સામે ઊભો રહ્યો. એની આંખોનાં પોપચાં નમ્યાં; કુહાડો પાછો એની બાંયમાં પુરાયો.

હમેશાંનું ટટાર રહેવા ટેવાયલું એનું માથું જાણે ધડથી છેદાઈ, લબડી રહ્યું હોય એવી રીતે ઢળી પડ્યું. કેટલીય વાર સુધી એ ત્યાં ને ત્યાં ઠેરી રહ્યો. દેવપ્રતિમાનાં અનિમેષ નેત્રો એના ઉપર વરસતાં હતા.

જ્યારે એ બાજુએ ફર્યો ત્યારે જુવાન યુગલ ત્યાંથી ક્યારનું ચાલ્યું ગયું હતું. ઝીણી આંખે એણે ઘરના પ્રત્યેક રજકણ પર નીરખ્યા કર્યું. કણેકણની પછવાડે એ તોયાને શોધતો હતો. ઘરનું મૌન અને એનું પોતાનું મૌન: બે મૌન જાણે સવાલ-જવાબ કરતાં હતાં. એના મોં ઉપર હજાર કુહાડાના ઘાવોએ જાણે ખાડા પાડી દીધા.

આંધળાની માફક એ દીવાલનો, કમાડોનો ને થાંભલાનો ટેકો લેતો લેતો ઘરની બહાર નીકળ્યો.

"હેં-હેં-હેં-હેં!" ઘુવડના અંધારવીંટ્યા અવાજ જેવું એક હાસ્ય એને કાને અથડાયું.

એણે ઊંચે જોયું. કોમનો દાઢીવાળો આગેવાન એક બાજુ ઊભો ઊભો કહેતો હતો: "શાબાશ! મેં જોયાં એ બેઉને જીવતાં જતાં. શાબાશ નામર્દાઈ! કોમની તવારીખમાં કદી ન બનેલો કિસ્સો! દેવના નામે, પિતૃઓને નામે, ધર્મ-કુહાડો ધર્યો હતો તેને બરાબર શોભાવ્યો! શાબાશ કોમના કલંક!"

"હેં-હેં-હેં-હેં" ફરીવાર મધરાતનો ઘુવડ-નાદ કરીને બુઢ્ઢો આગેવાન ચાલ્યો ગયો.

[6]

વળતા દિવસનાં પ્રથમ સૂર્ય-કિરણોએ એ લત્તાની દીવાલો પર, ભોંય પર, કાગળોનાં પતાકડાં પર, જ્યાં ને ત્યાં જાહેરાતો વાંચી:

"નાપાક ઓરતના ટુકડા કરવાને બદલે એના જાર સાથે જીવતી જવા દેનાર ભાઈ ... કોમના દ્રોહી નીવડ્યા છે; કોમને એણે એબ લગાડી છે. એનો બહિષ્કાર કરો."

બહિષ્કાર એટલે જીવતાં કબરમાં ચણાવું. રક્તપિત્તિયાને લોકો ત્યજે છે. છતાં લોકોની દયા એને નથી ત્યજી જતી. પણ બહિષ્કાર પામેલો માનવી તો લોકતિરસ્કારના વાઘદીપડાને મોંએ ફેંકાઈ જાય છે: એના માંસના લોચા

ચૂંથાય છે, છતાં દેખી શકાતા નથી; એથી કરીને લોકો બહિષ્કારનું દશ્ય દેખી તમાશાના પ્રેક્ષકોની પેઠે રંજિત બને છે.

જલ્લાદજીની દુકાન સ્મશાન બની: આંટ તૂટી ગઈ: ઉંબર ઉપર તિરસ્કાર તિરસ્કારના થૂથૂકાર ગંધાઈ ઊઠ્યા. એણે રોજગાર સંકેલ્યો : માલ હરરાજીમાં મૂક્યો. કોઈ ખરીદનાર ન ડોકાયું. એના ઘરની દેવપ્રતિમાને એક ગોરો કલાપ્રેમી પોતાના ઘરના ફર્નિચર તરીકે લઈ ગયો.

*

"બુઢ્ઢિયા! એ હે...ઈ બુઢ્ઢિયા! આ તારો કાગળ કો'ક આપી ગયું છે."

ખોપરી ફાટી જાય તેવા તપતા મધ્યાહ્નને એક બુઢ્ઢા જેવો લાગતો આદમી ખેતરમાંથી ચાનાં પાંદડાં વીણતો હતો. ચહેરાની ચોપાસ વધેલી વાળની ઝાડીમાંથી એની બે નિસ્તેજ આંખોએ ઊંચે જોયું: કોઈક મજૂરણ ડોશીએ એના હાથમાં કાગળની ચબરખી મૂકી.

બહિષ્કારનાં બે વર્ષોએ એનાં મન-શરીર ઉપર બીજાં ચાળીસ વર્ષોના પોપડા ચડાવી દીધા હતા. ખંડિયેર ખાલી ભીંતડાંનું જ હોય તો બહુ ભયાનક નથી લાગતું; પણ સલામત ભીંતોવાળા ઉજ્જડ ઘરનું તાળાબંધ કમાડ જો ધૂળના ઢગમાં અરધું દટાયું હોય છે, તો તે વટેમાર્ગુને થથરાવે છે. મૂંગો બનેલો એ બહિષ્કૃત માનવી આવા પ્રકારનું ખંડિયેર હતો.

"હું!"

એણે ચબરખી લેતાં લેતાં અવાજ કર્યો: જાણે ખંડિયેર પર હોલો બોલ્યો.

પસીનો લૂછ્યો, વાળ ખસેડ્યા, આંખો પર ચડેલી રજને ફાટેલી બાંય વડે લૂછી. જાણે કે ધરતીકંપના ઢગમાં દટાયેલો થોડો થોડો જીવતો માનવી બહાર આવ્યો.

ચબરખી એણે વાંચ્યા જ કરી; ફેરવી ફેરવીને વાંચી.

આજ પહેલી જ વાર એની આંખો ભીની બની.

પાછો થંભ્યો: મશ્કરી તો નહિ હોય? ફિકર નહિ: તકદીરના અટ્ટહાસ્યમાં આટલો અલ્પ ઉમેરો શું કરી નાખવાનો છે?

એ ઊઠ્યો. એની વળેલી કમ્મર એકાએક અક્કડ બની. એ ભવ્ય દેખાયો; ખેતરમાંથી ચાલી નીકળ્યો.

"ગાંડો ક્યાં હાલ્યો?" લોકોને ગમ્મત થતી હતી.

શહેરને છેવાડે કોઈ કોમી ભાઈ ન કળી જાય તેવે ઠેકાણે એક જૂના માલની હાટડીએ એ ચડ્યો. તુરત જ દુકાનદારે કહ્યું : "હવે ભલો થઈને તારા કુહાડા લઈ જા ને આંહીંથી; કોઈ મફતેય રાખતું નથી."

"હું મારા કુહાડા પાછા લેવા જ આવ્યો છું."

"તું તો, ભૈ, ઘણોય ફદિયાં લેવાની આશાએ આવ્યો હોઈશ; પણ શું કરું, મારા બાપા! કોઈ થૂંકતુંય નથી તારા કુહાડા સામે. લાકડાં ફાડવાના કામના તો નથી રહ્યા. હા, માણસને કાંધ મારવાં હોય તો કામ આવે એવા છે; પણ ઇ તો હવે તને કોઈક ગળાકાપુ ભેટી જાય ત્યારે વેચાણનો જોગ થાય!"

જૂની છત્રીને સળિયા ભરાવતો હાટડીવાળો આવું બબડતો રહ્યો, ને કુહાડાવાળાએ બેઉ કુહાડા બગલથેરીમાં નાખી ચાલતી પકડી.

પાસે ખરચી નહોતી. દિવસ-રાત એણે પગભર મજલ ખેંચી : ઊંટની ઝડપે પંથ કાપ્યો. ચોથે દિવસે દોઢસો કોસ પર પડેલું શહેર દેખાયું : મિનારા, કાંગરા ને ઘુમ્મટો; મિલોનાં ભૂંગળાં, જહાજોના કૂવાથંભ અને અજગર-આકારે ખાડીઓ ઉપર સૂતેલા લાંબા કાબરા પુલો.

એ સફેદ, ચકમકતી ને સુંદર દેખાતી વિરાટ નગરીના હૃદયભાગમાંથી કોઈ એક આહ ઊઠતી હતી. એ આહનો રંગ લાલપીળો હતો. એ અગ્નિશિખા આકાશે ચડીને અક્ષરો રચતી હતી : "ફસાણી છું; વેશ્યા-ઘરે વેચાણી છું. પગે પડીને, મોંમાં જોડો લઈને વીનવું છું : ગાયને ખાટકીવાડેથી છોડાવી જાવ."

ના, ના, એ કોઈ આકાશી અગ્નિશિખા નહોતી; બુઢ્ઢાના હાથમાં ચોળાઈ રહેલ ચબરખીના જ એ અક્ષરો હતા : 'ખાટકીવાડેથી ગાયને છોડાવી જાવ'.

પગરખાં સંધાવવા માટે એક ખૂણામાં એ મોચીની દુકાને ઊભો રહ્યો;

મોચીને પૂછ્યું: "ગોરી ગલી કેણી મેર આવી?"

મોચીએ ઊંચે જોયું: મોં મલકાવ્યું! જોડામાં સોયો ઘોંચતાં ઘોંચતાં મોચીએ ગાન લલકાર્યું:

*મુશ્કીલસે કટતી હૈ રાત*
*હાં રે હાં, મુશ્કીલસે કટતી રાત!*
*પ્યારે, તોરી કેસી શરમકી હૈ બાત!*

વ્યંગ કરીને એણે ફરીથી ઘરાકને નિહાળ્યો; કહ્યું: "ભેળું ખાંપણ બાંધીને જજે, ભૈયા! એ જો... આમ રિયો ગોરી ગલીનો રસ્તો."

સોયાની અણી વતી એણે સ્થાન સૂચવ્યું.

[7]

સાંજે દીવાઓની ચાંપો દબાણી, ત્યારે એ ઊઠીને શહેરની મશહૂર ગોરી ગલી તરફ ચાલ્યો.

ઝાકમઝોળ દિવાળી જામી પડી હતી: બારીએ બારીએથી ડોકાતા ચહેરા જાણે કોઈ તોરણમાં પરોવાઈને ટીંગાતા હતા: વીજળીનો પ્રકાશ એ મોઢાંની અકાળે ચિમળાયેલી પાંદડીઓને હસતો હતો. છુરીવાળા રખેવાળો નીચે ચોકી કરતા હતા. સુંદરતા અને હિંસા કેટલાં થડોથડ આવી ગયાં હતાં! ફૂલવાડીને સાચવવા સાપો ફરતા હોય છે.

પ્રકાંડ અટવીમાં તોયાને શોધવા નીકળવું હાસ્યજનક હતું. આંટા મારવાથી વહેમ નોતરવા જેવું થાય. પણ કુહાડાવાળો તો અર્ધ ગાંડો ને અર્ધ ગરીબ ભિખારી તરીકે ખપી ગયો. એણે ટીકીટીકીને ચહેરા નિહાળ્યા. એમ આઠ દિવસ સુધી કુહાડાવાળાએ ભટક્યા કર્યું. આઠમી સાંજે તોયાને દીઠી. એક મકાનની અંદર એ દાખલ થયો ત્યારે દરવાજા પરનાં માણસોનું લક્ષ ખેંચાયું નહિ.

"તોયા! મારી તોયા!" એણે અવાજ દીધો.

સંગીતભર્યા વાતાવરણમાં જાણે સીડી માંડીને સ્વરે ઊંચે ઝરૂખા પર ચડ્યો. તોયાએ સ્વરને પારખ્યો.

તે જ ટાણે તોયાની મુલાકાતે એક મહેમાન આવ્યો છે. એના

પંજામાંથી છટકી તોયા નાઠી; પોતાના નામનો સાદ આવતો હતો તે દિશામાં દોડી.

"તોયા!" ભિખારીએ જૂના પ્રેમસૂરનો દિલ-સિતાર છેડ્યો.

થોડી વાર તો તોયા થંભી રહી : આ દશાનો મર્મ સમજાયો નહિ. આખરે ઓળખીને પગમાં પડી ગઈ. એનું કલેજું ધ્રુસકાં લેવા લાગ્યું. એનું માથું પતિના ઘૂંટણ વચ્ચે હતું.

"એ હેઈ ગધ્ધા! કોણ છો તું?" પછવાડેથી અવાજ આવ્યો.

મદ્યની ગંધમાં નીતરતો આદમી મુક્કી ઉગામીને ધસ્યો આવે છે.

"છોડ, એઈ નાદાન!" એણે પોતાનો હક્ક સાબિત કર્યો : "છોડ : અત્યારે મારો વારો છે : મારી ખરીદેલ રંડી છે એ."

કિસ્મતના અટ્ટહાસ જેવું આ દૃશ્ય દેખીને કંગાલ પોતે પણ હસ્યો. એનું હસવું એવું ભયાનક હતું કે ઇશ્કીને થોડા કદમ દૂર જ અટકવું પડ્યું.

બીજે બારણેથી એક પડછંદ દેહવાળી બાઈ દાખલ થઈ.

ઇશ્કીએ બરાડો પાડ્યો : "એ બાઈજી! લાવ અમારા પૈસા પાછા –"

"શું છે?" બાઈએ કંગાળને ડોળા ફાડી પૂછ્યું. એ કુટ્ટણી હતી.

"કંઈ જ નથી."

"ત્યારે? કોણ છો તું?"

"ખાસ વિશેષ તો કોઈ નહિ; આનો સ્વામી જ છું."

"ઍં-હેં-હેં-હેં!" બાઈએ હાથનો લટકો કર્યો : "સ્વામી ન જોયા હોય તો! તું એનો સ્વામી? ક્યાં ગયો એ પીટ્યો જેણે પોતાની વહુ કહીને આને આંહીં વેચી છે?"

એ જ વખતે એક જુવાન આદમી ત્યાંથી સરી જઈને પછવાડે કમાડ પાછળ છુપાયો. કુહાડીવાળાની આંખોએ એને તપાસી લીધો.

"ચાલો, તોયા." પુરુષે પત્નીનો હાથ ઝાલી ખડી કરી.

"ઍં-હેં-હેં! વાર લાગે વાર! એમ લઈ તે ક્યાં જાશે?" કહીને કુટ્ટણી આડે ફરી : "વેચાતી લીધી છે. કાંઈ દાન નથી કરી ગયો પેલો નમૂછિયો."

બીજી બૂમ પેલા ઇશ્કીની ઊઠી : "ને મારા પૈસા શું હું મૂકી દઈશ?"

કંગાલની બાંયમાંથી કુહાડી નીચે સરી; હાથો મૂઠીમાં પકડીને એણે સહુને બતાવ્યું. કહ્યું : "હું કોણ છું, માલૂમ છે? હું જલ્લાદજી છું."

"એ-હેં-હેં-હેં! કુહાડી તો હાલીમવાલીય રાખે છે. જો જલ્લાદજી ભાળ્યો ન હોય તો! પૈસા કાઢી નાખ પૈસા!"

"હું પૈસા ચૂકવવા કાલે આવી પહોંચીશ. મારી વાટ જોજો, હાં કે! બદલામાં આ મૂકતો જાઉં છું," કહીને જલ્લાદે સામા ઓરડાના કમાડ પર કુહાડી ઝીંકી : કુહાડીનું નિસ્તેજ પાનું પૂરેપૂરું કમાડમાં પેસી ગયું. અનોધું જોર અને એવી મક્કમ તાકાત દેખી બધાં પાછાં હટ્યાં. બધાંના હોશ કંપી ઊઠ્યા.

"ને મારી પાસે હજી બીજીય છે – જો જોઈતી હોય તો!" એવી ત્રાડ દઈ એણે તોયાને બહાર દોરી. એ નીકળી ગયો.

*

"હા...ય! માડી રે!" કુટ્ટણી હેબત ખાઈ ગઈ હતી. એણે નોકરને કહ્યું : "કમાડમાંથી કુહાડી ખેંચી લે, ભાઈ! મારાથી એ કુહાડી જોવાતી નથી."

"બાઈજી! કુહાડી ડખડખી ગઈ છે તોય નીકળતી નથી." નોકરે કમાડ પરથી સાદ દીધો.

કુટ્ટણીએ કમાડની બીજી બાજુ જઈને જોયું, કે કુહાડીનું પાનું ક્યાં અટકી ગયું છે.

એ અટકેલું હતું – એક આદમીની ગરદનની અંદર. આદમી કમાડની જોડે જડાઈ ગયો છે : કશુંક બોલવા મથે છે.

એ હતો તોયાનો પ્રેમી યુવાન, જેણે તોયાને કુટ્ટણખાને વેચી હતી.

*

જંગલમાં જલ્લાદ ધીરે પગલે પંથ કાપતો હતો : પછવાડે તોયા ચાલતી હતી. બન્ને વચ્ચે મૌન હતું : પંથ લાંબો હતો. ક્યારે બોલશે! બોલશે ખરો?

# ધરતીનો સાદ

**લા**ણી પૂરી થઈ હતી. ખળાવાડોમાં સોનાવરણા પાકના ઓઘા ખડકાઈ ગયા હતા. આજ વરસ દા'ડાનું મોટું પર્વ હતું. કોસ, સાંતી ને ખળાં છોડીને લોકો તહેવાર ઊજવતાં હતાં. તૂટી ગયેલાં શરણાઈ અને ત્રાંબાળુ ઢોલ ગામલોકોએ ફાળો ઉઘરાવીને હજુ ગઈ કાલે જ શહેરમાંથી મરામત કરાવી મગાવ્યાં હતાં. હીંચના તાલમાં સ્ત્રી-પુરુષોનું કૂંડાળું ઝૂલતું હતું. એક નાનો એવો માનવસાગર લહેરે ચડ્યો હતો.

એકાએક તડબડ તડબડ ઘોડાના ડાબલા ગાજ્યા, અને લોકોનું કૂંડાળું ચોકમાંથી ખસી શકે તે પહેલાં તો અરબી ઓલાદના સાત-આઠ અશ્વો ધૂળ-ગોટા ઉડાડતા પસાર થઈ ગયા.

ઘોડાની હડફેટમાં આવી ગયેલું ત્રણ વર્ષનું એક બચ્ચું ને એક કુરકુરિયું બાજુ બાજુમાં જ ઢળી પડ્યાં, ને બન્નેના લોહીની નીકો એકબીજામાં મળી જઈ એક ધારા બંધાઈ ગઈ.

ગામલોકોનું ચક્કર રચાઈ ગયું, ને બાળકની માનવ-માતાના તેમ જ ચોરાની ચોકીદાર કૂતરીના ઓયકારામાંથી એક સંયુક્ત સૂર બંધાયો.

એ રુદનસૂરની અંદર ડાકલાના ઘોષને મળતું એક અટ્ટહાસ સંભળાયું. સાત ઘોડેસવારો માંહેલો એક જણ પછવાડે જોઈને હસતો હતો.

ઘવાયેલાં બન્ને ગામ-બાળકોના પછાડ પર પાણી સીંચીને લોકોએ માનવ-બાળને ચોરાના એક ખાટલા પર સુવાડ્યું. ત્યાં ગામ-ઝાંપા ભણીથી બૂમ પડી: "એલા એ હે...ઈ! આંહીં આવો આંહીં. કો'ક માતાને વડલે કાંક કાગળિયો ચોડી ગયું છે."

પટેલનો છોકરો પાંચિયો શ્વાસભર્યો દોડતો આવ્યો. એણે ખબર દીધા

કે રાજના ઘોડેસવારો કશીક છાપેલી ચિઠ્ઠી માતાને વડલે લગાવી ગયા છે.

ગામલોકને લઈ પટેલ ઝાંપે ગયો. વડલાનાં પાંદડાં વચ્ચેથી પ્રભાતનો તડકો ચળાતો ચળાતો દેવીના સિંદૂરવરણા પથ્થર ઉપર છંટાતો હતો.

"ધીરા રે'જો! કોઈ કાગળની ઢૂકડા જાતા નહિ."

એવી ચેતવણી આપતો ગામપટેલ આખા ટોળાને પોતાના પહોળાવેલા હાથના વાંભ વતી રોકવા લાગ્યો, ને વડલાના થડ ઉપર ભયાનક સાપ બેઠો હોય તેવી બીકથી ગામલોકો તાકી તાકીને એ ચોડેલા કાગળ તરફ જોઈ રહ્યાં.

બોલાસ શરૂ થયો :

"આંહીં માતાને વડલે ખીલી ચોડાય જ કેમ?"

"ખોડનારનું નખોદ નીકળી જશે, નખોદ."

"હવે, ભાઈ, ખોડનારા તો એ... હાલ્યા જાય લહેર કરતા, ને નખોદ તો આપણું નીકળી ગયું!"

"દેવસ્થાનોમાંથી સત ગયાં ઈ તો હવે, બાપા!"

"એ ના, ના; માણસમાંથી દૈવત ગયાં એટલે પછી દેવસ્થાનોમાં સત રે' ક્યાંથી? સાચું સત તો લોકનું દૈવત લેખાય."

ગામનો પટેલ આગળ વધ્યો. પણ કાગળિયો એને ઊકલ્યો નહિ. એણે બૂમ પાડી: "કોઈક ગામોટને બોલાવો. ઇ વાંચી દેશે."

પાંચિયો ગામમાં દોડ્યો ગયો. થોડી વારે પુરોહિત આવી પહોંચ્યા. એણે વાંચીને કહ્યું: "સરકારી જાહેરનામું છે. માંહી લખેલ છે કે ખેડૂતો રહે છે તે ખોરડાં ને વાવે છે તે જમીન રાજમાલેકીની છે. વસ્તીને તે જમીન અમે ભાડે આપેલ છે. માટે 'રાખ્યા રહીએ ને કાઢ્યાં જઈએ', એવું ખત કરી દેનારને જ રહેવા દેવામાં આવશે. બાકીનાં તમામે ઘરબાર ને જમીન ખાલી કરી આઠ દિવસમાં નીકળી જવું. ન નીકળનારને સજા થશે."

જાહેરનામું સાંભળીને તમામ જણાએ એકબીજાની સામે જોયું. વાતો ચાલી :

"આ શો ગજબ?'

"આવું તે કંઈ હોય?"

"આપણને પૂછ્યાગાછ્યા વિના રાજ શું જમીન દરબાર દાખલ કરશે?"

"હવે તું મોટો જાટલીમૅન, તે તને પૂછવા બેસશે રાજ, એમ કે?"

"પણ – પણ – પણ," પટેલ કાગળિયા સામે તાકીને જાણે કે એમાં સહી કરનાર અધિકારીને સન્મુખ કલ્પી સંભળાવવા લાગ્યો : "પણ આ ખોરડાં ને આ જમીન તો અમે, અમારા બાપ, તેના બાપ, તેના, તેના, તેના, તેના ય બાપ, ને તેની યે મોરૂકા અમારા વડવા વાપરતા આવેલ છે. તે દી તો રાજ નો'તું આંહીં. મારા મોટા દાદાનો તો પાળિયોય હજી ઊભો છે ઇ ખેતરને શેઢે. અમે રોજ સાંજે ત્યાં દીવો પ્રગટાવીએ છીએ – ને ઇ જમીન દરબારની ક્યાંથી થઈ ગઈ પણ?"

એકાએક એ બોલતો અટક્યો. એણે ઝટ દોડી જઈને પોતાના દીકરાનો હાથ જાહેરનામા ઉપરથી ઉઠાવી લીધો : પૂછ્યું : "પાંચિયા, શું કરછ?"

"ફાડી નાખીશ."

"શા સારુ?"

"માતાને વડે અમારે રોજ ઓળકોળાંબો રમવા ચડવું જોવે. ત્યાં આડો કાગળિયો નો ફાવે."

પુત્રનું કાંડું પકડીને પટેલ જ્યારે ગામ તરફ વળ્યો, ત્યારે ઝાંપામાં જ ડાઘુઓનું ટોળું મળ્યું. મોખરે ચાલતા માણસના હાથમાં રાજના ઘોડેસવારની હડફેટે પ્રાણ હારેલા બાળકની લાશ લબડતી હતી. પછવાડે એ બાળકની મા પછાડીઓ ખાતી દોડી આવતી હતી. બીજી બાઈઓએ એના હાથ ઝાલ્યા હતા.

ઝાંપે સહુ લોકો નિ:શબ્દ ઊભાં થઈ રહ્યાં. પનિયારીઓએ ભર્યાં બેડાં ઝાંપે જ ઢોળી નાખ્યાં.

"હું-ઉ-ઉ-ઉં!" ચોરાની કૂતરીના રુદનધ્વનિ સંભળાતા હતા. એના

કુરકુરિયાને હજુ કોઈએ ઉપાડ્યું નહોતું.

મૂવેલા બાળકને દફનાવીને લોકો પાછા વળ્યા. ત્યાર પછી થોડી વારે પટેલનો છોકરો પાંચિયો અને એના ચાર ભેરુબંધો મસાણમાં દાખલ થયા. બીતાં બીતાં તેઓએ એક ખાડો ખોદ્યો, ને તેમાં મૂવેલા કુરકુરિયાને દાટ્યું; ઉપર ધૂળનો ઢગ વાળ્યો. ચોરાની કૂતરીએ એ ઢગ ફરતાં ચક્કર મારી મારી આખી રાત રોયા કર્યું.

[2]

"ચાલો સહુ સૂબા-કચેરીએ." એ સંદેશો ગામડે ગામડે ફરી વળ્યો. તમામ ગામડાંનાં વડીલ ખેડૂતોએ છૂપી છૂપી મસલતો કરીને નિર્ણય આણ્યો કે રાજ આપણા માવતર છે. માટે આપણે તો છોરુને દાવે ત્યાં જઈને રાજના પગમાં પડીએ. આપણા આપણા હકબકની વાતો નથી કરવી. ત્રાગાંય નથી કરવાં. લાડ કરશું. રાવ ખાશું. માટે સર્વ ચાલો સૂબા-કચેરીએ, બાઈઓને કહો કે ખભે ઘોડિયાં બાંધીનેય આવે. બૂઢિયાઓને કહો કે ડગુમગુ કરતા પણ ભેળા આવ્યે જ રહે. માંદાં-દૂબળાંને આપણાં ગાડાં જોડીને લઈ હાલો. તમામ વસ્તી ભેળી થઈને અરજ ગુજારશું. મોંમાં ખાસડું લઈને દયા માગશું.

સૂબા-કચેરીનું કસ્બાતી ગામ થોડે છેટે હતું, માનવ-સમુદાયની નાનીમોટી સરિતાઓ ગામેગામથી વહી આવે છે. સૂબાકચેરીની ગોખમાં ઊભો ઊભો રાજનો હાકેમ માર્ગે માર્ગે બંધાયેલો જનપ્રવાહ જોઈને હળવા સ્વરે ઇશારો આપે છે કે "કચેરીના મકાન ફરતી ફોજને ગોઠવી દો. આ લોકોની ચળવળ ભયાનક બનશે."

લોકમેદની શાંત સમુદ્રના હળવા એવા મોજા સમી ચાલી આવે છે, ને નિહાળે છે કે સૂબા-કચેરીને વીંટળાઈ ઊભેલા સૈનિકોએ બંદૂકો ઉઠાવી.

તમામ લોકોના હાથ શરણાગતિની નિશાની દેતા ઊંચા થયા.

સ્ત્રીઓએ પોતાના ખોળામાં ધાવતાં બચ્ચાંને ઊંચાં કર્યાં.

આજારોએ ગાડામાં પડ્યાં પડ્યાં પણ હાથ ઊંચક્યા.

આંગળીએ વળગીને હીંડતાં છોકરાં કજિયો કરવા લાગ્યાં કે "માડી મા, અમને સૂબા સા'બ દેખાડો. અમારે સૂબા સા'બ જોવા છે. અમને ઊંચા

કરી."

માબાપો છોકરાંને ખભે ચડાવીને અટારી પરના રાજ-પ્રતિનિધિને બતાવવા લાગ્યાં.

"ખડે રહો!" ફોજદારની હાકલ પડી.

ટોળું અટારીની સન્મુખ થંભી ગયું. ઊંચે સૂબો ઊભો છે. બીજા પણ ત્રણ-ચાર સત્તાધીશો છે. સર્વના હાથમાં સિગારેટ છે. સુગંધી તમાકુના ધૂમ્ર-ગૂંચળા તેઓની મૂછોના વળને જાણે કે લંબાવી આસમાને લઈ જતાં હતા.

સત્તાધીશોની આંખો દોંગાઈભરી ત્રાંસી દૃષ્ટિ નાખી નાખી પ્રત્યેક અર્ધનગ્ન શરીરને અવલોકતી હતી. તેઓના પરસ્પર હાસ્યખખડાટને સાંભળી લોકો એકબીજાની સામે નીરખી રહ્યાં. સૌને એમ લાગતું હતું કે આપણાથી કંઈક બેઅદબી થઈ જતી લાગે છે. પણ પોતાના વર્તનનો દોષ કોઈ પકડી શકતું નહોતું.

આખરે જ્યારે હાકેમનું હાસ્ય વધુ જોર પર ચડ્યું ત્યારે ગામડિયા સ્ત્રીઓએ પોતપોતાના જ દેહ ઉપર નજર ફેરવી. ધાવણાં બાળકો જેઓની છાતીએ ચોટેલાં હતાં તેવી કેટલીકોએ ભાન આવતાં પોતાના ઉઘાડા રહી ગયેલા સ્તન-ભાગો ઉપર છેડા ઢાંક્યા.

પણ છેડામાં યે લીરા ઇવાય કશું બાકી રહ્યું નહોતું. કંગાલિયત અને બેશરમ વચ્ચેની રેખા જ્યાં ભૂંસાઈ જાય છે તે અવસ્થા આ કિસાન-પત્નીઓની હતી.

"શું છે આ બધું!" સૂબાએ અવાજ કર્યો : "શી ચળવળ માંડી છે રાજ સામે? કોણ છે તમારા મોવડી? મોં બતાવે જલદી."

ટોળામાંથી માર્ગ કરીને એક જણ મોખરે નીકળ્યો. એ હતો પેલા વડવાળા ગામનો પટેલ.

થોડી વારે ધક્કામુક્કી કરતો એક દસ વરસનો છોકરો બહાર નીકળ્યો. એ હતો પટેલનો છોકરો પાંચિયો. પાંચિયો બાપની બાજુએ જઈને ઊભો રહ્યો.

"કોણ તું આ કાવતરાખોરોનો સરદાર છે?" સૂબાએ સહાસ્ય પ્રશ્ન

કર્યો.

"માબાપ! અન્નદાતા!" પટેલના કંગાલ મોંમાંથી પહેલા જ પ્રથમ આ ઉચ્ચાર પડ્યા : "અમે કાવતરાખોર નથી, રાજનાં બચળાં છીએ. અમારે સામા નથી થવું, ખોળે માથું મેલવું છે અમારે."

"પંચાત મૂક. મુદ્દાસર જે કહેવું હોય તે કહી નાખ." સૂબાએ એટલું કહીને સિગારેટના ધુમાડા ગગન પ્રતિ ફેંક્યા.

"અન્નદાતા, અમેય માણસ છીએ. અમને ગુલામ તો બનાવ્યાં, પણ હવે – હવે અમને કુત્તા મા બનાવો. અમારે અમારા કૂબા તો રે'વા દ્યો. અમને ઇન્સાન તો રે'વા દ્યો..."

બોલતાં બોલતાં પટેલનાં જર્જરિત આંગળાં કાંપતાં હતાં. એના હાથ વારંવાર લલાટ સુધી ઊંચકાઈને સલામો ભરતા હતા. એની આંખો દિલસોજ ઉત્તરની રાહ જોતી અટારી સામે તાકી રહી.

બૈરાં-છોકરાં, બુઢ્ઢાં ને આજારો હાકેમના હોઠ સામે જોતાં હતાં. એ હોઠ ઉપર મલકાટ હતો. બેઉ હોઠની રચાયેલી નળીમાંથી મીઠા ધુમાડાની ફરફર નીકળતી હતી.

"અહીં દલીલ કરવા, ચાબાઈ કરવા આવ્યો છે કે?" હાકેમે આંખ બદલી : "તારી કાકલૂદીથી કાયદો બદલવા બેસવું, એમ કે? ઘેરે ચાલ્યા જાવ છાનામાના."

"બીજું તો કંઈ નહિ, પણ ફક્ત આટલું –" બોલતાં બોલતાં એ પટેલના હાડપિંજરે નીચે નમી ધરતી પરથી એક ધૂળની ચપટી ઉઠાવી; "ચપટી ધૂળ તો અમારે નસીબે રે'વા દ્યો! અમારા જમીન ને અમારાં ભીંતડાં રૂપી આ ચપટી ધૂળ જ ફક્ત –"

ધૂળની ચપટીને એણે કપાળે અડકાડી.

"ફોજદાર!" સૂબાએ અવાજ દીધો. "ઇસ્કુ લે જાવ. પચીસ ફટકા લગાવ."

પટેલને પકડીને સૈનિકો સામેના એક લીંબડા નીચે લઈ ગયા. એના બેઉ હાથનાં કાંડાને એક રસી વતી લીંબડાની ડાળી જોડે જકડી લીધાં,

ને પછી ફોજદારે કોરડો ઉઠાવ્યો.

"છે કોઈ હવે?" સૂબો ધુમાડાનાં ગૂંચળાંનો એક મિનારો રચતો જવા મોં મલકાવીને ટોળાને પૂછવા લાગ્યો: "છે હવે કોઈ તમારો જણ, કે જેને ઇન્સાન તરીકેનો દાવો નોંધાવવો હોય?"

ટોળાનાં તમામ માથા ભોંય ભણી ઢળ્યાં.

"કોઈ જો હોય મરદબચ્ચો તો નીકળે બહાર."

એટલું કહેતાની વાર તો માનવ-સમૂહ તેતરનાં ટોળાની માફક ભરરભટ કરી અલોપ બન્યો.

ને એ ચાલ્યા જતા ખેડૂતોની પાછળ ભયાનક ચીસો દોટ દેતી હતી. એ હતી કોરડા ખાતા પટેલની વેદના-ચીસો. એના બરડામાંથી ચામડી ચિરાઈ હતી. લોહી ચાલ્યું જતું હતું. ચીસો પડતી હતી: "ઓ બાપ! ઓ માડી! બસ કરો! બસ કરો!"

બાજુમાં પાંચિયો ઊભો હતો. એણે બાપની આ હાલત નજરોનજર દીઠી. પણ એ ચૂપ હતો. એ ઊભો જ રહ્યો.

પંદર મિનિટ પછી એ નિર્જન ચોગાનમાં પટેલના શરીરને છોડી નાખવામાં આવ્યું. ચીસો તો ક્યારની બંધ થઈ ગઈ હતી.

ફોજદારે પટેલના દેહને હચમચાવ્યો. "ઊઠ, ઊઠ હવે, ઢોંગી!"

શરીર નિશ્ચેતન જ રહ્યું.

પાંચિયો નજીક ગયો. એની સામે કોઈનું ધ્યાન નહોતું.

"એલા!" ફોજદારે બીજાને કહ્યું: "આ કેમ મુડદાલ જેવો બની ગયો છે?"

"બેટાનું જોર જીભમાં જ હતું ને! બરડો તો બેઇજ્જતી કરે તેવો કમજોર નીકળ્યો."

ત્રીજાએ એની છાતીએ કાન મૂકીને કહ્યું: "એલા એય, બેટો મરી ગયો લાગે છે."

સહુએ આવી આવીને પટેલની નાડ, આંખ, છાતી વગેરે તપાસ્યાં. સહુ એકમત બન્યા: "હા, પતી ગયો."

– ને પાંચો વધુ નજીક આવ્યો.

"એલા, પણ બેટાના હાથની મૂઠી કેમ બિડાઈ ગઈ છે?"

"કશું ચોર્યું કર્યું તો નથી ના?"

"કશો બંબગલોલો તો નથી છુપાવ્યો ને બેટાએ?"

"મૂઠી ખોલો એની."

"પણ બેટો ઉઘાડે છે જ ક્યાં?"

"ભારી જકડી રાખી છે બેટાએ."

"અરે ન શું ઉઘાડે? અક્કેકો જણ અક્કેકી આંગળીને પકડી મરડી નાખો!"

"મારા બેટાની મડાગાંઠ પણ જબરી!"

આખરે એ મુર્દાની મૂઠી ઉઘાડી શકાઈ. ઊઘડેલી મૂઠીમાંથી ધરતી પર કશુંક સરી પડતું જોઈને સહુ હસ્યા: "મારો બેટો! ધૂળની ચપટી લીધી, તો તેનેય છોડી નહિ. ભેળી લઈ જવી'તી બેટાને! હા-હા-હા-હા-હા."

"લ્યો, હવે એને ઝટ ઠેકાણે પાડીએ. નાહકની હોહા થાશે."

ઊપડેલા એ મુર્દાના લબડતા હાથમાંથી પેલી એણે સૂબાની સન્મુખ ઉપાડેલી ચપટીભર માટી જ્યારે પાછી પૃથ્વીની ગોદમાં ઠલવાતી હતી, ત્યારે પાંચિયો ત્યાંથી ખસી ગયો હતો; એક ઝાડના થડની પછવાડે લપાઈને બાપના દેહને અબોલ વિદાય દેતો હતો. બાપુની લબડતી હથેળીમાં ધરતી માતાના છેલ્લા ચુંબન સમા ધૂળડાઘા એણે દીઠા. એક ઢેફું ધૂળ સુધ્ધાં એને ન લઈ જવા દેનાર રાજસત્તાનું તેણે પિતાને કોરડા લગાવનાર ફોજદારના સ્વરૂપમાં દર્શન કર્યું. સંધ્યાકાળ સુધી એ ત્યાં જ લપાઈ રહ્યો.

સાંજ નમી ને અંધકારના ઓળા ભમવા લાગ્યા. દિવસના મુર્દા ઉપર રાત્રીએ કફન ઓઢાડ્યું.

તે વખતે ફોજદાર પાંચિયાના બાપની લાશને ઠેકાણે પાડીને પાછો ફરતો હતો. એનો ફાનસવાળો ઑર્ડર્લી આગળ નીકળી ગયો. ફોજદારના બૂટ પણ હુટ-હુટ-હુટ ઘુવડનાદ કરતાં એકસરખા કદમે ચાલ્યા જતા હતા.

પાંચિયાએ બિલ્લીપગે એક દોટ દીધી. કોણે જાણે કોણે એનાં

આંગળામાં નવું જોર દીધું.

ફોજદારને ભાસ થયો કે છેક પેટનાં આંતરડાં સુધીએ એક કાતિલ હથિયાર એના પડખામાં થઈને પરોવાઈ ગયું હતું. જગત પર એને માટે એ આખરી ખબર હતી. એ ઢળી પડ્યો.

એને ધરતીએ ખોળે ઝીલ્યો. પાંચિયાના પિતાની તેમ જ ફોજદારની, બેઉની, કરોડો અને અબજોની એ એકસરખી જ વત્સલ માતા હતી. મરતાં મરતાં ફોજદારને એટલું ભાન રહ્યું હશે કેમ કેમ તે તો એ એકલો જ જાણે.

ચપટી ધૂળ પાંચિયાના પિતાએ કેવા વહાલથી પકડી રાખેલી હશે તેનો અનુભવ તો ફોજદાર પોતાની જોડે જ લઈ ગયો.

– ને ફોજદારની હત્યા કરનાર પાંચિયાને દસ વર્ષની ઉંમરે દેશનાં પહાડગાળાઓએ દત્તક લીધો. એક જ દોટે પાંચિયો ગિરિકંદરાઓમાં ગાયબ થયો.

[3]

"તાપો! તાપો! તાપો, મારા ભાઈઓ! તાપો, અલ્યા છોકર્યો! આવાં તાપણાં તો અમે એકેય શિયાળે નો'તાં માણ્યાં."

ગામડું બળતું હતું, વસતિનાં લોક એ લ્હાયના રંગે રંગાતા ગોળ કૂંડાળે બેઠાં હતાં. અને એક બુઢ્ઢો એ તમામને ઉપર મુજબ કહી આ વિપત્તિ પર રોનકનું ઢાંકણ ઢાંકતો હતો.

અણસમજનું સુખ માણતાં નાનાં છોકરાં તો સાચોસાચ પોતાનાં નાગાંપૂગાં શરીરોને આ ગૃહદાહની શગડીથી હૂંફાવતાં હતાં.

પંદરેક વરસના એક છોકરાને દૂર ઊભેલો દેખી બુઢ્ઢો ગામડિયો બોલવા લાગ્યો : "અલ્યા, ટાઢ નથી વાતી? આ પોષ મહિનાની પવનફૂંકે ક્યાંક થીજી જઈશ થીજી; મઉ થા મા, ને હાલ્યો આવ આ સરકારી તાપણે ગરમ થાવા." પણ છોકરો દૂર દૂર ચાલ્યો ગયો. જતાં જતાં એણે દિગ્મૂઢ બેઠેલાં લોકોની નિરાધારીનું દર્શન કર્યું. એના કાન પર એ ટોળે વળેલ ગામડિયાઓનો વાર્તાલાપ અથડાતો હતો :

"અસલના જુગમાં એક અહીરાવણ હતો, ને એના લોહીના એકએક

ટીપામાંથી સહસ્ર અસુરો ઊભા થતા. વે'લાંની એ વાર્તાને અમે ગપ્પાં માનતાં; પણ આજ નજરોનજર જોયું."

"શું જોયું?" બીજાએ પૂછ્યું.

"એક ફોજદારને આપણા જણે માર્યો, તો એનું ટીપેટીપું ગણીગણી રાજ આપણને હજારુંને બાળે-ફૂટે છે."

"નખ્ખોદ જજો એ રોયા ફોજદારના મારનારનું. એણે જ આપણાં જીવતર રોળી નાખ્યાં."

ઠૂઠવો મૂકીને રડતી રડતી ગૃહહીન ખેડુપત્નીઓના આવા શાપ સામે કાનમાં આંગળી નાખતો એ છોકરો નાસતો હતો. જ્યાં જાય ત્યાં એને એ જ કાંડ નિહાળવાનું મળ્યું. પાંચ વરસથી એ પોતાની શોધને પંથેપંથે આ જુલમાટ જોતો આવ્યો છે. છુપાતો છુપાતો ભીખ માગીને ખાય છે, ને પહાડોના પથ્થરેપથ્થરે કીનાનું છૂપું હથિયાર ઘસે છે. જુવાનીની રાહ જોવે છે.

અઢારમે વરસે એની મૂછની રોમરાઈએ કાળો દોરો કાઢ્યો, એની ભુજાઓમાં ધ્રુજાટ ઊઠ્યો, ને એણે જબાન ઉઘાડી –

ફક્ત આટલા જ પૂરતી : મેળાઓમાં ગયો, ને સિપાહીઓના ચાબૂકો ઝીલતા જુગારીઓને કાને ચડી કહેતો ચાલ્યો : "તમને પાંચિયો બોલાવે છે – મોટા ડુંગરાને માથે."

ડૂકેલાં નવાણોને કાંઠે નવકૂકરી રમતા ખેડુ જુવાનોને પડખે ચડી કહ્યું : "મોટે ડુંગરે તમારી વાટ જોવે છે."

"કોણ?"

"પાંચિયો."

ખેડ ભાંગ્યા પછી સ્ટેશનની સડકે ભાડાગાડી હાંકવા લાગેલા ખેડૂતોને મળતો, ગાડાને ઠાઠે બેસતો, બીડીઓ પાતો, રાજના જુલમાટો સાંભળતો, ને રાતના અંધકારમાં ફક્ત આટલું જ વેણ સંભળાવી અદૃશ્ય થતો : "બધી વાતનો ઇલાજ એક છે. જાવ મોટે ડુંગરે પાંચિયા પાસે."

ગામોગામના જોગટાઓ, મવાલીઓ, દાદાઓ, બદમાશો, રંડીબાજો,

બરતરફ થયેલા નોકરિયાતો, તમામને પાંચાના નામનો પાનો ચડ્યો. પાંચો લૂંટારો ટોળી જમાવે છે; હાલો પાંચાની ટોળીમાં મુલકને ધમરોળી ખાશું : ને વળી આપણા પોતપોતાના અદાવતિયાઓ ઉપર વેર પણ વાળશું.

ઘણાને લૂંટફાટના સાહસિક જીવનનો મોહ લાગ્યો.

આળસુઓને અંગેઅંગે તરવરાટ ઊઠ્યો. હતાશોને ચાનક ચડી.

શકદારો, તહોમતદારો અને વગર પરવાને હથિયાર સંઘરનારાઓ મોટા ડુંગરા ભણી વળ્યા.

અઢાર વરસના પાંચિયાએ સારી એવી ફોજ બાંધી.

લાયને બદલે લાય : લૂંટને સાટે લૂંટ : ખૂનની સામે ખૂન : એ સાદો કાયદો સ્વીકારીને પાંચિયો ઊઠ્યો. રાજના સત્તાધીશોએ જ્યાં જ્યાં આગ, લૂંટ કે મારફાડ કરી હતી, ત્યાં ત્યાં જઈ થાણાં બાળ્યાં, તિજોરીઓ લૂંટી, નોકરોને માર્યા.

દેશ થરથર્યો.

[4]

"ચળવળખોરોને હાજર કરો." ન્યાયમૂર્તિએ આદેશ દીધો.

રસીથી બાંધેલા ને હાથકડી જડેલા એ સાત જણાઓને અદાલતમાં ઊભા કરવામાં આવ્યા.

આવી હંગામી અદાલતો રાજસત્તાએ ગામોગામ ઉઘાડી હતી. બેકાર રઝળતા 'એલએલ.બી.'ઓ ને 'હાઇ કોર્ટ પ્લીડરો' હોંશે હોંશે એ હંગામી કોર્ટોના ન્યાયદાતાઓ તેમ જ પબ્લિક પ્રોસિક્યુટરો નિમાઈ આવ્યા હતા. પાંચાની ટોળીમાં ભળવા ગયેલા ભામટા, જોગટા ને મવાલીઓના વર્ગે જ આ અદાલતોને પણ ફોજદારો ને જમાદારો પૂરા પાડ્યા હતા. અદાલતી કારોબાર તદ્દન સાદો સરળ કરી નાખવામાં આવ્યો હતો, એટલે કાયદાપોથીના જ્ઞાનની ખામી નહોતી જણાતી.

પોલીસ અધિકારીઓને ફક્ત થોડા જ શબ્દો કંઠસ્થ કરવાના હતા : ચળવળખોર : રાજ વિરુદ્ધ કાવતરું : ટોળી : જાહેર સુલેહનો ભંગ : શકદાર ઇસમ : વગેરે.

"આ સાત ઇસમોએ રાજ વિરુદ્ધ ચળવળ ચલાવી છે, ને નામવર રાજાધિરાજની કાયદેસર સ્થાપિત સત્તાને ઉથલાવી પાડવાનું કાવતરું કર્યું છે; માટે મહેરબાન જ્યૂરીના મેમ્બર સાહેબો! –"

એટલું કહીને ન્યાયમૂર્તિ બીજી બાજુએ બેઠેલા પાંચ અમીરી ઢબના પોશાકમાં શોભતા સજ્જનો તરફ વળ્યા.

પાંચેય જણાએ ગંભીર મુખમુદ્રા ધારણ કરીને પોતાનો નિર્ણય જણાવ્યો કે "ભયાનક કાવતરું કરવાના ગુના બદલ સાતેયને અમે દોષિત ઠરાવીએ છીએ."

"તમારે કશું કહેવું છે?" ન્યાયમૂર્તિ સાતે આરોપીઓ પ્રત્યે વળ્યા.

સાતેય જણાએ પોતાની માતા પૃથ્વી તરફ મીટ માંડી.

ન્યાયમૂર્તિએ મેજ પર હથોડાના ત્રણ ટકોરા દીધા. કાળી ટોપી પહેરી લીધી ને – ને ફાંસીના ગાળિયા તો બાજુનાં ઝાડની ડાળીએ જ તૈયાર લટકતા હતા

એ ગાળિયા તરફ સાતેય ખેડૂતોને વળાવી દઈ, તત્કાળ ન્યાયમૂર્તિએ બૂમ પાડી કે "ચાલો, બીજો કેસ ...ગામનો. ત્યાંના ચળવળખોરોને હાજર કરો. ચાલો જલદી. સાંજે પાછા અમારે શહેરમાં યુવરાજશ્રીના નવા કુમાર સાહેબને માટે ઝબલું-ટોપી લઈને જવાનું છે."

"જી હા." જ્યૂરીના સભ્યો બોલ્યા : "અમારે પણ આવવું છે."

"આપ નામદારની ગાડીમાં –" પબ્લિક પ્રોસિક્યુટરે નમીને કરુણ સૂરે કહ્યું : "જો જગ્યા હોય તો સેવકને પણ –"

"હા, બેસી જજો. પણ હવે આ પંચાત જલદી પતાવો; લાવો. બીજા કેસના આરોપીઓ ક્યાં છે?"

"હાજર છે, સા'બ!" એવો એક જવાબ સંભળાયો. ને એ શબ્દોના જોરદાર ઘોષે જજ-જ્યૂરીને ચમકાવ્યા.

સહુએ ઊંચે જોયું. બારણાની અંદર બંદૂકોની નાળો દીઠી. બંદૂકો પાછળ ખાખી લેબાસવાળા અજાણ્યા શખ્સોની ઠઠ ઊભી છે. આગેવાનના માથા પર લીલા મશરૂનો મોડબંધ છે, હાથમાં લીલો નેજો છે. છાતી પર

જનોઈબંધ કારતૂસ-પટ્ટો છે. કમ્મરબંધમાંથી તમંચો, કટાર અને ચાકુ ડોકાય છે.

બહાવરા બનેલા ન્યાયકર્તાઓને એણે ફરીથી કહ્યું : "હાજર છીએ, સાહેબો! હવે મે'રબાની કરીને ત્યાંથી ખસશો મા. અમે તમામ જાપ્તો કરીને જ આવ્યા છીએ."

ડઘાઈ ગયેલા ન્યાયમૂર્તિએ હાથ ઊંચા કર્યા.

"ફૂંકી નાખો ઝટ!" ટોળીના અગ્રેસરની પછવાડેથી એક અવાજ પછડાયો.

"હવે છાનો મર!" જુવાન અગ્રેસરે હાથનો પંજો છટકોરીની પોતાની પછવાડે રુઆબ છાંટ્યો.

ન્યાયમૂર્તિએ હજુ પોતાનો દરજ્જો ન ભૂલી શકાતો હોઈ ઉચ્ચાર કાઢ્યા, "તમે અમને એમ કેમ ફૂંકી શકો! કાયદેસર તમે એમ નથી કરી શકતા. અમે કંઈ ચળવળખોર નથી. અમારા પર રીતસર મુકદ્દમો ચલાવવો પડશે."

"લે, સાંભળ!" આગેવાને પોતાની પછવાડેથી 'ફૂંકી નાખો' બોલનાર સાથીને કહ્યું : "સાભળ્યું! આપણાથી આ બચાડાઓને એમ તે કાંઈ ફૂંકી શકાય નહિ. અલબત્ત નહિ જ; એના ઉપર રીતસર મુકડદમો ચલાવવો જોવે, ભાઈ! હાલો, હવે આપણે મુકડદમો ચલાવીએ."

આગેવાન પોતાની ટોળી તરફ વળ્યો. એક જણને કહ્યું : "ભેરુ, તું ઠીક છો. તારી ફાંદ મોટી છે. તું થા ન્યાયધીશ. ચાલ, આ ઊંચી ખુરશીએ બેસી જા; બેસ ઝટ!"

"ને તું," બીજા તરફ ફરીને કહ્યું : "તું થા ફુલેસ ફોજદાર. આમ ઊભો રે'."

"ને હું બનીશ આ આરોપીનો વકીલ. હું ખુદ પાંચિયો જ એનો બચાવ કરવાનો. આપણે અનિયા નથી કરવાનો, હો ભાઈઓ!"

"પણ પાંચાભાઈ, જૂરી કોણ થાહે, જૂરી?"

"અલ્યા, હોવે, જૂરી તો જોશે જ તો. જૂરી કોને કરશું?"

આગેવાન વિચારમાં પડ્યો. વિચાર કરતાં કરતાં તેને અતિ શ્રમ પડ્યો હોય તેમ જણાઈ આવતું હતું. કપાળેથી પસીનો લૂછવા લાગ્યો. એના મોંમાંથી આરામ માગતી નિઃશ્વાસ-ફૂંકો નીકળવા લાગી.

“આટલી બધી વાર?” એક સાથી હસ્યો : “મેં તો આટલામાં દશ જૂરી ઠરાવી દીધી હોત, પાંચાભાઈ.”

“ઊભા રો'! ઊભા રો'! ભાઈઓ!” એણે સાથીઓને ધીરજ આપી : “આપણા આ બધા જડજ બાલિસ્ટર સાહેબોને જે ઘડીએ કશું ખાસ યાદ કરવું હોયને, તે ઘડીએ તેઓ આવી કશોક કારહો કરે છે. એ... જોવો આમ.”

એ નીચે બેઠો. એણે ટેબલ પરથી કલમ લીધી. કલમને લમણા સાથે ટેકવી વિદ્વાનની છટાથી બેઠો. સાથીઓને પૂછ્યું : “ખરું કે નહિ?”

“ખરું, એક લંબર, પાંચાભાઈ! લે, હવે ઝટ કર!'

“હા, હવે સાંભર્યું. અલ્યા ભાઈઓ!” પાંચો સાથીઓ તરફ ફર્યો : “ઝાડની ડાળે ગાળિયામાં ઓલ્યા સાત જણ ઝૂલે છે ના, ઈ સાતેયને આંહીં ઉતારી લાવો. આપણા ઈ સાતેય ખેડૂતભાઈઓ આપણી જૂરી. પાંચ ઉપર બે જણ લટકાના. લઈ આવો ઝટ સાતેય જણને. કે'જો કે હવે બહુ ઝૂલ્યા! હજી અખાત્રીજ તો આઘી છે, ને આંહીં ઇન્સાફ કરવો છે. ગેરઇન્સાફી કામ નથી કરવું. ખબર છે? આ તો રાજના મોટા થાંભલા કે'વાય. એમણે આજ લગી બધું કાયદાની બારીકાઈથી જ કરેલું છેને, હે-હે-હે-હે.”

બહારવટિયાનું ભયાનક હાસ્ય એ જજ, જ્યૂરી તથા પબ્લિક પ્રોસિક્યુટરના વિચારોને કોઈક અકળ ઇન્સાફની કલ્પનામાં ખેંચી જતું હતું.

ત્યાં તો એક પછી એક સાત મુડદાને ઉપાડીને એ ઠેકાણે લાવવામાં આવ્યાં.

સાતેય લાશોની આંખો ફાટી ગઈ હતી. મુર્દા જાણે જોતાં હતાં.

“આવો! આવો! હેં-હેં-હેં-હેં, ભાઈઓ! આવો!”

બહારવટિયાએ સાતેય લાશોની સામે આવકાર-શબ્દો બોલી ટૂંકું હાસ્ય કર્યું. સભામાં ઘોર વાતાવરણ છવાયું.

"આવો, જૂરીના સભાસદ સાહેબો! આ ખુરસીઓ માથે બેસો, બેસો, હં-હં!"

બહારવટિયાએ પોતાના મોં ઉપર પંજો પસાર્યો. હર એક લાશ ઉપર એણે નિગાહ ફેરવી : ભાઈઓય આ સાતેય સાહેબોને ખુરશી પર બેસાડો. એ બેસી શકતા નથી."

સાથીઓએ સાથે મુર્દાઓને ખુરસીઓ ઉપર બેઠક રચાવી. ને બહારવટિયો પ્રત્યેકની પિછાન લેવા લાગ્યો : "તમે! તમે તો ... ગામના ખેડુ ને? ... નામના. તમારા બાપનું નામ ..., નહિ?"

મુર્દું, એની સામે તાકતું હતું.

"સાચું ને? મેં ઓળખી કાઢ્યા ને તમને? હં હં! ત્યારે એમ છે, ભાઈ! હું દસ વરસનો હતો તે દી દીઠા'તા તોય તમને ન ભૂલ્યો, કેમ?"

એ રીતે સાતેયનાં નામ-ઠામ લઈને પાંચિયો ન્યાયાસને બેઠેલા સાથી તરફ બોલ્યો : "આમનાં નામ લખ્યાં ને, સા'બ?"

"લખ્યાં, લખ્યાં, હવે જલદી કર ને!"

એને લખતાં નહોતું આવડતું.

"ચૂપ મર!" એ નિત્યની આદતનું વાક્ય બોલીને બહારવટિયે નાટક આગળ ચલાવ્યું : "મે'રબાન ન્યાયમૂરતિ! ભૂલચૂક માફ કરજો. ને હવે જૂરીના નામદાર સભાસદ સાહેબો!"

બહારવટિયો સાત મુર્દાં તરફ ફર્યો. પછી એણે વકીલની નકલ આદરી : "જુઓ મહેરબાનો! આ મારા અસીલો, આ સાત ને બે નવ જણા : કેટલા નિર્દોષ છે! કેટલા ભલા છે! કેટલા ખાનદાન! તેમણે આપણા સારુ કાયદા ઘડ્યા. તેમણે આણા ભલાને માટે આપણા જરજમીનની જુમ્મેદારી સંભાળી લીધી – હં હં! તેમણે ને તેમના જેવા તમામ અધિકારી સાહેબોએ આપણે માટે. આપણાં બચ્ચાંને માટે, આપણી ઓરતો ને બેન-બેટીઓ માટે શું શું નથી કર્યું? બોલો!"

પોતે થંભ્યો. બારિસ્ટરનાં નખરાંની નકલ કરીને બંકી ગરદન નમાવી. હાથના પંજાને પ્રશ્નાર્થચિહ્નનો મરોડ દીધો. ફરી કહ્યું : "બોલો ને,

મે'રબાનો!"

તે થંભ્યો. મુર્દાંના મોં ખુલ્લાં હતાં. મુર્દાંની આંખો ઉઘાડી ફાટ હતી. હમણાં જ જાણે મુર્દાં બોલશે.

"બોલો બોલો, અટકો છો શા સારુ? બીઓ છો કોનાથી? કહેવું હોય તે કહો. આપ નામદારનો સવતંતર મત કહો. બોલો."

તે રાહ જોતો ઊભો. લાશો ચૂપચાપ ટાંપી રહી હતી. સાતેયની જીભો મોંમાંથી લબડતી હતી.

"નહિ જ બોલો?"

એકાએક એને કંઈક સૂઝી આવ્યું: "હં હં! ઓહો! હવે બરાબર. તમારે બોલવું તો છે, પણ આ નેકપાક ખાનદાન માણસોએ તમારી જબાનો બહાર કાઢી નાખી છે, તમને બોલ બોલ કરવાની બૂરી ટેવ પડેલી તે છંડાવી દીધી છે; ખરું? હેં હેં! હેં હેં હેં! બરાબર, બરાબર, હવે મને સમજ પડી કે તમે શા સારુ નથી બોલતા."

થોડી વાર એ બોલતો અટકી પડ્યો. થૂંક ગળીને પોતાના સુકાયેલા કંઠને ભીંજવતો હતો.

પછી ફરીવાર હાથછટા કરીને એ મુર્દાં તરફ વળ્યો: "ત્યારે હવે તમને પૂછું છું, મે'રબાન જૂરીના મેમ્બર સાહેબો! કે આ પરગજુ, દયાળુ મહાપુરુષોને કાયદેસર ઇન્સાફ આપશો ને તમો! તમારો જે ન્યાય એમણે તોળ્યો છે તે જ ન્યાય તમે એમનો કરશો ને? હેં?"

મુર્દાં એકીટશે જોતાં હતાં.

"જો તમે કબૂલ હો તો ચૂપ બેઠા રે'જો." નાક પર આંગળી મૂકીને એણે કહ્યું.

"કબૂલ?"

મુર્દાંની જીભો બહાર લબડતી રહી.

"ખાસું! કબૂલ છે. મે'રબાન જડજ સા'બ! જૂરીને કબૂલ છે. આપને?"

"કબૂલ છે." જડજ બનેલો ડાકુ બોલ્યો.

"એ જ ગાળિયા નાખો એના ગળામાં. લટકાવી દ્યો આ નવેયને એ જ ઝાડની ડાળે. મુલક બધો ભલે જોવે. પંદર દા'ડા લગી લાશો ઉતારશો મા, ભાઈઓ! લઈ જાવ આ સાહેબોને."

– ને ન્યાયાધીશના અવાજમાંથી રુદન ફાટી ગયું, "હું-ઉ-ઉ-ઉ! ઇન્સાફ! મને, મને ઇન્સાફ આપો! મેં કાયદેસર કરેલ છે. મને ઇન્સાફ!"

પાંચાનો કંઠ બદલી ગયો. એણે કાળવાણી કાઢી : "ઉઠાવી જાવ આ લાંબી જીભવાળાને. અને આજ પછી કાયદો પાંચાનો પળાશે. ટૂંકો ને પાધરો કાયદો. એક એક માથા દીઠ ગણી ગણીને બબે માથાં ઉડાવો. મારા બાપની કાયા જે દા'ડે પડી, તે દા'ડાથી આજ લગીનાં લેણાં વસૂલ કરો. ન કરો તો તમને મોટા દેવના કસમ છે, ભાઈઓ!"

"જે! પાંચાભાઈની જે!" લૂંટારુ ફોજનો હર્ષ-લલકાર ગુંજી ઊઠ્યો.

એક સાથીએ આવીને ખબર દીધા : "પાંચાભાઈ! હવે ઝટ નીકળી જાયેં. રાજની ફોજની ખેપટ ઊડે છે રસ્તે."

"લ્યો સલામ, ભાઈઓ! સાતેયને સલામ છે. ત્યાં માલિકને દરબાર મળશું. ને જુવો, તમારાં બાળબચ્ચાંની ફિકર કરશો મા. મોજથી રે'જો ત્યાં."

એટલા શબ્દો સાથે જૂરી ઠરાવેલી સાતેય લાશોને સલામ કરીને પાંચો બહાર નીકળ્યો.

એની આંખોને એ જોરથી ચોળતો હતો. એના કપાળ પર સ્વેદ બાઝી ગયાં.

મર્દની આંખ નથી રડતી. મર્દનું તો લલાટ રડે છે.

સભાગૃહમાં સૂનકારને રહેવા દઈ લૂંટારુ ફોજે ગામ છોડ્યું ત્યારે ભાગોળના ઝાડે નવ રાજમાન્ય પુરુષોની લાશો લટકતી હતી.

ઘોડા પરથી પછવાડે નજર કરતો પાંચો બોલતો ગયો કે "એ હેઈ ભાઈબંધ પવન! એ નવે જણાને ખૂબ હીંચોળજે."

"ગામોગામ આવાં લીલાં તોરણ બાંધશું, પાંચાભાઈ!" કહીને સાથીઓ પોતપોતાના ઘોડાઓની પીઠ પર કૂદકા મારવા લાગ્યા.

[5]

રાજસત્તાનું જોર બે ભાગલામાં વહેંચાઈ ગયું. ડુંગરામાં લૂંટારાઓ હતા, ને પ્રજાની વચ્ચે એક રાષ્ટ્રપક્ષ જાગ્યો હતો. કાયદેસર ઝુંબેશ કરનારા એ રાજદ્વારી રાષ્ટ્રદળને રાજસત્તાએ જ્યારે ગૂંગળાવવા માંડ્યું, ત્યારે એ દળની શક્તિ ઊંડાણે ઊતરી ગઈ. ત્યાં ભૂતલમાં એની સુરંગો ગળાવા લાગી.

એનો આગેવાન 'ભાઈજી'ને નામે ઓળખાતો હતો. 'ભાઈજી' છૂપું જીવન જીવતો. લોકોની જીભ પર 'ભાઈજી' શબ્દના ઉચ્ચાર સાથે અમૃત ઝરતું. 'ભાઈજી'ની છબીઓ લોકો દાણાની કોઠીમાં સાચવતાં, ને અધરાતે પોતાનાં બચ્ચાંને બતાવતાં.

'ભાઈજી' છૂપો વિપ્લવ [illegible] રહ્યા હતા. રાજસત્તાની સામે સુવ્યવસ્થિત લોકસત્તાના યંત્રો એણે ચલાવ્યાં હતાં.

'ભાઈજી'નું રાજતંત્ર ગામડે ગામડે ગોઠવાયું હતું. ન્યાયપંચો, કરવેરાનું વસૂલાતી ખાતું, કેળવણી વગેરે અનેક ખાતાં 'ભાઈજી' તરફથી કામ કરી રહ્યાં હતાં.

ફક્ત એક કમીના હતી લશ્કરની. 'ભાઈજી'ના સ્થાપેલા સેનાપતિની પાસે વ્યૂહરચના તૈયાર હતી. રાહ જોવાતી હતી ફક્ત સૈન્યની.

બહારવટિયો વિસ્મય પામતો આ 'ભાઈજી'ની ખ્યાતિ સાંભળ્યા કરે છે. પીડિત ખેડૂતોને દાણા મોકલનાર આ દાતાર કોણ છે? કેવોક શાહુકાર છે? એના નામની માનતાઓ શા માટે ચાલે છે? જાતને જોખમે પણ વસ્તી જેનાં છૂપાં છપાતાં પતાકડાં વાંચે છે તે આદમીમાં શી દૈવી ચમત્કૃતિ ભરી હશે? એના નામ ખાતર સેંકડો જુવાનિયા ફાંસીએ ચડે છે, એવો તે શો ઇલમ છે? વેરની વસૂલાત સામી હત્યા કરીને ન લેવી એવું અવળું ભણતર પ્રજાને ભણાવનાર આ કેવો વિચિત્ર આદમી છે? કારતૂસના પટ્ટા અને બંદૂકો આપવાને બદલે લોકોને 'ચોપડિયું' શાની વંચાવી રહેલ છે? સગા બાપની હત્યા કરનારને આપણે શું જીવતો જવા દેવો? હ-હ-હ-હ, એક દા'ડો મળવું પડશે આ માનવીને.

*

સાંજના સાતેક વાગ્યાને સુમારે, રેલગાડી એક વગડાઉ સ્ટેશનના યાર્ડમાં ખડી રહી અને સ્ટેશન માસ્તરે ડ્રાઇવરે તથા ગાર્ડે પોતાની સામે ભરી બંદૂકોની નળીઓ છેક છાતીની લગોલગ ચંપાતી દીઠી.

ટ્રેનને લૂંટતા લૂંટતા ડાકુઓ એક નાના ખાનામાં આવ્યા ત્યારે એક મુસાફર આંખે ચશ્માં પહેરીને ઊંધે માથે કંઈક લખતો હતો.

બંદૂક તાકીને પાંચાએ એને ઢંઢોળ્યો: "આટલો બધો મશગૂલ? ઇશ્કનો કાગળ લખતો લાગે છે!"

"હું રિપોર્ટ લખું છું. કોણ છો તમે? બેસવું હોય તો આ રહી જગ્યા." લખનારે ફરી માથું ઊંધું નાખ્યું.

"એ જુવાન!" પાંચાએ એને ફરી વાર હડબડાવ્યો. "અહીં હવે જગ્યા નથી. હેઠા ઊતરો."

"કોણ છો તમે?"

"કાકા."

"કોના?"

"ભત્રીજા! બાપ! તારા. હેઠો ઊતર. માલ દઈ દે હું. પાંચો –"

"તમે પાંચા ડાકુ છો? ઊભા રો', તમારી છબી પાડી લઉં." લખનારે કેમેરા ખોલ્યો. ચપ ચપ ચાંપો ઉપર એની આંગળી ચાલી.

"મારી છબીને શું કરશો, હેં ભત્રીજા?"

"હું ... છાપાનો પ્રતિનિધિ છું. અમારું છાપું નગરમાં તમામ બીજાથી માતબર છાપું છે. તમને મળીને હું ઘણો ખુશહાલ બન્યો છું, પાંચા બહારવટિયા!"

"ઓહો! તયેં તો તમને જ બાન પકડી જવામાં કસ છે. લ્યો હાલો, ત્યાં ફુરસદે મારી છબિયું પાડજો."

એક ટારડા ઘોડા ઉપર છાપાવાળાને જબરદસ્તીથી ચડાવવામાં આવ્યો. પણ, 'ઘોડેસવારી' પરની ચોપડીનું અવલોકન ખુદ પોતે જ લખેલું છતાં, છાપાવાળાનો દેહ સમતોલપણું નથી સાચવી શકતો એવું જોતાંની વાર જ બહારવટિયાએ હુકમ દીધો કે "એને ઘોડા ભેળો રસીથી જકડી

લ્યો."

[6]

'ઘોડેસવારી'ના વિષયની ઘણી ઘણી ચોપડીઓનાં અવલોકન લખનાર છાપાવાળો ડાકુઓના ઘોડા ઉપર દાણાની ગુણી જેવો લબડતો જતો હતો. એક તો લૂંટારુ ટોળીના ઘોડાની તગડ, બીજું ડુંગરાળ રસ્તા, ને ત્રીજું પોતાનું શું થશે તેની ચિંતા – ત્રણ વાતોએ વર્તમાનપત્રીના હોશ ઢીલા કરી નાખ્યા.

વચમાં નદીનેરું આવતું ત્યારે પાંચો પોતાની ટોળીને થંભાવતો, ને સાથીઓને હુકમ કરતો કે "ઈ છાપાવાળાના મોં ઉપર પાણી છંટકારતા રે'જો, લૂગડું ભીંજાવીને એના મોંમાં નિચોવતા આવજો. નીકર ઈ છાપાવાળું નાહકનું મરી જશે."

ડાકુને મન છાપાવાળો નાન્યતર જાતિનું જ પ્રાણી બન્યો હતો. નાન્યતર શા માટે? – છાપાવાળાની બેહાલ જિંદગીએ એની શકલને પશુવત્ કરી નાખી હતી તે માટે, કે એની તુચ્છતાને કારણે, તે તો સમજાતું નહોતું. પણ વર્તમાનપત્રીને રસ્તામાં જ એક વાત સમજાઈ ગઈ હતી કે ડાકુ પોતાના પ્રતિ માયાળુ વર્તાવ રાખી રહ્યો છે.

પહાડોમાં પહોંચીને લૂંટારાઓએ રસીબંધ છોડ્યા કે તુરત વર્તમાનપત્રી ઢગલો થઈને ધરતી પર પટકાયો. જાણે બટાટાંની ફાંટ ફસકી પડી.

બીજી જ પળે એ ટટ્ટાર બન્યો. ગજવામાંથી ફાઉન્ટન પેન કાઢીને પોતાના પાકીટ તરફ ચાલ્યો.

"હેઠો મર." ડાકુએ ત્રાડ પાડી: "શું છે?"

"મારે ડિસ્પેચ લખવો છે."

ડાકુને આ ભાષાનું જ્ઞાન નહોતું. એણે ઠેકડી ગણીને ડોળા ફાડ્યા: "શું છે?"

"મારે અહીંનો અહેવાલ મારા છાપા ઉપર લખી મોકલવો પડશે."

"એટલે શું તારે અમારી બાતમી પોગાડી દેવી છે? આ દીઠી? ફૂકી

દઈશ.' ડાકુએ બંદૂક તાકી.

પોતાને બહારવટિયાએ ફૂંકી દીધો હોવાની હકીકત તો છાપાવાળાને બહુ આકર્ષક લાગી. ઘડીભર એના કલ્પનાવ્યોમમાં પોતાના અખબારનું પહેલું પાનું રમી રહ્યું. કરોળિયા જેવડા મોટા અક્ષરોની હેડલાઇન, પોતાનું વિસ્તૃત જીવનવૃત્તાંત, અને 'મરહૂમ પોતાની પછવાડે એક નિરાધાર જુવાન વિધવા તથા પાંચ નાનાં બાળકોને મૂકી ગયા છે' એવી હૃદયદ્રાવક નોંધ સાથે પોતાના કુટુંબનો ગ્રુપ ફોટો : વગેરે સુંદર નિવાપાંજલિ એની નજર સામે તરવરી ઊઠી.

પણ મુશ્કેલીની વાત એ હતી કે પોતાના ઠાર થયા બાદ એ વાતનો 'ડિસ્પેચ' મોકલનારું ત્યાં કોઈ હશે નહિ.

છાપાવાળાએ પાંચાને એક વાત સમજાવી : "પાંચા બહારવટિયા! મારું લખાણ નહિ જાય તો અમારા છાપામાં છપાશે કે તમે મને ઉઠાવી ગયા. મને અગ્નિ પર ચલાવ્યો, મને જીવતો લટકાવીને નીચે ભડકા કર્યા, પછી મને શેકીને તમે ખાઈ ગયા."

પાંચો સ્તબ્ધ બની ગયો. "એવું છાપે? કાગળિયા માથે એવું જૂઠાણું છાપે? ને લોકો એવું માને? પાંચિયો મનુષ્યાહારી છે એવું માને?"

પાંચો સમસ્યામાં ડૂબી ગયો.

"બતાવું?" છાપાવાળાએ પોતાનું પાકીટ ખોલવાની રજા માગી.

"શું બતાવે છે?"

બે-ત્રણ છાપાનાં મોટાં પાનાં કાઢીને એણે બહારવટિયાની સામે પાથર્યાં. એમાં પાંચા ડાકુની કલ્પનાછબીઓ હતી. પાંચાના સિતમોનાં કલ્પિત રેખાચિત્રો હતાં. એક ચિત્ર એવું હતું કે પાંચો નાનાં છોકરાંઓને માતાઓનાં સ્તનો પરથી ઉપાડી લઈ ઊંચે ઉછાળે છે, ને પોતાના ભાલાની અણી પર ઝીલી મારી નાખે છે.

"ને દુનિયા મારે વિષે આ બધું માની લ્યે?" પાંચાને દુનિયાનું ઓછું આવ્યું.

"મેંય માનેલું. એટલે જ રેલગાડીમાં મેં તમને દીઠા ત્યારે તમે મને

કોઈ વેષધારી જ લાગેલા. નીકર તો હું ત્યાં ને ત્યાં ફાટી ન પડ્યો હોત?"

"મારે માટે શું દુનિયા આવું માને છે?" બહારવટિયાએ બે હાથે લમણાં દબાવી રાખ્યાં.

"માને જ છે તો." છાપાવાળાએ એના લમણામાં ઘણ માર્યો જાણે.

પાંચાને કપાળે પસીનાની મોતાવળ બંધાઈ ગઈ.

"આવું જૂઠાણું શીદ છાપે છાપાં?"

"સાચું ન મળે તો પછી કા'ક છાપવું તો જોઈએ જ ના, ભાઈ!" પત્રકારે ઠાવકે સ્વરે કહ્યું: "કાંઈ કોરાં પાનાં વેચાય છે?"

"સાચું." પાંચાને જાણે કે સત્ય લાધ્યું: "બાપડાથી કાંઈ કોરાં પાનાં થોડાં વેચાય છે?"

"ને જો પાનાં કોરાં રીયે ને, પાંચાભાઈ, તો શું બને ખબર છે ને? –" કહીને છાપાવાળાએ ગજવામાં હાથ નાખ્યો. એક પરબીડિયું કાઢ્યું. અંદરથી એક કાર્ડ સાઇઝની તસ્વીર કાઢી પાંચાને બતાવી.

"હા રે હા!" હર્ષ અને વિસ્મયનો ધીરો સ્વર કાઢતો બહારવટિયો નીરખી નીરખી જોવા લાગ્યો: "અ-હા-હા-હા! આ કોણ? આ એક ઇથી નાનું આ બીજું, ઇથી નાનું, ઇથીયે નાનું ને ઇથીયે નાનું રાભડિયું આ છોકરું: હારબંધ પાંચ છોકરાં, હા-હા-હા-હા! હડેટ હોમ! જાણે હું પરેડ કરાવું એવાં પાંચ!"

"– એ બધાં તૂખે મરી જાય."

"ભૂખે મરી જાય! શા સારુ?"

"મને નોકરીમાંથી રજા મળે."

"તે આ પાંચેય મરી જાય? આ કોણ છે? તારાં છૈયાં છે?"

છાપાવાળો મરકી રહ્યો. બહારવટિયાની આંખો ઘડી છાપાવાળા સામે તો ઘડી છબીની સામે એમ ચાવી આપેલ યંત્રની માફક દોડાદોડ કરવા લાગી.

"હા, હા, ચહેરા-મોરા બરાબર મળતા આવે છે. પાંચ છોકરા તારે? વાહ પરવરદિગાર! વાહ! વાહ! તકદીર! કેવાં સુંવાળાં પાંચ બચ્ચાં!"

પાંચાનો પંજો તસ્વીર પર લસરવા લાગ્યો. રખે જાણે પોતાનો બરછટ હાથ એ બચ્ચાના ગાલ ઉપર ખરડાશે, એવી બીકે એ પોતાની હથેળી તપાસતો જાય છે.

"વાહ!" કહીને એણે છાપાવાળાની દાઢી પર હાથ ફેરવ્યો. ત્યાં તો ત્રણ દિવસનાં ભાલાં ઊગી નીકળેલાં હતાં. હસીને બહારવટિયાએ કહ્યું : "ક્યાં તારું કરવત જેવું દાઢું, ને ક્યાં આ તારાં બચ્ચાંના મુલાયમ ગાલ! ઓ હો હો હો!"

તસવીર પર એની હથેળી સુખસ્પર્શ પામતી હતી.

"ત્યારે હવે આ બચ્ચાં જીવતાં રહે, ને આપણી બાબતમાં દુનિયા સાચી વાત જાણે, એવું કાં'ક કર ને, મારા દાદા! કર ને, મારા દિલોજાન!. નીકર પાંચાની લાશ ઉપર ખલક થૂ થૂ કરશે, યાર!"

એવું કરગરતો ડાકુ છાપાવાળાને પંપાળવા ને હુલાવવા-ફુલાવવા લાગ્યો.

આખર નક્કી થયું કે છાપાવાળાએ રોજ એક 'ડિસ્પેચ' લખવો, એ પાંચા કને વાંચી સંભળાવવો, વાંચ્યા પછી ઇમાન ઉપર બોલવું કે બીજું કંઈ લખ્યું નથી. ને એને આ રાજ્યના સીમાડા બહારથી પોસ્ટમાં લાગુ પાડવા ડાકુએ ઘોડેસવાર દોડાવવો.

પછી તો વર્તમાનપત્રોના ગજવામાં ચોંટેલી બે-ત્રણ ફાઉન્ટન પેનોએ ને લાલ, વાદળી, કાળા રંગની પેનસિલોએ કાગળ ઉપર દોટાદોટ મચાવી દીધી. કેમેરાની ચાંપોને આરામ ન રહ્યો. વર્તમાનપત્રી ચિત્રકાર પણ હતો, થોડું થોડું તમામ વાતનું ડહાપણ ડોળી જાણતો, એટલે એણે પાંચાના ભાતભાતના પેનસિલ-સ્કેચો પણ કરી મોકલ્યા.

પાંચો ગામ ભાંગે છે ત્યારે ફુલેકે કેમ ચડે છે; દાંડિયા-રાસ ને ચોકારો કેમ લ્યે છે; ગરીબ-ગુરબાંને, ઓરતો ને બચ્ચાંને કેવી ખેરાત વહેંચે છે; વેપારીઓના ચોપડા કેવી તરેહથી સળગાવે છે, તેનું સચિત્ર બયાન દૂરદૂરના નગરે છાપે ચડવા લાગ્યું.

એ છપાયેલા છાપાંના બીડા પણ પહાડમાં પહોંચતા થયા.

ડાકુની ટોળીને તો આ છાપાવાળાની ઇલમબાજી જોઈ જોઈ વિસ્મયનો પાર ન રહ્યો.

બહારવટિયો ને વર્તમાનપત્રી બેઉ દિલોજાન દોસ્તો બન્યા.

[7]

કોઈ કોઈ વાર બેઉ એકલા પડીને ખળખળ વહેતી પહાડ ઝરણીને કિનારે જાંબુડાના ઝાડની ઘટામાં બેસતા. હરિયાળી ધ્રો ઉપર દેહ લંબાવી પડ્યા પડ્યા ગુફ્તેગો કરતા, ને છાપાવાળો પોતાની ઓરતનો નવો આવેલો પત્ર વાંચી સંભળાવતો.

"હેં-હેં-હેં!" પાંચાના મોં ઉપર અનંત ખુશાલીભર્યું ગભરુ હાસ્ય છવાતું. "શું તારી ઓરત મનેય સલામ લખાવે છે? મને એણે 'ભાઈ' કહી મોકલ્યો છે શું?"

"ને આ રાખડી મોકલી છે."

પત્રકારની સ્ત્રીએ રેશમી દોરામાં મોતી પરોવીને એક રાખડી મોકલી હતી. તે જ્યારે પત્રકારે ડાકુના પંજા પર બાંધી ત્યારે દોરો એના કાંડાને ટૂંકો પડ્યો.

"સાળું આમ કેમ થયું?" પત્રકાર વિમાસણમાં પડ્યો. "મેં ડાયામીટરનું માપ તો બીડ્યું હતું!"

બહારવટિયો કશું સમજ્યો નહિ, પૂછ્યું: "મૂંઝાણો છો કેમ?"

"ભાઈ! દુઃખ તો એ છે કે તારા જેવું ધીંગું કાંડું મારી બાયડીની કલ્પનામાં જ ક્યાંથી આવે?"

"શું હું એવડો બધો ધીંગો છું?"

પાંચો પોતાના બદન પર જોઈ જોઈ, મોં બગાડવા લાગ્યો. "સાળું, આ તે હું ગોધો છું કે ઇન્સાન?"

"ઉપરથી ગોધો, અંદરથી ઇન્સાન!" છાપાવાળાએ કહ્યું.

આખરે જેમ તેમ કરીને રાખડી બાંધવામાં આવી; બહારવટિયાએ કહ્યું: "બસ, હવે ફિકર નહિ. બોનની રાખડીનાં રખવાળાં મળ્યાં. હવે તો આખા મુલકને ઉથલાવી જ નાખું."

છાપાવાળાએ પોતાની ઓરતની છેલ્લામાં છેલ્લી તસવીર બતાવી. બહારવટિયાએ ધારી ધારીને છબી સામે નીરખ્યા કર્યું.

કોઈ ન સાંભળતું હોય એવી ધીમાશથી ડાકુ બબડ્યો : "આવી જ હતી બરાબર."

"કોણ?"

"મારી મા."

ને પંદર વર્ષો પર જેના પાલવમાં લપાઈને પોતે ઊભો રહેતો, તે મા એને યાદ આવી. કંઈક અકળ અકળામણ થતી હોય તે પ્રકારે લીલી ધ્રો ઉપર એણે મોં રગદોળ્યું. બીજે પડખે ફરી ગયો.

છાપાવાળો ઢંઢોળવા લાગ્યો : "ભાઈ, ભાઈ! શું થાય છે? મરદ થઈને! –"

"અરે ના રે ના! થાય વળી શું?"

કહેતો ડાકુ ઊઠ્યો ને જલદી જલદી ઝરણાને તીર જઈને મોં ધોયું, પાણી પીધું, ગળું ખોંખારી કાઢ્યું.

છતાં વાતને બદલવાની જરૂર હતી. છાપાવાળાએ ધીરી ફૂંક મારી : "હં-હં, પાંચાભાઈ, આમ તો જો!"

એ નવી બતાવેલી તસવીરમાં છાપાવાળાનો એની પત્ની જોડે પડાવેલો ફોટો હતો.

"તારો આવો ફોટોગ્રાફ હું ક્યારે પાડી શકીશ, ભાઈ?"

"છાપામાં છપાશે?"

"અરે, પે'લે પાને."

પાંચાના દિલમાં કોમળ ભાવ રમતો થયો. તે દિવસથી અનેક વાર પોતે પહાડના ખડકો અઢેલી ઊભતો, ત્યારે જાણે એનો જમણો હાથ કોઈક અદીઠ સહચરીના ખભા ઉપર વીંટળાયા જેવો મરોડ ધારણ કરતો. એનાં નયનોએ કોઈ માદક અંજનની ઘેરાશ પકડી. વારંવાર એણે છાપાવાળા ભાઈબંધની પત્નીના તેમ જ પાંચ બાળકોના ફોટોગ્રાફ માગી માગી નિહાળ્યા ને વારંવાર પૂછ્યા કર્યું : "મારાય આવા જ પોટુગરાફ શું છાપામાં

છપાશે. હેં ભાઈબંધ?"

[8]

"કોણ છો તમે?"

અવાજ ક્ષીણ હતો. એથી વધુ જર્જરિત એ પૂછનારનો દેહ હતો. ને સહુથી વધુ દુર્બળ હતું એ કાતરિયું, જ્યાં એ મગતરા સરખો માનવી બેઠો હતો.

"હું-હું પાંચો છું." જવાબ આપનાર કદાવર આદમીનું ગળું કોણ જાણે શા કારણે થોથરાયું. એની મોટી અને કસુંબલ આંખો એ નાના સ્થળને હજુ પૂરેપૂરું નહોતી નિહાળી રહી.

"શા માટે આવ્યા છો?" ખુરશી પર બેઠેલા હાડપિંજરે ફરીથી પ્રશ્ન કર્યો.

"શા માટે?" લૂંટારાએ હાસ્ય કર્યું: "તમે – તમે – તમે પોતે જ 'ભાઈજી' ખરા કે? તમે મને તેડાવેલો નો'તો? હું પંડે જ પાંચો."

"મેં તો તેડાવ્યો હતો પાંચા વીરને – પાંચા ડાકુને નહિ. મારે તો મળવું હતું પાંચા બહાદરને – પાંચા લૂંટારાને નહિ."

બોલનારનો દેહ ક્ષીણ છતાં ખુરસી પર ટટાર બેઠો હતો. એના જીર્ણ લેબાસમાં સુઘડતા હતી. ગાલના ખાડા ઉપર અકાળે શ્વેત બનતા જતા રેશમી વાળની પાંખી દાઢી હતી. લાકડી જેવાં પાતળાં હાથકાંડાં ટેબલ પર મક્કમ અદબ ભીડીને પડ્યાં હતાં. ઊંડી ઊંડી આંખોના કૂપમાંથી એની કીકીઓ હીરાકણી-શી ચમકતી હતી.

આવી આંખો પાંચાએ પૂર્વે કદી નહોતી દીઠેલી. લોકજીભેથી સાંભળેલું કે અંતર્યામી હંમેશાં માનવીનાં નેત્રોમાંથી ડોકાય છે. આંહીં એ કથનનો સાક્ષાત્કાર કરતો પાંચો ઊભો હતો. એણે જાણે કશુંક એવું દીઠું, કે જે જોયા વગર જો મરી જઈએ તો આપણને ઓરતો રહી જાય.

આવડા નાનકા માનવીને આવી મોટી ને ઝગારા મારતી આંખો? આ આંખો આષાઢી રાતને ઘનઘોર અંધારેય ધાર્યાં નિશાન ઉડાવે ને?

ડાકુને દરેક વસ્તુનું મૂલ્ય આ હિસાબે જ મૂલવવાનું હતું.

નીચા ઘરના દ્વારમાં દાખલ થનાર ઊંચા આદમીને કપાળે જેમ કમાડનું લાકડું અફળાય, તેવો કોઈક તીવ્ર અફળાટ પાંચાના અંતઃકરણે આ નાનકડા માનવીના છેલ્લા બોલમાંથી અનુભવ્યો. એને થોડી વાર તમ્મર આવ્યા જેવું થયું. મુલક બધો જેને પાંચો વીર ને પાંચો બહાદર કહી બિરદાવે છે, તેને મોઢામોઢ ડાકુ, લૂંટારો ને ખૂની કહેનારો પહેલવહેલો જ આ નાનકો આદમી મળ્યો. થોડી વાર તો પાંચાને થયું કે આ ખડમાંકડી જેવા જંતુને બોચી ઝાલીને ઊંચે ઉપાડી પાંચ-દસ ઊઠ-બેસ કરાવું.

પણ એ નાના આદમીનાં નેત્રો હજુય પોતાની નિશ્ચલતા ટકાવી રાખી, ડાકુની સામે જોતાં, જવાબ માગી રહ્યાં હતાં. એ આંખોમાં પ્રશ્ન ચીતરાયો હતો, ને પ્રશ્નની પછવાડે, તપતા સૂર્યની પાછળ સ્થિર શીતળ નીલામ્બર હોય છે તેવી અચંચલ ગંભીર શાંતિ હતી. એ શાંતિએ આ પશુ પર શાસન જમાવ્યું, આ રાક્ષસી માનવીને અકળાવ્યો. મોં શરમિંદુ બન્યું. એનાથી ફક્ત આટલું બોલાયું: "બહાદર કેમ નહિ?"

"બહાદર કેમ નહિ!" હાડપિંજર જેવા માણસે એની એ જ સ્થિરતાથી ભરેલો અવાજ છાંટ્યો: "આગ લગાડે, લૂંટે, મારફાડ કરે, વસતિનાં દ્રવ્યની મૂઠીઓ ભરી ભરી ખુશામદખોરોને દાન દે, ખાણીપાણી ને નાચ-ગાનની મોજ ઉડાવતો ફરે, એ માણસ બહાદર? પોતાના બાપના ખૂનનો કીનો લઈ લહેર ઉડાવે એ બહાદર? પચીસ જણાની ટોળી લઈ તલવારને દોરે પોતાની 'જે! જે!' બોલાવે એ બહાદર?"

પાંચો કશુંક કહેવા જતો હતો. એને સમય આપ્યા સિવાય નાના આદમીએ પૂછ્યું: "પાંચા બહાદર! તમારે મા હતી?"

"હતી."

"એવી જ ગર્ભવંતી માતાઓને કાને પાંચાના નામની હાક પડતાં કાચા ગર્ભ વછૂટી જાય છે એ સાંભળ્યું છે?"

પાંચાનું મોં ગરદનથી નીચું નમ્યું. એણે પોતાનો બચાવ કરવા જીભ ચલાવી: "હું રાજને ખેદાનમેદાન કરવા ઊઠ્યો છું. તમારા જેવું જ કામ કરું છું. મને તો તમારી પાસેથી શાબાશીની ઉમેદ હતી."

પાંચાના ગાળામાં નાના બાળકના જેવો કચવાટ હતો.

"એ ઉમેદ તેં મને ઓળખ્યા વગર બાંધી હતી. અને રાજને આ રીતે રંજાડવાથી શું, બસ વાત પતી ગઈ?"

"કેમ?"

"આજ તારો વારો; કાલે રાજનો વારો. તું એક તિજોરી લૂંટશે; રાજ વળતે જ દિવસે એ તિજોરીને વસતિનાં લોહીમાંસથી ભરી કાઢશે. તું પચીસ બંદૂકો વસાવશે; રાજ સો મંગાવશે. આ તારી બહાદરી!"

બોલનારનો અવાજ હજુ બદલ્યો નહોતો. એની આંખોએ સ્થિરતા છોડી ન હતી.

"ત્યારે શું કરવું?"

"કહું. બેસો." નાના માણસે ખુરસી બતાવી.

બહારવટિયાએ ખુરસી પર હાથ મૂકીને જોઈ લીધું કે બેસવા જતાં અકસ્માત થવાનું જોખમ છે. એને વર્તમાનપત્રોનાં પત્નીએ મોકલેલ રાખડીની વાત યાદ આવી. પોતાના માપનો સરંજામ કોઈ નથી વસાવતું તે વાતનો એને માનસિક ધોખો થયો.

એ ઊભો જ રહ્યો. કપાળેથી એણે પસીનો લૂછ્યો.

બાજુમાં જ દીવાલ ઉપર એક નકશો લટકતો હતો. તેના ઉપર એ નાના માણસની આંગળી ચપ ચપ દોડવા લાગી. આંગળીને ફેરવતાં ફેરવતાં એણે બહારવટિયાને સંભળાવ્યું : "પાંચાભાઈ! આ આપણી જન્મભૂમિ. આ લાલ ટપકાં છે તેટલાં રાજનાં થાણાં. આ રાજની ફોજની છાવણીઓ. આ એનું લાવલશ્કર. તેં આટલાં ગામ ભાંગ્યાં. રાજે તારા વૈરની વસૂલાત આટલાં આટલાં ગામો સળગાવીને કરી લીધી. આટલાં ફાંસીને લાકડે. આટલાં ગોળીબારથી ઠાર, આટલી જમીન જપ્ત. આટલી ઓરતોનાં શિયળ રોળાયાં..."

નાનો આદમી નકશા પરની એંધાણીઓ વાંચતો જાય છે, ને પાંચાનાં આંગળાં કપાળ પર વળતા સ્વેદની ધારાઓને નીચે ટપકાવતાં જાય છે.

[9]

પાંચાએ કોઈ જાદુગર જોયો.

ખેડુ-પુત્રને વિસ્મય થયું, કે આઠ હાથની ઓરડીમાં બેઠેલા આ નાનકડા આદમીની આંખ સારા દેશનું તરણે તરણું શી રીતે ગણી રહેલ છે!

નકશા ઉપર દોરેલ લાલ-વાદળી લીટાની પાછળ દેશની બેહાલીના આંકડા સંઘરાઈ ગયા હતા. આંકડાઓએ આ અડબૂતને ઝડપી ભાન કરાવ્યું. આંકડાની અંદર એણે જાતભાઈઓની ગરીબીના, દુર્દશાના, મુર્દાંના ઢગલા દીઠા. પોતાના યશોગાનની એ ડાકુને આજ પ્રથમ વાર શરમ ઊપજી.

"પણ – પણ –" એનું ડાચું બોલવા યત્ન કરી રહ્યું: "તમે તો અક્કલવંત છો. તમે કાંઈ ઉકેલ બતાવશો?"

"ઉકેલ એક: આજથી નક્કી કરો, કે 'પાંચાનો જય' નહિ, પણ જન્મભોમનો જય: જે જય પુકારતાં હજારો દેશ-જુવાનોનાં રૂંવાડાં ખડાં થાય."

"એટલે?"

"એટલે એક પાંચસો-હજાર ઘેટાંના ટોળામાં વરુની જેમ 'બહાદુર' ન રહે, પણ ઘરેઘરથી એક્કેક પાંચાને ખડો કરે."

બહારવટિયો અર્ધસ્પષ્ટ મને તાકી રહ્યો. બોલ્યો: "મને હુકમ આપો. તમે મને કહો કે શું કરું?"

"હાકલ કર. દેશના એક છેડાથી બીજા છેડા લગી તારો સાદ પહોંચાડ, કે પાઘડીનો આંટો લઈ જાણતા એકેએક જુવાન નીકળી પડે. ખોરાકી-પોશાકી હું પૂરી પાડીશ. તું ફોજ જમાવ. એને કવાયતુ શીખવીએ, એને શિસ્તના પાઠ પઢાવીએ. નિશાનબાજી અને કિલ્લેબંદીમાં પાવરધા કરીએ, પછી –"

"પછી?"

"પછી તાવડીમાંથી રોટલો ઉથલાવે તે રીતે રાજપલટો કરવો. ધરમરાજની ધજા ચડાવવી. પાંચાનું રાજ નહિ પણ પ્રજા સમસ્તનું રાજ

જાહેર કરવું. એ રાજ ખેડૂતોને જમીન પાછી સોંપશે. અદલ ન્યાય તોળશે, ધનિક-નિર્ધનના ભેદ ટાળશે. ને જય પોકારશે જનમભોમની, પાંચાની નહિ."

બોલનાર નાના માનવીનાં નેત્રોમાં ભાવીનું સ્વપ્ન રમી રહ્યું. એણે પાંચાની ઝીણી તાકતી આંખો પાસેથી જવાબ મેળવવા થોડો પોરો ખાધો. એને હજુ આસ્થા નહોતી કે ડાકુને પોતાનો એકલ વિજયડંકો વગાડવાનો મોહ છૂટી શકશે.

પાંચાના કપાળ પર વળેલી વિચાર-કરચલીઓ જાણે કોઈ અદશ્ય છેકભૂંસ કરતી કશીક ગણતરી ગણી રહી હતી. એણે થાકીને માથાબંધની આંટીઓમાંથી એક બીડી ને દીવાસળીનું બાકસ કાઢ્યાં. બીડી મોંમાં ઝાલીને દીવાસળી ચેતાવી.

દીવાસળી બુઝાઈ ગઈ. ફરી ચેતાવી. બીજી પણ હોલવાઈ. ત્રીજી, ચોથી, એમ સળગતી સળીઓ હાથમાં ને હાથમાં થંભીને ખતમ થ ઈ ગઈ. કેટલીક તો બીડીનાં ટોપકાં સુધી પહોંચી જ નહિ, ને કેટલીક ગી તો બીડીને ફૂંક જ લેવાનું ડાકુ વીસરી ગયો. મોંમાંથી બીડી હાથમાં લઈ લીધી ને જાણે કે નિર્ણય કર્યો હોય તેમ માથું ધુણાવ્યું.

ભાઈજીના સખ્ત દીદારમાં પાંચાએ માગણી દીઠી. એ માગણીમાં માર્દવ હતું, વહાલ હતું. વેદના હતી.

"ઠીક ત્યારે," કહેતો ડાકુ ખડો થયો. એણે સલામ ભરતો જમણો હાથ માથાબંધને અડકાડ્યો.

ભાઈજી પણ ઊભા થયા. બેઉ સામસામા ઊભા રહ્યા. ભાઈજીનો ઠીંગું દેહ આ ડાકુના આભ-રમતા મોં સામે નિહાળવા માથું ઊંચું કરતો ઊભો.

"મેં-મેં-મેં તો," ડાકુએ અચકાતે અચકાતે કહ્યું: "તમારી જબાનમાંથી એક હેતના સખુનની આશા કરેલી. મને આ રાજપલટાની વાતમાં કાંઈ ગમ નથી પડતી. હું તો એકલા ભાઈજીના જ હેતપ્રીતનો ભૂખ્યો હતો. મારે મા નથી, બાપ નથી – કોઈ નથી. હું તો ખાંપણ ભેળું લઈને ફરું છું. મને છાંટો એક પ્રીતિની, શાબાશીની ભૂખ..."

ભાઈજીએ ધસી જઈને પચ્ચીસ વરસના જોધાર બહારવટિયાના દેહ ફરતી બાથ નાખી. માંડ માંડ પહોંચી શકતા હાથની ભેટ ભીંસીને એણે એક ગદ્દગદિત બોલ કહ્યો : "ભાઈ!"

"ભાઈજી! બાપ! –" બોલતો બહારવટિયો એ નાના દેશભક્તનું કલેવર પોતાની બાથમાં ઘાલીને થંભી ગયો; કરગર્યો : "બીજું કાંઈ નહિ; પણ મારા માથે મે'રબાની રાખજો. પાંચો તો ભાઈજીની વા'લપનો ભૂખ્યો છે."

ભાઈજીના દૂબળા પંજાએ બહારવટિયાની છીપર જેવી પીઠ થાબડી.

[10]

પાંચો બહાર ગયો. બાવળની ઝાડીમાં એના પચીસ જણા બેઠા હતા; થોડાક સાંઢિયા ઝૂકેલા હતા તેની ઓથે બીડીઓ ઝગવતા હતા. થોડાક ઘોડેસવારો હતા તેઓ લગામો કાંડે વીંટાળીને ઝોલાં ખાતા હતા. હરણીનાં તારોડિયાં ક્ષિતિજમાં અરધાં ખૂતી ગયાં હતાં. પ્હો ફાટવાની વાટ જોતાં પંખીઓએ માળામાં ફડફડ કરી મીઠી અધીરાઈની સ્વર-શરણાઈઓ મચાવી મૂકી હતી.

"ભાઈઓ!" પાંચો નજીક ગયો, તમામ ખડા થયા. શું બન્યું તે સાંભળવા સર્વે તલપાપડ હતા.

"હું ભાઈજીને મળ્યો. ભાઈજી મને મળ્યા." પાંચાએ વધામણીની વાણી સંભળાવી.

"મળ્યા? ભાઈજી મળ્યા?" સાથીઓમાં ગણગણાટ મચ્યો,

"પણ એણે કહ્યું કે આપણી રીત ખોટી છે."

"હોય નહિ."

પાંચાએ તકરાર કે પ્રતિવાદ રોકાવીને કહ્યું : "એ તો ભાઈજી બોલે એ જ હોય. હવે આપણે વધુ વાત કરવાની વેળા નથી. જુઓ –"

સહુ નજીક આવ્યા.

"તું પેથા! તું ઊપડ સાજીકાંઠે. તું વેણશી, મારતે ઘોડે સિંદોરિયા પંથકમાં ઘૂમી વળ. તું દેવાયત, સાંઢિયાની સરક ડોંચ્યા વગર રેવતગાળે

જઈ પહોંચ. ઘરેઘરને જાણ કરો કે રાજપલટો કરવો છે. જણજણ નીકળી પડે. મોટે ડુંગરે આવી મળે. પોશાક ને પેટિયું ભાઈજી દેશે. ને ખબરદાર – કોઈ હવે પછી 'પાંચાની જે' ન બોલાવે; 'જનમભોમની જે' પોકારે, ને હું જાઉં છું ખારા પંથકમાં. આવતી બીજ આભમાં દેખાય ત્યારે તમામ મોટે ડુંગરે પોગી જજો. બીજનાં દર્શન કરીને બધા ઊપડશું."

સાથીઓના ઘોડા-સાંઢિયા સરખા વાવડામાં દરિયે મછવા ઊપડે તેમ ઊપડ્યા. ગામોગામની મધરાતો એક જ બોલે ગુંજી ઊઠી કે 'તમને બોલાવે છે: જનમભોમ બોલાવે છે: જણેજણને બોલાવે છે.'

*

"કવાયત-ફવાયતની આપણને શી પડી છે વળી?"

"સાચી વાત તો સાબૂત કાંડાં-બાવડાંની છે."

"– ને દેશ રસાતળ હાલ્યો જાય છે ત્યાં વળી કવાયત કરવા ક્યાં બેસીએ?"

ભેગા થયેલા લોકસૈન્યમાં આવો ચણભણાટ ચાલ્યો. તમામનો મત એવો પડ્યો કે હવે તો, બસ, દેકારો જ બોલાવી દઈએ. રાજની છાવણી કે થાણાં જ્યાં જ્યાં હોય ત્યાં પડીને સફાલગોટો ઉડાવી નાખીએ.

બહારવટિયાને ભાઈજીની ભલામણનું વિસ્મરણ થયું. ઉમેદ જન્મી કે જૂની ગામડિયા રીતે રાજના મોરચાના ભુક્કા ઉરાડી એક દિવસ જઈને ભાઈજી કને વધામણી ખાટીશ.

સળગતા વંટોળિયા જેવું પાંચા-સૈન્ય પ્રજ્જ્વલી ઊઠ્યું. ભડકામાં ભડકા ભળે તેમ વતનનાં લોકો એ ફોજમાં વધારો કરવા લાગ્યા. રાજસત્તાની એડી તળે ચેપાયેલી ભુજંગ-ફેણ જનતાને ટટાર કરી. 'તમને બોલાવે છે!' 'તમને બોલાવે છે!' – એ સાદ ઘૂમતો ગયો. પછી બોલાવનાર કોણ છે, ને આખરે શી ગતિ થવાની છે, એની કોઈને તમા નહોતી. નિષ્ક્રિય નિર્વીર્યતાના જીવતરમાં એક નવીન, જ્વાલામય, અને પુરુષાતનને પડકારતો ઉદ્યમ જાગી ઊઠ્યો. તેમાં જ આ ગોવાળ તથા ખેતીકાર પ્રજાને સુખ ભાસ્યું.

[11]

'હવે તો પાંચાભાઈને પરણાવ્યે જ છૂટકો છે' એવી રઢ આખી ફોજમાં પ્રસરી ગઈ. પ્રથમ જે હાંસી હતી તેણે છેવટે ગંભીર ઇચ્છાનું રૂપ કર્યું. ગ્રામપ્રજા હંમેશાં એક જ દૃષ્ટિએ વિચારે છે: આવા મર્દનો વંશ-વેલો ન ઊખડી જવા દેવાય, અને આવા પુરુષના પાકે તે કેવા પાણીદાર બને! પાંચાની મૂછડીએ પણ એ મશ્કરીની લહેરો ફરકવા લાગી.

કોઈએ કહ્યું કે ઢેલીડા ગામના દરબારી પટેલની પુત્રી પાંચા ઉપર મોહિત થઈ ભમે છે.

ઢેલીડા ગામ ઉપર છાપો લગાવીને પાંચાએ જે વેળા નદીકાંઠે એક સિવાયની તમામ, પનિહારીઓને ભર્યે બેડે ચાલી જવા દીધી, ત્યારે એણે પોતાની પ્રીતિના પાત્રને મોઢામોઢ દીઠું.

તાજા વરસ્યા મેઘનીરે નીતરતી કો' પાંચાળી ડુંગરી જાણે સમીસાંજને આરે શોભતી હતી.

બાજુમાં જ નદીનો ધરો ડોળતી એની ભેંસ માદણે મહાલે છે.

"ઢેલીડાના પટેલની દીકરી તું?" પૂછતાં પૂછતાં બહારવટિયાનું મોં લાલ ટશરો છાંટવા લાગ્યું.

અઢાર વર્ષની જોધાર કન્યાએ હકારમાં માથું હલાવ્યું. એના ગાલોમાં ગલ પડ્યા.

"તારું નામ?"

જવાબમાંથી ઊઠતા રણકારે બહારવટિયાને જાણે નિમંત્રણ દીધું. એના કદમ આગળ વધ્યાં.

કન્યા ખસી શકે તેમ નહોતું. પછવાડે નદી હતી.

જેમ જેમ પાંચો કદમ ભરતો ગયો તેમ તેમ કન્યાને ગાલેથી ગલ ખરી જઈ ભડકા રંગનું રુધિર ચડતું ગયું. છતાં એનો મલકાટ એના હોઠ ઉપરથી ન ઊખડ્યો.

સાથીઓ દૂર ઊભા ઊભા જોતા હતા: પાંચાનો ઘોડો બે જણની અસ્વારી ઝીલવા માટે પોતાનો તંગ ખેંચાવતો હતો.

"જામી, આ તો જોડલી જામી!" સાથીઓ પૈકીના એકે ધીરો બબડાટ કર્યો.

– ને પત્રકાર મિત્ર કૅમેરાની ચાંપ ઉપર આંગળી રાખીને આ અપરહણનું પ્રતાપી દૃશ્ય કૅમેરાને કલેજે કેદ પકડવા તત્પર હતો.

ઓચિંતાની એક થપાટ સંભળાઈ.

આડું અવળું જોઈ શરમાતા ઊભેલા સાથીઓએ સન્મુખ જોયું.

બહારવટિયો પોતાનો ડાબો ગાલ પંપાળી રહ્યો હતો.

કન્યાનો જમણો પંજો ફરી વાર ઊંચો થયો છે, એના ચહેરા પર ગલ-ફૂલોની વનરાઈ સળગી ઊઠી છે.

નદીમાંથી ભેંસ પણ ઊભી થઈને માથું હિલોળતી પોતાની રખેવાળની વહારે ધસી.

બહારવટિયાનો ડાબો હાથ કમરમાં ખોસેલા લાંબા ચાબુક પર ગયો.

"જોજે હો! આબરૂમાં રે'જે હો, લૂંટારા!" એમ ચેતવતી કન્યાનાં ગોળાકાર મોટાં નેત્રોએ બિલાડીની આંખોને મળતી ટાંપ માંડી.

બહારવટિયો રોષે ખદબદતો થોડો ખચકાયો. હજુ એની હથેળી પેલો ગાલ પરનો તમાચો ચંચળાવતી હતી.

"મેં કહ્યું નહિ તને, કે છેટો રે'જે? મેં ન કહ્યું પહેલેથી જ, કે લઈ જવી હોય તો મને પરણીને પછી લઈ જા! તોય તને સાધ્ય ન રહી, તે હાલ્યો આવ્યો મારા હાથ ઝાલવા!"

પાંચાના મોં ઉપર ક્રોધ, લજ્જા અને ફિકરગીરીના રંગો જાણે સાતતાળીનો દાવ રમી રહ્યા હતા.

"તમને સઉને કહું છું –" કહેતી કન્યા બીજા બધા તરફ ફરી: "મને તેડી જવી હોય તો પ્રથમ મારી જોડે લગન કરે; પછી તેડી જાય. શું બધેય તમે નફટાઈ દીઠી? આ શું બા'રવટાની રીત છે?"

પાંચો પાછો વળ્યો. ઘોડા ઉપર અસવાર બન્યો. એની ટુકડીએ માર્ગ લીધો.

પાછળ એક જ બોલ અથડાયો: "ફટ છે, ડાકુ!"

એક એક પથ્થર જાણે એ શબ્દોમાંથી છૂટીને પ્રત્યેકના લમણામાં લાગ્યો.

રાત પડી તોય પાંચાના મોમાંથી એક સખુન ન સંભળાયો.

બીજે દિવસે બહારવટિયો ને છાપાવાળો એક તળાવડીને કાંઠે એકલા પડ્યા. પાંચાથી બોલાઈ ગયું: "કાલે સાંજે તો બહુ થઈ!"

છાપાવાળો હસ્યો. પાંચાના ગાલ ઉપર એણે હાથ ફેરવ્યો; કહ્યું: "ખમ્મા મારા કોડીલા આશકને!"

ભોંઠપનો ભાર છોડી દઈને પાંચો પણ ફાટફાટ હસ્યો. પછી છાપાવાળાએ પૂછ્યું: "પણ હવે કરવું છે શું?"

"બીજું શું? દુનિયા પડ માથે એ સિવાયની નાની એટલી બેન છે ને મોટી એટલી મા."

"કેમ, તમાચો એટલો બધો મીઠો લાગ્યો?"

"તમાચાએ તો એનું પાણી દેખાડી દીધું."

"પણ તારું પાણી ઉતારી નાખ્યું તેનું શું?"

"મરદનાં પાણી થોડાંક ઊતરે તોય શું? ખરાખરીના ખપનું પાણી તો ઓરતનું જ. એના પેટમાં આળોટનારા કેવા નીપજે?"

દૂરથી કોઈ ગાયનો ભાંભરડો સંભળાયો. સાંભળીને બહારવટિયાએ નિ:શ્વાસ છોડ્યો.

પત્રકારે પૂછ્યું: "કાં, ઈશ્કી તો મોરને કે કોયલને ટહુકે વીંધાય, તેને બદલે તું આમ ગાયને ભાંભરડે કાં ભાંગી પડ્યો?"

"ગોધો છું ખરો ને?"

"ત્યારે હવે શું કરશું?"

"હવે એ તો શેની માને? એને તો પાંચાના નામનો ફિટકાર લાગી ગયો હશે."

"પ્રેમપત્ર લખી મોકલશું?"

"લખીશ તું, દોસ્ત?"

"હા, થોડા ઇશ્કના દુહા જોડી દઉં."

છાપાવાળાએ રાફડિયા દુહા રચ્યા. એમાં વારંવાર એક પંક્તિ આવતી હતી :

*પાંચાનું મન પ્રાણ!*
*ભમતું બાંભરડા દીયે!*

દુહા લખીને નીચે એક ચિત્ર દોર્યું. પછી પાંચાને જોવા દીધું.

પાંચાએ પૂછ્યું : "શેનું ચીતર? આ બે પંખી શેનાં? એની ચાંચમાં આ ડાળખી શી?"

"ભાઈ! પ્રેમની દુનિયામાં પારેવાનું એંધાણ મીઠું ગણાય."

"અરે ગાંડા! મારું એંધાણ પારેવું?"

"ત્યારે? કુંજડું? સારસ?"

"અરે બેવકૂફ, આ મારા દેદાર તો નિહાળ! મારે માટે લાયક પ્રેમનું ચિહ્ન શું કે'વાય?"

"શું?"

"ખૂંટડો!"

પત્રકાર હસ્યો.

"ના. હસવું નથી. આ કંગાલિયા પંખીનું ચીતર છેકી નાખ. ને ત્યાં આખલો આલેખી દે."

"પણ પ્રેમના પત્રમાં?"

"હા, હા; આલેખી દે, નીકર મારી આબરૂ જાશે. પાંચાનું એંધાણ તો આખલો જ હોય."

છાપાવાળાને ચિત્રમાં ફેરફાર કરવો જ પડ્યો. ને પ્રેમપત્ર રવાના થયો.

*

આખરે એક દિવસ, ઢેલીડા ગામની માતાના દેરામાં જ્યારે પાંચા ને પટેલની કન્યાની છેડાછેડી બંધાવાની તૈયારી થઈ ત્યારે ગામલોકોની ઠઠ જામી. લોકો તરફ ખડા થઈને પાંચાના પુરોહિત બનનાર એક રાજગર કોમના સાથીએ સંભળાવ્યું : "ભાઈઓ! આ લગનની વિરુદ્ધ જો કોઈ હોય

તો બોલી નાખજો. બોલનારને તલવાર-ભાલાને તોરણે પોંખવામાં આવશે, પછી ઘણા જ માનપાન ને ભપકા સાથે મસાણખડીમાં લઈ જવામાં આવશે, તથા તેના નામનો પાળિયો ઊભો કરી તે ઉપર સિંદૂર ને ઘીના દીવા ધરવામાં આવશે. માટે છે કોઈ આવા માનનો ઇંતેજાર?"

કોઈ ન નીકળ્યું.

[12]

પાંચો પરણી ઊતર્યો.

શૌર્યમાં પ્રેમ ભળ્યો. હુતાશનમાં ઘીની આહુતિ પડી. સભરભર્યા જીવનનો સ્વાદ ચાખી ચૂકેલો બહારવટિયો બેવડો રણઘેલુડો બન્યો. "હવે તો જનમભોમ માટે ખપી જવામાં કશી અબળખા બાકી રહી નથી," એવું કહેતો એ સંગ્રામે ચડ્યો.

ને પ્રજા સઘળી પાંચાની જુવાનીમાં એકાકાર બની ગઈ. 'હાલો, હાલો, હાલો મારા ભાઈલાઓ!' એ બોલ પડતાં તો ફૂલઝર સળગ્યે ફૂલોની લાખ લાખ કણિકાઓ વરસે તે રીતે ઘોડલાના ડાબલા પછડાયા, એક છેડાથી બીજા છેડા સુધી ઘમસાણ બોલી ગઈ.

ને પાંચાની જીતને પગલે પગલે ભાઈજીના સેનાપતિએ થાણાં બેસારી દીધાં. રાજનું લાવલશ્કર કંઈક નાસી છૂટ્યું, કંઈક સફા થયું ને બાકીનું જઈ છેવટના રાજમથક ઉપર જમા થયું.

રોજેરોજની આદત મુજબ એક દિવસ પ્રભાતે જ્યારે છાપાવાળો દોસ્ત આગલા દિવસનું પોતાનું છાપું લઈને બહારવટિયાને બતાવવા ગયો, ત્યારે એક બીના બની ગઈ.

"આ શું છાપી માર્યું?" પાંચાએ ભૂલ બતાવી : "આ... રાજમથક પાંચે બા'રવટીએ તોડ્યું, એવું તેં કેમ કરીને લખ્યું?"

"કેમ?"

"મેં તો એ મથકને માર્ગે હજી પગ મૂક્યો નથી ને?"

"પણ મેં તો લખી માર્યું, ને એ લોકોએ છાપી માર્યું, હવે શું થાય?"

"પણ ખોટું છાપી મારે?"

"તો સાચું કરી બતાવ."

"શી રીતે?"

"આજ રાતમાં જ એ મથક ઉપર પડીને."

"અરે, ભલા આદમી! ત્યાંના ગઢમાં કેટલી ફોજ ને કેટલો દારૂગોળો છે એ જાણ છ તું?"

"હું તો એ કશું નથી જાણતો."

"ત્યારે?"

"બસ, એટલું જ કે મારું છપાવેલું જો ખોટું પુરવાર થશે તો મારી નોકરી જશે ને –" પત્રકારે ગજવામાંથી પેલાં પાંચ બાળકોની તસવીર કાઢી બતાવી; "આ બધાં રઝળી પડશે."

"પણ છાપાની ભૂલ બીજે દા'ડે તારો ધણી ન સુધારે?"

"ના, મેં ભૂલ કરી છે એ હું કબૂલ કરવા જ તૈયાર નથી ને? એમાં મારી આબરૂનો સવાલ છે. મારું લખ્યું સાચું પાડ તો જ તું ખરો ભાઈબંધ!"

એમ કહીને છાપાવાળો ભાઈબંધ મોં ચડાવીને બેઠો. બહારવટિયો એને મનાવવા લાગ્યો. છાપાવાળાની જીભ ન છૂટી. એણે કહ્યું: "આજ મારું પહેલું જ વેણ જો પાંચોભાઈ તરછોડે તો તો પછી ધૂળ પડી આપણી ભાઈબંધીમાં."

"ભાઈબંધીમાં ધૂળ પડે તો તો લ્યાનત છે જિંદગાનીને. ઊઠ, આજ રાતમાં કાં એ ગઢનો વાવટો પાડું છું, ને કાં ત્યાં મારી મરણસોડ તાણું છું. ઊઠ, ભાઈબંધ!"

તે રાત્રીએ રાજસત્તાના ટકાવનો છેલ્લો મોરચો ફેંસલ થયો. જનમભોમનો નેજો એ નગરની રાજકચેરી પર ફરકતો થયો.

વધાઈ લઈને બહારવટિયાનું સૈન્ય ભાઈજી પાસે ગયું.

[13]

એ જ વખતે રાજધાનીમાંથી આવેલો તારનો સંદેશો વંચાતો હતો: ભાઈજીના વિપ્લવી સાથીઓએ લખ્યું હતું કે –

"રાજાએ ગાદી છોડી છે. લોકશાસનનો સ્વીકાર થયો છે. તેના પ્રથમ

પ્રમુખ તરીકે તમારી વરણી થઈ છે, જલદી આવો.''

''પાંચાભાઈ!'' ભાઈજીએ બહારવટિયાના ખભા પર હાથ મૂકીને કહ્યું : ''તમે જ આ વિજય અપાવ્યો છે. તમારા ગુણ –''

''ભાઈજી,'' પાંચાએ આ આભારદર્શનથી અકળાતાં અકળાતાં કહ્યું : ''અમારે સંધાયને રાજનગર જોવાનો ઉમંગ છે. ભાઈજીની સવારી ધામધૂમથી ઊજવી લઈએ એટલે અમે ગંગા નાયા.''

એમ કહીને એ પાંચ હજારની ફોજને તૈયાર કરવા ગયો.

વિજેતા લોકનાયકની જોડે સામૈયે ચડવાના અભિલાષે પાંચ હજારને ગાંડાતૂર બનાવી મૂક્યા. પડાવમાં હર્ષની કિકિયારી ઊઠી. સહુ પોતપોતાનાં લેબાસો, હથિયારો ને વાહનો શણગારવા લાગ્યા. ઘોડા-સાંઢિયાને ઘૂઘરા, જેરબંધ, ફૂમતાંના ગોટા, કોડી, શંખલાની માળાઓ વગેરે શોભી ઊઠ્યાં.

બહારવટિયો જાણે પોતાના સગા પુત્રની જાન જોડતો હતો.

ભાઈજીના સેનાપતિએ આ સજ્જ થતી ફોજ દીઠી. એણે આવીને ભાઈજીને વિનતિ કરી : ''આપ શું આ અડબૂત ગામઠી ફોજને સાથે લેવા માગો છો?''

''હા, કેમ?''

''મારા નમ્ર મતે એ ભૂલ થાય છે.''

''ભૂલ શાની?''

''આપ ત્યાં વિજેતા બનીને જતા નથી, પ્રજાજનોના બાંધવ બનીને જાઓ છો. આ સૈન્ય તો સંશયનો ને ભયનો વિષય બનશે.''

''એ સાચી વાત.''

પાંચાને તેડાવીને કહેવામાં આવ્યું કે ''સૈન્ય વિખેરી નાખો.''

''એમ કેમ બને?'' પાંચો હાંફ ખાઈ ગયો : ''હજી અમે ભાઈજીને રખેવાળી કેમ છોડશું?''

સેનાપતિએ સુલેહશાંતિનો મુદ્દો બહુ તંગ બનાવ્યો. ભાઈજીએ પાંચાને કહ્યું : ''ભાઈ! હવે કશો ભય નથી. હું તો હવે આપણાં પોતાનાં જ બાંધવો અને બહેનોની વચ્ચે મહોબતનું નોતરું પામીને જાઉં છું.''

"આપણાં બાંધવ-બહેનો?" પાંચો ઉગ્ર બન્યો: "એ-ના એ જમીનદારો, ઠાકોરો, કારખાનાંના માલેકો, ઉમેરાવો, જૂના નોકરો એ બધા આપણા ભાઈઓ કેદુકના? હું ઠીક કહું છું; હજી અમારી જરૂર પડશે તમને."

"પાંચાભાઈ! રાજનીતિમાં તમે ન સમજો." સેનાપતિએ બહારવટિયાનો તેજોવધ કર્યો.

"તો હું એકલો જ ભાઈજીની જોડે રહીશ." પાંચાનું દિલ વહેમાયું હતું.

"તોપણ ત્યાં બધા વહેમાશે, ને નાહકની એકસંપી તૂટી પડશે." સેનાપતિએ ભાઈજીને કાને દલીલો છાંટી.

આખરે ભાઈજીએ પાંચાને નિર્ણય જણાવ્યો: "ભાઈ, સહુને મારા સલામ બોલો, શાંતિપૂર્વક ઘેરે મોકલો. તમે પણ તમારે ગામ જઈ થાક ઉતારો. ને જતાંની વાર જ પહેલું કામ ખેડૂતોના જમીનહક્કનો ધારો કરવાનું હાથ ધરીશ."

"જેવી ભાઈજીની મરજી; પણ જુઓ –" એ સેનાપતિ તરફ ફર્યો. "હું જાઉં છું. પણ કહેતો જાઉં છું કે જો આ ભાઈજીના શરીરનો એક વાળ પણ વાંકો થયો છે, તો જાણજો, કે પાછો પાંચો તમારો કાળ બની આખા મુલકને પ્રજાળી દેશે."

"કશી ચિંતા ન કરજો. પાંચાભાઈ! જરીકે ચિંતા ન કરજો." સેનાપતિના કુટિલ શબ્દોમાં એની આંખોની માર્મિક મૂક વાણીએ મેળ સાધ્યો.

બહાર જઈને પાંચાએ ફોજને વિદાયની વાણી સંભળાવી: "ભાઈઓ! હવે આપણે રાજનગર નથી જવાનું. સૌ પોતપોતાને ઘેર સિધાવો. ભાઈજીનું એમ કહેવું છે."

જળજળિયાં ભરેલી એની આંખોએ પાંચ હજાર સાથીઓનાં મોં ઉપર કોઈ વહાલું સ્વજન મરી ગયા જેટલો શોક નિહાળ્યો.

"ભાઈઓ! આપણે – આપણે ખૂબ ગમ્મત કરી. ફરી પાછા માલિક

મેળવશે તો ફરીથી મોજ કરશું. આજ તો જુહાર છે સહુને.'' થોથરાતો થોથરાતો એટલું એ માંડ બોલી શક્યો.

ખેડુના પુત્રો વીખરાયા. કોઈ જખ્મીઓ, કોઈ ધીંગાણે હાથપગ હારેલા, કોઈ કાણા ને ઠૂંઠા થયેલા, કોઈ પોતાના ભાઈને કે બેટા-બાપને હારી બેઠેલા, એવા સહુને વિદાય લેતાં વસમું લાગ્યું. ફતેહને સામૈયે ચડીને એક વાર રાજધાનીના દુર્ગના તોરણ હેઠે નીકળવું હતું તે કોડ અધૂરા રહ્યા. પોતાના મૂવેલા બાપની તૂટેલી શરણાઈ લઈને ટુ ટુ ટુ ટુ જ વગાડી જાણનારો એક બાર વરસનો મીરનો છોકરો તો ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યો. પાંચાભાઈએ તમામ ધીંગાણામાં જ એ બાળકનો ઘોડો પોતાના ઘોડાને પડખે જ રાખેલો. એ બાળક જ એનો એકનો એક શૂરાતન ચડાવનાર બજવૈયો હતો. ટુ ટુ ટુ ટુ ટુ એવા એનાં પંચાક્ષરી શરણાઇ-નાદ પાંચાને કાને ગુંજી રહ્યા.

ભાઈજીની ઘોડાગાડી જ્યારે પાટનગર તરફ જવા ચાલી ત્યારે પાંચો પોતાનું રડવું ખાળવા માટે ચહેરો ચોળતો ઊભેલો.

છાપાવાળા મિત્રને પણ એણે વિદાય દીધી. એક વાર પેલી તસવીર લઈને પાંચેય છોકરાંને એણે ચૂમીઓ ભરી.

પોતાના ગામડા તરફ લઈ જનાર માર્ગ એને ગળી જતા અજગર જેવો ભાસ્યો.

[14]

ઘરે આવીને પાંચાએ કમરબંધ, કારતૂસનો પટ્ટો અને તલવાર-તમંચો ઉતારી ખીંટીએ લટકાવ્યાં. બાપના ખેતરમાં સાંતી ફેરવવા લાગ્યો. નવા બળદો વસાવ્યા. ઢોરની નવી ઓલાદ નિપજાવવા માટે એણે જાતવંત દેસાણ ગાયો, નાગેલ ભેંસો તેમ જ ખાનદાન ઘોડીઓ લીધી. નાનાં સુંવાળા વાછડાં તેમ જ વછેરાંને નદીના ધરામાં લઈ જઈ નવરાવવાનું ને તેમની રુવાંટીમાંથી ઇતરડીઓ ચૂંટવાનું પાંચાને બહુ ગમતું.

પાંચાની વહુએ પરસાળની થાંભલીએ થાંભલીએ વલોણાં ઘુમાવવાનું શરૂ કર્યું. વહેલી પરોઢની રવાઈઓના ઘમકારા સંભળાતા. ગામલોકને શીતળ

ઘાટી છાશ મળવા લાગી.

ઘણીવાર વરવહુ નાનાં પાડરું-વાછરુંની વાત પર ઝઘડી ઊઠતાં. સ્ત્રીના સ્વભાવ પ્રમાણે વહુ વાછરડાંને પેટ ભરીને ધાવવા નહોતી દેતી. પાંચો રાતમાં છાનોમાનો એ ભૂખ્યાં વાછરુંને છોડી મૂકી ધવરાવી દેતો. વહુ વરને ગાલે હાથ ઉગામીને કહેતી કે "જોઈ છે આ અડબોત?"

વરને પ્રથમ મિલન વેળાની લપાટ યાદ આવતી ને એ જવાબ દેતો : "મુરતમાં જ જોઈ લીધી છે. આખો જનમારો એ જ ખાવી રહી છે ને હવે તો!"

એવા મીઠા ગૃહક્લેશ ર તા; ને બીજી તરફથી ગામોગામની માનતાઓ પણ પાંચાને આંગણે ર વતી : પાંચાની નાડી ધોઈને પાયેલ પાણીથી ઓરતોને આડાં ભાંગતાં, ને ઊછરતાં બાળકોના બાળમોવાળાં પાંચાને પગે લગાડ્યા પછી જ ઉતારવામ આવતાં.

દશેરાને દિવસે પાંચાના ગામને પાદર ઘોડેસવારોનાં દળકટક ઊતરતાં ને ઘોડદોડની હરીફાઈઓ રમાતી.

પાંચોભાઈ મુલકભરમાં પૂછવા ઠેકાણું બન્યો.

પણ પાંચાને જંપ નહોતો. એની નજર રાજનગરના ગઢકાંગરા પર તાકી રહેતી. આવતાં-જતાં પ્રવાસીઓને એ પૂછ્યા કરતો કે "ભાઈજી શું કરે છે?"

લોકો ખબર લાવતાં : ભાઈજીને તો ધજાપતાકાનું ને તોપોની સલામીનું અનોખું માન મળ્યા કરે છે!

રોજ રાતે નગરમાં મહેફિલો ઊજવાય છે. ભાઈજીને અમીર-ઉમરાવો ઝૂકી ઝૂકી સલામ કરે છે. દારૂ પિવાડે છે, પોતાની ઓરતો ભેળા નાચ નચાવે છે.

રાજસભામાં ભાઈજી જ્યારે ખેડૂતોના હિતનાં ભાષણો કરે છે ત્યારે કેટલાક કલાકો સુધી સાંભળ્યા કરતા અમીર-ઉમરાવો ને લશ્કરવાળાઓ વારંવાર તાળીના ગગડાટો કરે છે!

– ને રાજનગરમાં તો પાકી સડકો, વીજળીની બત્તીઓ, ક્રીડોદ્યાનો,

રંગાલયો, વ્યાખ્યાનગૃહો, ઇસ્પિતાલો, સંગ્રહાલયો, પ્રદર્શનો વગેરેની તો જાણે કોઈ જાદુઈ સૃષ્ટિ રચાઈ ગઈ છે. હજારો મજૂરો ને કારીગરો રાતપાળી કામ કરે છે.

ભાઈજી રોજ એ લોકકલ્યાણની નવસંપત્તિ જોવા નીકળે છે, ત્યારે લોકોની સલામો ઝીલતા એના બેઉ હાથને નિરાંત નથી રહેતી.

આ બધું સાંભળીને પાંચો એકાન્તે ઊંડા નિઃશ્વાસ મૂકતો.

મારા ખેડૂતોનું કેમ હજુ કશું નથી થતું?

એ એની સમસ્યા હતી.

ગામડાંમાં હજુ જુનવાણી વહીવટ કેમ ટકી રહ્યા છે?

ખળાવાડો કેમ રઝળે છે?

દવા લેવા પાંચ ગાઉને પલ્લે કેમ લોકોને જવું પડે છે?

ગોચર હજી મોકળાં કાં નથી મેલતા રાજના વહીવટદારો?

પાંચાને ને અમલદારોને વારંવાર ચકમક ઝરતી હતી. પાંચો રાજ્યાધિકારીઓને કોઈક વાર ઠોંઠ-ઠાપલી પણ કરી લેતો.

'ગોલકીના!'

'રાજના કુત્તા!'

'ભુખડીબારશ!'

એવા એવા શબ્દો એ અમલદારોને ચોપડતો. પાંચો ઘણુંખરું ખેડુભાઈઓની મુશ્કેલીઓના નિકાલ પોતે કરી લેતો.

પોતાના ગામના છોકરા ત્રણ ગાઉ પરના એક ગામડાની નિશાળે ભણવા જતા. કોઈ કોઈ વાર પાંચો એ માર્ગે વગડામાં ભાંગેલી વાવના કાંઠા પર બેસતો ને એકાદ બાળકને ત્યાં રોકી આવા કાગળ લખાવતો: "ભાઈજીને માલમ થાય જે તમે ભોળા છો. તમારો સેનાપતિ કપટી છે. તમને આ બધા કુત્તાઓ ફાડી ખાશે. તમે ખેડુનું કંઈ કર્યું નહિ. ફટ છે તમને! વધુઘટું લખાણું હોય તો માફ કરજો, મે'રબાન! તમે મોટા માણસ થઈ ગયા. લખિતંગ પાંચાના જુહાર."

એવા તો ઘણા કાગળો લખાવી લખાવી, નીચે ગોધાની આકૃતિ

ચિતરાવી પાંચાએ પાટનગર પર બીડ્યા.

એકેયનો જ્વાબ આવ્યો નહિ.

સેનાપતિના અમલદારો આવી આવીને પાંચાને સતાવતા હતા. એના ઉપર ઢોરોની ચોરીલૂંટના આળ ચડતાં.

હતાશ અને અપમાનિત પાંચો અફીણની લતે ચડ્યો. છ મહિને તો ડૂલી ગયો.

[15]

એક દિવસ અધરાતના સુમારે પાંચાના ઘર સામે એક ભાડાત સાંઢિયો ઝોકારાયો. પાછળની બેઠકમાંથી ઊતરતો ઉતારુ ગોથું ખાતો ખાતો રહી ગયો. સાંઢણી-સવાર ભાડું લઈને ઊપડી ગયો.

મહેમાનના હાથમાં એક પાકીટ હતું ને બગલમાં એક કૅમેરા લટકતો હતો.

ઢોલિયા ઉપર ઘોરતા પાંચાભાઈને એણે ઢંઢોળ્યો : "ભાઈ હવે કિયે સ્વાદે નસ્કોરાં ઢરડે છે? ઊઠવાનો સમય થઈ ગયો."

"હે-હે-હે ખડેલી! આઘી મર!" એમ બોલતાં બોલતાં પાંચાએ ઊંઘમાં પગની લાત નાખી. અફીણના કેફમાં એ ગરકાવ હતો.

એના મનમાં થયું કે ઢોલિયા કને પાડી આવેલ છે.

પરોણાએ એના કાનમાં બૂમ પાડી : "પાંચાભાઈ! ભાઈજી ખલાસ! કામ કાઢ્યું બેટાઓએ!"

સ્વપ્નમાં ભણકારા સંભળાયા હોય તેવી નઘરોળ હાલતમાં પાંચો બેઠો થયો. બેઠાં બેઠાં એણે માથું ખજવાળ્યું. નસ્કોરાં ફરીથી બોલ્યાં, એણે મોં ચોળ્યું અને પૂછ્યું : "શું છે? કોણ છો તું, કાળજીભા?"

"પાંચાભાઈ!" મહેમાને ઉત્તર દીધો : "ભાઈજીને તો ગઈ કાલે રાત્રે ગોળીથી ઠાર કર્યા."

"કોણે?" હજુ એ અર્ધનિદ્રાની બેપરવાઈમાં જ રમણ કરતો હતો.

"સેનાપતિએ, ઉમેરાવોએ ને ઠાકોરોએ રાજમહેલમાં જ એને ઘેરી લીધા. ભાઈજી કહે કે બે ઘડી ખમો તો હું છેલ્લું કામ કરી લઉં. પછી

ભાઈજી એક કાગળિયા ઉપર કાંઈક લખતા હતા. અર્ધું લખ્યું ત્યાં ગોળીથી વીંધી નાખ્યા."

"શું લખ્યું?" પાંચો હજુ સ્વપ્નલોકનાં પગથિયાં ઊતરતો હતો.

"સંભળાય છે કે ખેડુના હક્કનો નવો ધારો લખતા'તા; પણ ત્યાં તો એ કાગળિયો ભાઈજીની છાતીના લોહીમાં ભીંજાઈ ગયો."

પાંચાએ આંખો ખોલી. એના હાથ શરીરને ખજવાળવાનું થંભાવીને મોં ઉપર ફર્યા. એણે આંખોને ચોળી નાખી ત્યારે માંડ નિદ્રા ઊડી. બોલનારને એણે તારોડિયાનાં અજવાળામાં પિછાન્યો: "કોણ, છાપાવાળો!"

વર્તમાનપત્રી દોસ્તે ડોકું હલાવ્યું.

મિત્રે કહેલા સમાચાર જાણે હજુ હવે જ પાંચાના લક્ષ પર પડ્યા.

એણે થોડી ઘડી લમણાં દબાવ્યાં.

પછી એ ઊઠ્યો. દોસ્તને એટલું જ કહ્યું: "તારી કને કાંઈ ખરચી છે?"

"કેમ?"

"રાજનગર પહોંચવું છે. ઊઠ."

ખીંટી પર લટકતો કમરબંધ એણે ફરી વાર શરીરે લપેટ્યો. ને ઘોડો પલાણ્યો.

પહેલો પ્રથમ પાંચાનો અશ્વ નાના ભાઈબંધ શરણાઈવાળાને ઝૂંપડે જઈ થંભ્યો. પાંચાએ હાક મારી: "ભાઈબંધ ટુ-ટુ-ટુ-ટુ હોઈ! હાલો ભાઈલા! જનમભોમ બોલાવે છે."

પપૂડું લઈને મીરનો બાળ ઘોડે ચડ્યો. એનું સ્થાન પાંચાભાઈની બાજુમાં જ હતું. એ બાળ-પપૂડાના ટુ-ટુ-કારે ગામોગામની સુસ્તી ઉડાડી. ખેડુ અને ગોવાળની નિર્જીવ દુનિયામાં એ બાળકના રણશિંગાએ રોમાંચ જગાવ્યો. અસ્ત્રશસ્ત્રોનાં વન-જંગલો ઊભાં થયાં. ગામોગામ ઘોડાના ધમધમ ધ્વનિ થયા. ચોરે ને ઠાકુરદ્વારે નગારાં બજ્યાં. પાંચાની હાકલ પડતાં મર્દાઈએ આળસ મરડી. 'તમને બોલાવે છે! જનમભોમ બોલાવે છે!' એ રણ-પુકાર ગાજતો ગાજતો સીમાડે સીમાડે સંભળાયો.

રાજનગરીના દુર્ગ પર તો એક વર્ષથી દારૂગોળાની ગોઠવણી તૈયાર થઈ રહી હતી. ઉમરાવો અને રાજકુલના નબીરાઓ જોડે ષડ્યંત્રની જાળ પાથરનાર સેનાપતિ પાંચાની ફોજનું સ્વાગત કરવા સજ્જ હતો.

એણે તાકી તાકીને લજ્જતથી તોપો-બંદૂકોની ખપ્પરજોગણીઓ છોડી.

ધુંવાધાર ધસ્યે આવતા ગ્રામ્ય દળકટકના કૈંક સુભટો ઊછળી ઉછળીને પટકાયા.

પટકાવા દ્યો! તોપો ચરે તેટલો ચારો ચરવા દ્યો! પાંચો નહિ હેબતાય. એણે તો એ ચૂંથેચૂંથાની વચ્ચે વેગ કર્યો. એને પલભર પણ અટકવાનું નહોતું. દમ છોડવાનીય એને તમા નહોતી.

એ, અને પડખે પપૂડાવાળો છોકરો : અભયની બે મૂર્તિઓ : ગોળીના મેહુલા વરસે છે તેમાં ભીંજાતા બે મોરલા જાણે ગહેકાટ કરે છે.

એક જ વાર પાંચો એ હલ્લાની વચ્ચે થંભ્યો. દુશ્મનોની એક ગોળીએ એના વહાલા પપૂડાવાળાને પછાડ્યો. વરસતી ગોળીઓ વચ્ચે એણે મૂએલા બાળને ખોળામાં લીધો; ચૂમી કરી. પછી એની સુંદર લાશને સૂતેલી છોડી પાંચો આગળ વધ્યો.

રાજનગર પાંચાને હાથ પડ્યું. તોપો-બંદૂકની સામગ્રી ખૂટી. તોપોનો ચારો ન ખૂટ્યો.

અમીરાતને પાંચાએ તુરંગમાં પૂરી. લશ્કરને બરાકોમાં ઘેરી લીધું. ને એણે વિજેતા તરીકે નગરમાં સવારી કાઢી પ્રવેશ કર્યો.

પહેલી યાત્રા પાંચાએ એ પુનિત સ્થાનની કરી, જે સ્થાને ભાઈજીએ તરફડિયાં મારતે મારતે ખેડુના હક્કના હુકમ પર સહી કરી હતી.

એ જ ખુરસી પર પોતે બેઠો. ભાઈજી કેવી છટાથી લખી રહેલ હશે તેનો અભિનય કર્યો. ભાઈજીના ઘાતક મિત્રદ્રોહી સેનાપતિને બંદીવાન દશામાં પોતાની સામે ખડો કર્યો.

"લેશો?" કહીને પાંચાએ એ બંદીવાન સામે બીડી લંબાવી.

"માફ કરો. ને હવે મને જલદી ઉડાવી દો. એટલે છૂટકો પતી જાય."

સેનાપતિએ મોત માગ્યું.

"ના ભૈ!" પાંચાએ વિસ્મયભરી નજરે સેનાપતિની સામે જોયું: "કોણે કહ્યું કે આપને ઉડાવી દેવાના છે? કાં ભાઈઓ?" પોતાના સાથીઓ તરફ એ ફર્યો: "તમે કોઈએ કહ્યું કે આ મહેરબાનને આપણે ઠાર મારવાના છે?"

"ના, પાંચાભાઈ!" સહુએ જવાબ દીધો: "અમે કોઈ બોલ્યા જ નથી."

"તો ઠીક; એવું તે હોય? અમે કાંઈ તમને મારી નાખવાના નથી. અમારે તો તમને આ ગોળના પાણીથી અંઘોળવા છે, ને પછી આ જુઓ – " પાંચાએ ઝેરી મકોડાથી ભરેલું એક મોટું વાસણુ બતાવ્યું: "આમાં આપને બેસાડવાના છે. અમારે કાંઈ તમારી હત્યા માથે નથી લેવી."

ચીસ પાડતા સેનાપતિને નગ્ન શરીરે ગોળના પાણીમાં ઝબોળી એ અસંખ્ય કાળાં જંતુઓનો જીવતો ભક્ષ બનવા દેગમાં હડેસલી દીધો.

[16]

"અમે તો ભેળવાળું દૂધ પણ ખાતા નથી. એ જ પ્રમાણે રાજ પણ નિર્ભેળ જ જોવે. માટે દગા વગરના જણ ભેળા કરજો. મૂડીવાળો ને અમીરાતવાળો માંહીં ન પેસવો જોવે, સમજ્યા? નીકર જટાબીટ કાઢી નાખીશ."

આવા અર્ધસ્પષ્ટ શબ્દોમાં પાંચાએ પોતાની સરમુખત્યારીની ખુરશી પરથી શુદ્ધ લોકશાસન સ્થાપવાની આજ્ઞા સંભળાવી.

પાંચાની કૅબિનેટ પર પ્રમાણિક ને સેવાભાવી લોક-સેવકો બેઠા. તેઓએ પાંચાની જોડે મંત્રણા કરી:

"નામદાર, નાણાં નથી.'

"તો છાપખાનું ક્યાં મરી ગયું? ઢગલાબંધ નોટું છપાવી લ્યો!"

અર્થશાસ્ત્રીઓએ છૂપાં હાસ્ય કર્યાં.

"શ્રીમંતોને લૂંટી લ્યો! ક્યાં આપણા ઘર સારુ જોવે છે?"

ખાતાવાર માગણીઓ આવી: "નામદાર, ઇસ્પિતાલોમાં ખાટલા

નથી."

"તો, રાંડનાઓ!" પાંચો અકળાઈને કહેતો: "આંહીં મારા ઘરમાં શા સારુ આટલા ઢોલિયા પાથર્યા છે? મારે તો એક જ ખાટલો જોશે. ઇસ્પિતાલોમા ઉપાડી જાઓ બાકીનું તમામ પાગરણ."

"નામદાર, રસ્તાઓ પર બત્તીઓ નથી."

"અરે ચોટ્ટાઓ!" પાંચો આશ્ચર્ય પામીને કહેતો: "ત્યારે આંહીં મહેલમાં હાંડી-ઝુમ્મરો શા સારુ ટાંગ્યાં છે? મારે તો દીવાની જરૂર શી છે? હું તો મારે ફળિયામાં સૂઈ રહીશ, લઈ જાવ આ તમામ બત્તીયુંને, દેવાળિયાઓ!"

પ્રત્યેક વિષય પર પાંચાએ પોતે ત્યાગનો સ્વીકાર કર્યો, ને તમામ અધિકારીઓ કને એવો જ ત્યાગ માગ્યો.

રાજા, ઉમરાવ અને મૂડીદારનાં ત્રિવિધ ચક્રો તળે વર્ષોથી ચગદાતી જનમભોમમાં પાંચાએ સ્વાધીનતાનો રોપ રોપ્યો. ચાહે તેટલી બિનઆવડત છતાંય એનું શાસન સ્થિર બન્યું, કેમ કે એણે ત્યાગધર્મ સેવ્યો. વતનનું મોં ઉજ્જ્વલ બન્યું. માનવીનું મસ્તક ઝૂકવું ભૂલીને ગગન સામે ટટ્ટાર બન્યું.

પણ છ મહિનાને અંતે એને જણાયું કે પોતાને કશી ગતાગમ પડતી નથી, ને રાજતંત્રની આંટીઘૂંટી વધુવધુ અણઉકેલ બનતી જાય છે.

પ્રધાનમંડળને આ સિપાહીની સરમુખત્યારી રમૂજ કરાવતી, તેમ જ દિગ્મૂઢ બનાવતી, વાતવાતમાં પાંચો તમંચો ઉગામતો. વળી ભૂલ સમજાતાં હસી પડી માફી માગતો.

એક દિવસ એને 'દેશોદ્ધારક'નો ચંદ્રક એનાયત કરવા રાજસભાની બેઠક મળી. પોતાના ભલાભોળા નિષ્પાપ તારણહાર ઉપર પ્રજા મુગ્ધ હતી. એ મુગ્ધ હૃદયના ઉદ્‍ગારોનો જવાબ આપવા સિપાહી ઊભો થયો, ને બોલ્યો:

"તમેય કેવા ગમાર છો! એક ઢબુ જેવડો ચાંદ મને દેતાં તમને કાંઈ શરમ નથી આવતી? મારું શરીર તો જોવો!

"એ તો હવે ઠીક! પણ મારે તમને પૂછવું હતું, કે પેલો ભાઈજીએ

મરતાં મરતાં લખેલો ખેડુ-હક્કનો ધારો ક્યાં છે? એ ખોળી કાઢોને ભલા થઈને! આ નાટક શીદ કરી રહ્યા છો?

"બીજું, મુદ્દાની વાત તો આ છે, કે મારે હવે આંહીં રે'વું નહિ પાલવે. ઇ તો મુને ભાઈજીએય કહી મૂકેલું કે પાંચાભાઈ! રાજનગર તારે રે'વા લાયક ઠેકાણું નથી. હું હવે રજા લઉં છું. હું મારે ગામડે જઈશ. મારાં વાછરું-પાડરું હવે તો મોટાં થઈ ગયાં હશે, ને ભાંભરડાં દેતાં હશે, માટે સહુ ભાઈઓને જુહાર છે. તમે સહુ અદલ વહીવટ કરજો, નીકર, હું તમને કહી રાખું છું કે મારે પાછો કમરબંધ બાંધવો પડશે! લ્યો, થોડું બોલ્યું ઝાઝું કરી માની લેજો, ભાઈઓ!"

પાંચો જ્યારે સભાગૃહ છોડી ગયો ત્યારે લોકવૃન્દની આંખો ભીની હતી.

છાનામાના રાત્રિને ગહેરે પહોરે પાંચાએ રાજમહેલ છોડ્યો, ત્યારે આખી સમૃદ્ધિમાંથી એણે એક જ ચીજ ઉઠાવીને ગજવામાં છુપાવી લીધી.

એ હતું એક પેપર-વેઇટ: કાચનો નાનો ગોધો – પોતાનું પ્રતીક!



## ઝવેરચંદ મેઘાણી: સાહિત્યજીવન

1896 જન્મ: 28 ઑગસ્ટ, ચોટીલા (જિ૰ સુરેન્દ્રનગર).

1912 અમરેલીમાં શાળાશિક્ષણ પૂરું કર્યું. ત્યાં સુધીમાં સ્વદેશી ચળવળ, આર્યસમાજ અને થિયોસોફીનાં સંસ્કારબીજ વવાયાં.

1917 કૉલેજ-શિક્ષણ 1913માં આરંભી ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી બી.એ. થયા. ત્યાં સનાતન ધર્મ હાઇસ્કૂલમાં શિક્ષક થયા.

1918 કૌટુંબિક કારણે ઓચિંતા કલકત્તા જઈ ચડ્યા. શિક્ષકગીરી અને એમ.એ.નો અભ્યાસ રઝળ્યાં. ઍલ્યુમિનિયમના એક કારખાનામાં નોકરી સ્વીકારી. બંગાળી સાહિત્યનાં પરિચય–પરિશીલન આરંભાયાં. પહેલવહેલું ગીત 'દીવડો ઝાંખો બળે' રચાયું.

1921 વતનનો 'દુર્નિવાર સાદ' સાંભળીને કલકત્તા છોડીને કાઠિયાવાડ

પાછા ફર્યા.

1922 રાણપુરથી પ્રગટ થતા શ્રી અમૃતલાલ શેઠના નવા અઠવાડિક 'સૌરાષ્ટ્ર'માં બે-ત્રણ લેખો મોકલ્યા કે તરત તંત્રી-મંડળમાં સ્થાન પામ્યા; પત્રકાર તરીકેની કામગીરીનો આરંભ. રવીન્દ્રનાથના 'કથા ઓ કાહિની'નાં બંગાળી કથાગીતો પરથી આલેખેલા સ્વાર્પણ અને ત્યાગના ભાવના-પ્રસંગોનો નાનો સંગ્રહ 'કુરબાનીની કથાઓ' આપીને લેખન-કારકિર્દીનું મંગલાચરણ કર્યું. લોકસાહિત્યની પ્રથમ પ્રસાદીરૂપે 'ડોશીમાની વાતો' પુસ્તક બહાર પડ્યું.

1923 'સૌરાષ્ટ્રની રસધાર'નો પહેલો ભાગ બહાર પડ્યો ને લેખક તરીકે જાણીતા થયા. હવે પછી લોકસાહિત્યનું સંશોધન-સંપાદન જીવન-ઉપાસના બની. 1927 સુધીમાં 'રસધાર'ના પાંચ ભાગ પૂરા થયા.

1928-29 બાલ-કિશોર ને નારી-ભાવને ઝીલતાં, પોતે 'પ્રિયતર' ગણેલાં ગીતોના સંગ્રહો 'વેણીનાં ફૂલ' અને 'કિલ્લોલ' આપ્યા.

1929 લોકસાહિત્યના સંશોધન બદલ પહેલો રણજિતરામ સુવર્ણચંદ્રક (1928) અર્પણ થયો. જ્ઞાનપ્રસારક મંડળીના આશ્રયે મુંબઈમાં લોકસાહિત્ય વિશે છ વ્યાખ્યાન આપ્યાં.

1930 સત્યાગ્રહ-સંગ્રામ નિમિત્તે રચેલાં શૌર્યગીતોનો સંગ્રહ 'સિંધુડો' બહાર પડ્યો, તે સરકારે જપ્ત કર્યો. તેની હસ્તલિખિત કાનૂન-ભંગ આવૃત્તિની સેંકડો નકલો લોકોમાં પહોંચી વળી. રાજદ્રોહના આરોપસર બે વરસના કારાવાસની સજા થઈ. અદાલતમાં 'છેલ્લી પ્રાર્થના' ગીત ગાયું ત્યારે મૅજિસ્ટ્રેટ સહિત સેંકડોની મેદનીની આંખો ભીની થઈ. સાબરમતી જેલમાં પ્રસિદ્ધ ગીત 'કોઈનો લાડકવાયો' રચાયું. બદલી પામતા કેદીઓ મારફત બીજી જેલોમાં અને છૂટનારાઓ મારફત બહાર પ્રજામાં એ જોતજોતામાં પ્રસર્યું અને લોકજીભે વસી ગયું. ગાંધી–અરવીન કરારને પરિણામે માર્ચ 1931માં જેલમાંથી છૂટ્યા.

1931 ગોળમેજી પરિષદમાં લંડન જઈ રહેલા ગાંધીજીને સંબોધતું 'છેલ્લો કટોરો' કાવ્ય લખ્યું, એ જોઈને ગાંધીજીએ કહ્યું: "મારી સ્થિતિનું

આમાં જે વર્ણન થયું છે એ તદ્દન સાચું છે." હવે પછી 'રાષ્ટ્રીય શાયર' તરીકે ઓળખાયા.

1934 'જન્મભૂમિ' દૈનિક મુંબઈથી શરૂ થયું તેના સંપાદક-મંડળમાં જોડાયા. રવીન્દ્રનાથ સાથે મુંબઈમાં મિલન; સૌરાષ્ટ્રના લોકસાહિત્યની પ્રસાદી એમને કંઠેથી કવિવરે સાંભળી; શાંતિનિકેતન આવવા આમંત્રણ આપ્યું.

1936 'જન્મભૂમિ' છોડીને સૌરાષ્ટ્રમાં 'ફૂલછાબ' અઠવાડિકના તંત્રીપદે આવ્યા. પત્રકારત્વમાં નવી ભાત પાડી.

1941 શાંતિનિકેતનમાં લોકસાહિત્ય વિશેનાં એમનાં વ્યાખ્યાનોએ દેશ-વિદેશના વિદ્યાર્થીઓ–અધ્યાપકોને મુગ્ધ કર્યા.

1942 સૂરતમાં સ્વ૰ કમળાશંકર પ્રાણશંકર વ્યાખ્યાનમાળામાં 'લોકસાહિત્ય: પગદંડીનો પંથ' એ જાણીતું વ્યાખ્યાન આપ્યું. અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં ચારણો અને ચારણી સાહિત્ય વિશે વ્યાખ્યાનો આપ્યાં.

1943 મુંબઈ યુનિવર્સિટીની ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં લોકસાહિત્ય વિશેનાં પ્રસિદ્ધ વ્યાખ્યાનો આપ્યાં. વ્યાખ્યાનખંડ નાનો પડ્યો, બહાર બગીચામાં શ્રોતાઓની ભીડ થઈ, બેકાબૂ બની.

1945 'ફૂલછાબ'ના તંત્રીપદેથી મુક્ત થઈ 23 વરસના પત્રકારજીવનમાંથી નિવૃત્તિ લીધી. રવીન્દ્રનાથનાં કાવ્યોની અનુકૃતિઓનો સંગ્રહ 'રવીન્દ્ર-વીણા' પ્રગટ થયો. ગુજરાતમાં પરિભ્રમણો આદર્યાં. રવિશંકર મહારાજના જીવન-અનુભવોનું પુસ્તક 'માણસાઈના દીવા' લખ્યું.

1946 ગુજરાતી સાહિત્ય પરિષદના સોળમા અધિવેશનમાં સાહિત્ય વિભાગના પ્રમુખ. 'માણસાઈના દીવા'ને વરસની ઉત્તમ કૃતિ તરીકે 'મહીડા પારિતોષિક'નું ગૌરવદાન.

1947 ભજન-સાહિત્યના સંશોધનનું પુસ્તક 'સોરઠી સંતવાણી' પૂરું કર્યું. 'કાળચક્ર' નવલકથા લખાતી હતી. માર્ચની 9મીએ હૃદયરોગના હુમલાથી દેહ છોડ્યો.

❐

ચિત્રપટની કલાને હાનિકારક લેખનાર વર્ગ ઘણો મોટો છે. એથીય વધુ મોટો સમૂહ ચિત્રપટનો પ્રેમી છે.

યુરોપી ચિત્રપટોએ જગતના નામાંકિત કથાસાહિત્યને પોતાની 'પ્રકાશ અને પ્રતિધ્વનિ'ની જીભ પર ચડાવી લીધું છે. આમ સાહિત્ય અને ચિત્રપટની કલાનો જ્યાં હસ્તમેળાપ થઈ રહેલ છે ત્યાંથી પકડેલી આ કથાઓ છે. આ વાર્તાઓમાં તો કેવળ ચિત્રપટોમાં જે જોયું તેનું જ ઝીલણ છે : કોઈ વિરાટની આંખના વેગવંતા પલકારા દરમિયાન એની કાળી પાંપણો વચ્ચે મારાથી જે કંઈ પકડી લેવાયું, તેને મેં સ્મરણ-મંદિરમાં સુવાડી લીધું. પવનવેગીલી એ તેજપગલીઓની આછી આછી મુદ્રા મેં મારા ચિત્તપ્રદેશ પર અંકાઈ જવા દીધી. ને પછી મેં મારા અંતઃકરણની આરપાર ચાલ્યાં ગયેલાં એ અતિથિઓની અખંડ સ્મરણ-સાંકળી વેરણછેરણ અંકોડામાંથી ઊભી કરી.

'પ્રતિમાઓ'ની નવ અને 'પલકારા'ની છ મળીને એ પંદરેય કથાઓનાં પાત્રોને પડદા ઉપર ઝડપી નજરે જોઈ લીધા પછી મેં કોણ જાણે કેટલી કેટલી વાર એક પછી એક મારી પાસે તેડાવ્યાં હશે : સ્વપ્નમાં ને જાગૃતિમાં, મિત્રો જોડેના વાર્તાલાપમાં અને એકાંતમાં, હસતાં હસતાં અને અશ્રુભેર, એ મારાં પ્રિયજનો બન્યાં, તેઓનાં ગુપ્ત આવાસોનાં બારણાં મારે સારુ ઊઘડી ગયાં તે પછી જ તેઓની આ પિછાન આપવાનું મારે માટે શક્ય બન્યું.

આ પિછાનને, આ તેમના હાર્દ-ઉકેલને, આ પૃથક્કરણને સાહિત્યનો સમીક્ષક મૌલિક નહિ માને. મેં એને સર્જ્યાં નથી. પણ સર્જવામાં જો પ્રસવ-વેદના રહેલી છે, તો ઉછેરવામાં, સમજવામાં ને ચાહવામાંય ક્યાં ઓછી વેદના રહી છે ! ... એમાં મારો પ્રાણ નિચોવાયો છે.

['પ્રતિમાઓ' અને 'પલકારા'નાં નિવેદનોમાં]

ISBN 978-81-8480-007-4

9 788184 800074